નમો જિણાણ

શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા
પુષ્પ ૨૨

[છઠ્ઠી-આવૃત્તિ]

સંસ્કારની સીડી

લેખક

પૂજ્યપાદ દક્ષિણદેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજય
લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન
કવિકુલ-તિલક શતાવધાની પંન્યાસજી
શ્રી કીર્તિવિજયજી ગણિવર



પ્રકાશક તથા સહાયક
સ્વ. શા. ચીમનલાલ રણછોડભાઈના સ્મરણાર્થે
શા. નાડીલાલ આર શાહ ચેમ્પીઅન પેનવાળા
તરફથી ભેટ

પ્રાપ્તિસ્થાન —

શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર ૬, એસનેનબી બી દાદર, મુંબઈ—નં ૨૮

શા જયંતીલાલ હીરાચંદ વોરા ૨૯૦, સેમ્યુઅલ સ્ટ્રીટ, ૨ ગલી મુંબઈ—૩

સંસ્કારની સીડીની

પ્રથમ આવૃત્તિ	વિ સ ૨૦૧૧	પ્રત ૨૦૦૦
બીજી આવૃત્તિ	વિ સ ૨૦૧૨	પ્રત ૨૨૫૦
સુધારા વધારા સાથે		
ત્રીજી આવૃત્તિ	વિ સ ૨૦૧૫	પ્રત ૧૫૦૦
સુધારા વધારા સાથે		
ચોથી આવૃત્તિ	વિ સ ૨૦૧૬	પ્રત ૧૫૦૦
સુધારા વધારા સાથે		
પાંચમી આવૃત્તિ	વિ સ ૨૦૧૮	પ્રત ૨૦૦૦
છઠ્ઠી આવૃત્તિ	વિ સ ૨૦૧૮	પ્રત ૨૦૦૦
[વધારા સાથે]		૧૧૨૫૦

પ્રાપ્તિસ્થાન —
સેવંતીલાલ વી જૈન
૩ મોતીશા જૈન દેરાસર
પાંજરાપોળ મુંબઈ—૪.

મુદ્રક
શાહ મણિલાલ છગનલાલ
ધી નવપ્રભાત પ્રિંટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ અમદાવાદ

સ્વ. ના. ચીમનલાલ રણછોડભાઇ



સ્વ. ના. ચીમનલાલ [illegible] [illegible] [illegible] આગળ આવ્યા હતા
તેઓ સ્વભાવે [illegible] અને માનદી હતા ધર્મનિષ્ઠ વ્યક્તિ હતા તેમના
વડીલ મધુની પેઢીમા–[illegible] [illegible] [illegible] બાગી હતા અને
[illegible] [illegible] ગુજરાતી પેઢીમા [illegible] ડાયરેક્ટર હતા
તેમનો સ્વર્ગવાસ તા. ૪-૧-૧૯૬૩ ના થયો હતો તેમના સ્મરણાર્થે
આ પુસ્તક પ્રસિ[illegible] [illegible] ૧૦૪ છે

આદિવચન

(પ્રથમ આવૃત્તિનું)

લેખક-સમર્થ લેખક વિ ર્ય પૂ. પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવર [સ]

સમગ્ર સંસારમાં માનવજીવન મહત્ત્વનું મહામૂલ્ય તથા અતિશય દુર્લભ છે. માનવજીવનની મહત્તા એક જ કારણે છે, તે એ જ કે, માનવ, સદાચારમય આચાર તથા ઊર્ધ્વગામી વિચારોદ્વારા જે રીતે સ્વ તથા પરનું પારમાર્થિક કલ્યાણ સાધી શકે છે તે સાધવાની શક્તિ વિશ્વમાં અન્ય કોઈ ઈતર પ્રાણી પામે નથી." બાકી શરીર કે ઐશ્વર્યમાં માનવ કરતાં કેટલીયે અધિકતા સંસારના અન્ય પ્રાણીઓ ધરાવે છે. તિર્યંચોમાં સિંહ, વાઘ, ચિત્તો, હાથી, પાડો, આખલો કે ઘોડો આ બધાંયે પશુઓ માનવ શરીર કરતાં અસાધારણ બળ ધરાવે છે એમ સામાન્ય માનવોને દૃષ્ટિ સમક્ષ રાખીને કહી શકાય.

તે જ રીતે દેવલોકમાં રહેનારા દેવો, જે રૂપ, સંપત્તિ, યૌવન કે ઐશ્વર્ય ભોગવે છે, તે માટે માનવસંસારને જ્યારે તુચ્છ અને સાવ સાધારણ સુખ-ભોગમાં પાગલ બનેલો જોઈએ ત્યારે ઘડીભર આશ્ચર્યની કોઈ સીમા રહેતી નથી છતાં માનવ મહાન છે એમ શાસ્ત્રો, સાધુ-સંતો, આપ્તપુરુષો યાવત્ ત્રિકાળજ્ઞ પ્રભુ ત્રિલોકનાથ તીર્થંકર ભગવંતો ફરમાવી રહ્યા છે.

'આનું કારણ શું?' એ પ્રશ્ન સહેજે આ વિરોધાભાસ વચ્ચે કોઈ પણ સહૃદય સુજ્ઞને ઉદ્ભવે એ સ્વાભાવિક છે. આનું નિરાકરણ પ્રારંભમાં જે સ્પષ્ટ રૂપે કહ્યું છે કે 'માનવને સદ્વિચાર તથા સદાચારને સર્વાંગ રીતે પામવા તથા પ્રાપ્ત કરવાની જે શક્તિ મળી છે તે સંસારમાં ઈતર કોઈ પણ પ્રાણીને પ્રાપ્ત થઈ નથી' માટે જ માનવની મહત્તા અસાધારણ છે પણ પોતાને પ્રાપ્ત થયેલી સુંદર કોટિની સામગ્રીઓનો ઉત્તમ પ્રકારે સદુપયોગ કરીને માનવ જો

અને મહત્તાને પ્રાપ્ત કરી, મહાનથી મહાન્ અતિશય ઉન્નત તથા સર્વોચ્ચ શિખર પર આરૂઢ થઈ, આત્માની પરમસ્થાને પામવા સક્ષમ બને છે, એટલે તે માનવ પોતાને મળેલ સામગ્રી, સાધનો કે સંયોગોનો દુરુપયોગ કરી અધમથી અધમ, અતિશય હીન તથા નિકૃષ્ટ દશાને પણ પામે છે

આમ બનવામા મુખ્ય કારણ બુદ્ધિનો વિપર્યય ગણી શકાય તત્ત્વ કે અતત્ત્વના વિવેક વિનાનો માનવ પોતાનાં શ્રેય, કલ્યાણ યા મંગલને નહિ સમજતો કેવલ કાલ્પનિક ઇન્દ્રિયજન્ય સુખની તૃષ્ણાથી પ્રેરાઈને પોતે જ પોતાનાં અહિતને આચરનારો બને છે બુદ્ધિનો વિપર્યય જૈનશાસ્ત્રીય પરિભાષામા 'મિથ્યાત્વ' કહી શકાય આ એક મહારોગ છે દુ સાધ્ય કોટિનો પાગરાગ અકલ્યાણ કરનારો દારુણ વ્યાધિ છે સદ્‌વિચારનો, સુસંસ્કારનો કે આત્માના ઊર્ધ્વગમનનો વિઘાતક આ જ એક કારમો પ્રત્યનીક છે

આજે સંસાર-સમસ્ત તરફ દૃષ્ટિપાત કરી જુઓ ! હૃદયની આંખો ખુલ્લી રાખી વિવેકપૂર્વક સંસારને જરા જોઈ તો જુઓ ! ચોમેર પ્રવૃત્તિ પ્રવૃત્તિ ને પ્રવૃત્તિ જ દેખાય છે જાણે માનવ કેવળ યંત્રની જેમ પ્રવૃત્તિઓના ચક્રોનો કેવળ હાથો બનીને ગોધાધામ કરી રહ્યો છે ક્ષણમાત્ર પણ એને અન્તર્મુખ બનીને પોતાની જાતને અવલોકવાની ફુરસદ નથી મોહ, અજ્ઞાન તથા તૃષ્ણાના માદક નશામાં ચકચૂર બનીને એ ક્યારે રોકાતો નથી ઘડીમાં ક્રોધમાં અંધ બનીને ધૂંવાફૂંવા થતો ધમધમે છે, તો ઘડીમાં માનના ઘેનમા પોતાની જાતને જગતમાં સર્વ રીતે પરિપૂર્ણ માની અક્કડ બનીને ફરતો હોય છે, તો ક્ષણભર માયાના બાહુપાશમા જકડાઈને દભ છલ તેમજ પ્રપંચના પાશવી તોફાનોમા પોતાના આત્માને પણ છેતરતો રહે છે ને લોભનુ તો પૂછવુ જ શુ ? સંપત્તિ સત્તા, સુખ અને જીવન આ બધાયના અતિશય લોભમાં પાગલ બનેલો માનવ, આજે જગતનુ એક પણ પાપાચરણ બાકી નહિ હોય કે જે એણે અસ્પૃશ્ય રાખ્યુ હોય ! પુણ્ય અને પાપ ધર્મ કે

અધર્મ આત્મા કે પરમાત્મા આ બધાને માનવા માટે પણ એવો ભાનભૂલ્યો માનવ, આજે ક્યાં તૈયાર છે ?

પાઈની પણ સાચી કમાણી નહિ, ક્ષણની ફુરસદ નહિ, અનેક પાપાચરણોમાં એને રહેંજે પાપનો ડંખ નહિ, પાપબંધ પ્રત્યે હૃદયની સૂગ નહિ વર્તમાન માનવ-સંસારનું જે આ કરુણ નિરાભણ અને અધઃપતન તરફ એને દોરી જનારું ચિત્ર આપણે જોઈ રહ્યા છીએ તેના મૂળમાં માનવનું પોતાનું તત્ત્વ અને અતત્ત્વ સાર તથા અસાર કે હિત તેમજ અહિતને નહિ સમજવા માટેનું અજ્ઞાન-મિથ્યાજ્ઞાન જ મુખ્યત્વે જવાબદાર છે

માટે જ નિઃશંક કહી શકાય કે, આચારશુદ્ધિનો મહત્ત્વનો પાયો વિચારશુદ્ધિ જ છે વિચારોની અશુદ્ધિ વિકલ્પોની મલિનતા માનસિક વિકૃતિ અનેક અનર્થોની પરંપરાને જ માવનાર મહા અનિષ્ટ છે

સદાચાર સંયમ તપ, ત્યાગ વૈરાગ્ય ઈત્યાદિ આધ્યાત્મિક સદાચારોનો જે અનેક રીતે આજે હ્રાસ થઈ રહ્યો છે તેમાં વિચારોની મલિનતા અને સુસંસ્કારોની ખામી જ જવાબદાર છે, એમ અતિશયોક્તિ વિના કહી શકાય સદ્વિચારોમાં હમેશા રહેનારો આત્મા સદાચાર પરાયણ બની જાય છે સદાચારરત આત્મા વિચારશુદ્ધિના માર્ગેથી પડ્યો એટલે એના જીવનમાં સદાચારરૂપ જીવનશુદ્ધિ નહિ ટકી શકે વિચારશુદ્ધિનું તાત્ત્વિક નામ 'સમ્યગ્દર્શન' છે અને વિચારમલિનતા અજ્ઞાન કે મિથ્યાજ્ઞાનને 'મિથ્યાત્વ'ના રૂઢ નામે પણ સંબોધી શકાય છે

આજે જેટલે અંશે સદાચારની જરૂર છે સંયમ તપ, ત્યાગ કે દાનાદિ ધર્મ પ્રવૃત્તિઓની આવશ્યકતા છે તેટલે જ અંશે, અરે! તેથી અધિક અંશે સમ્યગ્જ્ઞાનની-સદ્ વિચારની અતિશય આવશ્યકતા છે સદ્વિચારરૂપ જનથી સિંચાયેલ સદાચારબીજ ફૂલે છે સમ્યગ્જ્ઞાનના પ્રકાશવાળો દીપક આત્માને સર્વ પદાર્થોના યથાર્થ સ્વરૂપની ઓળખ આપે છે અને સમ્યક્ચારિત્રમાર્ગમાં આત્માને સુસ્થિર રાખે છે માનવ જીવનને ઉન્નત, ઊર્ધ્વગામી તથા મંગલમય બનાવનાર સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ક્રિયા છે એ નિર્વિવાદ સત્ય છે આત્માને સંસ્કારિત કરી તેને

લેખક મુનિશ્રી ટૂંકમાં ઘણું ઘણું અહિ કહી જાય છે. ઘરના સ્વચ્છ સાદા તથા સાત્ત્વિક ખાનપાનને ત્યજીને વ્યસનોની પાછળ ખુવાર થતા માનવોને આ પ્રકરણ પ્રેરક સદ્બોધ આપે છે. ચ્હા જેવી નિર્માલ્ય વસ્તુ કે જે શરીરસ્વાસ્થ્યની દૃષ્ટિએ ખૂબ હાનિકારક છે, તેના સ્વાદમાં આજે ભારતદેશના કરોડો પ્રજાજનો આતુર બનીને સંયમ, સદાચાર તેમજ સ્વચ્છતા તથા આરોગ્ય પર પૂળો મૂકી રહ્યા છે, એ કેટ-કેટલું ખતરનાક છે?

'એક પૈસો' લેખમાં ભનાઈશાનો ગર્ભિત રીતે સદુપદેશ રજૂ થયો છે, સ્વાર્થમાં અંધ બનેલો માનવ, અન્યનું અશુભ કરવાની વૃત્તિમાં કેટ-કેટલો પાગલ તથા ભાનભૂલો બની જાય છે અને પરિણામે પોતે-પોતાના જ ખોદેલા ખાડામાં જે રીતે ધકેલાઈ જાય છે, એ હકીકત આ શબ્દચિત્રમાં આબાદ રીતે આલેખાઈ છે.

ઈર્ષ્યા, લોભ, મત્સર, માન તથા લોભ, કામ અને ક્રોધ આદિને વશ બનેલો સંસારી આત્મા મનના અસંયમ દ્વારા દુષ્ટ વિકલ્પો તથા અશુભ અધ્યવસાયથી નિરર્થક પાપબંધ કરે છે. કાયા કે વાણીના અસંયમ કરતાં મનનો અસંયમ આત્માને દુર્ગતિના માર્ગ ભણી નિરકુશપણે ઘસડી જાય છે તે બોધ આ શબ્દચિત્રમાં મળી રહે છે. પૂર્વે આર્યસંસ્કૃતિપ્રધાન આ ભારતદેશમાં જનસમાજની મનોવૃત્તિ નિરુપદ્રવી હતી. સંયમ તથા સાદાઈના ગુણો એ કાળની પ્રજાના પ્રાણમાં ભરેલા પડ્યા હતા. એટલે મનનો સંયમ તથા અપાર વધતી જતી તૃષ્ણા પરનો કાબૂ સામાન્ય માનવના જીવનમાં પણ કોઈ અજબ હતો. કાયાદ્વારા કદાચ ઘોર પાપાચરણો આચરાઈ જાય, તો પણ મનને નિર્લેપ તથા જાગૃત રાખવા માટેનો સંયમ અદ્ભુત હતો. આજે આ જ એક ઉમદા તત્ત્વની ખામી આપણા માનવસંસારમાં ડગલે ને પગલે દેખાઈ રહી છે. આ કારણે શક્તિ તથા સામર્થ્યના અભાવે માનવ કાયા કે વાણીથી અન્યનું અશુભ નહિ કરતો હોય એ બને; છતાં

મનની દુષ્ટ વૃત્તિઓ દ્વારા એ પોતાના જ કેવળ સુખભોગ જેવા ક્ષુદ્ર સુખોની ખાતર માનવથી માંડી પ્રત્યેક પ્રાણીમાત્રનું ખરાબ કરવામાં જ રાચ્યો-માચ્યો રહે છે, માટે જ આજે રાષ્ટ્રવાદ ભાષાવાદ, સમાજવાદ કે સામ્યવાદ પ્રાન્તવાદ કે કોમવાદ જેવા વાદો કરતા યે સમસ્ત વિશ્વનું કલ્યાણ કરનાર બન્ધુત્વભાવની પહેલી જરૂર છે તો જ શાન્તિ, સુખ આબાદી કે ઉન્નતિનાં દર્શન માનવસમાજને પોતાનાં જીવનમાં થશે, એ સિવાય નહિ જ એ ભ્રાતૃવાદ જ સર્વોદયવાદનું કે માનવતાવાદનું ખાસ પ્રતીક છે આધ્યાત્મિક સંસ્કૃતિનો સાચો પ્રાણ છે, પરંતુ તેનું નિકરી બાપુ છે તેમજ સમાજ સમસ્તના અભ્યુદયનો મંગળ માર્ગ છે

'પાકો ચોર' એ પ્રકરણ મા-બાપની પોતાના સંતાનોના સંસ્કાર પ્રત્યેની અક્ષમ્ય બેદરકારીનું દૃશ્ય; જ્યાં વેધક શબ્દચિત્ર છે સ્વાર્થ, મોહ તથા લાડ-કોડના અતિરેકે મા-બાપોનાં હૈયામાં જ્યારે ઘર કરી જાય છે ત્યારે તેનું જે પરિણામ સંતાનોના જીવનમાં ભયંકર અનર્થોની પરંપરા જ માંડી જાય છે, એ વસ્તુ અહીં સ્પષ્ટ થાય છે બાલ્યકાળ નિર્દોષ અવસ્થા છે કોઈ જાતનો જ્યાં પૂર્વગ્રહ નથી એવી સરલ, નિષ્પાપ તથા મધુર અવસ્થા એ બાલ્યાવસ્થા છે એમ પ્રાયઃ કહી શકાય. જે જે સારા સ્વચ્છ અને પવિત્ર સંસ્કારોનું સિંચન આ વયમાં કર્યું હોય તો જીવનની અનુકૂળતા રહે છે તેમ જ દુર્ગુણો, મલિન આચરણો જો જે થાય છે ક્રમશઃ એ બીજ વૃક્ષનાં વધતાં ભાવિમાં કેવાં પરિણામને આપે છે તે માટે 'પાકો ચોર' પ્રસંગચિત્ર ઠીક ઠીક ખ્યાલ આપી જાય છે નબળા સંસ્કારો બાળકનાં કુમળા માનસને કેવી અસર કરે છે સારા આચાર તથા વિચારો માટે બાળકોને સતત્ જાગૃતિપૂર્વક પ્રેરણા આપવી પડે છે સંતાનોના હિતૈષી મા-બાપોની ફરજ છે કે તેઓ પૂર્ણ પુરુષાર્થથી પોતાના કુળમાં જન્મ લેનાર બાળકોને સુસંસ્કારી, પવિત્ર સદાચારયુક્ત, સંયમી બનાવવા માટેનું ઘડતર બાલ્યકાળથી આપવા રહે મા-બાપોએ ભૂલવું જોઈતું નથી કે, આજનાં બાળકો એ આવતી કાલના માનવો છે તેઓને મહાન ?

અધમ બનાવવા એ તમારા હાથમાં છે તુચ્છ સ્વાર્થ કે મોહને વશ થઈને તમારાં બાળકોનું ભાવિ અધમાધમ બનાવી એ દ્વારા તમારા હાથે તમે તમારા સર્વનાશને ન નોતરશો !'

ધધિયાળ જૂઠી છે' એ શબ્દચિત્ર જૂની ભરકરતા બતાવી જાય છે સંસારમાં મોટું પાપ મૃષાવાદનું છે તેનું સેવન કરનારો માણસ, છળ કપટનો આશ્રય લઈને અનેક પાપોનો ભાર પોતાના જીવનમાં વીંટાળે છે એના પરિણામે તે કોઈના પણ વિશ્વાસનું પાત્ર બનતો નથી સગો ભાઈ, પત્ની પુત્ર કે સપરિવાર જૂઠા માણસથી હમેશાં શંકિત રહે તે સાચું બોલે તો પણ તેના પ્રત્યે કદિ કોઈને સ્નેહ સહાનુભૂતિ કે સદ્‌ભાવ જન્મતા નથી આવો આત્મા પોતાના સવળાયે સદ્‌ગુણોનો વિનાશ કરે છે આ લોક તથા પરલોક ખ઼ ખ઼ કરે છે

આ હકીકત શિક્ષક તથા વિદ્યાર્થીઓ વચ્ચેના સંવાદમાં રજૂ થઈ છે વસુ જેવો રાજા કેવળ એક નાના જૂઠાણાના પ્રભાવે પોતાનું સર્વસ્વ હારી નરકમાં ચાલ્યો ગયો એ ઐતિહાસિક પ્રસંગ આજના સભ્યતાના નામે ભરકર જુઠાણાં અંદર ઓઢી, હેઠળ ચલાવી રહેલા સુધરેના યુગને ચેતવણીના સૂર સભળાવી જાય છે દેખાવ કે આડંબર અને બ઼ ઢરના બણકાઓની પાછળ રળાહળ જૂઠાણું જ્યાં ડગને પગલે દેખાઈ રહ્યું છે તે યુગમાં પણ સત્યની કિંમત કદી ઓછી થતી નથી જૂઠાણાંને ત્યજીને ગમે તેવા અનર્થો આવે છતાં નિસ્વાર્થ ભાવે વિવેકપૂર્વક હિતકારી સત્યને કહેવું, એ જ સત્યના ઉપાસક સત્વશીલ આત્માઓનું ધર્મકર્તવ્ય છે

જિંદગી નકામી ગઈ' એ પ્રકરણ દુન્યવી અનેક પ્રકારના શિક્ષણમાં પારંગત થયેલા માનવોને ઉદ્દેશીને ઠીક પદાર્થપાઠ આપી જાય છે વિજ્ઞાનના છેલ્લા પગથાર પર ઊભેલા ભલભલા વૈજ્ઞાનિકોને ઉદ્દેશીને પણ આજે કહેવાનું મન થાય છે કે કેવળ જીવનને ચેન કેન પૂરું

કરી નાખવા માટે, સ્વાર્થપરાયણ બની, અન્યોનાં જીવનને ભારરૂપ થઈ, જિંદગીને ટકાવવામાં જ જો વિજ્ઞાનની પૂર્ણાહુતિ આવી જતી હોય તો તમારા કરતાં જગતમાં જીવન પૂરું કરી નાખનારા રોગ શું ખોટા ? તે બિચારા કોઈને ભારરૂપ તો બનતા નથી ને ?

વિજ્ઞાન કેળવણી કે ભણતર તે જ સાચું છે કે જે દ્વારા આત્મા પોતાના સ્વરૂપને ઓળખી સંયમપૂત જીવનને જીવી કોઈ પણ ન્હાનામાં ન્હાના જીવનો માટે નિરુપદ્રવી બનવા દ્વારા સર્વનું ભલું કરવા સમર્થ બને બાકી જીવનને લંબાવવા કરીને પૂરું કરવામાં જ કેવળ જો શિક્ષણ સહાયક બનતું હોય તો તે દ્રષ્ટિએ શિક્ષિત અને અશિક્ષિત બન્ને સરખા છે ઊલટું આજના ભણેલાઓ કરતાં અભણ ગામડીયો સારો કે જે અજ્ઞાનતાના કારણે સાદાઈ સંયમ કે નિરુપદ્રવીપણું પોતાનાં જીવનમાં જાળવી શકે છે એટલે અને તેનું અજ્ઞાન તેના તથા અન્યના માટે શાપરૂપ તો નથી ને ? એ દ્રષ્ટિએ જૂ ની નવામી ગઈ મા લેખક વિદ્વાન મનિવર્ય શ્રી કીર્તિવિજયજી, હત્યા કરીને પેટ કે પગારા ભરવા ખાતર ભણાતા આજના શિક્ષણનો વ્યામોહ તજવા ખૂબ સુંદર શબ્દોમાં સદ્બોધ આપે છે, જે મનનીય છે

તરવાની કળા એ જ ભણતરનું સાચું મૂલ્ય છે, એમ જણાવી તેઓ સંસારસાગરને તરવાને સહાયક જ્ઞાનને ઉપાર્જન કરવા માટે પ્રેરણા આપે છે જે તદ્દન યથાર્થ અને ઉપયોગી છે

'એક ડોક્ટર' લેખ એ લેખ નથી, પણ કહેવું જોઈએ કે આજની કેળવણીએ જે રીતે સ્વચ્છંદાચાર, સ્વૈરવિહાર, તથા ઉગ્ર, ખાનપાના અનિયમને પરિણામે વિરાટ બનાવ્યા છે તેનું બિહામણું ચિત્ર છે વર્તમાનકાળે પાશ્ચાત્યોના અનુકરણરૂપે સ્કૂલો હાઈસ્કૂલો તથા કોલેજોમાં અપાતી કેળવણી–શિક્ષણ અપાતી સામે વ્યાકુળ તોલ મનનામુ આ લેખમા પોષવામાં આવ્યું છે જે વાસ્તવિક છે પેટે પાટા બાંધીને, શરીરે ચીંથરા વીંટીને ભૂખ્યા–તરસ્યા મા–બાપો કેટ

કેવી આશા, કલ્પના અને મનોરથોના હિંડોળે ઝૂલતા-ઝૂલતા, પોતાના સંતાનોને આજના શિક્ષણમાં પારંગત બનાવે છે પણ ભણી-ગણી તૈયાર થયેલો તે પુત્ર પોતાના ઉપકારી મા બાપ આદિ વડીલોની લાગણી મમતા વાત્સલ્ય કે સ્નેહના કોમળ ફૂલોને પગ નીચે કઈ રીતે ઘમંડપૂર્વક કચરી નાખે છે સ્વાર્થમાં અંધ બનેલો તે એજ્યુકેટ પોતાના માતાપિતાને કઈ રીતે ધુત્કારી કાઢે છે તે અહિં સુમને પોતાની માતા સાથે આચરેલા અધમ વ્યવહારના આલેખન દ્વારા સ્પષ્ટ સમજાય છે

બધા ભણેલાઓ કે શિક્ષિતોના જીવનમાં આમ બને છે, એમ આ પ્રસંગ-ચિત્ર ઉપરથી કોઈએ ઉતાવળો નિર્ણય બાંધવાનો નથી, છતાં આવું ઘણા પ્રસંગોમાં બનતું આવ્યું છે તે તરફથી લેખક મુનિશ્રીએ પોતાની ભાષામાં શબ્દોની રંગોળી પૂરવાપૂર્વક અહિં એ પ્રસંગને અંકિત કર્યો છે આજે કેળવણીની મોટી મોટી યોજનાઓ દેશ સમક્ષ રજૂ કરનારા દેશનેતાઓએ ભાવિમાં સુમન જેવા ભણેલાઓને ન જન્માવવા હોય તો કાંઈક ઊંડું અવલોકન કરી કેળવણીના અનિષ્ટોના સામે સજાગ રહેવા પહેલી જરૂર છે

વિનય વિવેક, સંયમ સદાચાર, સ્વાર્થત્યાગ સહિષ્ણુભાવ, સચ્ચાઈ સેવા પરોપકાર તથા પાપનો ભય, ઇત્યાદિ પુણ્યતત્ત્વો કેળવણી પ્રથાના મૂળમાં હોવા આવશ્યક છે તો ભણી-ગણી તૈયાર થયેલા એ યુવાનો દેશ સમાજ તથા કુટુંબના સાચા ઉત્કર્ષમાં પોતાનો પ્રાણ પૂરી, ધર્મશીલ બની નિજના જીવનને અજવાળી જશે

ડૉક્ટર સુમન જ્યારે માની સામે જોતો નથી, તે પ્રસંગ લેખક મુનિશ્રીના હૃદયને વ્યથાથી ભરે છે, એટલે તેઓ પોતાના અંતરની વ્યથા અને વેદનાને જે શબ્દોમાં આલેખી રહ્યા છે તે વર્ણન હૈયું વીંધે છે! આ આના શબ્દો, શું આ કેળવણી? શું આ સંસ્કાર? શું આનું નામ માનવતા? પેન તો ઝતરા પણ ભરે છે

એમા શી બહાદુરી કરી ? આ [illegible]
ને નપાવટ થઈ ગયો છે [illegible] છે એ [illegible]
તરને ? શબ્દોની સહાયમાં, વાતોની [illegible]
સમજે છે ! ખરેખર આ તો કેવો [illegible]

લેખક મુનિશ્રીએ સંયોગ [illegible]
આખુ એ પ્રકરણ [illegible]
કર્યું છે જે ખુબ જ ઉપકારક [illegible] પમા
વ્યામોહમા તેની પાછળ [illegible]
રૂપ છે

'અગમ કહાની એ [illegible] એ તેજસ્વી
પ્રકરણ છે અત્યાર સુધીના [illegible] અને [illegible]
કિવદંતીઓ કે રૂપકો દ્વારા [illegible]
પરપરાને જાણીને બનેના [illegible] તેની મૂળ
મૂળ્યા હોય છતા પણ તે [illegible] તેઓએ
અતિશય પ્રોત્સાહક છે એ [illegible]

કૃષ્ટના આચરી રહેન છે તે લોકો જરા અતરની આખો ઉઘાડીને જુઓ! શાન, દાંત ધીર ગભીર મુનિવરશ્રીનાં પુનિત દર્શન પવિત્ર સાધુઆચાર આ બન્નેની કેવી વચનાતીત અસર વાસડ નાયરા માટે ચને ઇલાચીકુમારને થાય છે તે આખો પ્રસગ કેટ-કેટને રોમચક તેમજ અદ્ભુત છે ?

શુભ અનુષ્ઠાનો ક્રિયાકાંડો તથા શુભ વ્યવહાર આત્મકલ્યાણના અભિલાષી ભવ્ય જીવોને માટે ખૂબ જ ઉપકારક છે જ્યા સુધી અશુભમાં આત્મા ક્ષણે-ક્ષણે આકર્ષાઈને મોહ મમતા, તથા પરપ રીઓમા વગર પ્રેરણાએ દોરાયો જાય છે ત્યા સુધી તે તે આલબનો અવશ્ય જોઈએ જ આ સનાતન સત્યને લેખક મુનિશ્રી આ પ્રસગના ઉપસહારમા સ્પષ્ટરૂપે રજૂ કરે છે, તેઓ જણાવે છે કે આપણને સત્સગ મારા આલબન, ઉચ્ચ આદર્શો, શિષ્ટ સાહિત્ય દેવ, ગુરૂ અને ધર્મની ઉપાસના આ બધી વસ્તુની જીવનમાં ડગને ને પગને જરૂર છે ક્ષણિક પ્રલોભનોમા આત્મા ફસાઈ જીવનની બરબાદી ન કરે તે પહેલા આત્માએ જાગવાની જરૂર છે

'હસવુ અને રડવુ ' એ આ લેખ સમૂહમાંનો સર્વ શ્રેષ્ઠ નિબધ છે હાસ્ય તથા રુદન ઉપર તલસ્પર્શી મીમાંસા આ પ્રકરણમાં લેખક મુનિશ્રીએ ખૂબજ શિષ્ટ શૈલીએ ગભીર ભાવે કરી છે સસારમા સપત્તિ અને વિપત્તિ, શાતા અને અશાતા રતી અને પ્રીતિ હર્ષ કે શોક, ઈત્યાદિના પ્રસગો ધૂપ-છાંવની જેમ પ્રત્યેક સસારીનાં જીવનમાં અનિવાર્ય હોય છે કર્મો જનિત આ બધી સાંસારિક સ્થિતિમાં જે નિર્લેપ ભાવે મમતા પૂરક જાતને જાગતી જાણે છે, તેજ સસારને જીતી જાય છે હાસ્યના જીવનમા કેવા-કેવા વિચિત્ર પ્રસગો સામાન્ય રીતે આવતાં રહે છે તેનુ હૃદયગમ શૈલીએ માનસશાસ્ત્રના અભ્યાસીની આ ખેથી અહી નિરૂપણ થયુ જોઈ શકાય છે તે રીતે રુદન પણ

સંસારમાં દાવની પાછળ રહેતું છે નિર્મળ, ચંચળ તથા અનિશ્ચિતવૃત્તિના આત્માઓ જગને ને પગને ઠગ્યા કર્યા કરે છે તે વાસ્તવિક રીતે અજ્ઞાન દશાનાં પ્રતીક છે આ સદુપદેશ પ્રસ્તુત લેખમાંથી સાર રૂપ મુનિશ્રી વાચકના માનસપટ પર સ્થિર કરે છે

તેઓ કહે છે 'હર્ષ' અને 'વિષાદ' એ તો કર્મજન્ય વિચિત્રતા છે સંયોગ-વિયોગમાં, ચઢતી-પડતીમાં સુખ-દુઃખમાં, સંપ-વિપ માં, અને હર્ષ વિષાદના પ્રસંગમાં માનવીએ સ્વભાવમાં રહેવાની જરૂર છે આ બધો પરભાવ છે પરભાવની રમતુનાના યોગે અનાદિકાળથી આપણો આત્મા અથડાઈ રહ્યો છે પરભાવને ત્યાગી સ્વભાવમાં મગ્ન થઈ આત્માની વૈભવશાળી શાંતિ-નિરાગ શાંતિ મેળવવા માટે સતત રત રહેવું જોઈએ.'

'એક કલાકાર લેખ મતિશુદ્ધિએ પોતાના આશ્રિતને ઉચ્ચ બનાવવા પરિશ્રમ કરનાર ચિત્રકાર પિતાની વાત કહી જાય છે સાચી પણ હિતકારી વાતને સાંભળવા પ્રત્યે આજે જગતમાં સૌને અરુચિ છે ખોટી ખુશામત ખાની વાહ વાહ અને ભલાઈ કરવી તથા કરાવવી આજે સૌને ગમે છે આપ-મતલબી સંસારમાં આવા માણસો ફાવી જાય છે જ્યારે નિઃસ્વાર્થ-ભાવે નિસ્પૃહતાથી સત્ય કહેનારને જરૂર ખમવું પડે છે આ સત્યના આગ્રહી આત્માઓ જગતમાં હજુ ટકી રહ્યા છે અવસરોચિત કડવું પણ સત્ય કહેનારને કદિ આત્મ-વંચનાનાં પાપમાં પડવાનું રહેતું નથી તે નિર્ભર થઈ પોતાની જાત પર મક્કમ થઈને ઊભો રહી શકે છે

પોતાની સારી ખામીને સાંભળવા માગતી અને સમજવા માગતી ચિત્રકાર પિતાના પુત્રને જ્યારે તાલાવેલી લાગી ત્યારે તે આગળ પ્રગતિ સાધી શક્યો પ્રશંસા એ પ્રગતિના માર્ગમાં મોટામાં મોટું દૂષણ છે, એ સાંભળવાની ઈચ્છાવાળાને ગબડતાં વાર લાગતી નથી એ બોધ આ પ્રકરણથી પ્રાપ્ત થાય છે

'સોબત તેવી અસર' મા શુભ યા અશુભ નિમિત્તો આત્માને ઉત્તમ તથા અધમ બનાવે છે તે વાત વ્યવહાર, નીતિ દષ્ટાંતો દ્વારા મુનિરાજશ્રીએ સચોટ શૈલીએ રજૂ કરી છે

'પ્રભુ શ્રી મહાવીરસ્વામી' લેખ દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવની અદ્વિતીય ક્ષમાનો તથા પ્રાણીમાત્ર પ્રત્યે તેઓના અંતરમાં ચ કૌશીક સર્પનો આત્મા ક્રોધના આવેશમાં જે રીતે ગબડી રહ્યો છે તેનો ઉદ્ધાર કરવા પ્રભુ શ્રી મહાવીરદેવ પધારે છે ઇતિહાસનો આ મગન પ્રસગ પ્રભુશ્રી મહાવીરદેવનાં ધૈર્ય ગાભીર્ય તથા અનત કરુણાનુ દર્શન આપણને કરાવી જાય છે

આજે જેમ અનેક વાદો ભારતદેશમાં ખી લીલાપની જેમ ફૂટી નીકળ્યા છે આ બધા તકનાની ઉપમાને પાત્ર બનેલા વાદોએ વાદાઓ ઊભા કરી વાતાવરણને વિકૃત કરી મૂકયુ છે રાજકીયક્ષેત્ર કે સામાજીક ક્ષેત્રે ધાર્મિક ક્ષેત્રે કે સાસારિક ક્ષેત્રે માનવ પોતાની મહત્તાનાં ખોટા ધમડમા જનને આગળ લાવવાની મલિન વૃત્તિનો પ્રેરાયેલો પોતાને પ્રાપ્ત થયેલ બુદ્ધિ-શક્તિનો ભયકર દુરુપયોગ કરી વાણી દ્વારા બકવાનો આશ્રય લે છે જગતમાં અનેક અનર્થોને જન્મા વનાર વાણીનો દુરુપયોગ છે વાચા એ દૈવી-સપત્તિ છે તેમ આસુરી સપત્તિ પણ છે વાણી રીતન જન છે અને ભડભડ બળતી આગ પણ છે વિવેક પૂર્વક ધીર ગભીરભાવે વાણીનો ઉપયોગ કરનાર ખરેખર પોતાની વાણી દ્વારા સર્વનુ શ્રેય સાધવામા સહાયક બને છે ઉકળાટ, આવેશ તથા ક્રોધ, તેઓને વશ થઈ નિર્વિવેકપણે વાણીના પુદ્ગલોને ફેકનારો અશાંતિની આગ સળગાવે છે, બોલતા ન આવડે તો મૌન રહો પણ બોલો તો પરિણામનો વિચાર કરી વિવેકપૂર્વક બોલો એ બોધ 'બોલો તો તોલીને બોલો' પ્રકરણમાં વિસ્તાર પૂર્વક લેખક મુનિવરશ્રીએ આપ્યો છે જે ઉપયોગી તથા ઉપકારક છે

'નવકાર મંત્રનો અજબ પ્રભાવ' લેખમાં નવકાર મંત્ર પ્રત્યેની શ્રદ્ધા જીવનમાં કેવા અદ્‌ભુત ચમત્કારો સર્જી જાય છે તે વ્યક્તિના બનેલા આશ્ચર્યકારી પ્રસંગો દ્વારા જણાવાઈ છે, શ્રદ્ધા એ જીવનમાં મહત્વની વસ્તુ છે વીતરાગ પરમાત્માના માર્ગ પ્રત્યેની અને તમણે ફરમાવેલા અનુષ્ઠાના પ્રત્યેની જો અખંડ શ્રદ્ધા જીવનમાં પ્રસરી જાય તો ખરેખર તે આત્મા, પોતાની જાતને ઉજ્જવળ ઉન્નત તથા ઉર્ધ્વગામી બનાવી શકે તે નિ:શંક છે પ્રાણ વિનાના શરીરની કે ... વિનાના દેહની કશી જ કિંમત નથી તેમ શ્રદ્ધા વિનાના ધર્માનુષ્ઠાનોની કિંમત શૂન્ય છે આ વસ્તુ નવકાર મંત્રનો પ્રભાવ વર્તમાનમાં કેટ-કેટનો અજબ છે તે હકીકત બનેલા સાચા પ્રસંગોના ઉલ્લેખ પૂર્વક અહિં જણાવાઈ છે

'સંસ્કૃતિની વિકૃતિ વિનાશના માર્ગે' અને 'સર્જના' આ ત્રણે લેખો દ્વારા વર્તમાનકાળમાં સ્વચ્છંદતાના ... વિચારોમાં આજે માનવ સંસારે જે હદ ઉપરાંતની ... મૂક્યો છે તેનું લાક્ષણિક શબ્દચિત્ર રજુ થયું છે ... લેખિની કેટ કેટલી સચોટ છે તે આ પ્રકરણોમાં ... જન્ય સુખોપભોગમાં તૃષ્ણાતુર માનવો પાર ... સીમાડે પહોંચી ગયા છે તેનું યથાર્થ રીતે ... આ ત્રણેય પ્રકરણોમાં જીવનની વિકૃતિઓ ... થયું છે માનવસંસારને ચેતવણીના સુર સંભળાવ્યા ... તેઓએ ... અને પરિશીલન યોગ્ય છે

આ ત્રણેય લેખોમાં મોહની ... માનવોને ... જીવન ... ચેતવણી આપવા દ્વારા લેખક મુનિરાજશ્રીએ વર્તમાન માનવ નાસ્તિકતાના તથા જડવાદના વાતાવરણમાંથી ... માનવસમાજના સાચા ઉદ્ધારની જે તાલાવેલી ભરી છે ... અતિશયોક્તિ વિના કહી શકાય ...

'જૈન શાસનની વિશાળતા" લેખમાં જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન, આચારો અને રહેણી કરણી જે સુખવાદી સર્વ શ્રેષ્ઠ તેમજ વિશાળતામાં અદ્વિતિય છે તેનું આલેખન સુંદર થયું છે જૈન શાસનમાં જીવાદિ તત્ત્વોનું સૂક્ષ્માતિસૂક્ષ્મ યથાર્થ સ્વરૂપ તેના ભેદો આત્મવાદ કર્મવાદ તથા સ્યાદ્વાદનું તત્ત્વજ્ઞાન કેટ-કેટનું અદ્દભુત અને અલૌકિક છે તે માટે વર્તમાન યુગના મહાન ગણાતા ફિલોસોફરો પણ મન મુગ્ધ બનીને જૈન દર્શનને પોતાની ભાવભરી અંજલિઓ અર્પે છે જૈન ધર્મનું એક અહિંસા જેવું તત્ત્વ પણ કેનું વિશાળ અને વ્યાપક છે, કે તેમાં કાંઈ પણ પ્રાણિના ભેદ વિના સમસ્ત વિશ્વના મોટે ગજ સુધીના પ્રાણી માત્રની રક્ષાનો હેતુ-ઉદ્દેશ સમાયો છે એ બધું આ લેખમાં યોગ્ય રીતે પ્રદર્શિત કરવામાં આવ્યું છે

હું કોણ છું ! ખબર નથી ! એ શબ્દ ચિત્ર મદના નશામાં ધર્મના ઘેનમાં ગાંડા બનેલા આત્માને તેની જાત બતાવી તેની પાત્રતાને ઉજાગી કરી ચીમકી આપવામાં આવી છે અવ્યવહાર રાશિથી માંડીને ઠેઠ પંચેંદ્રિય મનુષ્ય સુધીમાં અનેક પ્રકારની યાતનાઓ, અપમાનો અને વ્યથાઓને ભોગવી આવેલ આત્માને વિનય સરળ તથા ગુણવાન મહાપુરુષોની સેવામાં સમર્પિત બની અપ્રમત્ત રહેવાનો બોધ ત્યાગી મુનિ અને અજ્ઞાન સંસારીના વાર્તાલાપ દ્વારા આપવામાં આવ્યો છે

પ્રતિજ્ઞા પાલન લેખ નિયમ અને પચ્ચક્ખાણના સ્વીકારની મહત્તા બતાવે છે આજે દેશમાં પણ પ્રધાન પદે કે અધિકારની ખુરશી પર બેસતા પહેલાં વડી અદાલતના ચાયાધીશની સમક્ષ પ્રતિજ્ઞાઓ ઉચ્ચાર કરવી પડે છે સોગંદ લેવા પડે છે એ હકીકત જ પ્રતિજ્ઞાની મહત્તા બતાવે છે માનવ જીવનમાં નિયમ પ્રતિજ્ઞાની ઉપયોગિતા ખૂબ જ છે આ લેખમાં પચ્ચક્ખાણ કરવાના લાભો અને પચ્ચક્ખાણ નહિ કરનારાઓ કે તેને નહિ માનનારાઓના ભ્રામક મતવ્યોનું શાસ્ત્રીય નિરાકરણ ટૂંકમાં કરવામાં આવ્યું છે

પશ્ચાત્તાપ' એ પોતાના સંતાનને સન્માર્ગમાં વાળવા માટેની હિતૈષી પિતાની ભાવના તથા તેમના પુરુષાર્થનું શાસ્ત્રીય પ્રસંગચિત્ર છે એ સમયે અકસ્માત થઈ જતા પ્રભુશ્રી વીતરાગ ભગવંતની મૂર્તિના દર્શને પુત્રને બીજા ભવમાં તિર્યંચ અવસ્થામાં પણ જે જાગૃત કર્યો તે હકીકતનું નિરૂપણ છે આજે જૈન સમાજમાં જ મોટે દેવ દર્શન પ્રભુ પૂજન, ગુરુવંદન જેવી આત્મ કલ્યાણકર જીવન શુદ્ધિની ક્રિયાઓથી જે યુવાનો પાછા હઠતા જાય છે, તે હિતની પ્રજાને હિતૈષી માબાપોએ પરાણે પણ ધર્મ ક્રિયાઓમાં જોડવા આટે પ્રેરણા આપવી જરૂરી છે એ કહેવું અસ્થાને નથી

ધર્મ મરજીઆત નહિ પણ અવસરે ધર્મ ફરજીઆત મને છે કડવું ઔષધ પોતાની મરજીથી નહિ પીનાર પુત્રને સગી મા મોઢામાં ચેપુ નાખીને છાતી ઉપર પોતે ચઢીને પાય છે તે રીતે જૈન સમાજમાં અમુક આચારોનું પાલન, જૈનના ઘરમાં પરાણે શિસ્ત ખાતર પણ કરાવવું તે હિતૈષી મા-બાપોની પોતાના સંતાનોના ભાવિ કલ્યાણ માટેની આવશ્યક ફરજ છે પરાણે થતા ભાવ વિના થતા પણ જિનેશ્વર દેવનાં શાસનના અનુષ્ઠાનો કે ક્રિયાઓ પરિણામે આત્માને લાભ આપે છે એ વસ્તુ આ પ્રસંગ પરથી ધ્વનિત થાય છે

શું આપશો ? પૂર્વ પુણ્યાઈના યોગે પ્રાપ્ત થયેલી સંપત્તિનો સદુપયોગ કરવા માટેનો પ્રેરક બોધપાઠ છે તમે સામાને જેવા ભાવથી આપો છો તેવું ભવાંતરમાં પ્રાપ્ત થાય છે એ અહિં સૂચન કરવામાં આવ્યું છે કે 'તમારા આંગણે આવેલા દીન-દુઃખીપીડિતોને વિશેષ કંઈ ન આપી શકો તો પણ કોઈને કટુ વાણીના પ્રહારો કરી દુઃખી નહિ કરતા વાણીનો મધુરતા પૂર્વક વ્યવહાર કરવામાં કૃપણ નહિ બનતા।

'શ્રદ્ધા સંજીવની' જૈન દર્શનની પ્રત્યેક આરાધનાના મૂળ પ્રાણ-સમ્યગ્ દર્શનનો મહિમા દર્શાવે છે સમ્યગ્ દર્શનનું સ્વરૂપ તેના ભેદો

અને તેનુ મહાત્મ્ય ટૂંકમાં પણ સ્પષ્ટ અને રોચક રીતે અહીં દર્શાવ્યુ છે, જે ઉપયોગી છે

સાચી ટેક — માં ધર્મશ્રદ્ધા જેના પ્રાણમાં ભરી છે, અને જે વિવેક પૂર્વક સદ્ધર્મ પ્રત્યે નિષ્ઠાવાન છે તે પુણ્યવાન આત્મા ગમે તેવા વિપરીત પ્રસંગોમાં ચલિત નહિ બનતા પોતાના નિશ્ચયમાં કેટ-કેટલો અડગ રહે છે નિર્ભીકતા એના આત્મામાં કેટ-કેટલી અલૌકિક હોય છે તે ધનપાલ અને ભોજના ઐતિહાસિક પ્રસંગમાંથી લેખક મુનિવર શ્રીએ અહીં દર્શાવેલ છે

આવશ્યક — આવશ્યક ક્રિયાઓની મહત્તા, ઉપયોગિતા તેમ જ આવશ્યકતા પર ભાર મૂકીને તેની આરાધના પ્રમાદ ત્યજી કરવા માટેની પ્રેરણા કરે છે પ્રતિક્રમણના જેવુ ધાર્મિક કૃત્ય જૈન ધર્મમાં જે રીતે પાપનો મલ સાફ કરી, આત્માને નિર્મલ બનાવવા માટે ફરમાવવામાં આવ્યુ છે તેવી વૈજ્ઞાનિક સમજણ પૂર્વકની ધર્મક્રિયા અન્ય કોઈ ધર્મમાં દર્શાવવામાં આવી નથી

જૈનો અને સંખ્યા — લેખ જૈન સમાજમાં સંખ્યાનુ પરિબલ ઘટી રહ્યુ છે જૈનો ઓછા થતા જાય છે જૈનો ઘટશે તો જૈન ધર્મનુ પછી કઈ રીતે નભશે ? ઇત્યાદિક વાતો કરનારાઓને ઠીક ઠીક સમજણ આપી જાય છે સંખ્યા કે વસતિનો વધારો વસ્તુની મહત્તા માટે એકાંતે ઉપયોગી છે એમ માનવુ એ કેવળ મૂર્ખાઈ છે તે હકીકતને જણાવવા સાથે જૈન ધર્મ એ કાયરોનો નિર્વીર્ય પ્રજાનો કે સ્વેચ્છાચારીઓનો ધર્મ નથી પણ શૌર્યવાળી સાત્વિક પ્રજાનો પોતાનો ધર્મ છે, માટે કદાચ સંખ્યા ઓછી રહે તેથી જૈન ધર્મને આંચ નહિ આવે પણ જો તેના સાચા શક્તિશાળી ઉપાસકો હશે તો જૈન ધર્મ વિજયવંતો જ છે, એ તાત્વિક વિચારણા અનેક રીતે વિવિધ દૃષ્ટિ-

બિંદુઓથી સમભાવ પૂર્વક અતિ વિચારમા આવી છે જે આજના સભ્યા બળથી જ ધર્મનો મહિમા માનનારાઓને માટે મનનીય છે

'વૈજ્ઞાનિકો' લેખમા આજની વિજ્ઞાનની અગ્રગતા દર્શાવતા સાથે વગર અખતરે વગર હિંસાત્મક પ્રયોગો સર્વજ્ઞ ભગવંતોએ જે ત્રૈકાલિક સત્ય નજરે તેમના ભાવોને પ્રકાશિત કરનારું ફરમાવ્યું છે તે કેટલું સંગીન સુસંગત અને વિશ્વાસપાત્ર છે તે હકીકત જાણી જૈન દર્શનના સ્યાદ્વાદ તત્ત્વજ્ઞાનની ગંભીરતા યથાર્થતા તેમ જ લોકોપકારતા પ્રત્યે શ્રદ્ધા તથા દૃઢ આસ્થા કેળવવા પ્રત્યેક વિચારક વર્ગને સંદેશ આપવામા આવ્યો છે

ભાવવાહી ગૂર્જર કાવ્ય કૃતિઓ' લેખ વર્તમાન યુગમા રચાઈ રહેતી કાવ્ય કૃતિઓને અંગે મનનીય વિચારણા રજૂ કરે છે પૂજ્યપાદ જૈન રત્ન વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાઓની સુપ્રસિદ્ધ ગૂર્જર કાવ્ય કૃતિઓને સમજવા માટેનો વિનમ્ર નાદ આ લેખમા થયો છે આજે ગીતો તરફની રચના જે ભાવનો ગીતો તેવા થઈ રહ્યા છે તેને અંગે સમાજમા બે પ્રકારની વિચાર ધારા પ્રવર્તે છે તેની સામે અનેક રીતે આકર્ષક તથા સંગીન યુક્તિઓ દલીલો સાથે મુનિરાજશ્રી પોતાનુ મંતવ્ય રજૂ કરે છે તે પણ સમભાવ પૂર્વક સહેજ પણ કટુતા લાવ્યા વિના પોતાના વિચારો શાન્ત રીતીમાં તેઓએ અહીં મૂક્યા છે તે માટે સમાજના પ્રત્યેક વર્ગે આનું મનન પરિશીલન કરવા મારા આગ્રહ છે અને લેખક મુનિશ્રીએ જે કાંઈ દલીલો તેમ જ પ્રતિપાદનો કર્યાં છે તે બધા હૃદયના સ્વચ્છ ભાવે સરળતાપૂર્વક અવશ્ય વિચારણીય છે એમ મારી સમજ લેખક મુનિરાજશ્રીમા રહેલુ ઊંડુ અન્વેષણ અને કોઈ પણ વસ્તુના હાર્દને સ્પષ્ટ રીતે પકડવાનું કૌશલ્ય આ લેખમા દેખાઈ રહ્યુ છે

રૂ ૩૬૦૦૦ના બીડા, રમૂજી પ્રસગ ચિત્ર છે નોંકિ નાક, કે પ્રતિષ્ઠાના ભૂત પર સ્વાર થયેલો માનવ કેવી રીતે ખુવાર થઈ શકે છે તેનુ આબુ-પાતગુ નિદર્શન આમાથી મળી રહે છે જ્યારે જીવન ક્ષણભગુર છે તો પ્રતિષ્ઠા કે વાદવાહ કર્યા ધારી છે? નોક વાદવાય કીર્તિ નામના અને પ્રતિષ્ઠાના ભોગ બ્યાલોમા રાચતા માનવો પૈસાથી કુટુબ ગીનાથી કે ધર્મ-કર્મથી અનેક રીતે ખુવાર થતા આજે પણ આપણી આજુબાજુ જોઈ શકાય છે પરોપકાર ધર્મ કે સુપાત્ર ભક્તિ માટે પાઈ પાઈ નો હિસાબ રાખનારા, જીવ યા કે સાધારણ ખાતાના તોટા માટે રોદણા રોનારા આજે જૈન સમાજમા કેટ-કેટના શ્રીમતો છે કે, જેઓ કેવળ પોતાની માની લીધેલી મોટાઈની ખાતર હજારોના ખર્ચો પાણીની માફક કરે છે ખરેખર મોટાઈનુ ભૂત એ ભયકર અનિષ્ટ છે

'સમતાવૃત્તિ' લેખ આજના રાત-દાતમાં મગજ ગોઈ બેસતા માનવોને અમૂલ્ય બોધ આપે છે જીવન ક્ષણભગુર છે સપત્તિ, ઐશ્વર્ય રૂપ કે ધન આ બધુ ક્ષણવારમાં માટી બની જવાનુ છે, એ નિશ્ચિત છે તો પછી આવા ક્ષણવિનાશી ચચળ પદાર્થોની પાછળ માનવ શા માટે ગાતુર બનીને તેની પ્રાપ્તિથી મ મન શા સાર બની જતો હશે? રાતરાતમા ધમડ ગર્વ તથા ગુમાનમા એ કેમ ઘેલો બની જતો હશે, વારુ? ભનભના મધાતાઓના ગર્વ ધણીના છટ્ટા ભાગમા ગળી ગયાના દષ્ટાતો ઈતિહાસના પાને નોધાયા છે તેને નજીવી વાતમા અકળાઈ જતા માનવે ધર્મમાં કાતરી રાખવા જોઈએ નેપોલીયન હીટલર મુસોલીની જેવા સર્વસત્તાધીશોના શા હાલ થયા તે ક્યા આજે કોઈથી અજાણ્યુ છે? માટે દરેક પ્રસગોમાં માનવે ધૈર્ય રાખી ખામોશીપૂર્વક જીવવુ જોઈએ આ લેખમા અને વ્યવહારુ દષ્ટાતો દ્વારા લેખક મુનિશ્રીએ સમતાવૃત્તિની મહત્તા ખૂબ જ હૃદયગમ રીતે ઓગુરકારક અકી આલેખી છે જે સહુ કોઈને બોધપ્રદ તથા ઉપયોગી છે

છે કે, 'અનીતિનું ધન' લેખમાં વ્યવહારશુદ્ધિમાં આજે જે રીતે સમાજ પગલે પગલે પતિત થાય છે તેને વ્યવહારશુદ્ધિના મૂલપ્રાણ અર્થશુદ્ધિ માટે પ્રેરણા આપવામાં આવી છે વધારે પડતો લોભ, પરિગ્રહવૃત્તિનું અનિશ આકર્ષણ તેમ જ સમાજના પ્રત્યેક વર્ગમાં કેવળ ધનની જ પૈસાની જ પ્રતિષ્ઠા, આ બધાના મૂળ માનવનું મન તદ્દન નિર્બળ અને એકાંતે અર્થલોલુપ બની ગયું છે સાત્વિકતા જીવનમાં રહી નથી યેન કેન પૈસો મેળવવામાં જ અને ભેગો કરવામાં જ જીવનની ઈતિકર્તવ્યતા તેને આજે લાગી રહી છે એટલે ગમે તેવા પાપો જેવાં કે અન્યાય, વિશ્વાસઘાત લુચ્ચાઈ છુપી રીતે ચોરી કરતાં પણ તે અચકાતો નથી

આજના સંસારમાં ભોગવવા કરતાં મેળવવામાં અને સાચવવામાં જ સહુ કોઈ પાગલ બન્યા છે કોઈ કોઈ વાર મોંઘાઈના ખોટા બહાનામાં આવા માનવો જીવ બાળવાને તૈયાર થાય એ સિવાયના આજના પૈસાની પાછળ ખુવાર થતા માનવોને અન્ય કોઈ સૂઝતું જ નથી જીવન પણ પૈસા માટે જ હોય તેમ જિંદગીની છેલ્લી ઘડી સુધી પૈસા ખાતર માનવો ઢસરડા ખેંચાતાં જોઈ શકાય છે

પણ તેઓએ સમજવું જોઈએ નહિ કે 'માનવજીવનની કિંમત સંપત્તિ-ધનોપાર્જનમાં નથી વિવેકપૂર્વક ન્યાયોપાર્જિત ધન જીવન વ્યવહારમાં માનવને સહાયક બનાય અને બાકી તો પુરુષાર્થ વિના ધન પ્રાપ્ત થતું નથી, અને પુણ્યાઈ વિના ધન દ્વારા ભોગોપભોગ થતો નથી આ નૈતિક સત્ય છે તો પછી માનવો પોતાની પુણ્યાઈને ભૂલી, તૃષ્ણા, મોહ તથા અજ્ઞાનને આધીન થઈ અસંતોષની આગથી બળીને ખાખ થઈને કેવળ ધનસંચય માટે પાપાચરણો શા સારુ આચરતા હશે? પણ કર્મની ગતિ ગહન છે મિથ્યાત્વના માદક નશામાં ચકચૂર પ્રાણીઓ દુઃખથી તથા ભયથી, પોતાની જાતને મુક્ત કરવા કાલ્પનિક સુખોની મૃગજળ જેવી તૃષ્ણામાં દોડતા કેવળ અર્થોપાર્જન પાછળ

પાગલ બની પ્રામાણિકતા, પાપભય, વિશ્વાસ, નીતિ, ધર્મ, સજ્જનતા ઈત્યાદિ સુંદર તત્વોથી વિમુખ બની, ભયંકર પાપો આચરી દુર્ગતિમાં જાય છે

વ્યવહાર શુદ્ધિનો રહેલો પાયો અર્થનીતિ કે અર્થશુદ્ધિ દ્વારા આચાર શુદ્ધિ એ દાન તથા મન અને જીવનશુદ્ધિ, એમ સામાન્ય રીતે કહી શકાય

અનર્ગળ સંપત્તિ કે અમાપ ઐશ્વર્ય જ્યારે ઘણીવાર ભાગ્યમાં ધુળમાં રોળાઈ જતાં આંખ સામે જોઈ શકીએ છીએ તો તેની ખાતર માનવે માન-ભાન ગુમાવીને પાપાચરણો નહિ કરવાનો ઉપદેશ અતિ હૃદયંગમ રીતીએ મુનિરત્નશ્રી આપી રહ્યા છે જે જૈન સાધુનું નિરંતર મંગળ કર્તવ્ય છે, તેઓ લેખના અંતે સ્પષ્ટ રીતે સર્વ સંસારીજનોને જણાવી રહ્યા છે ને કહે છે કે માટે હે મહાનુભાવો સમજો ને ન્યાય નીતિ અને પ્રમાણિકતાને ચૂકો''

(૩)

એકંદરે ૭૦ પ્રકરણોમાં વિદ્વાન મુનિરત્નશ્રીએ બોધક, પ્રેરક અને જીવનવિકાસના સોપાનરૂપ ચિંતનપ્રધાન સાહિત્ય સંકલિત કરી મૂક્યું છે જુદા જુદા પ્રસંગોમાં તેઓએ જે કાંઈ લખ્યું છે તે સર્વ સમજુ અતિ પ્રસિદ્ધ થયો છે મુનિશ્રીનાં વિશાળ વાંચન, મનન અને પરિશીલન તથા અનુભવનો લોકોપયોગી પરિપાક ખરેખર અતિ પ્રશસ્ય થયો જોઈ શકાય છે લેખક મુનિરાજશ્રી પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિ સૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટાલંકાર પ્રવચનપ્રભાવક વિદ્વદ્વર્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજીના વિદ્વાન વિનેયરત્ન છે ગુજરાત, મહાગુજરાત, મારવાડ મેવાડ, તથા દક્ષિણના પ્રદેશોમાં તેઓએ પોતાની શક્તિથી સારો ધર્મપ્રભાવ વિસ્તાર્યો છે

પ્રાંતે, લેખક મુનિરાજશ્રી હજુ પણ પોતાના વાચન, મનન તથા પરિશીલનમાં વિશેષ વિકાસ સાધી, પોતાની સાધુતાને ઉજ્જવળ પ્રકાશે વિસ્તારી મોહની નિદ્રામાં પોઢી રહેલા સંસારીજનોને આત્મશ્રેયના માર્ગે આવા સાહિત્ય-સર્જનદ્વારા જગાડતાં રહો ! એ શુભકામના સાથે વિવેકી વાચકોને સ્વચ્છ હૃદયે સમજણપૂર્વક આ ગ્રંથના વાચન, મનનદ્વારા નિજ શ્રેય સાધવા સૂચના કરતો હું વિરમું છું

જેઠ સુદિ ૫ ૨૦૧૧
તા ૨૬-૫-૫૫ ગુરુવાર
વાકાનેર (સૌરાષ્ટ્ર)

વ્યા વા પૂ પા ગુરુવર્ય આચાર્યદેવ
શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ
પં૦ કનકવિજયગણિ

છઠ્ઠી આવૃત્તિ અંગે

અમને જણાવતા અતિ આનંદ થાય છે કે પ્રસ્તુત સંસ્કારની સીડી નામનું આ પુસ્તક પાંચ-પાંચ આવૃત્તિઓ વટાવી છઠ્ઠી આવૃત્તિમાં પ્રવેશે છે લગભગ ૧૦ હજાર નકલો બહાર પડી જવા છતાં જનતાની માગ ચાલુ જ છે જનતા ખૂબ રસપૂર્વક વાંચે છે વંચાવે છે અને સદ્બોધ ગ્રહણ કરે છે એ જાણીને અમને ઘણો આનંદ થાય છે

શતાવધાની પં મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવરનો સાહિત્ય પ્રેમ ખરેખર અનોખો છે ઉત્તરોત્તર તેઓશ્રી આથી પણ વધુ સુંદર સાહિત્ય જનતા સમક્ષ મૂકતા રહે એ ઇચ્છા સાથે વિરમીએ છીએ

પ્ર૦

પૂ૦ પા૦ શાંતમૂર્તિ શાસનદીપક આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજનો

અભિપ્રાય

આધુનિક જમાનાની ઝેરી અને માદક હવાના સંપર્કથી જગમાનવોની મોહદશામાં કંઇ અનેરા પલટાઓ દેખાઇ આવે છે અશ્રદ્ધાની આગથી શ્રદ્ધાના ભાવ-સુમનથી મઘમઘાયમાન નંદનવનો બળીને ખાખ થઇ રહ્યા છે ધર્મ-ઇમારતના સુદૃઢ પાયામાંય આજના ઉદ્દામવાદીઓએ એવો લૂણો લગાડ્યો છે કે, એ ઇમારતો પણ ખંડિત બની રહી છે

માનવજાતની સંસ્કૃતિ કે એના ઉચ્ચતમ આદર્શરૂપ આચારો ધર્મસંજીવન વર્તનો કે રમ્ય રહેણી-કરણીઓ ઓસરતી જાય છે માનવ જ માનવને ભયંકર દેખાતો જાય છે સમાજપ્રેમ, ધર્મ-પ્રીતિ જાત વાત્સલ્ય સ્વજનહિત એ સઘળું ય સમૂળગું જ ભૂંસાતું જાય છે આ પ્રતાપ છે આજના કુસંસ્કારોનો ! કુસંસ્કારોથી પોષાતી જતી વિદ્યાર્થી અવસ્થાનો ! અથવા ચારે બાજુ જ્યાં જોઇએ ત્યાં ખોટા વ્યસનો, ખોટી વાતો અને બદીઓ ફૂગાના જેમ ઉભરાઇ રહી છે આની અસર ઇચ્છાએ કે અનિચ્છાએ, જેમ ધુમાડો થતા આખો પાણીયારો રંગાઇ જાય છે, તેમ માનવ જેવી દેવ-દુર્લભ જનનિર્માય કુસંસ્કારાની એવી કપરી કુપથ્ય પેસી જાય છે અને તે વધતાં-વધતાં ઝેરીના ઝાડની જેમ એની બધી વધી જાય છે કે માનવ એનો ગુલામ બની જાય છે ઘરમાં ખાવાનું નથી બાળ-બચ્ચાં ભૂખે મરે છે, ટળવળે છે, દેવું વધતા લેણદારો તગાદા કરે છે ઝેર ખાવા સુધીની તૈયારી થઇ જાય છે, પણ ચા-બીડી કે અન્ય કોઇ બનાગ અને હેરાન-પરેશાન કરનારા વ્યસનો છોડવા અશક્ય બની જાય છે એ દીવા

જતુ સત્ય છે સૌને અનુભવ છે સૌ જાણે છે, પણ એ કુસંસ્કારથી અળગ રહેવું, મુક્ત રહેવું, એ કંઈ ની વા જ પુણ્ય-પુરુષને સાધ્ય થાય છે આ બાબતના સર્વ દેશના સર્વ માનવોને થોડો-વધતો અનુભવ થતો ગયો હોય છે જ

અહીં વસ્તુત એ છે કે, જેમ નાના ફણગારૂપ ફૂટેલા અંકુરોને જો યોગ્ય સિંચન થાય રક્ષક તરફથી ભાળ રખાય ભૂમિ સારી હોય અને તડકો કે હિમ આદિ પ્રતિકૂળતાથી રક્ષણ થાય તો તે ફાલ્યુ-ફૂલ્યુ મોટું વૃક્ષ ઉત્પન્ન થાય, પછી એના મૂળ મળે, શીતલતમ છાયા મળે, હજારો પથિકોને તાપ શમાવવા એક સાધન બની જાય છે, જેટલું થડ મજબૂત એટલી લાંબી એની આવરદા હોય છે આ ફાલ્યાફૂલ્યા વૃક્ષનું મૂળ કારણ એના બાલકાળનું પાલન-સિંચન-રક્ષણ છે જો એ વૃક્ષના બાલ્યકાળમાં કોઈ ઉધઈ લાગી હોત તો કદાચ નામ-શેષ રહી ગયું હોત! આવી જ રીતે જ નાના બાળકને માતાપિતાના ચીવટથી યોગ્ય સંસ્કારનું પરિ-સિંચન થાય તો એ બાળ પણ ધ્યાનુ, પ્રેમાળ અને ધર્મનિષ્ઠ બને છે કેટલાક માતા-પિતાને આજે બચ્ચાનું પેટ કેમ ભરવું! કે આજની આધુની દૃષ્ટિથી પેદા થતી વ્યાવહારિક કેળવણી કેમ સાંપડે તેની ચિંતા છે પણ બાળકના અંતર્જીવનને કેવા ભયંકર રોગોનો ચેપ લાગી રહ્યો છે એ કોઈ દરકાર કરતું નથી એ તો ખુલી જ વાત છે આ અવસામાં આ '**સંસ્કારની સીડી**' નામનો ગ્રંથ **મુનિરાજ શ્રીકીર્તિવિજયજી**એ શ્રમથી લખીને જન-કલ્યાણ, બાલકોના ગુણોને લક્ષ્યમાં લઈને બહાર પાડી રહ્યા છે સાચે જ આ પુસ્તક મેં વાંચ્યું અને વિચાર થયો કે આથી કુસંસ્કારોની ભડકે બળતી આગમાં પડેલાઓના પાપનું કામ આ પુસ્તકવાંચનથી મળી જશે જ, એવી એક શુભ આશા રહે છે એમ જ નહિ પણ પ્રત્યક્ષ એનું સુંદર પરિણામ દેખાઈ રહેશે કે પુસ્તકનું નામ 'સંસ્કારની-સીડી' સંસ્કાર એટલે આર્ય-ન કૃતિ નાચ્યાં નતિકોનું બ ન સીડી એટલે ક્રમિક સરગર મહેનમા

... પાપ-પ્રવૃત્તિઓથી આત્મા રો સીનન
...તિ સાધવા વાળો છે મધુર ભોજન કે
...ભાસન જે રસ નથી પેદા કરે તે રસ આ
...ાર્ગ જરી જ આ નાનો ગ્રંથ જરૂર
...નો ઘ૦ પાયો જ બનશે એવી આશા સાથે
... આપીને વિરમું છું

"આ. શ્રી વિજયભુવનતિલકસૂરિ"

એક અભિપ્રાય

...ની મીઠી લેખક પૂ. પં. મ. શ્રી કીર્તિવિજયજી
પ્રસ્તુત પુસ્તકમાં ૪૪ પ્રકરણો દ્વારા લેખક પૂ.
... એ બોધ-રેક તથા જીવન વિકાસ ના સોપાન
... સંકલિત કરીને રજૂ કરેલ છે લેખક મહારાજ
... સરળ છે શૈલી સચોટ છે ને તેઓનું વિશાળ
... મનન પરિશીલન તથા અનુભવનો સોડાપરો ...
...રી પ્રદર્શિત થયો છે આ પ્રકાશન પ્રસ્તુત
...ત્રીજી આવૃત્તિ છે અત્યાર સુધી આ પ્રકાશનની
... પ્રસિદ્ધ થઈ છે જે તેની લોક પ્રિયતા
...બાળ, યુવાન પ્રૌઢ તથા વૃદ્ધ સર્વને એક
... આ પ્રકાશન પ્રેરક તથા ઉદ્‌બોધક
...રાજશ્રીનો પ્રયત્ન પ્રશંસનીય છે

"કલ્યાણ માસિક"

... ૧૦-૧૯૬૨

આ પુસ્તિકાના અવલોકનથી એમ લાગે છે કે, આ પુસ્તક હાથમા આવશે તેઓ તેનુ રસ ધારાની જેમ સતત મનન જ કરશે કુસાહિત્યથી જૈન જગતને ઘેરી મોહ નિદ્રા ઘેરી બેઠી છે, તે પણ દૂર સુદૂર નાશી જશે

પુસ્તકની ભાષા સુદર છે વિષયો વિશદ અને ઉપયોગી છે મહાન વાતોને ટૂકમા પણ જન-સમક્ષ રસ-થાળ જેવા બનાવવાની લેખકની કલા-કોવિદતા ઝળકી ઉઠે છે લેખકશ્રીએ અનેક સ્થળોમા સ્વયમેવ કે લોકોક્તિથી જે અનુભવો કર્યાં છે, તે અનુભવોને શબ્દ-દેહથી ઊભા કર્યાં છે પ્રકરણોનો ક્રમ પણ સુદર સચવાયેલો છે આજે જે પ્રપચો અનીતિઓ, ખોટા વ્યસનો અશ્રદ્ધા વિનય-હાનિ, ધર્મ-પરાઙ્મુખતા, અતિથી-અપ્રેમ, સ્વાર્થ-સાધુતા, ઇદ્રિયોની ગુલામી વિષયભૂખ, હૈયાની નબળાઈ ભયકર રોગોનો ભોગવટો, આ બધી ભયકર લીના ભજવાઈ રહી છે તે જોતા લેખક મુનિશ્રીનુ હૃદય દુખી થયુ હોય એમ અનુભવાય છે પાણીના કુભવાળાને પાણીના પ્યાસીને જોતા પાણી પાવાનુ દિલ થઈ આવે છે તેમ મુનિશ્રીને પણ જ્ઞાન-પરબમાથી સસ્કાર-વારિનુ પાન કરાવવાની અગાધ કરુણા પેદા થઈ અને આ 'સસ્કારની સીડી' પોતે વિહારનો વ્યવસાય, શાસન-પ્રભાવના, અનેક કાર્યોની પ્રવૃત્તિઓ તેમજ પોતાના ગુરુદેવની સેવાની તકોને પોતે જ સાચવવાની એક સુદર તાલાવેલી આ સઘળુ ય હોવા છતા ય આવાં એક નહી પણ અનેક ગદ્ય અને પદ્ય પુસ્તકો બહાર પાડીને સાચે જ સ્વૈર પણ સાધી રહ્યા છે એમ કહેવુ અતિશયોક્તિથી પર છે

અતમાં આ પુસ્તક સાચે જ આશીર્વાદ છે સાચે જ સુદર જીવન ઘડવાનો મનોહર રાજમાર્ગ છે ધર્મ-શ્રદ્ધાને દૃઢ બનાવવાનુ એ ગજબનુ રસાયણ છે શિથિલ બનેલી સુપ્રવૃત્તિઓને સબળ-પુષ્ટ

બનાવવા સાચો સાથીદાર છે પાપ-પ્રવૃત્તિઓથી અટકવા ને બીજાને અને સુપ્રવૃત્તિઓમાં પ્રગતિ સાધવા વાચકો છે મધુર ભોજન કે બાગમાં બેસવાનું સુખાસન જે રસ નહી પેદા કરે, તે રસ આ ગ્રંથ-રસ પીતા અનુભવાઈ જશે જ આ નાનો ગ્રંથ પણ જરૂર આદર્શ જીવન-ઘડતરનો વજ્ર પાયો જ બનશે એવી આશા સાથે હું આ મારો અભિપ્રાય આપીને વિરમુ છુ

"આ. શ્રી. વિજયભુવનતિલકસૂરિ"

એક અભિપ્રાય

સમ્યગ્ની સીદી લેખક પૂ. પં મ. શ્રી કીર્તિવિજયજી ગણિવર પ્રસ્તુત પુસ્તકમાં ૪૪ પ્રકરણો દ્વારા લેખક પૂ. મહારાજ શ્રી એ બોધક-પ્રેરક તથા જીવન વિકાસ ના સોપાન રૂપ સાહિત્ય સંકલિત કરીને રજૂ કરેલ છે લેખક મહારાજ શ્રીની ભાષા સરળ છે શૈલી સચોટ છે ને તેઓનુ વિશાળ વાંચન, ઊંડુ મનન પરિશીલન તથા અનુભવનો નિચોડ પ્રતિબિંબ અહીં અનુરૂપ થયો છે આ પ્રકાશન પ્રસ્તુત પુસ્તકની પાંચમી આવૃત્તિ છે અત્યાર સુધી આ પ્રકાશનની ૯૦૦૦ નકલો પ્રસિદ્ધ થઈ છે જે તેની લોકપ્રિયતા પુરવાર કરે છે બાળ યુવાન, પ્રૌઢ તથા વૃદ્ધ સર્વને એક સરખી રીતે ઉપયોગી આ પ્રકાશન પ્રેરક તથા ઉદ્બોધક છે પૂ લેખક મહારાજશ્રીનો પ્રયત્ન પ્રશંસનીય છે

વર્ષ ૧૯ "કલ્યાણ માસિક"

અંક ૧૦-૧૯૬૨

અને ઇજ્જત કેમ પૂરૂં થવું તેની જ ગણતરીમાં તેની જ ચિંતામાં અને તેની જ ક્રિયા કર્મમાં માનવ અહર્નિશ મસ્ત રહે છે

તેમાં આજના યુવકવર્ગની દશા તો અતીવ કરુણાજનક છે "सा विद्या या विमुक्तये ।" ના ધ્યેયને ભૂલી વિદ્યાના ક્ષેત્રમાં જે રીતે ભણાવી, વિનાશી વાતાવરણમાં જ તે ડૂબી ગયા છે કેવળ વર્તમાનકાળની ટૂંકી દૃષ્ટિ રાખી અનંત ભવિષ્યને તે ભૂલી જાય છે મહાપુરૂષોની વાતો સામે જાણે-અજાણે આંખમીંચામણાં કરે છે વખત આવે એ આત્માનાં તત્ત્વોની ઠેકડી ઉડાડવામાં જ મજા માને છે ધર્મ કર્મ-ક્રિયાકાંડ ધર્મ છે નહિ એટલે જગતમાં એ ભડકાન છે પોતાની ખામી અને પતનની થતી કહાણીને ઢાંકવા માટે તેઓ વળી આત્માઓને શ્રદ્ધાળુઓને અંધશ્રદ્ધાળુનો ચાંદલો ચોડી રહ્યા છે

અને પોતે મહાન અનીતિઓની પણ થાળી સનાતન સત્ય સિદ્ધાંતોનો અપલાપ કરે છે શાસ્ત્રીય ગ્રંથોમાં, વાતોની સચ્ચાઈમાં ખલેલ ઉભી કરી બેઠી રમતો રમી રહ્યા છે જેમ એક બાળકો મે મે કરે તો બાળક પણ એ મે કરે છે અને બાળકોના આખા ટોળામાં મે મે થાય છે તેમ આ આધુનિકમાં અનાર્ય સંસ્કૃતિથી ઘડાયેલા માનવો અમુક વાતો કહેતો હોય છે પછી તેઓ એને ટેકો આપે છે બીજાઓ એની ચૂંથણ ચૂંથે છે અને તેની જેમ બધા સમજ્યા વગર જ ચારે બાજુ દોડ્યા કરે છે

પ્રસ્તુત સસ્મરણ-ગીતી નામના આ પુસ્તકમાં આ બધી વાતોનો માત્ર અંગુલીનિર્દેશ કરવામાં આવ્યો છે

વ્યાધિગ્રસ્ત આત્માને કડવું પણ પરિણામે ગુણકારી ફળવાળી ઔષધ જેટલું ઉપયોગી છે તેના કરતાં પણ કંઈગણું ઉપયોગી આ પુસ્તક છે કડવી પણ આત્માને હિતકારી અનેક વાતો કથાનકના સ્વરૂપમાં અને અનેક લેખોના સ્વરૂપમાં આ પુસ્તકમાં ગૂંથી લેવામાં આવી છે

સુજ્ઞજનો ! ક્ષીર નીર ન્યાયે હંસની જેમ તેનો વિવેક કરી, જીવનમાં ઉતારી, અંતરને અજવાળો એ જ એક અંતરની અભિલાષા છે

શાંતમૂર્તિ શાસનપ્રભાવક વિદ્દ્વર્ય પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજે મારા ઉપર અનુગ્રહ કરી અંતરના આશીર્વાદ પાઠવી અભિપ્રાય લખી આપી આ પુસ્તકની શોભામાં વધારો કર્યો છે એટલું જ નહિ પણ મારા જેવા સામાન્ય લેખકના ઉત્સાહમાં ખૂબ અભિવૃદ્ધિ કરી ભારે પ્રોત્સાહન આપ્યું છે તેઓશ્રીનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે તેઓશ્રી 'કલ્યાણ' પત્ર દ્વારા પોતાની ઓજસ્વી શૈલીથી વિવિધ વિષયથી ભરેલા તાત્ત્વિક લેખો લખી શાસનની અપૂર્વ સેવા કરી રહ્યા છે પ્રવચનાદિ કાર્યોમાં અવિરત-રત રહેવા છતાં શૃંખલાબદ્ધ લેખશ્રેણીને ચાલુ જ રાખે છે, અને જિજ્ઞાસુવર્ગની જિજ્ઞાસાને સંતોષે છે, એક સારામાં સારા પ્રતિષ્ઠિત લેખક તરીકે સમાજ તેમને આવકારે છે તેઓશ્રી પોતાની ઓજસ્વી શૈલીથી ભરેલા લેખો સમાજ સમક્ષ વધુ ને વધુ મૂકતા રહે અને જનતાને સાચા રાહ ચીંધે એ ઇચ્છિવાજોગ છે

પ્રસ્તુત પુસ્તકની પ્રસ્તાવના લખવાનું મંગળ કાર્ય કરી આપવાની ઉદારતા બતાવી જેમણે મને ઋણી બનાવ્યો છે તેઓશ્રીનો ઉપકાર પણ કેમ ભૂલી શકાય? તેમનું પુણ્ય નામ છે વિદ્દ્વર્ય શાંતમૂર્તિ પૂજ્ય પંન્યાસજી શ્રીમદ્ કનકવિજયજી ગણિવર, તેઓશ્રીએ આ પુસ્તકની પ્રસ્તાવના લખી આ પુસ્તિકાની મહત્તાને અનેક ગણી વધારી છે શરીર જેમ વસ્ત્રાલંકારથી શોભી ઉઠે, તેમ તેઓશ્રીની વિદ્વત્તાભરી

પ્રસ્તાવનાથી આ પુસ્તક અધિક ઓર સુશોભિત બને છે જૈન સમાજમાં તેઓશ્રીની લેખિની પ્રસિદ્ધ છે પ્રથમ પંક્તિના લેખક તરીકે તેઓશ્રીનુ નામ જાણીતુ છે તેમના ગ્રંથોમાં ભાવની વિશાળતા શબ્દોનુ સૌંદર્ય, ભાષાના મધુરતા અને વિદ્વતા, આદિ અનેક વિશિષ્ટતાઓ જોવામાં આવે છે તેઓશ્રી અવિરત પરિશ્રમ લઈ શાસનની અપૂર્વ સેવા બજાવી રહ્યા છે પ્રેમવાણી નામના પુસ્તકના પ્રતિકારમાં તેઓશ્રીએ અગ્ર ભાગ ભજવ્યો હતો અને ખુબ જુસ્સાદાર ઉત્તરો તેનો સુંદર પ્રતિકાર કર્યો હતો શાસ્ત્રાધારથી સિદ્ધ બાબતમાં કડવી વાતને પણ મીઠાશથી કહેવાની સુંદર શૈલીથી તેઓશ્રીએ સમાજમાં સારુ સ્થાન પ્રાપ્ત કર્યું છે તેઓશ્રીના નમેરા 'મગગીત દીપમાળ' સરસ્વદીપ, આદિ અનેક પુસ્તકો પ્રગટ થયા છે, તે સઘળાં અવશ્ય ચિંતન-મનન કરવા યોગ્ય છે આવુ શિષ્ટ અને સંસ્કારી સાહિત્ય સમાજને પીરસી આધુનિક યુવક વર્ગને પોતાની કલમની કલમ દ્વારા માર્ગદર્શન આપતા રહે એ આશા રાખવી અસ્થાને નહિ ગણાય

આ પુસ્તકને સમૃદ્ધ બનાવવાની મારી ઉત્કંઠિત ઈચ્છા છતા વિહાર આદિના કારણે તેમજ શાસન સેવાના અનેક કાર્યોમાં ગુંથાયેલો હોઈ મારી એ સ્પૃહા પાર પડી નથી. પ્રસંગે પ્રસંગે લખેલા એ લેખો આજે 'સંસ્કાર-સૌરભ' રૂપે પ્રસિદ્ધ થાય છે પ્રસ્તુત પુસ્તકમાં પ્રેસદોષ દૃષ્ટિદોષ યા શાસ્ત્ર વિરુદ્ધ જાણે-અજાણે કંઈ પણ લખાયું હોય તો તે અંગે 'मिथ्या दुष्कृत' માગુ છુ

જયેષ્ઠ શુક્લ પંચમી પૂ. પા.
આચાર્યદેવ શ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી
અગ્રજ સ્વર્ગારોહ મુનિ-કુંભસી
વિ સં ૨૦૧૧

પૂ. ગુરુચરણરેણુ
મુનિ નિર્મિવિજય

લેખકનો પરિચય

સાગર શ્રુત-ન નાંભોનિધિ-પારગતાગ્રણી શંકા-સમાધાનરૂપ સૂક્ષ્માતિસૂક્ષ્મ-પ્રશ્નોત્તર-પ્રદાન પ્રજ્ઞા-પ્રાપ્ત, જૈનદર્શન-તત્ત્વજ્ઞાનેતરદર્શન, તત્ત્વજ્ઞાનપરિપૂર્ણ-[ ]શાન-કાવ્ય ગીર્વાણભાષા-ભૂષિત-વાઙ્મય નિર્માણ-નિપુણાગ્રણી ભોયણ-નરેશ પ્રતિબોધક શાસન-ગુનાસીર, સૂરિ-ચક્ર, કવિકુલકિરીટ પૂ પા જૈનાચાર્ય શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાકર પરમ શાસનપ્રભાવક, પ્રવચન-પટુ દક્ષિણ-દીપક પૂ પા જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી કીર્તિવિજયજી આ ગ્રંથના લેખક છે પરમ ગુરુની વૈરાગ્યમય વાણીએ તેમને વૈરાગ્યવાસિત કર્યા હતા અને જ્યારે તેઓ સંયમ પંથના પથિક બન્યા ત્યારે માતા પિતાના વ્યામોહે રજ ખતરનાક ઘા કર્યો હતો પણ તેમણે એ સમયે બેનમૂન અડગતા આદર્શ સહિષ્ણુતા અને સ્વસંયમને અબાધિત રાખવા નક્કર મક્કમતા રાખી માનો કે રજથી ન વધાર કરેલ પોતે બન્યા અને માતા-પિતાને પણ સંયમના પાઠ ભણાવ્યા

મુનિશ્રી સંયમ બાદ અભ્યાસ કરવામાં તન્મય બન્યા, ગુરુસેવાને તો મુદ્રાલેખ જ બનાવ્યો તેમજ સ્વજ્ઞાનને ખીલવવા સારો જેવો પુરુષાર્થ ખેડ્યો જેના પરિણામે મુનિશ્રી આજ ગુરુભક્ત તેના જ અનન્ય બન્યા એક રાજાના મંત્રી જેવું નૈપુણ્ય નીતરતું કાર્ય કરી રહ્યા છે કવિત્વના અને વક્તૃત્વકળામાં જેઓ સારી ખ્યાતિ પામ્યા છે તેમજ સરલ ભાષામાં સુંદર ગ્રંથાલેખનની કળામાંય પોતે પ્રગતિ સાધી છે એ તો આ સંસ્કારની સીડી વાંચતા જ સાક્ષાત્ જણાઈ જશે આ લેખક મુનિશ્રીની દીક્ષા અવસરે મારી હાજરી હતી અને તેઓના પ્રતિ મને જરૂર ધર્મસ્નેહ છે અને તેઓના તરફથી થતી પ્રશસ્ત પ્રવૃત્તિઓની પ્રગતિએ મારા ચિત્તને જરૂર આનંદિત કર્યું છે, આશંસું છે રોજ એ લેખક મુનિની ઊર્ધ્વતામુખી વૃદ્ધિ પામો ! અને જૈન-અજૈન સમાજ પર કોઈ જુદી જ ધર્મતત્ત્વોની પ્રભા પ્રસારો એ જ એક શુભાશા છે

માંડવી-કચ્છ વૈ ૧ ૯ ૨૦૧૧ આ ભુવનતિલકસૂરિ

વિષયાનુક્રમ



દક્ષિણદેશોદ્ધારક
પૂ. પા. આચાર્યદેવ શ્રીમદ્ વિજ
લક્ષ્મણ સૂરીશ્વરજી મહારાજ



લેખક
[illegible]
પૂ. પન્યાસજી
શ્રી કીર્તિવિજયજી ગણિવર



સમર્પણ



પૂ. પ. આચાર્ય
મહારાજના
મહાન પ્રભાવક વ્યાખ્યાન
શાસન પ્રભાવક
મચ
પૂ

૧

ચ્હાનો સ્વાદ !

પાંચ—છ મિત્રો સવારનો પહોર થતાં જ આખો ગાગતા ચોગતા હોટેલ તરફ રવાના થયા હજી તો સૂર્ય-દેવનો ઉદય પણ નહોતો થયો, ત્યાં તેમણે હોટેલમાં પ્રવેશ કર્યો અને છ કપ ચ્હાનો ઑર્ડર આપ્યો મિનિટોમાં કડક તાજી ચ્હાના છ કપ હાજર થયા અલકમલકની વાતો ચલાવતાં સૌએ ચ્હાને ઈંસાફ આપ્યો પરંતુ થોડી જ ક્ષણોમાં છએ મિત્રો અચાનક જમીન પર ઢળી પડ્યા, અને જોત-જોતામાં તો સૌ 'આ ફટ સ્વાહા' થઈ ગયા માખીઓ બણ-બણ કરવા લાગી મોઢા ઉપર માખીઓ બેઠી હતી તેના પણ પ્રાણ ચાલ્યા ગયા

ચોમેરથી માનવમેદની જમા થઈ ગઈ સૌ બોલી ઉઠ્યા 'ભારે થઈ! આ શું?' કીટલીની તપાસ કરતા જણાયું કે તેમાં એક ઉંદર મરેલો હતો એ ઉંદરના ઝેરથી ચ્હા ઝેરી બની ગઈ હતી, જેના પરિણામે એ ચ્હા પીનારાના પ્રાણ ઊડી ગયા હતા

હોટેલવાળા વાસણોને બારીકાઈથી ધોઈ ને જ તપાસે ? એ

તો ધમ કરતા નાખ્યુ પાણી ને મૂકયુ ચૂલા ઉપર પાણી ભરે, અળગણ હેય, પોરા પડયા હેય! સ્વચ્છતા ત્યા થોડી જ જળવાય?

જેવી તેવી તુચ્છ–સડી ગયેલી સન્તા ભાવની વસ્તુઓ હોટેલોમા વપરાય તેનાથી અનેક જાતની બિમારીઓ ઊભી થાય, પછી રોજ ડોકટરોને ત્યા ગાટીયા ઘસો, દવાની બાટ લીઓ ભરો અને પૈસાના પાણી કરો! આમ છતા શરીર હાડપિંજર જેવા આજે રહે છે આપણી જીભ કાબૂમા નથી, સ્વાદિષ્ટ વસ્તુ નિહાળતા જ મોમા પાણી છૂટે છે, પછી બજારના ગ્હા, ચવાણા, ચેવડો વગેરે વસ્તુઓ સ્વાદના માર્યા આપણે મોજથી ખાઈએ છીએ તેનુ પરિણામ ભયકર આવે એમા શી નવાઈ?

ગદા માણુસોથી સ્પર્શ થયેલા દરેકે વાપરેલા કપ–રકાબી એના એ પાણીમા સામાન્ય રીતે ધોઈ આપણને આપે છે, એનો આપણને ચેપ લાગે છે અને અનેક પ્રકારના રોગો પેદા થાય છે, તેમજ આપણી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે પરિણામે દેવ, ગુરુ અને ધર્મ જેવા ઉચ્ચ તત્ત્વો ઉપર આપણને અણગમો પેદા વાય છે અને વ્યવહારમા અનીતિ કરવાનુ દિલ થાય છે

ઘરની ચોખી રસોઈ આપણને પસદ નથી જેથી જ્યા ત્યા જે તે ખાવાનુ મન થાય છે અને તામસી પદાર્થોનુ ભક્ષણ કરતા મગજ તામસ યાને ગરમા–ગરમ રહે છે વાત–વાતમા ગુસ્સો ચઢે છે, કોઈની શિખામણ ગમતી નથી, ખોટા ખર્ચ વધે છે, શરીર બગડે છે, અનીતિ વધે છે, ધર્મભાવના નષ્ટ થાય છે,

આડા-અવળા ધધા કરવાનુ મન થાય છે, વ્યસનો વળગે છે, પરિણામે જિદગી ધૂળમા મળે છે માટે બજારુ ચીજો વાપરતા વિચાર કરવો જોઇએ તેમાય હોટેલો-રેસ્ટોરાના ખાણા-પીણાઓનો તો સદતર ત્યાગ કરવો જોઇએ પરિણામ એ આવશે કે-શરીર તદુરસ્ત રહેશે, વ્યર્થ ખર્ચો બચી જશે, આડા-અવળા ધધા નહિ સૂઝે, બુદ્ધિ નહિ બગડે અને ખરાબ સોબતથી થતુ નુકસાન અટકી જશે

વીરના એ બાલુડા

[ચાલ-જ્ઞાનના એ દીવડાને]

વીરના એ બાળુ ! તમે લેજો શિક્ષણ સારુ રે
અતરકેરો દીપક પ્રગટે જીવન સુધરે તારુ રે વી ૧
નીતિ રીતિ કદીય ન તજવી વ્યસનોથી દૂર રહેવુ
મીઠી વાણી સાથે વદવી કડુવચન ન વદવુ રે વી ૨
ધર્મ તણુ મૂળ વિનય ભાખ્યુ, વિનયથી વિકસે જ્ઞાન
સમ્યગ્જ્ઞાનને દીલ વસાવી દૂર કરો અજ્ઞાન રે વી ૩
દાન શિયળ તપ ભાવના ભાવો ગાવો જિન ગુણગાન
માન કરો જન્મમરણ છોડે કરજે આત્મકલ્યાણ રે વી ૪
આદર્શ જીવન જીવી લેજો કરજો પ્રભુપૂજન
ગુરુવદન નિત કરજો ભાવે, જિનવાણી શ્રવણ રે વી ૫
જિનઆજ્ઞાને શિર પર ધરી કરજો ધર્મના કામ
લબ્ધિ લક્ષ્મણ કીર્તિ કહે છે, વરવા મુક્તિધામ રે વી ૬

તો ધગ કરતા નાખ્યુ પાણી ને મૂકયુ ચૂલા ઉપર પાણી ભરે, અળગણ હેય, પોરા પડયા હેય! સ્વચ્છતા ત્યા થોડી જ જળવાય?

જેવી તેવી તુચ્છ–સડી ગયેની સસ્તા ભાવની વસ્તુઓ હોટેલોમા વપરાય તેનાથી અનેક જાતની બિમારીઓ ઊ' થાય, પછી રોજ ડૉકટરોને ત્યા ટાટીયા ઘસો, દવાની લીઓ ભરો અને પૈસાના પાણી કરો! આમ છતા હાડપિંજર જેવા આજે રહે છે આપણી જીભ કાબૂ સ્વાદિષ્ટ વસ્તુ નિહાળ્યા જ મોમા પાણી છૂટે બજારના ભજીયા, ચવાણા, ચેવડો વગેરે વસ્તુઓ આ પણે મોજથી ખાઈએ છીએ તેનુ પરિણામ એમા શી નવાઈ?

ગંદા માણસોથી સ્પર્શ થયેલા દરેક વ એના એ પાણીમા સામાન્ય રીતે ધોઈ એનો આપણને ચેપ લાગે છે અને પેદા થાય છે, તેમજ આપણી બુદ્ધિ દેવ, ગુરુ અને ધર્મ જેવા ઉ અણગમો પેદા થાય છે અને દિત થાય છે

ઘરની સ્રીની રસોઈ જે તે ખાવાનુ મન થાય છે. મગજ તામસ યાને ચઢે છે, કોઈની શિ શરીર બગડે છે, અને

એક ચ ડાળને બોલાવી ખાનગીમા બધી સૂચના આપી દીધી ઈનામમા રૂા પાચ આપવાનુ ઠરાવ્યુ

ચ ડાળની જાત એટલે ચામડા ચુથવાનો જ ધ ધો તેને તો પૈસાની પડી હતી લોભનો માર્યો માણુસ શું ન કરે?

પટેલના ઘરની બાજુમા જ પચાસ કદમ દૂર એક વિશાળ ઝાડ હતુ ત્યા પટેલે આ મુસાફરને સૂવા માટે ખાટલો ઢાળ્યો મુસાફર પરમાત્માનુ નામ સ્મરણુ કરી સૂઈ ગયો, પણુ કેમેય ઊઘ આવી નહિ મુસાફરને થયુ કે, આ અજાણ્યુ સ્થાન છે તેથી ઊઘ ન આવે એ બનવાજોગ છે, એટલે બાજુમા એક પરસાળ હતી ત્યા આવી સૂઈ ગયો ત્યા એને ઘસઘસાટ નિદ્ર આવી ગઈ

હવે પેલો ચ ડાળ સ કેત કર્યા મુજબ તલવારની તીક્ષ્ણુ ધાર કરી ઝાડ નીચે મુસાફરને એકી ઝાટકે ઉડાડી મૂકવા આવી પહોચ્યો, તે પહેલા બનાવ કઈક જુદો જ બની ગયો હતો, કે જેનો પટેલને સ્વપ્નામાય ખ્યાલ ન આવે એવો હતો પટેલનો છોકરો નાટક–સિનેમા જોવા માટે ગયો હતો, તે નાટક જોઈ રાતના બાર–એક વાગે ઘેર આવ્યો ઘર તો રાતના બ ધ જ હોય છોકરાએ વિચાર્યુ કે, રાતના બધાને કયા જગાડવા?' એવામા તેણે પેલા ઝાડ નીચે ખાટલો ઢાળેલો જોયો છોકરાએ વિચાર્યું, 'પિતાએ મારે માટે જ, ખાટલો ઢાળ્યો હશે ચાલ સૂઈ જાઉ' છોકરો થાકયો પાકયો હતો, એટલે ખાટલામા પડતા જ ઊઘ આવી ગઈ પેલા ચડાળે તક સાધી એને તો ખાટલામા, જે ઊઘી,

એક પટેલ

એક મુસાફર ગામ-પરગામ ફરતો ફરતો એક પટેલના ગામમા જઈ પહોચ્યો, તેની પાસે થોડુ ભાથુ અને રૂ ૨૦૦) રોકડા હતા પટેલનુ નામ પ્રસિદ્ધ હતુ આ મુસાફરે પણ પટેલને ત્યા જ ઉતારો રાખ્યો પટેલે મુસાફરને નહિ ઓળખવા છતા મહેમાનરૂપે આગતા-સ્વાગતા કરી ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી અને દુખીનુ દુખ દૂર કરવું, એ તો આ આર્યપ્રજાના ગળથુથીમાથી સસ્કાર છે

મુસાફરે વિચાર્યું, 'મારી પાસે જે રકમ છે, તે આ પટેલને સોપી દઉ, જેથી રાતના નિશ્ચિત ઊઘ આવે પાછી રહેશે તો ધાસ્તી રહેશે, અણખેડયો આ પ્રદેશ છે,' તેણે રૂ ૨૦૦)ની થેલી પટેલને સોપી અને જણાવ્યુ કે 'હુ જઇશ ત્યારે માગી લઈશ' પટેલે કહ્યુ 'બહુ સારુ!'

પટેલ આમ તો પવિત્ર હતો, તેની ખ્યાતિ પણ સારી હતી પણ 'માયા દેખી મુનિવર ચળે' એ કહેવત અનુસાર દાનત બગડી 'આ અજાણ્યો મુસાફર છે, વર્ષભર જ્યારે મહેનત કરીએ છીએ ત્યારે માડ-માડ રૂ ૨૦૦) મળે છે આ તો એકી ત[illegible] ૨૦૦) [illegible]સારી છે, ફરી આવો અવસર નહિ [illegible] [illegible], શોધી અને

એક ચડાળને બોલાવી ખાનગીમા બધી સૂચના આપી દીધી ઈનામમા રૂા પાચ આપવાનુ ઠરાવ્યુ

ચડાળની જાત એટલે ચામડા ચુથવાનો જ ધધો તેને તો પૈસાની પડી હતી લોભનો માર્યો માણસ શું ન કરે ?

પટેલના ઘરની બાજુમા જ પચાસ કદમ દૂર એક વિશાળ ઝાડ હતુ ત્યા પટેલે આ મુસાફરને સૂવા માટે ખાટલો ઢાળ્યો મુસાફર પરમાત્માનુ નામ સ્મરણ કરી સૂઈ ગયો, પણ કેમેય ઊઘ આવી નહિ મુસાફરને થયુ કે, આ અજાણ્યુ સ્થાન છે તેથી ઊઘ ન આવે એ બનવાજોગ છે, એટલે બાજુમા એક પરસાળ હતી ત્યા આવી સૂઈ ગયો ત્યા એને ઘસઘસાટ નિદ આવી ગઈ

હવે પેલો ચડાળ સકેત કર્યા મુજબ તલવારની તીક્ષ્ણ ધાર કરી ઝાડ નીચે મુસાફરને એકી ઝાટકે ઉડાડી મૂકવા આવી પહોચ્યો, તે પહેલા બનાવ કઈક જુદો જ બની ગયો હતો, કે જેનો પટેલને સ્વપ્નામાય ખ્યાલ ન આવે એવો હતો પટેલનો છોકરો નાટક-સિનેમા જોવા માટે ગયો હતો, તે નાટક જોઈ રાતના બાર-એક વાગે ઘેર આવ્યો ઘર તો રાતના બધ જ હોય છોકરાએ વિચાર્યું કે, રાતના બધાને ક્યા જગાડવા ?' એવામા તેણે પેલા ઝાડ નીચે ખાટલો ઢાળેલો જોયો છોકરાએ વિચાર્યું, 'પિતાએ મારે માટે જ, ખાટલો ઢાળ્યો હશે ચાલ સૂઈ જાઉ ' છોકરો થાકયો પાકયો હતો, એટલે ખાટલામા પડતા જ ઊઘ આવી ગઈ પેલા ચડાળે તક સાધી એને તો ખાટલામા, જે, ઊઘી

ગયો હોય, એની ગરદન કાપવાની સૂચના હતી એટલે તેણે તલવારના એકી ઝાટકે છોકરાની ગરદન દૂર કરી નાખી

ચંડાળ સમજ્યો કે ઠીક કામ થઈ ગયું પછી પટેલ પાસે રૂપીયા લેવા ગયો પટેલે ખુશ થઈને તેને કહ્યું, 'લે પાંચ રૂપીયા,' ઉપરથી કંઈક બીજું પણ આપ્યું, ચંડાળ રાજી થઈ ઘેર ગયો પટેલ રાજી થઈ સૂઈ ગયો

સવાર થયું કે મુસાફર આવ્યો તેને જોતા જ પટેલ બેબાકળો બની જયો, ગભરાયો આમ કેમ ?

ચંડાળે તો પ્રાણ લીધા છે ને આ તો જીવતો છે ! ત્યારે થયું શું ? તરત જ બધું પડતું મૂકી તે ખાટલા તરફ ગયો જોયું તો પોતાનો જ છોકરો ! 'હાય હાય, મારા દીકરાના પ્રાણ ચાલ્યા ગયા !' તે પોકે ને પોકે રડવા લાગ્યો પણ હવે શું થાય ? સમજી ગયો કે—

"બદલો ભલા-બુરાનો, અહીંનો અહીં મળે છે"

પછી પેલા મુસાફરના રૂા ૨૦૦) પાછા આપી દીધા અને તેને રવાના કર્યો

જે બીજાનું બૂરું કરવા ચાહે છે, તેનું જ અંતે બૂરું થાય છે 'ખાડો ખોદે તે પડે' છે તે આનું નામ, માટે કોઈનુંય બૂરૂં ન કરો, બૂરું કરવાનો વિચાર સરખો પણ ન કરો કોઇનું બૂરું કર્યું થતું નથી, માટે કરવા જેવું એ છે કે, સૌનું ભલું કરો

૩

પાકો ચોર

મનુની ઉમર હજી તો પાચ–છ વર્ષની હતી એટલે તેને ચોર શું અને ચોરી શું ? એનુ જ્ઞાન ન હતુ, નાના બાળકોને સારાસારનો ખ્યાલ ન હોય તે સ્વાભાવિક છે

એક વખત મનુ કોઈને ત્યા ગયો હતો ઘર સૂનુ હતુ તેને થયુ કે, આ ચીજ કેવી મજાની છે ? એટલે તેણે તે ઉઠાવીને ગજવામા મૂકી ઘેર જઈને માને આપી મા રાજી–રાજી થઈ ગઈ

'બેટા ! આ કયાથી લાવ્યો ?' માએ પૂછયુ માતાને ખુશી જોઈ મનુને થયુ કે 'આવા કામ કરવાથી આપણને શાબાશી મળે છે, મા રાજી થાય છે, તો આપણે હવે આવા કામ રોજ કરવા

હવે મનુ જ્યાં જાય ત્યાથી કોઈનુ કઈ તો કોઈનુ કઈ એમ ઉઠાવ્યે જ રાખે છે, મનમા મલકાય છે અને 'મે ઠીક કર્યું' એમ માને છે, તેમજ નવી નવી વસ્તુઓ લાવીને માને આપે છે મા રાજી થાય છે અને વસ્તુઓ પેટીમા મૂકતી જાય છે ધીરે ધીરે મનુ મોટો થયો, સમજણો થયો પણ ચોરી તો રોજનુ વ્યસન થઈ પડ્યુ, તેને ચોરી કર્યા વગર ચાલે જ

આત્મા જ્યારે પોતાના પાપનો પશ્ચાતાપ કરે છે, નિજ ભૂલનો એકરાર કરે છે, અને સાચા હૃદયે પશ્ચતાપ કરે છે ત્યારે રૂદન કરતા કરતા પણુ આત્મા કેવળજ્ઞાન મેળવી લે છે એવુ કેટ રાજા મહારાજાના જીવન પ્રસગોમાં બનવા પામ્યુ છે ખધક મહર્ષિની ચામડી ઊતરાવનારે અને ઝાઝરીયા મુનિવરની ગરદન કપાવનાર રાજાઓના જીવનમા આમ જ બન્યુ છે, પશ્ચતાપ કરતા અને અનિત્ય ભાવનામા ચઢતા તેઓ કેવળજ્ઞાન પામ્યા છે

આ થઈ રડવાની વાત

[૨]

હવે જરા હસવા ઉપર દૃષ્ટિ કરીએ

એક માણુસ ખૂબ ધનાઢ્ય હતો પણુ પુણ્ય પરવારી ગયા એટલે લક્ષ્મી ચાલી ગઈ જ્યારે લક્ષ્મી ચાલી જાય છે ત્યારે માણુસ દીનોઢમ બની જાય છે નીચુ મુખ કરી ચાલે છે

આવા જ એક ભૂતપૂર્વ ધનીને નિહાળી, એક ધનાઢ્ય એની મશ્કરી કરે છે ' કેમ ? હવે નીચુ જોવાનો વખત આવ્યો ને ? આમ બોલી એ નિર્ધનની સામે હસે છે

એક માણસ જરા ઉચો હોય અને અજાણપણે તેનુ મસ્તક બારણામા અથડાય એટલે સામા ઉભેલાઓ ખડખડ હસી પડે છે પેલા બિચારાની ખોપરી જ્યારે ફુટી જાય છે, ત્યારે આ શુ કાઈ હસે છે! કોઈની મશ્કરી ઉડાવવામા આપણે ખડખડ હસીએ છીએ, ત્યારે સામા માણસને થાય છે કે, આપણે અહિ કયા આવી ચડ્યા? એના હૃદયમા પારાવાર દુખ થય છે આમ બીજાની મજાકમા માણસ હસે છે આ ટેવ કોલેજના યુવકોમા, વિદ્યાર્થીઓમા અને બાળકોમા મોટે ભાગે જોવામા આવે છે ભલે ગમે તે વ્યક્તિ હોય, કે પછી સાધુ-સત હોય પણ એની હાસી કરવામા આ લોકો આનદ માને છે પરતુ હાસીમા હાનીએ ચડવુ પડશે, હસવામા ખસવુ થઈ જશે, આ વાતને એ ભાન-ભૂલેલા ભૂલી જાય છે જ્યા-ત્યા જેની તેની મશ્કરી ઉડાવવામા શુ શાણપણ હશે? એની કાઈ સમજ પડતી નથી, આમ હાસી-મજાકમા હે મનુષ્ય! તુ ચીકણા કર્મો બાધી લે છે, પણ જ્યારે એ કર્મનો ઉદય આવશે, ત્યારે તારી સામે હજારો હસી નાખશે એટલુ જ નહિ પણ તારે ભયકર યાતનાઓના ભોગ બનવુ પડશે ત્યારે તુ શુ કરીશ! માટે જરા સમજ! આમ હેવાનીયત ન કર!

ઘણી વખત આપણે એવુ હસી નાખીએ છીએ કે, સામો આપણને જોઈને જ હસે મોઢુ ફાડીને ખરાબ રીતે ખે, ખે, કરીએ છીએ, પણ એ દૃશ્ય બીજાની દૃષ્ટિમા કેવુ બેહૂદુ લાગે છે, એનો આપણને ખ્યાલ નથી હોતો

વગર કારણે હસનાર મૂર્ખની ગણતરીમાં ગણાય છે,

તમે ગર્વ ન કરો, રાજા રાવણનુ અભિમાન પણ ગળી ગયુ, માટે અભિમાન કરવુ વૃથા છે ' કારણ કે—

સુજ વિતી તુજ વીતશે, ધીરે બાપુડિયા '

જેવી અમારી દશા થઇ છે તેવી જ એક દિવસ તમારી દશા થવાની છે એક દિવસ તમારી સામે પણ સૌ હસશે, માટે આમ ના હસો! (આ એક કવિની કલ્પના છે) ધન સત્તા અને એશ્વર્યની ખુમારીમા ગર્વિષ્ઠ બની માનવી ધોળે દહાડે ઊંચી નજરે આકાશના તારા ગણવાની ચેષ્ટા કરે છે પણ છેવટે જ્યારે એ ખાડામા ગબડી પડે છે, ત્યારે એને ભાન આવે છે ચઢતી અને પડતીનુ ચક્ર પ્રતિપળે ગતિમાન થઇ રહ્યુ છે, આ વાતને ન ભૂલતા

એક તરફ માણસ જ્યારે આફતો અને દુ ખથી દુ ખી બને છે, ત્યારે બીજાઓ એની સામે હસે છે કહ્યુ છે કે

આફત પડે જ્યારે શિરે, ત્યારે બધા આઘા બને,
જેને પડી તે ભોગવે, બીજા ઉભા સામા હસે

મનુષ્ય પર આફત આવી પડે ત્યારે સગા સબધીઓ સૌ દૂર-દૂર રહે છે, એટલુ જ નહિ પણ, સામા હસે છે, મશ્કરી કરે છે અને દાઝયા ઉપર ડામ દેવા જેવી સ્થિતિ ઉભી કરે છે, ત્યારે આપણને થાય છે કે, એમને ખબર નથી કે એક વખત તમારી સામે પણ સૌ હસશે, માટે આમ ન હસો, હર્ષ અને વિષાદ, સુખ અને દુ ખ એ તો રથના બે પૈડા છે એનુ ચક્ર હરદમ ગતિમાન થયા જ કરે છે

તમે ગર્વ ન કરો, રાજા રાવણનુ અભિમાન પણ ગળી ગયુ, માટે અભિમાન કરવુ વૃથા છે ' કારણ કે—

મુજ વિતી તુજ વીતશે, ધીરે બાપુડિયા '

જેવી અમારી દશા થઇ છે તેવી જ એક દિવસ તમારી દશા થવાની છે એક દિવસ તમારી સામે પણ સૌ હસશે, માટે આમ ના હસો ! (આ એક કવિની કલ્પના છે) ધન સત્તા અને ઐશ્વર્યની ખુમારીમા ગર્વિષ્ટ બની માનવી ધોળે દહાડે ઊંચી નજરે આકાશના તારા ગણવાની ચેષ્ટા કરે છે પણ છેવટે જ્યારે એ ખાડામા ગબડી પડે છે, ત્યારે એને ભાન આવે છે ચઢતી અને પડતીનુ ચક્ર પ્રતિપળે ગતિમાન થઇ રહ્યુ છે, આ વાતને ન ભૂલતા

એક તરફ માણસ જ્યારે આફતો અને દુ ખથી દુ ખી બને છે, ત્યારે બીજાઓ એની સામે હસે છે કહ્યુ છે કે

આફત પડે જ્યારે શિરે, ત્યારે બધા આઘા ખસે,
જેને પડી તે ભોગવે, બીજા ઉભા સામા હસે

મનુષ્ય પર આફત આવી પડે ત્યારે સગા સબધીઓ સૌ દૂર-દૂર રહે છે, એટલુ જ નહિ પણ, સામા હસે છે, મશ્કરી કરે છે અને દાઝયા ઉપર ડામ દેવા જેવી સ્થિતિ ઉભી કરે છે, ત્યારે આપણને થાય છે કે, એમને ખબર નથી કે એક વખત તમારી સામે પણ સૌ હસશે, માટે આમ ન હસો, હર્ષ અને વિષાદ, સુખ અને દુ ખ એ તો રથના બે પૈડા છે એનુ ચક્ર હરદમ ગતિમાન થયા જ કરે છે

ઈન્દ્રને લાત મારી, ઈન્દ્રે લાત ખાવા છતાં જરાય ગુસ્સે ન થતા લાત મારતા કદાચ ઈન્દ્રાણીનો પગ દુ ખ્યો હશે એમ માનીને હસતા મુખે ઇન્દ્રે ઇન્દ્રાણીના પગ દબાવ્યા એ દશ્ય મુનિશ્રીએ જોયુ, મુનિશ્રીને પણ જરા હસવું આવી ગયુ અને વિચાર્યું કે, વાહ! મોહનુ કેવું અજબ નાટક છે! હજારો અને લાખો દેવોનો માલિક એવો ઈન્દ્ર આમ ઈંદ્રાણીનો ગુલામ બને છે અને ઈંદ્રાણીની લાત ખાય છે મુનિશ્રી આ દશ્ય જોઈ જરા હસ્યા એટલુ હસવા માત્રમા તો મુનિનુ અવધિજ્ઞાન ચાલ્યુ ગયુ એ જ વસ્તુને શ્રી વીરવિજયજી મહારાજ મોહનીય કર્મની પૂજામા વર્ણવે છે કે —'મોહે નડિયા નાણે પડિયા, કાઉસ્સગ્ગમા મુનિ હસીયા, ચારોને સખી' ત્યારે હાસ્ય શું શું નથી કરાવતું?

"મોહની હાસ્ય વિનોદે વસતા, જેમ તેમ મુખથી ભસીએ"

હાસ્ય-વિનોદમા માણસ જેમ તેમ ભસી નાખે છે મોહ અને રગરાગમા હું શું બોલુ છુ તેનો પણ તેને ખ્યાલ નથી રહેતો માટે માણસ હસતા બહુ જ વિચાર કરવાનો છે

હસતા બાધ્યા કર્મ જે, રોતા પણ નહિ છૂટે રે

આપણે હસી હસીને પાપકર્મો કરીએ છીએ, પાપ કર્યા પછી પાપની પ્રશસા, બહાદુરી, આ રીતે આત્મા ચીકણા કર્મો બાધે છે ખધક મુનિની ચામડી કેમ ઉતરી? રાજા શ્રેણિકે નરકાયુ કેમ બાધ્યુ? પાપની પ્રશસા, એ એનુ મુખ્ય કારણ છે

વાત વાતમાં હસવું એ શાણાનું લક્ષણ નથી. બોલતા જવું અને હસતા જવું એ મૂર્ખાઈ છે. લોટ ફાકવો ને હસવું, એમ બે કાર્ય એકી સાથે ન થઈ શકે. જ્યારે આપણે હસતા જઈએ અને બોલતા જઈએ, ત્યારે સાંભળનાર સામા માણસને થાય છે કે, આ મહેરબાન શું બોલે છે, તેની કંઈ સમજ તો પડતી જ નથી!

હાસ્ય પણ ખૂબ ગંભીર હોવું જોઈએ. જ્યારે માણસ મૂછમાં હસે છે ત્યારે સરસ લાગે છે, જરાક દાંત દેખાય એમાં વાંધો નહિ, પણ ખડખડ, હે–હે હસી નાખીએ એ તદ્દન બેહૂદું લાગે છે.

ઘણી વખત આપણે કહીએ છીએ કે, જો જો હો હસવામાંથી ખસવું થઈ જશે અને બને પણ તેમ જ છે, કારણ કે મજાકમાં આપણને ભાન રહેતું નથી એટલે બકવાદ આગળ વધે છે. નહિ બોલવાનું બોલી નાંખીએ છીએ, આમ મશ્કરીમાં આગળ વધતા વાતાવરણ ગરમમાં ગરમ બને છે, માણસ ગાળો ઉપર ચઢે છે, અને છેવટે મુક્કામુક્કી અને લાકડીઓ પણ ઉડે છે. માટે દરેક વસ્તુ મર્યાદામાં હોય તો જ તે ઉચિત ગણાય છે.

એક મુનિવરને કાર્ત્તિક ઉદ્ધરતા અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે, જેથી એ મુનિ અવધિજ્ઞાનથી ઉર્ધ્વ, અધો અને તિર્છા લોકમાં યોજનો સુધી બનતા બનાવો નિહાળી રહ્યા છે, અનેક રૂપી પદાર્થોને જોતા એના ઉર્ધ્વલોકમાં મુનિવરે નિહાળ્યું કે સૌધર્મ દેવલોકમાં સૌધર્મેન્દ્ર પોતાની ઈન્દ્રાણી સાથે અમનચમન કરી રહ્યા છે. ઈન્દ્રાણી રીસાય છે. ઈન્દ્રાણીએ ગુસ્સામાં

ઈન્દ્રને લાત મારી, ઈન્દ્રે લાત ખાવા છતાં જરાય ગુસ્સે ન થતા લાત મારતા કદાચ ઈન્દ્રાણીનો પગ દુખ્યો હશે એમ માનીને હસના મુખે ઇંદ્રે ઇંદ્રાણીના પગ દબાવ્યા એ દૃશ્ય મુનિશ્રીએ જોયુ, મુનિશ્રીને પણ જરા હસવું આવી ગયુ અને વિચાર્યું કે, વાહ! મોહનુ કેવું અજબ નાટક છે! હજારો અને લાખો દેવોનો માલિક એવો ઈન્દ્ર આમ ઈંદ્રાણીનો ગુલામ બને છે અને ઈંદ્રાણીની લાત ખાય છે મુનિશ્રી આ દૃશ્ય જોઈ જરા હસ્યા એટલુ હસવા માત્રમા તો મુનિનુ અવધિજ્ઞાન ચાલ્યુ ગયુ એ જ વસ્તુને શ્રી વીરવિજયજી મહારાજ મોહનીય કર્મની પૂજામા વર્ણવે છે કે —'મોહે નડિયા નાણે પડિયા, કાઉસ્સગ્ગમા મુનિ હસીયા, ચાવોને સખી' ત્યારે હાસ્ય શુ શુ નથી કરાવતું?

"મોહની હાસ્ય વિનોદે વસતા, જેમ તેમ મુખથી ભસીએ"

હાસ્ય-વિનોદમા માણસ જેમ તેમ ભસી નાખે છે મોહ અને રંગરાગમા હુ શુ બોલુ છુ તેનો પણ તેને ખ્યાલ નથી રહેતો માટે માણને હસતા બહુ જ વિચાર કરવાનો છે

હસતા બાધ્યા કર્મ જે, રોતા પણ નહિ છૂટે રે

આપણે હસી હસીને પાપકર્મો કરીએ છીએ, પાપ કર્યા પછી પાપની પ્રશસા, બહાદુરી આ રીતે આત્મા ચીકણા કર્મો બાધે છે ખધક મુનિની ચામડી કેમ ઉતરી? શ્રેણિકે નરકાયુ કે ? પાપની પ્રશસા, એ મુખ્ય કારણ છે

વાત વાતમા હસવુ એ શાણાનુ લક્ષણ નથી બોલતા જવુ અને હસતા જવુ એ મૂર્ખાઈ છે લોટ ફાકવો ને હસવુ, એમ બે કાર્ય એકી સાથે ન થઈ શકે જ્યારે આપણે હસતા જઈએ અને બોલતા જઈએ, ત્યારે સાભળનાર સામા માણુસને થાય છે કે, આ મહેરબાન શુ બોલે છે, તેની કઈ સમજ તો પડતી જ નથી!

હાસ્ય પણ ખૂબ ગભીર હોવુ જોઈએ જ્યારે માણસ મૂધમા હસે છે ત્યારે સરસ લાગે છે, જરાક દાત દેખાય એમાં વાધો નહિ, પણ ખડખડ, હે–હે હસી નાખીએ એ તદ્દન બેહૂદ લાગે છે

ઘણી વખત આપણે કહીએ છીએ કે, જો જો હો હસ વામા ખસવુ થઈ જશે અને બને પણ તેમ જ છે, કારણ કે મજાકમા આપણને ભાન રહેતુ નથી એટલે બકવાદ આગળ વધે છે નહિ બોલવાનુ બોલી નાખીએ છીએ, આમ મશ્કરીમા આગળ વધતા વાતાવરણ ગરમા ગરમ બને છે, માણસ ગાળો ઉપર ચઢે છે, અને છેવટે મુક્કામુક્કી અને લાકડીઓ પણ ઉડે છે માટે દરેક વસ્તુ મર્યાદામા હોય તો જ તે ઉચિત ગણાય છે

એક મુનિવરને કાળે ઉદરતા અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે, જેથી એ મુનિ અવધિજ્ઞાનથી ઉર્ધ્વ, અધો અને તિર્છા લોકમા યોજનો સુધી બનતા બનાવો નિહાળી રહ્યા છે, અનેક રૂપી પદાર્થોને જોતા જોતા ઉર્ધ્વલોકમા મુનિવરે નિહાળ્યુ કે સૌધર્મ દેવલોકમા સૌધર્મેન્દ્ર પોતાની ઇન્દ્રાણી સાથે અમન ચમન કરી રહ્યા છે ઇન્દ્રાણી રીસાય છે ઇન્દ્રાણીએ ગુસ્સામા

પણ એ નિયમ છે કે મુહૂર્ત અને શકુન વગેરે કરતા પણ ચિત્તો સાહ પ્રારમ્ભે ચિત્તનો ઉત્સાહ વધુ કામ કરે છે

દીનમુખ તેમ જ નિરુત્સાહી બનીને જ્યારે માણસ કામ કરવા તૈયાર થાય છે, ત્યારે તેના કામમા કઈ બની વાર નથી હોતો કહેવત છે ને ! 'રોતા જાય તે મુઆની ખબર લઈને આવે'

જ્યારે માણસ ખૂબ–વારવાર હસ–હસ કરે છે, ત્યારે લોકો કહે છે ભાઈ રહેવા દો, હવે બહુ ન હસો, નહિતર રડવુ પડશે અનુભવ પણ એમ જ કહે છે એમાથી પણ શીખવાનુ મળે છે માણસે હર્ષ-વિષાદના પ્રસગામા ખૂબ સમભાવને કેળવવો જોઈએ એક અવસ્થા હમેશા કાયમ નથી રહેતી, ઋદ્ધિ સિદ્ધિના મદમા ન છકતાં આ બધુય ક્ષણવિનશ્વર છે, વિજળીના ચમકારા સમુ ક્ષણિક છે, એમ વિચાર કરવો જોઈએ, અને સમતાભાવમા નિમગ્ન રહેવુ જોઈએ

માનવી ક્રોધના પ્રસગમા ક્ષમા રાખી શકે છે, બીજાની એ ગાળ સાભળી ચૂપ રહી શકે છે, સહન કરી લે છે, પણ પોતાની પ્રશસાને તે સહી શકતો નથી ફક્ મુખ મલકાઈ જાય છે એક શેઠને એક અહના માણસે ગાળો ચોપડી શેઠ મૌન રહ્યા અને આગળ ચાલતા થયા સાથેના માણસોએ આગળ જઈ શેઠની ચાર માણસ સામે ખૂબ પ્રશસા કરી 'શેઠની શી ક્ષમા !' ધન્ય છે ! આ શબ્દો સાભળતા તરત જ શેઠનુ મો પહોળુ થઈ ગયુ

આ વખતે પણ શેઠે ગભીરતા રાખવાની જરૂર હતી,

પાપ ન છૂટી શકે એમ હોય તો તે દુભાતા હૃદયે, આ કરવા જેવુ નથી એમ માને, ન છૂટકે કરે, તો એ પાપકર્મોનો બધ શિથિલ બધાય, પણ પાપ કર્યા પછી રાજી થાય, તો યાદ રાખવું કે રોવા છતાય એ પાપકર્મો છૂટશે નહિ એટલુ જ નહિ પણ એક-બે વર્ષ નહિ, સો હજાર નહિ, લાખ ક્રોડ નહિ પણ અસખ્ય વર્ષો સુધી એ પાપના કટુ ફળો આપણે ભોગવવા જ પડશે

હસમુખો માણસ સૌને ગમે છે, તેની સાથે વાર્તાલાપ કરવાનુ મન થાય છે જ્યારે દીનમુખ-શોકગ્રસ્ત બની બેઠેલો માણસ, જાણે એરડિયુ ન પીધુ હોય એવો અસુન્દર લાગે છે ચહેરાનુ તેજ ઉડી જાય છે, કાર્યાકાર્યનુ તેને ભાન નથી હોતું માટે માણસે આનદી બનવાની જરૂર છે

આનદી સ્વભાવવાળાનુ લોહી ફરતું હોય છે જેથી તેનો ચહેરો તેજ મારે છે

શોકમગ્ન રુદન કરતી અવસ્થાથી લોહી શોષાઈ જાય છે અને ચહેરાનુ તેજ ઉડી જાય છે

દેવોમા પ્રાય અધિકતયા હર્ષ-આનદ હોય છે, નરકમા અધિકતયા દુખનો અનુભવ થાય છે, તિર્યંચોમા બહુલતયા દુખ અને અલ્પ સુખ અને મનુષ્યને સુખ-દુખ, દુખ-સુખ એમ ચાલ્યા જ કરે છે

પ્રેમની શરૂઆત હાસ્યથી થાય છે, અને અતે રુદનમા પરિણમે છે કોઈ પણ સારુ કાર્ય કરતા ચિત્ત જો પ્રસન્ન હોય તો તે કાર્ય સફળ નીવડે છે જ્યોતિષશાસ્ત્રનો

માટે જ શાસ્ત્રકારો કહે છે—માણસે ગમે તેવા સારા-નરસા પ્રસંગોમાં ખૂબ સમભાવ કેળવવાની જરૂર છે આપણે તો હર્ષ-વિષાદ, હાસ્ય અને રુદન આ બન્ને અવસ્થાઓને વગાવી સમત ભાવમા રમવાની જરૂર છે જીવોનુ હસવું અને રડવું અનાદિ કાળથી ચાલુ છે એવું હસવું આપણને ઇષ્ટ છે, કે જેની પાછળ ગમે ત્યારે પણ રડવાનો પ્રસંગ ન આવે એવું હાસ્ય-હસવું તો આ સંસારમા ક્યાયે નજરે નથી આવતું, માટે જ શ્રી વીરવિજયજી મહારાજ મોહનીય કર્મની પૂજામા કહે છે કે-

કોઇ દિન રતિ કોઇ દિન આરતિમા શોક મસી લઇ ઘસીયે,
સંસારે સુખ લેશ ન દીઠું ભયમોહની ચિહ્ુ દિશિયે
ચાલોને

હર્ષ અને વિષાદ એ તો કર્મજન્ય વિચિત્રતા છે. સંયોગ-વિયોગમા, ચઢતી-પડતીમા, સુખ-દુઃખમા, સંપદ-વિપદમા કે હર્ષ-વિષાદના પ્રસંગમા માનવીએ સ્વભાવમાં રહેવાની જરૂર છે આ બધા પરભાવ છે પરભાવની રમણતાના યોગે અનાદિકાળથી આપણો આત્મા અથડાઈ રહ્યો છે પરભાવને ટાળી સ્વભાવમા મ્હાલી આત્માની વૈભવશાળી દશાને યાને વીતરાગ-દશાને મેળવવા માટે સતત રક્ત રહેવું જોઈએ. ગમે તેવા કપરા સંયોગોમા પણ આપણે આપણાં સ્વભાવને કાબૂમા રાખવાની જરૂર છે સ્વભાવને ભૂલ્યા તો ચોરાશીમા રૂલ્યા સમજો અને સ્વભાવમા રહ્યા તો શિવ શય્યામા પોઢ્યા સમજો સૌ અખંડાનંદને મેળવો એ જ એક મંગલ અભિલાષા

પણ માણસને પ્રશસા વધુ પ્રિય છે શેઠજી ક્ષમા રાખી શકયા પણ પ્રશસાને ન જીતી શકયા અને ફ્રદ્ર હસી પડયા

એક કવિએ કહ્યુ છે

જબ તુમ આયે જગતમે, જગત હસત તુમ રોય
અબ કરણી ઐસી કરો, તુમ હસત જગ રોય

માનવી જન્મ લે છે ત્યારે સારોય પરિવાર ખુશ ખુશ થાય છે, થાળી વગાડે છે, પેડા વ્હેચે છે અને હસે છે, પણ જન્મ્યા પછી જીવનને જે અધમ રીતે જીવે, જૂઠ, અનીતિ, પ્રપચ અને દુરાચારમા મશગૂલ રહી સૌને ત્રાસ આપે, બીજાને દુખી કરી જીવન પૂરુ કરીને અહીથી ચાલતો થાય ત્યારે જગત તેની સામે હસે છે. હાશ ! પાપાત્મા ગયો, ઠીક થયુ પણ જન્મીને જેણે જીવી જાણ્યુ છે, જીવનને ઉન્નત બનાવ્યુ છે બીજાના સુખે સુખી રહી, બીજાના ભલામા જીવન વીતાવ્યુ છે તપ, જપ, ત્યાગ અને સયમથી જીવનને અજવાળ્યુ છે, તે ખરેખર હસતે ચહેરે આ દેહને, સાપ જેમ કાચળીને મૂકી દે તેમ તજી દે છે એક ગદામલિન કપડાને ફેકી દઈ સુદર વસ્ત્ર પહેરવા મળતુ હોય તો કોણ નારાજ થાય ? જ્યારે એવા પુણ્ય આત્માઓ આ ફાની દુનિયાને ત્યજી ચાલતા થાય છે ત્યારે જગત રડે છે, એની પાછળ આસુ સારે છે અહો ! અમુક ગૃહસ્થ આવા ઊચા હતા આવા પવિત્ર હતા, એમ એના ગુણોનુ સ્મરણ કરી માણસ તેની પાછળ રડે છે અને જનાર પોતે હસે છે

કયા હસવુ અને કયા રડવું ! એ ગભીર વિચાર માગી લે છે-

હજારો સંગીતકારોમાં જેમ એક જ સંગીતકાર તરી આવે, હીરાના હારમાં એક જ હીરો ઝબકી ઉઠે, અને લાખ્ખો તારામાં જેમ ચંદ્રમા પ્રકાશી ઉઠે, તેમ મારો પુત્ર દેશ-પરદેશમાં, ગામ-નગરમાં સૌ કલાકારો કરતા કંઈક જુદો જ ચમકવો જોઈએ એવી તેની ભાવના હતી તે માટે પિતા ધીરા પણ મીઠા વચને પુત્રને સંબોધતો 'બેટા! આમ નહિ, આમ કર, આમ કરવાથી મૂર્તિના ભાવો કોઈ ઓર જ ખીલી ઉઠશે'

પણ પુત્રને પિતાની આમ વાર વાર થતી ટકોર ગમતી નહિ પિતા તો બબડયા જ કરે, આપણે કરતા હોઈએ તેમ કર્યા કરવું, એમ એ સમજતો હતો માટે જ કહ્યું છે કે —

રીસ ચડે શિખામણ દેતા, ભાગ્યદશા પરવારી'

જેને શિખામણ અકળામણ પેદા કરે છે, જે વડીલોની શિખને અવગણે છે, અને યથેચ્છ વિહરવાના સ્વપ્નો સેવે છે, એ વ્યક્તિ આગળ વધી શકતી નથી, પ્રગતિ સાધી શકતી નથી

આગળ વધનારે કસોટીમાં ઉતરવું પડે છે, તેને શબ્દોના કડવા ઘૂંટડાને પણ અમૃતની જેમ હોંશે હોંશે ગળી જવા પડે છે, ખૂબ ઘડાવું પડે છે, ત્યારે તે એક આદર્શ માનવી તરીકેની ખ્યાતિ મેળવી શકે છે

અને એ કયાં અજાણ્યું છે કે, સુવર્ણ જેમ જેમ કસોટીએ ચડે છે, ઘણથી કૂટાય છે, અને ધમધગતા અંગારામાં ધખે છે, ત્યારે જ તેની ખરી કિંમત અંકાય છે અને ચેતન માનવીઓના શણગારરૂપ બને છે

૯

એક કલાકાર

એક પિતા પોતાના પ્યારા પુત્રને એક જગમશહૂર કલાકાર તરીકે જોવા ઇચ્છતો હતો

પોતે એક મહાન કલાકાર, અનુભવી અને શિલ્પ-શાસ્ત્રનો પ્રખર અભ્યાસી હતો ભલ–ભલા કલારસિકો પણ તેની કળાના દર્શન કરી તેના ચરણે મસ્તક ઝુકાવતા હતા આ મુખ્ય કલાક ર પ્રૌઢાવસ્થાના અ તિમ વર્ષો વીતાવી રહ્યો હતો

પુત્રે યૌવનના ઉબરે પગ મૂકયો, શિલ્પશાસ્ત્રનો અભ્યાસી બન્યો કુશાગ્ર બુદ્ધિને લીધે તે જોત–જોતામા શિલ્પશાસ્ત્રમા હોશિયાર બન્યો પિતાનો પ્રેમ, બુદ્ધિની તીક્ષ્ણતા, કલાની ઉપાસના, સરસ્વતી મૈયાની પૂર્ણ કૃપા અને સતત પરિશીલનચિ તન, આ બધા કારણો ભેગા થવાથી તેણે ભરયુવાનીમાં પણ એક નામાંકિત કલાકાર તરીકેની ખ્યાતિ મેળવી લીધી આખાય શહેરમા કલાકારના ભારોભાર વખાણ થવા લાગ્યા

પણ પિતાને આટલેથી જ સ તોષ નહોતો, તેના સ્વપ્નો કોઈ અનેરા હતા

હજારો સગીતકારોમા જેમ એક જ સગીતકાર તરી આવે, હીરાના હારમા એક જ હીરો ઝબકી ઉઠે, અને લાખો તારામા જેમ ચદ્રમા પ્રકાશી ઉઠે, તેમ મારો પુત્ર દેશ-પરદેશમા, ગામ-નગરમા સૌ કલાકારો કરતા કઈક જુદો જ ચમકવો જોઈએ એવી તેની ભાવના હતી તે માટે પિતા ધીરા પણ મીઠા વચને પુત્રને સબોધતો 'બેટા! આમ નહિ, આમ કર, આમ કરવાથી મૂર્તિના ભાવો કોઈઓર જ ખીલી ઉઠશે'

પણ પુત્રને પિતાની આમ વાર વાર થતી ટકોર ગમતી નહિ પિતા તો બબડયા જ કરે, આપણે કરતા હોઈએ તેમ કર્યા કરવું, એમ એ સમજતો હતો માટે જ કહ્યુ છે કે —

શીસ ચડે શિખામણ દેતા, ભાગ્યદશા પરનારી

જેને શિખામણ અકળામણ પેદા કરે છે, જે વડીલોની શિખને અવગણે છે, અને યથેચ્છ વિહરવાના સ્વપ્નો સેવે છે, એ વ્યક્તિ આગળ વધી શકતી નથી, પ્રગતિ સાધી શકતી નથી

આગળ વધનારે કસોટીમા ઉતરવું પડે છે, તેને શબ્દોના કડવા ઘૂટડાને પણ અમૃતની જેમ હોશે હોશે ગળી જવા પડે છે, ખૂબ ઘડાવુ પડે છે, ત્યારે તે એક આદર્શ માનવી તરીકેની ખ્યાતિ મેળવી શકે છે

અને એ કયા અજાણ્યુ છે કે, સુવર્ણ જેમ જેમ કસોટીએ ચડે છે, ઘણુથી કૂટાય છે, અને ધમધમતા અગારામા ધખે છે, ત્યારે જ તેની ખરી કિંમત અકાય છે ચેતન માનવીઓ [illegible]પ બને છે

આમ એક આદર્શ બનવા કઈ ઓછા તપ કરવા પડતા નથી ખમકતા-ખબડતા પુત્રે પિતાને પ્રસન્ન કરવા મૂર્તિને આકર્ષક રીતે ઘડવા માડી અરે! મૂર્તિ તો એટલી મનોરમ ને આકર્ષક ઘડી કે જોનાર ત્યાના ત્યા થભી જાય જાણે મૂર્તિમા પ્રાણ પૂર્યા ન હોય તેમ એ મૂર્તિ સજીવન અને ચેતનવતી લાગતી હતી, હમણા જાણે આપણી સાથે વાત કરશે, એવા એના મુખના ભાવો હતાં તેજસ્વી નયનો ચમકતુ લલાટ વિશાલ વક્ષસ્થળ, નમણિ નાસિકા, ઘાટીલા બિમ્બોષ્ટ, પ્રત્યેક અગ-ઉપાગની શોભા નિહાળતા કલાકારની ભવ્યતાનો ખ્યાલ આવતો હતો આખુય શહેર તેની કલા ઉપર ફીદા બની ગયુ હતું સૌ ધન્યવાદના વરસાદ વરસાવતા હતા અરે! સામાન્ય માનવી તો પ્રસન્ન થાય, પણ કલાના પૂજારીઓ પણ મુગ્ધ બની પ્રશસાના પુષ્પો વેરતા હતા

કલાકારનો હર્ષ સમાતો નહોતો એનુ મુખ લોક પ્રશસાથી ભર્યું ભર્યું લાગતું હતું, એનો ચહેરો વિકસ્વર અને પ્રફુલ્લિત જણાતો હતો

'મે મારા પિતાની સૂચના મુજબ આજે શ્રેષ્ઠ અને સુદરતમ આ મૂર્તિને બનાવી છે, હવે એમા કઈ જ કસર જણાતી નથી માટે ચાલ, જઉ અને પિતાને બતાવું અને એમના અતરના આશીર્વાદ મેળવુ ' એમ વિચારી પુત્ર પિતાની પાસે ગયો અને પ્રણામ કરીને ઊભો રહ્યો મૂર્તિને ચાર પાચ હાથ દૂર મૂકી, પછી પિતાજીને કહ્યું 'પિતાજી! જુઓ તમારા પુત્રની કલા ' પિતા મૂર્તિ નિહાળતા જ ભારે

ખુશ થયા શું મૂર્તિનુ આકર્ષણ ! ખરે જ મારો પુત્ર હવે એક ખ્યાતનામ કલાકાર બનશે '

પિતા પુત્રની કલા જોઈને ખુશ ખુશ થઈ ગયો, પણ હજી એને આગળ વધારવો હતો ધનુર્ધારીઓમા જેવી ખ્યાતિ અર્જુનની હતી તેવી ખ્યાતિ તેને કલાકારમા અપાવવી હતી તેથી પિતાએ પુત્રના મસ્તકે હાથ ફેરવતા અતરના આશીર્વાદ આપતા કહ્યુ 'બેટા મૂર્તિ સરસ છે પણ '

'પિતાજી, પણ એટલે શુ ?'

'બેટા ! હજી આમા કસર છે મુખાકૃતિના ભાવોમાં સૌમ્યતા કૈક ઓછી જણાય છે અને આ નયનો તથા નાસિકામા પણ જેવું તેજ જોઈએ તેવુ નથી બેટા ! તું જરૂર આગળ વધીશ પરતુ થોડી વધારે મહેનતની હજી જરૂર છે ' પુત્ર પિતાની વાત સાભળતા જ ચમક્યો 'પિતાજી ! શું કહી રહ્યા છો ? શું હજી આ મૂર્તિમા કસર છે ?' જ્યારે સારીયે આલમ મારા ઉપર આફ્રીન છે ત્યારે માત્ર પિતા આમ મારી ખોડ કાઢ્યા જ કરે છે ! આ તો દૂધમાથી પોરા કાઢવા જેવી વાત છે !' સાઠે બુદ્ધિ નાઠી જેવી આ હકીકત છે ! ઘરડા માણસોનો સ્વભાવ જ ટક ટક કરવાનો હોય છે'

મારા પિતા મારા ઉપર આજે પ્રસન્ન થશે, એમ મે વિચાર્યુ હતુ, પણ પિતા તો અપ્રસન્ન છે, અને તે કૈંક આવેશમા આવી બબડતો બબડતો ત્યાથી ચાલી નીકળ્યો.

પુત્રને ... ...ણ્યુથી કે સારી આલમ આ...

ઉપર કેમ મુગ્ધ બની છે ? અન્ય કલાકાર કરતા આજે પોતે જુદો કેમ તરી આવે છે ? જો પિતાએ ટોકયો ન હોત, પિતાએ પોતાની ભૂલ કાઢી ન હોત, અને પિતાના કહ્યા મુજબ ભૂલ સુધારી ન હોત તો આજે જે ખ્યાતિ મળી છે, તે ભાગ્યે જ મળી હોત બીજા કલાકારોની જેમ પોતે પણ સામાન્યજ ગણાત, પણ આ વસ્તુનુ પુત્રને પૂરેપૂરુ ભાન નહોતું સાચી ખોડ યા સાચી ભૂલ કાઢનારા જગતમા ભાગ્યે જ જોવા મળે છે બાકી તો હામા હા ભીડાવનારાનો જગતમા ટોટો નથી અનુભવી વૃદ્ધ કલાકાર પોતાના પ્યારા પુત્રને એકનો એક કલાકાર જોવાના કોડ સેવતો હતો બસ હવે એ સ્વપ્ના સિદ્ધ થવાને વાર નહોતી, નૈયા કિનારે આવીને ઊભી હતી

પુત્ર ત્યાથી ચુપચુપ ચાલી નીકળ્યો, તેના મનમાં થયુ કે દુનિયા ભલે પ્રસન્ન થાય પણ મારા પિતા પ્રસન્ન ન થાય તો કશા કઈ જ નથી

' પુત્રે મૂર્તિને ફરી નવા ઓપ આપવા માંડ્યા ' મુખાકૃતિના ભાવો હસતા કર્યા અને સાક્ષાત્ પરમાત્મા જ ઉતરી આવ્યા હોય એવી સરસ બનાવી દીધી એ મૂર્તિ જગતના પ્રદર્શનમા મૂકાણી જોનારાઓ મોઢામા આગળા નાખી ગયા શું કલા ! શું ભવ્યતા ! આ તે કારીગર કે જાદુગર ! આ તે માનવી કે દેવ ! લાખો માણસોએ એકી અવાજે એના ગુણ ગાયા, દેશ-પરદેશમા એની કીર્તિ પ્રસરી અને એ એક અજોડ કલાકાર તરીકે પકાયો

પુત્રને ભાન થયુ, કે આ પ્રતાપ મારા પિતાનો છે જે

પિતાની શિખને હુ અવગણતો હતો, જેમની વાતને હું હસી કાઢતો હતો, એમની શિખામણ ન માની હોત તો મારી શી દશા થાત ?

પુત્ર પિતાના ચરણે ઝુકી પડ્યો પિતાજી માફ કરો, આપનો જ એ પ્રતાપ છે કે લોકો મારા પર ધન્યવાદ વરસાવે છે અને એક અજોડ કલાકાર તરીકે ઓળખાવે છે, બસ, હુ આપના આશીર્વાદ ચાહુ છુ

પિતાએ પુત્રના મસ્તક ઉપર કોમળ હાથ ફેરવ્યો અને પ્રસન્નતા અનુભવી

પુત્ર પ્રસન્ન થયો અને એક અજોડ કલાકાર તરીકે એની નામના જગતમા ફરી વળી

એનુ નામ અમર બની ગયુ



અભિમાનમા અક્કડ બની ફક્કડ બનીને ચાલતો
ભૂલી જઈ નિજ ધર્મને તુ મત થઈને મહાલતો
કાગને નહિ ભાગતો ઊંચી નજરે નિહાળતો
ઐશ ને આરામમા આ [illegible] જીવન માણતો
પરના ના માર્ગે જતાં, તારા થશે શા હાલ તો ?
કમશત્રુ તાકરી ત્યા પાડો ખૂબ ટાવ તો
નાનેરી આ જીવનની, પળો કિંમતી જાય છે
દિવસ ઊગે ને આથમે આયુષ્ય ઘટતું જાય છે
જે જે દિસે છે નજરમાં તે મારીમાટી મળી જશે
[illegible] આ રંગ પણ ક્ષણવારમાં પતટઈ જશે

: ૧૦

સોબત તેવી અસર

બાલ્યાવસ્થા—એ એક નિર્દોષ અને નિખાલસ અવસ્થા છે, તેમાં વિકૃતિનો લેશ પણ ભાવ હોતો નથી શિશુ અવસ્થામાં પડેલા સારાનરસા સંસ્કારોની અસર ઝડપભેર થાય છે અને જીવનમાં ખીલી ઊઠે છે

આપણને એમ લાગે છે કે, બાળક કંઈ જ સમજતું નથી પણ એ આપણી ગેરસમજ છે દરેક બનાવની બાળકના હૃદયમાં ઊંડે-ઊંડે છાપ પડે છે

જેમકે-પિતા ઘરમાં હોવા છતાં કોઈ બોલાવવા આવે અને પિતાને જવાબ ન આપવો હોય તો બાળકને એ કહે છે કે, ‘જા બેગ ! કહી દે કે બાપા ઘરમાં નથી ’

આમ છોકરાના મુખથી સફાઈપૂર્વક જૂઠું બોલાવાય છે તેનું પ્રતિબિંબ તેના હૃદયમાં અવશ્ય પડે છે

બાપ બીડી પીતો હોય, સીગારેટનો ધૂમાડો કાઢતો હોય ત્યારે છોકરાને પણ ધૂમાડો કાઢવાનું મન થાય એ સહજ છે એ સમજે છે કે, કેવો સરસ ધૂમાડો નીકળે

છે! જાણે એન્જીન ગાડી જોઈ લ્યો! બાળકને તે અવસ્થામા બીડી સીગારેટ કે ચીરૂટનો શું સ્વાદ છે, તેનો ખ્યાલ હોતો નથી પણ આમ ફુક મારતા અને ધૂમાડા કાઢતા-કાઢતા એ આગળ વધે છે અને ૫૦-૧૦૦ બીડીઓ પીવી એમા એ ગૌરવ અનુભવે છે પરિણામે છાતી નબળી પડે છે, દમ, ખાસી વગેરે રોગો ઘર કરી જાય છે, અને પૈસા ન મળતા ચોરી કરવા પણ તૈયાર થાય છે

પિતા ખૂણામા જઈ ધોળે દહાડે પોતાની સ્ત્રી સાથે ચેનચાળા કરવા મડી પડે છે અને એ એમ માને છે કે, આ બચ્ચા શું સમજે છે? પણ એ જ બચ્ચા માત-પિતાની આવી ચેષ્ટાઓ જોઈ ઢીંગલા-ઢીંગલીની રમતો રમે છે નાના બાળકો નાની બાળિકાઓ સાથે ક્રીડાઓ કરવા મડી પડે છે અને ધીરે ધીરે કુકર્મમા આગળ વધે છે

વ્યવહારમા થતી આવી ઘરની કંઈક લીલાઓ બાળકોના માનસમા ઘણી માઠી અસર ઉપજાવે છે

બાળકોને નીતિના સસ્કારો ગળથૂથીમાથી જ મળવા જોઈએ, તે ન મળે તો બાળક ભાવિનો કેવો ઘડવૈયો બનશે તે સ્વય કલ્પી શકાય તેવી વાત છે બાળકો આપણને આપણા માતા-પિતાની સેવા-શુશ્રષામા બેદરકાર બનેલા નિરખશે તો એ પણ આપણી સેવામા બેદરકાર બનશે. એ વાત ભૂલવા જેવી નથી

આપણે આપણા માત-પિતા સામે
સામા તેમને ઉતારી પાડીશું તો આપણી

થશે, એ હ્રદયમાં કોરી રાખવા જેવી હકીક્ત છે, આપણે અપ-ટુ-ડેટ થઈ ને ફરીશું તો આપણા બાળકો એથી સવાયા ઉતરશે અને વાત-વાતમા આ લાવો, અને તે લાવો કહીને માથુ પકવી નાખશે તે વખતે તમે અકળાઈ ઉઠશો, અને બે-ચાર થપ્પડ મારવા તૈયાર થશો, પણ જ્યારે એ બાળક યુવાન બનશે, ત્યારે એક વખત આપણા જ ગાલ ને ટાલ રંગી નાખશે, એ હકીક્ત પણ ભૂલવા જેવી નથી

આપણે આપણા વૃદ્ધ માત પિતાનો કેવો વિનય-વિવેક જાળવીએ છીએ, કેવી સેવા બજાવીએ છીએ, અને એમનો પડચો બોલ કેવી રીતે ઉઠાવીએ છીએ, એ તમામ હકીકતો બ ળકના કુમળા હ્રદયમા નિર્મળ દર્પણની જેમ પ્રતિબિબિત થાય છે

આજે અમારો દીકરો મોટો થાય અને અમારી ચાકરી કરે અને અમે સુખે જીવન પૂરુ કરીએ એવા કઈક કોડ આપણે સેવીએ છીએ, પણ ધર્મના કેટલા સ સ્કારો આપ્યા ? નીતિના કેટલા સસ્કારો આપ્યા ? વિનય-વિવેક માટે કેટલી શિખામણો આપી ? નીતિ, ધર્મ, સત્ય, સદાચારના સુદર સ સ્કારો બાલ્ય વસ્થામા બાળકના જીવનમા ઉતરે તેને માટે આપણે શું કર્યું ? એનો કદી વિચાર કર્યો ? કેવળ આપણને આપણા સ્વાર્થની જ પડી છે, પછી ભલેને છોકરો નરકમા જાય કે નિગોદમા જાય ' આપ મૂઆ એટલે દુનિયા ડૂબ ગઈ' એવી આપણી માન્યતા હોય છે

સાચા માતા-પિતા તે જ કહેવાય કે બાળકનુ સાચુ હિત હૈયે ધરાવતા હોય અને અમારુ બાળક જગતમા એક

આદર્શ બને અને જગત એને મીઠી નજરે નિહાળે, ઘરે ઘર એના મગગ જાપ થાય, લોકજીભે એનુ નામ રમતું રહે અને જગત એના ચરણોમા ઝૂકે, એવું ઈચ્છતા હોય

કયા છે આજે એવા આદર્શ માતા-પિતા!

કયા છે એ રામ-લક્ષ્મણ જેવા આદર્શ પુત્રો?

કયા છે એ રામ રાજ્ય?

કયા છે એ આદર્શ શિક્ષક?

કયા છે એ સાચી કેળવણી?

કયા છે એ વિનમ્રભાવ અને સરળતા?

આજે તો આ બધાયમા મીઠુ વળ્યુ છે આપણા સૌ દોષ નાની કણી જેવા લાગે છે અને બીજાના નાના દોષો મહાન પહાડ જેવા લાગે છે આજે જે આપણામા નથી, તેનુ મારી-મચડીને જગત સમક્ષ પ્રદર્શન કરવા તૈયાર થઈએ છીએ અને જે છે, તેને અધારા ખૂણામા-ગુફામા પવરાવી હાકપીછોરા કરવા તૈયાર થઈએ છીએ ઉપરથી ઉજળા દેખાવુ છે અને કામ કાળા શયતાનના કરવા છે ખરેખર! આપણા કતવ્યનુ આપણને ભાન નથી!

નિત્ય નવી નવી યોજનાઓ ઘડીએ છીએ પણ પોતે કેટલા ઘડાયા તેનો ખ્યાલ રાખતા નથી આપણામા કેટલી સચ્ચાઈ છે, કેટલી નમ્રતા છે, એ જાણવાની ફુરસદ છે, અક્કડ [illegible] ને ફરવાની, અને હરાયા

જ્યા ત્યા ચરવાની ! નથી જોવી મા-બેન, નથી જોવી પોતાની કે પારકી ! દિવસે અધારુ ભાળીએ છીએ અને અધારી રાતે ગળ હળીએ છીએ એક કાગડાથી ડરવુ અને શેર (સિંહ)નો શિકાર કરવા ફરવું એવો ઘાટ છે પોતાને પોલિટિકલ માનવા અને બાકીના બધાને ગાડા જ માની લેવા એ પણ આ જમા નાની ખાસ ખાસિયત છે ! મહાપુરુષો ભલે મોટા શાસ્રો રચી ગયા હોય પણ એ બધુ આપણને તુચ્છ લાગે છે, કારણ કે આપણને આપણી બુદ્ધિનુ ઘમડ છે

'દેવ તો પથ્થરની મૂર્તિ છે, ગુરુઓ તો ઢોંગી છે, અને ધર્મ તો ધતીગ છે ' એમ બોલનારો પોતે નથી વિચારતો કે હુ પોતે સફેદ લેબાશમા અઢી અઢી ગજ ઉછાળીને પ્લેટફોર્મો ગજવુ છુ તેનુ કેમ ? અને મહાપુરુષના ગીત ગાતાં મારી જીભ અચકાય છે, પણ હું આવો છુ અને હું તેવો છુ, મે આ કર્યું, અને મે તે કર્યું એમ પોતાના જ ગુણ ગાઉ છુ તેનુ કેમ? તેણે એ વિચારવુ જોઈએ, કે 'હું જાતને સુધારક માનુ છુ પણ સુધરવાનો પ્રયત્ન કરવાને બદલે મારી જાતને વિશેષ બગડતો જાઉ છુ તેનુ કેમ ?

કોઈ પાપી અધર્મી કે નાસ્તિક વ્યક્તિ મારા ગીત ગાય, મારી હામા હા ભણે, મારી જય પોકારે તો હું ગજ ગજ ફુલાઈને તેના ગીત ગાવા તૈયાર થઉ છુ, તેનુ કેમ ?

ખરેખર ! કળિયુગ તુ પણ ઠીક ભાવ ભજવે છે ઠીક ભાઈ ! તારા દહાડા છે, થાય તેટલુ કરી લે, હમણા અમે મૌન છીએ પણ સદા મૌન રહીશું, એમ ન સમજતો

એક દિવસ અમારો પણ આવશે અંધારુ કયાં સુધી? અંધારામાં ચોર-ડાકુ ફાવી જાય, દુરાચારી ને બદમાશો ફાવી જાય, પણ સવાર થતા જ તેમને મૂઠીઓ વાળીને ભાગવું પડે છે, માટે જ હુ કહુ છુ કે ઓ સુધારકો! તમારી લીલા સંકેલી લો, ચેતી જાવ, બહુ બોલો ન ભરો, અધવચ્ચે જ કચડાઈ જશો, બાપ રે બાપ પોકારશો અને છેવટે એ જ દેવ, ગુરુ અને ધર્મના શરણે તમારે આવવું પડશે, પણ એ વખતે ઘણુ મોડુ થયુ હશે, માટે આજથી જ જાગો! બંધુઓ! આજથી જ જાગો! અને નિજકર્તવ્યમાં લાગી જાવ!

શ્રદ્ધા અડગના સત્તતા શાસન ધગશને રાખજો
અંતર વિષે પ્રભુ વીરના વચનો રૂડા ઉતારજો,
ત્યજી તજી કાયરપણાને ધર્મમાં નિર ભની
આત્મનાં ધ પ્રગટશે, ને કીર્તિ વધશે જગ ધણી.
ઈર્ષ્યારાગી નહિ બનો ગુણાનુરાગી તો બનો
આજ્ઞા ધરી શિરે પ્રભુની વિરોધીઓને અવગણો
સવે ગુરુ શાસનરસી ધ્રુસી ભાવના દિન ઉદયો
તપ જપ કરી ધ્યાને રહી, જઈ મુક્તિપુરીમાં વસો

ચતુર નર તું ચેતજે, બાજી હજી છે હાથમાં
પુરવકેરા પુન્યરૂપ ભાથુ સાથમાં
અસાર આ સંસારમાં સ્વાથમાં.
આ દિવ્ય જીવન મેળવી

૧૧

ક્ષમામૂર્તિ પ્રભુ મહાવીર

લાડી, વાડી ને ગાડીની મોજને ઠોકરે મારી, રાજવૈભવને તિલાંજલી આપી એક મહાપુરુષ કોઈ અનોખી સાધના માટે નિર્જન અટવીનો પંથ કાપી રહ્યા હતા

એ મહાપુરુષની શાંત મુખમુદ્રા સૌને પ્રમુદિત કરતી હતી તેમના દર્શન માનવીને તો શું પણ જંગલના પશુ-પક્ષીઓને પણ ઘડીભર થભાવી દેતા હતા અને અપૂર્વ આલ્હાદ આપતા હતા

શું એમનો સુંદર દેહ ! ભલભલાની આંખોને એ આંજી નાખતો હતો શું એમનુ ભવ્ય લલાટ ! સૂર્યના તેજને પણ તે ફીકકુ પાડી દેતો હતો, એમની ગભીર અને મદ ચાલ હાથીની ગતિની યાદ આપતી હતી અરે, જંગલના ઝાડો પણ તેમને જોઈ ઝુકી પડતા હતા

ઉત્કટ તપ અને અનુપમ ત્યાગથી તેઓ જીવનને અજવાળી રહ્યા હતા

તે કાળે તે સમયે શ્વેતામ્બી નગરીના માર્ગે જવા કોઈ

હામ ભીડતું નહોતું કોની તાકાત છે કે, એ માર્ગે જવા તૈયાર થાય! સૌ નગરજનો માટે આજે એ માર્ગે ઘોર ભયકર થઈ પડયો હતો એ નગરીના માગની વાતથી પણ ભારે ધાક લાગતી અને બોલી ઉઠતા 'ના ભાઈ, એ માર્ગે કેમ જવાય!'

એવુ તો વળી એ માર્ગે શું હતુ, કે ભલભલા માનવો ત્યાં જતા અચકાતા ને ગભરાતા હતા!

શું કોઈ રાક્ષસ-ભૂત-પિશાચે વાસો કર્યો હતો! ના, ના, એવું તો ત્યા કઈ જ ન હતું

ત્યારે ભલભલા માનવો આમ કેમ કપી ઉઠતા હતા!

એનુ કરણ એ હતું કે ભલભલાના પ્રાણી જેના નામથી ઉતરી જાય, એવો દૃષ્ટિવિષ સર્પ આ જગલમા વસતો હતો

એક સપ જેવા નાના પ્રાણીથી શું માનવો કપી ઊઠે ખરા!

અરે ભાઈ! એ સર્પ કઈ જેવો તેવો ન હતો એણે તો કઈકના પ્રાણ લીધા હતા એની દૃષ્ટિમા ભયકર વિષ ભર્યું હતું સૂર્યના સન્મુખ રહી જ્યારે એ કોઈ પ્રાણી ઉપર વિષભરી દૃષ્ટિ ફેંકતો, ત્યારે તે પ્રાણી ત્યા ઊભુ ને ઊભુ થીજી જતું, કાળરાજાનું અતિથિ બનતું

'શું આવો ભયાનક! ભારે પાપ!! આપણાથી ચણુ ન જવાય હો આમ પરસ્પર વાતો કરતા લોક

અરે ! જુઓ આ તેજોમૂર્તિ ક્યાં જઈ રહી છે ? એને વારો, વારો ! એ કોઈ અજાણ્યા યોગીરાજ લાગે છે તેઓ શ્વેતામ્બી નગરીના માર્ગે જઈ રહ્યા લાગે છે'

'ઊભા રહો, ઊભા રહો, થોભો યોગીરાજ !' સૌએ બૂમ પાડી, પણ તેઓ થાના થોભે !

'જરા સાંભળો ! સાંભળો યોગીરાજ !

પણ યોગીરાજ તો મૌનપણે ત્યાથી ચાલતા થયા.

'યોગીરાજ આપ કયા સીધાવી રહ્યા છો ?' સૌએ ફરી પૂછ્યુ

'હુ કનકખલ તાપસના આશ્રમ ભણી જઈ રહ્યો છુ' એમ એમની મુખાકૃતિ જવાબ આપી રહી હતી

'યોગીરાજ ! ત્યા ન જશો બસ કરો એ અટવીમાં તો ભયકર દૃષ્ટિવિષ સર્પ વસે છે જે ભલભલા માનવીને પણ ભરખી જાય છે'

'માટે જ તો હુ ત્યા જઈ રહ્યો છુ !' એમ એમના પગલા કહી આપતા હતા

'શુ બોલો છો ? માટે જ આપ ત્યા જાવ છો ! અરે ! ભારે આશ્ચર્ય ! કાળરાજાના મુખમા હસતે મુખડે કયો માનવી જવા તૈયાર થાય ? આ હિમ્મત ના કરો પૂજ્ય !'

પણ યોગીરાજ તો સૌની વાતને અવગણીને ત્યાથી આગળ

ચાલ્યા. ઘેરા પથ કાપ્યો કનકખલ તાપસના આશ્રમ નજીક યોગીરાજના પગલા પડ્યા

ત્યાં તો દરમાંથી ફૂં ફૂં કરતો એક [illegible] સર્પ બહાર નીકળ્યો

આજે ઘણા દિવસે વળી કોણ [illegible] સતા મારે આગળે આવ્યો છે ? સર્પે [illegible] અતિરેક અનુભવ્યો અને યોગી [illegible]

ચંડકૌશિક સર્પે પોતાની [illegible] સૂર્ય સન્મુખ દૃષ્ટિ નાખી યોગીરાજ ઉપર [illegible], પણ એ પછી ફરી યોગીરાજનો [illegible]

ચંડકૌશિક ક્રોધથી ધમધમી [illegible] ‘[illegible] અબઘડી મરે’ એમ ધારી ચંડકૌશિકે પુનઃ [illegible], તે ય પાછી ફરી યોગીરાજને કંઈ જ ન [illegible] આગળ વધ્યો

ઊઠયા 'बुज्झ बुज्झ चंडकोसिआ ।' 'બોધ પામ ! બોધ પામ રે ! રે ચડકૌશિક !'

તરત જ સર્પને ભાન થયુ પોતાનો પૂર્વભવ તેણે નિહાળ્યો

'અરે ! એક વખતનો ત્યાગી અણગાર–તપસ્વી સાધુ એજ હુ આજે સર્પની યોનિમા ? ધિક્કાર છે ! ફીટકાર છે મારા આત્માને હુ સાધુ થઈ ક્રોધનુ પૂતળુ બન્યો એ ક્રોધે મને આ દશામા મૂકયો ધિક્ ! ધિક્ !'

યોગીરાજની ચમત્કાર ભરેલી વાણીએ ચડકૌશિકને જગાડી દીધો એને પોતાનુ ભાન થયુ કોઈપણ જીવનો જાણે–અજાણે વધ ન થાય તેની ખાતર દરમાં મુખ રાખી તેણે રહેવા માડયુ યાવજ્જીવ આહારના પચ્ચખ્ખાણ કર્યાં

હવે તો આ માર્ગ નિર્ભય બન્યો, જેથી સૌ કોઈ આ રસ્તે જવાઆવવા લાગ્યા સર્પની આવી અપૂર્વ શાતિ નિહાળતા લોકોને તેના ઉપર પૂજ્યબુદ્ધિ જાગી સૌ દહીં દૂધ અને ઘીના છાંટણાં નાખી તેની પૂજા કરવા લાગ્યા, પણ એ પૂજા એને માટે ભયકર વેદનારૂપ થઈ પડી ત્યા અસખ્ય કીડીઓ ઉભરાણી, તેણે સર્પના શરીરને કોલી નાખ્યુ શરીર તો જાણે લોટ ચાળવાની ચાળણી જોઈ લ્યો કીડીઓ સર્પના શરીરમાથી આરપાર જવા લાગી આવા ઉત્કટ પરિષહને પણ અપૂર્વ સમતાભાવથી ચડકૌશિક સર્પે સહન કર્યો, જેના પ્રભાવે ત્યાથી કાળ કરી સહસ્રાર દેવલોકમા તે ઉત્પન્ન થયો, નરકગામી જીવ પણ પરમાત્માના સસર્ગથી આનવરની ઉત્કૃષ્ટગતિને પામે એ જેવી તેવી વાત ન કહેવાય !

એ યોગીરાજ બીજા કોઈ નહિ—એ હતા પ્રભુ શ્રી મહાવીર કેવી એમની અદ્ભૂત ક્ષમા! કેવી અડગતા!! કેવી અપૂર્વ સહનશીલતા!!!

અપરાધીમા અપરાધી પ્રાણી ઉપર પણ જરાય રોષની લાગણી ન પ્રગટાવતા અપાર કરુણા દાખવી, તેને પણ તાર્યો

ક્રોડો વંદન હો એ ક્ષમામૂર્તિ પ્રભુ શ્રી મહાવીરને!

કોલસો કાળો તે કાળો

ઘણા મનુષ્યોના મુખથી આપણે સાંભળીએ છીએ કે કોલસો કાળો તે કાળો એકડો મણ સાબુ અને મણ તેટલા પાણીથી તેને ધુઓ—સાફ કરો પણ તેનો રંગ બદલાય નહિ

પણ આમાં ભૂલ થાય છે કાળો કોલસો પણ ધોળો બની શકે છે એજ કોલસાને જ્યારે ધખધખતી અગ્નીમાં નાંખીએ છીએ ત્યારે તે બળીને અંગારારૂપ બને છે ત્યારે તે કેવો લાલ સુરેખ અને તેજસ્વી લાગે છે! માટે જ કહે છે 'જેવો સંગ તેવો રંગ સાધુસંતોની વાણીનું પાન કરી અધમાધમ આત્માઓ પણ મહાત્મા બની પરમાત્મપદને પામ્યાનાં દૃષ્ટાંતો ઇતિહાસનાં પાને શું નથી આલેખાયાં?

૧૨

તાલીને બાલા !

આજે માનવી દીન-દુખી બની ગયો છે, બની રહ્યો છે, રાત-દિવસ ભરણપોષણની ચિંતા તેને સતાવી રહી છે જ્યાં ત્યાં રોદણા રૂવે છે, તો પણ કેમેય પેટ ભરાતું નથી. ઘણીય બૂમરાણ મચાવે છે, જેની તેની પગચંપી કરવા તૈયાર થાય છે, અને તેના વિચારોનો બજાર ગરમાગરમ ચાલે છે માણસ આગળ વધીને પોતાનો બકવાદ શરૂ કરે છે દેવ, દેવમંદિર, દેવદ્રવ્ય, ત્યાગી ગુરુઓ અને તારક ધર્મને માટે યદ્વા-તદ્વા બોલી ઉઠે છે એક તો પૂર્વના કર્મના ઉદયે આ જન્મમા પણ ચોમેરથી દુખ-દાવાનળ સળગી રહ્યો છે, અને એની ભડભડ જ્વાળાઓમા માનવી સળગી રહ્યો છે, છતા એને વિચાર નથી આવતો કે, હું શું બોલી રહ્યો છુ ! એના કટુ ફળો મારે જ ભોગવવા પડશે કર્મો કોઈના સગા થયા નથી અને થશે નહિ

પ્રભુ ભગવાન મહાવીરસ્વામીના આત્માએ મરીચિના ભવમા કપિલ નામના રાજપુત્રને કહ્યુ કે 'कविला इत्थंपि इहयंपि' 'કપિલ ! અહીં યા પણ ધર્મ છે, અને ત્યાં પણ ધર્મ છે' માત્ર આટલા વચનો ઉત્સૂત્ર બોલવાથી મરીચિનો સંસાર કેટલો વધ્યો

વધી નરો, જ્યારે પરમાત્મા મહાવીરના આત્માને પણ ઉત્સૂત્ર સૂત્ર વિરુદ્ધ બોલવાથી સંસારમા ભ્રમણ કરવું પડ્યું ત્યારે આ પણે જેમ આવે તેમ બે-લગામ બોલતા રહીશું તો શું એ કર્મો આપણને છોડી દેશે? હરગીજ નહિ, માટે મહાનુભાવો! જરા વિચાર કરો, બુદ્ધિનો ફાંકો ન રાખો પરમાત્માના સિદ્ધાંત આગળ આપણી અક્કલની કોડીની કિંમત નથી! ઘડી પછી શું થવાનું છે, એનું આપણને ભાન નથી, શરીરના બીજમા કેટલા જીવ છે, તેનું આપણને જ્ઞાન નથી, ત્યા આ બકવાદ શાનો? પૈસાના બળે, બુદ્ધિના બળે કે લાગવગના બળે જેમ તેમ બકવાદ ચાલુ રાખશો તો સમજી લેજો કે, જન્મ-જન્મમા જીન નહિ મળે અને નરક-નિગોદમાં ભ્રમના આરો નહિ આવે, તે વખતે હાયવોય કર્યે નહિ ચાલે

જમાલીની વાત બહુ જાણીતી છે તેઓ ભગવાન મહાવીર સ્વામીના જમાઈ હતા, રાજપુત્ર હતા, ૫૦૦-૫૦૦ શિષ્યોના ગુરુ હતા, અગિયાર અંગના જાણકાર હતા છઠ્ઠના પારણે છઠ્ઠની ઉગ્ર તપશ્ચર્યા આચરતા હતા આવા એમ મહાન પણ જ્યારે કડેમાણે કડે એ વાક્ય બરાબર નથી, ભગવાન અહીંયા ભૂલ્યા, એમ ઉત્સૂત્ર બોલે છે, ત્યારે એમને સંઘ બહાર કરવાની અનુમતી ખુદ ભગવાન મહાવીરદેવ, શ્રી ગૌતમ સ્વામી આદિ ગણધરોને આપે છે

આથી વાંચકો સમજી શક્યા હશે કે, આ શાસનમા કિંમત સૂત્રાનુસાર-સિદ્ધાંત મુજબ પ્રરૂપણા કરે તેની છે, નહિ કે સૂત્રવિરુદ્ધ બોલનાર વ્યક્તિની સૂત્રવિરુદ્ધ બોલનાર

ગમે તેટલી મોગી હોય, વયે ભલે વૃદ્ધ હોય, શાસ્ત્રનિષ્ણાત હોય, ઉગ્ર તપસ્વી હોય, હજારો માણસો એને માનતા હોય, છતાં એની કિંમત આ શાસનમા નથી સૂત્રવિરુદ્ધ એક અક્ષર ઉચ્ચારનાર વ્યક્તિને પણ જ્યારે ભગવાન મહાવીરસ્વામી સઘ બહાર કરવાની અનુમતિ આપે, ત્યારે જેમ તેમ બકવાદ કરનારની પીઠ આપણે થાબડતા રહીશુ તો ભવિષ્યમા આપણી શી વલે થશે ? એ સ્વય વિચારી લેવુ જોઇએ

આ લોકમા પૂજાવાની ખાતર, આ લોકની વાહવાહ ખાતર, ચાર માણસો કહે કે, 'ઠીક એમણે પહેલ કરી! આ તો ક્રાતિવાદી! આ તો ખરા હિમતબાજ! કેવો એમણે જમાનો ઓળખ્યો ? પણ આપણે યાદ રાખવુ જોઇએ કે, સૂત્રવિરુદ્ધ એક અક્ષર પણ ઉચ્ચારશુ તો ससारमा રખડવુ પડશે, નરક નિગોદની યાતનાઓ સહન કરવી પડશે માટે જે બોલો તે તોલીને બોલો, શાસ્ત્ર મુજબ બોલો આજે દુ ખ અને અશાતિની બૂમરાણ મચી રહી છે, એના કારણોમા મુખ્ય કારણ આપણે દેવ-ગુરુ અને ધર્મને બાજુએ મૂકીને જેમ તેમ બકવાદ માંડયો છે, તે છે ન્યાય-નીતિને નેવે મૂકી, સદાચારને તિલાં જલિ આપી, જૂઠ, ચોરી-જારીમા મશગૂલ બની, ધર્મારાધના કરનાર પુણ્યાત્માઓ તરફ કરડી નજર કરી, જેમ તેમ બેફામ બકવાદ શરૂ રાખી, આપણે ઊંચા આવવા માગતા હોઈએ, સુખી થવા માગતા હોઈએ અને જીવનમા શાતિની ઝખના રાખતા હોઇયે તો તે કેવળ સ્વપ્ન છે, એ કદી પણ ભૂલવુ નહિ ' માટે બોલો તો તોલીને બોલો

નવકારમંત્રનો અજબ પ્રભાવ

[કેટલીક સાચી ઘટનાઓ]

યુ પી પ્રાતમા આવેલા ઝાંસી શહેરનો આ તાજો બનાવ છે, જેને હજી એક દશકો પણ પૂરો વીત્યો નથી એક મુસલમાન જૈન સાધુના સમાગમમાં આવ્યો જૈન સાધુના ત્યાગની અને તેમની અમરકારક વાણીની તેના હૃદય પર કોઈ અજબ અસર પડી તેણે માંસ-મદિરાનો ત્યાગ કર્યો, એટલુ જ નહિ પણ ત્યાગી ગુરુ પાસેથી નવકારમત્ર શીખી લીધો પવિત્ર ને નિર્મળ બની હમેશા તે તેનો જપ કરવા લાગ્યો ધીરેધીરે નવકારમત્ર ઉપરની તેની આસ્થા-શ્રદ્ધા અત્યત મજબૂત બની

આવા પવિત્ર આચાર વિચારથી એ મુસલમાન પોતાની કોમથી જુદો પડવા લાગ્યો બીજા મુસલમાનોને એ કેમ ગમે ! તમણે આ મુસલમાનને ઘણુ-ઘણુ સમજાવ્યો કે, છોડ આ બધુ ધતીંગ, પણ પેલો શ્રદ્ધાળુ મુસલમાન અડગ રહ્યો. પોતાના વિચારમાથી જરા પણ ચસક્યો નહિ

આથી મુસલમાનો ઝનૂને ચડયા અને તેમાના એક

મુસલમાને તેને જાનથી મારી નાખવાનો નિર્ણય કર્યો, તે માટે આડા-અવળા અનેક વિચારો કર્યા પછી તેણે એક ઉપાય અજમાવ્યો તે એક ઝેરી સર્પને ઉપાડી લાવ્યો અને જ્યા આ શ્રદ્ધાળુ મુસલમાન હમેશા સૂઈ રહેતો હતો, ત્યા તેની પથારી નીચે એ સર્પને એવી રીતે મૂક્યો કે દોડીને ચાલ્યો ન જાય આ વખતે શ્રદ્ધાળુ મુસલમાન હાજર ન હતો પરંતુ રાતના ત્યા આવ્યો અને સુવાની તૈયારી કરી હમેશ મુજબ નવકારમંત્રનુ સ્મરણ કરવા લાગ્યો, ત્યા તેને આપોઆપ એવો ભાસ થયો કે, મારી પથારીમા સર્પ છે એટલે તરત જ તે ઊઠચો અને પથારી ઊંચી કરીને જોયુ ત્યા તો સર્પ ગભરાઇ રહ્યો હતો તે જ ક્ષણે સર્પ ત્યાથી નાસી છૂટ્યો

આ શ્રદ્ધાળુ મુસલમાને ગુરુદેવના મુખથી નવકાર મંત્રનો અજબ મહિમા સાભળ્યો જ હતો અને આ બનાવ બન્યો તેથી તેના હૈયામા અનેરી શ્રદ્ધા પ્રગટી

આ તરફ પેલો સર્પ ત્યાથી વિહ્વળ બની જે મુસલમાન આ સાપને મૂકી ગયો હતો, તેના જ ઘેર સીધો ગયો અને તેની એક છોકરી સૂતી હતી તેને કરડ્યો છોકરીએ ચીસ પાડી, તેથી ત્યા શોરબકોર મચ્યો અને ચોમેરથી માણસો દોડી આવ્યા છોકરીનો બાપ પેલો મુસલમાન પણ તેટલામા ત્યા આવી પહોચ્યો

એને એ ખબર ન હતી કે, મારી પુત્રીને સર્પ કરડ્યો છે! એના હૃદયમા આજે અપાર ખુશી હતી, કે પેલા ભગતડા મુસલમાનનુ આજ ઠીક નિકંદન કાઢ્યુ

'ભાઈ સાહેબ! હું આપના ચરણમાં પડુ છુ, મને મારા ગુનાની માફી બક્ષો હું અપરાધી છુ '

પેલો શ્રદ્ધાળુ મુસલમાન વિચારમા પડી ગયો કે, 'આ શેની માફી માગે છે? શુ બોલી રહ્યો છે? કાઈ સમજાતુ નથી '

'કેમ ભાઇ! શેની માફી માગો છો? તમે કઈ મારો ગુનો કર્યો નથી આમ કેમ અસગત બોલો છો?' શ્રદ્ધાળુ મુસલમાને કહુ શ્રદ્ધાળુ મુસલમાનને એ ખબર ન હતી કે, આ કારસ્તન આ ભાઈસાહેબનુ જ હતુ

તે દુષ્ટ મુસલમાને જ સાચી હકીકત કહી સભળાવી, ત્યારે આ શ્રદ્ધાળુ મુસલમાનને ખબર પડી કે, મારી પથારી નીચે સાપ મૂકી જનાર આ જ ભઈ હતા માફી માગ્યા પછી તૂટ્યા-ફૂટ્યા શબ્દોમા પેલો દુષ્ટ મુસલમાન બોલ્યોઃ 'બચાવો! બચાવો! મારી પુત્રીના પ્રાણ બચાવો'

'કેમ શુ થયુ?' શ્રદ્ધાળુ મુસલમાન બોલ્યો

મારી પુત્રીને સપ કરડ્યો છે અને એ બેહોશ બની ગઈ છે સઘળાય ઉપય અજમાવ્યા પણ બધાય નિષ્ફળ ગયા છે' પેલાએ જવાબ આપ્યો

શ્રદ્ધાળુ મુસલમાન બોલ્યો કે, 'હું કઈ થોડો જ મત્રવાદી છુ?'

પેલાએ કહ્યું 'ભલે આપ મત્રવાદી ન હો, પણ મને વિશ્વાસ છે કે, આપ જ બચાવી શકશો '

'તો ઠીક ચાલો, બીજાના પ્રાણ મારાથી બચતા હોય તો હું તૈયાર જ છું'

કેટલી બલઈની ભાવના ! પોતાના પ્રાણ દેવા તૈયાર થનારનુ-પોતાનુ બૂરુ કરનારનુ પણ કલ્યાણ થાય એવી આ શ્રદ્ધાળુ મુસલમાનની ભાવના હતી એ તરત જ ઉઠ્યો અને પેલા મુસલમાન સાથે ચાલી નીકળ્યો

છોકરીના હોસ કોશ ઉડી ગયા હતા મંત્રવાદીઓએ હાથ ખંખેરી નાખ્યા હતા બચાવનો કોઈ ઉપાય ન હતો, આવા વિકટ પ્રસંગમા આ શ્રદ્ધાળુ મુસલમાને નવકારમંત્ર ભણીને તેના પર પાણી છાટયુ ત્યા અજબ ચમત્કાર ખરો થયો ઝેર ઉતરી ગયુ અને જાણે નવો જન્મ લેતી હોય તેમ શય્યામાથી તેની પુત્રી બેઠી થઈ સૌ કોઈ હર્ષઘેલા બન્યા અને આ શ્રદ્ધાળુ મુસલમાન ઉપર ફીદા-ફીદા થઈ ગયા સૌના મુખેથી સહજ બોલી જવાયુ કે, કેવી પરોપકાર પરાયણતા ! કેવી અજબ મંત્રશક્તિ ! ધન્ય છે ! ધન્ય છે !'

એક અપરાધી ઉપર પણ રહેમ નજર રાખવી એ કાંઈ નાનીસૂની વાત ન હતી. આવા આત્માઓ જગતમા બહુ વિરલા હોય છે

નવકારમંત્ર અનાદિનો એનો એ છે એનો પ્રભાવ અજબ છે ગ્રન્થોમા સ્થળે-સ્થળે એના પ્રભાવને દર્શાવતા અનેક દૃષ્ટાતો આલેખાયેલા છે પણ ગણનારમા શ્રદ્ધા હોવી જોઈએ ઉપલકભાવથી ગણીએ, ચિત્ત ચગડોળે ચઢેલ

હૃદય બૂરી ભાવનાના કચરાથી ભરેલુ હોય, ત્યા ફળની આશા કેમ રખાય ? મલિન વાસનાઓ જ્યા વાસ કરતી હોય, ત્યાં આવો પ્રભાવિક મ ત્ર ફળે નહિ એ સ્વાભાવિક છે

આજે માણુસમા શ્રદ્ધા નથી, વિશ્વાસ નથી, ગણુતાની સાથે ફળની માગણી કરે છે ! બસ, દુન્યવી પૌદ્‌ગલિક સુખની આશાએ જ તે નવકારમ ત્ર ગણુવા તૈય ર થાય છે, ત્યારે તેનુ ફળ પણ તેવું જ મળે છે

નવકારમ ત્ર ગણુવાની આપણુને ફુરસદ નથી મળતી, જ્યારે અન્ય મ ત્ર ગણુવા માટે આપણે બે-ચાર કલાક કાઢીએ છીએ કદી ગુરુમહારાજ પૂછે કે, કેમ ભાઈ નવકારમ ત્ર ગણો છો ને ? ત્યારે આપણે જવ બ આપીએ છીએ કે સાહેબ ! "ઘણુાય ગણ્યા પણ કઇ તત્ત્વ દેખાતુ નથી'

આવી લુખ્ખી તો આપણી ભ વના છે આપણુને તેના ઉપર પ્રેમ, શ્રદ્ધા કે વિશ્વાસ નથી, માટે પ્રેમ, શ્રદ્ધા ને વિશ્વાસપૂર્વક ચૌદ પૂર્વના સારરૂપ નવકારમ ત્રના જાપમાં લયલીન બનો તે વખતે દુનિયાને સાવ ભૂલી જાવ

શાસ્ત્રકાર કહે છે કે —

नवकार इक अक्खर, पाव फेडेई सत्त अयराण ।
पन्नास च पयेण, पणसय सागर समग्गण ॥

નવકારમ ત્રના ૬૮ અક્ષર છે, તેમાના એકેક અક્ષરને ગણુવાથી ગણુનારના સાત સાગરોપમનાં પ પો દૂર થ ય છે

નવકારમંત્રના એક પદનો જાપ કરવાથી ૫૦ સાગરોપમનાં અને સમગ્ર એટલે સંપૂર્ણ નવપદોનું ધ્યાન ધરવાથી ૫૦૦ સાગરોપમના પાપો વિનાશ પામે છે, એક ચિત્તે વિધિસહિત ભાવથી નવલાખ નવકારમંત્ર ગણવામાં આવે તો ગણનાર જાનવર કે, નરકગતિમાં જતો નથી

નવકારમંત્ર જેવો દુનિયામાં બીજો કોઈ મંત્ર નથી આવા અપૂર્વ નવકાર મંત્રને છોડીને કયો આત્મા બીજા મંત્ર-તંત્રમાં ઉદ્યુક્ત બને !

માટે હે મહાનુભાવો ! પરમ મંગલકારી, આધિ-વ્યાધિ ને ઉપાધિને ટાળનાર, સુખ સમૃદ્ધિને અર્પનાર સમસ્ત દુઃખનો વિનાશ કરનાર, ચૌદ પૂર્વના સારરૂપ, અનાદિસિદ્ધ નવકારમંત્રનું ખૂબ-ખૂબ સ્મરણ કરો પ્રતિદિન તેનો જાપ કરો, એકાંતમાં બેસી તેનો વિચાર કરો અને અંતે મુક્તિરમાને વરો

[૨]

સાળા અને બનેવીનો બન્નેનો આ તાજો પ્રસંગ છે. વિક્રમ સંવત ૧૯૯૭-૯૮ ની આ સાચી હકીકત છે

મારવાડમાં શિવગંજ એ જૈનોની મોટી વસ્તીવાળું એક શહેર છે ત્યાંના એક શ્રીમંત ગૃહસ્થ બિમાર પડ્યા બિમારી વધી આ શેઠના બનેવી મદ્રાસ રહેતા હતા બનેવીને થયું કે, સાળાની તબીયત સખત નરમ છે, આખરી અવસ્થા છે, માટે જવું જોઈએ પણ સાંસારિક અનેક ઉપાધિઓના કારણે ત્યાં જઈને શકાયું અને સાળાના પ્રાણ છૂટી ગયા

સાળાના મરણ પછી એક વખત બનેવી રાત્રે શય્યામાં સૂઈ રહ્યા હતા, ત્યારે સ્વપ્નમાં પોતાના સાળા આવ્યા, વાતોચીતો કરવા લાગ્યા અને સાળાએ જણાવ્યુ કે, 'હું અત્યારે વ્યતર દેવલોકથી તમારી સાથે વાતચીત કરી રહ્યો છુ

બનેવીએ પૂછ્યુ 'તમે વ્યતરગતિમાં કયાંથી! આશ્ચર્યની વાત છે કે, તમે વ્યતરલોકમા પહોચી ગયા !

ત્યારે પૂર્વના સાળા એવા એ વ્યતરદેવે જવાબ આપ્યો 'ભાઈ! તામરી વાત તદ્દન સાચી છે મારુ જીવન એવું સુદર ને આદર્શ ન હતુ કે, જેથી હુ વ્યતરલોકમા ઉત્પન્ન થાઉ ! ' પણ હું પથારીવશ હતો, જીવનની આશા ન હતી ત્યારે સૌ સબધીઓએ ગુરુમહારાજને વિનતિ કરી ગુરુ મહારાજે મને અતિમ આરાધના કરવી, ખૂબ-ખૂબ નવકારમત્ર સભળાવ્યા અને અમુક પ્રતિજ્ઞાઓ પણ આપી અને મારા જીવનમા થયેલી ક્ષતિઓની નિદા-ગર્હા કરવા સૂચવ્યુ બસ, એ ગુરુદેવે મને નવકારમત્ર સભળાવ્યા, એના ધ્યાનમા મારા પ્રાણ નિકળ્યા એના પ્રભાવે હુ નીચ ગતિમા જનાર આજ વ્યતર દેવલોકમા ઉત્પન્ન થયો છુ '

આટલી વાત થયા પછી બનેવી જાગી ઉઠયા અને રાતની વાત ધારી રાખી અત્યારે એ મદ્રાસમા હતા, મદ્રાસથી તરત જ આ બનેવીએ શિવગજ પત્ર લખ્યો કે, જ્યારે મારા સાળા ગુજરી ગયા, તે વખતે કોઈ ગુરુમહારાજ ત્યા પધાર્યા હતા ? અને તેમનુ નામ શુ હતુ ! તે વિગતવાર મને જલ્દી જણાવો '

તરત જ પત્રનો પ્રત્યુત્તર આવ્યો કે, તમારા સાળાને અંતિમ આરાધના કરાવવા માટે ગુરૂમહારાજ પધાર્યા હતા તેમનુ પૂનિત નામ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજ હતુ. તેઓ તેજ દિવસે ખીમેલથી વિહાર કરી ગુજરાત તરફ સપરિવાર પધારી રહ્યા હતા અને એક દિવસને માટે તેમણે અત્રે સ્થિરતા કરી હતી, તેમણે અહી તમારા સાળાને અંતિમ આરાધના કરાવી હતી અને નવકારમંત્ર સંભળાવ્યા હતા.

પત્ર વાચતા જ આ બનેવીના મનમા વસ્તુસ્થિતિ તદ્દન સાચી છે, એમ સમજાઈ ગયુ. અહો ! નવકારમંત્રનો કેવો અજબ પ્રભાવ છે ! ખરેખર ! એવો ઉમદા મહામંત્ર મળ્યા પછી પણ આપણે-પ્રમાદી બનીએ છીએ, શ્રદ્ધા ને વિશ્વાસ રાખતા નથી. બસ તેજ દિવસથી આ બનેવીના હૃદયમા ભારે પરિવર્તન થઈ ગયુ, આ ભાઈ-એ કઈ નાના સૂના માણસ નથી, એક સારા ગવેષક છે. વકતા છે, વિદ્વાન્ છે, શ્રીમંત છે અને સારી લાગવગ ધરાવનાર પ્રતિષ્ઠિત વ્યકિત છે. તેમણે પોતે જ આ હકીકત મને કહી સંભળાવી હતી, જેને મે અત્રે અક્ષરદેહ આપ્યો છે.

નવકાર મંત્રનો પ્રભાવ દર્શાવનારા ભૂતકાળના અનેક દૃષ્ટાંતો આપણે સાભળ્યા છે, વર્તમાનકાળમા પણ ચમત્કાર ઉપજાવે તેવા કિસ્સાઓ અને તેવી હકીકતો બહાર પડતી જ રહે છે.

નવકારમંત્રના પ્રભાવનુ અને તેના મહિમાનુ વર્ણન

કરવા બેસીએ તો પુસ્તકોના પુસ્તકો લખાઈ જાય, છતાં એનો મહિમા ગાયો ગવાય નહિ નવકારમત્રનો મહિમા ગાવો એ આપણી શકિત બહારની વાત છે આપણે નિયમિત પ્રાત કાળે પવિત્ર બની શુદ્ધ મનથી નવકારમત્રનુ ધ્યાન ધરવુ જોઈએ જેથી આપણો દિવસ મગળમય નિવડે, જન્મ જન્મના પાપો દૂર થાય અને આત્મા પવિત્ર બને

[૩]

આ એક સાચી ઘટના છે વાતને પૂરી બે–ત્રણ વીશી પણ થઈ નથી ગુજરાતમા ત્યાગી સાધુ–મુનિરાજોનુ આવાગમન અતી સુલભ છે

એક પ્રસિદ્ધ ત્યાગી ગુરૂદેવના વ્યાખ્યાનમા નિયમિત એક મુસલમાન હાજરી આપતો હતો વ્યાખ્યાનશૈલિની અજબ છટા રોચક શૈલી અને પ્રભાવપૂર્ણ પ્રવચને મુસલમાનનાં હૃદયમા ઊડી છાપ પાડી ત્યારથી એ મુસલમાન ગુરૂદેવનો પૂર્ણ ભકત બન્યો, ગુરૂદેવે તેને નવકારમત્ર શીખવ્યો, અને એ મત્રનો અજબ મહિમા પણ સાથે વર્ણવી બતાવ્યો અને કહ્યુ કે–તેના પ્રભાવે માણસ ધાર્યું કાર્ય કરી શકે છે, વિઘ્નો ને વિપદાઓ દૂરે ટળે છે અને સઘળી કામનાઓ ફળે છે માટે હમેશા નવકારમત્રનુ ધ્યાન કરવુ, ખૂબ જાપ કરવો

મુસલમાનને જૈન સાધુ ઉપર અથાગ પ્રીતિ હતી, પડયો બોલ ઝીલી લેતો હતો નિયમિત એ મુસલમાન નવકાર મત્ર ગણે છે, તેની શ્રદ્ધા અચલ છે, એ સમજે છે ને માને છે કે, ‘ હુ નવકારમત્રના બળે ધાર્યું કાર્ય કરી શકુ છુ

એક વખત એક શ્રીમંત જૈન ગૃહસ્થ પોતાના બાળ બચ્ચા, સ્ત્રી, પુત્ર-પરિવાર સાથે ગાડામાં બેસી બીજે ગામ જઈ રહ્યા હતા આ મુસલમાન પણ તે જ રસ્તે જઈ રહ્યો હતો શેઠે પાણી ! સાથે લીધુ હતુ પણ થોડુ હોવાથી ખૂટી ગયુ બાળ-બચ્ચા રોકકળ કરવા માંડયા બાપા પાણી ! બાપા પાણી ! પણ આ ભયાનક જંગલમાં 'બાપા પાણી ! લાવે કયાંથી ?

પિતાએ ચારે તરફ નજર ફેંકી, પણ કૂવો-વાવ-તળાવ કે વાવડી પણ નજરમાં ન આવી આ તરફ છોકરાઓ ચીસ પાડે છે પિતાને વિચાર થઈ પડયો શું કરવુ ? આવા ઘોર જંગલમાં પાણી કયાંથી લાવવુ ?' પેલા મુસલમાને જાણ્યુ કે શેઠને પાણી જોઈએ છીએ એમના છોકરા રોકકળ કરી રહ્યા છે

તરત જ તેણે શેઠને કહ્યું 'શેઠજી ! જરા થોભો, હું પાણી લાવી આપુ છુ '

શેઠે કહ્યુ 'ભાઈ ! અમે ઘણી તપાસ કરી આટલામાં પાણી છે જ નહિ, તો તમે કયાંથી લાવવાના હતા ? જવા દો હવે જલ્દી આગળ જઈએ અને ઘર ભેગા થઈએ

'શેઠજી ! જુઓ તો ખરા, હમણા પાણી લાવી આપું છુ જરા ધીરજ રાખો, વિશ્વાસ રાખો ' મુસલમાને કહ્યુ

શેઠે કહ્યુ 'ઠીક ભાઈ ! લાવી આપ પાણી, તારી મહેરબાની !'

મુસલમાને ચાર પાંચ ડગલાં દૂર જઈ જમીન પવિત્ર કરી એક રૂમાલ પાથર્યો અને કંઈક ગણગણવા માંડયુ

આજે આવા કંઈક આત્માઓ બિચારા અનેકોની શ્રદ્ધાને લુંટવી રહ્યા છે પોતે અશ્રદ્ધાળુ હોય છે અને બીજાને પણ અશ્રદ્ધાળુ બનાવે છે પછી પેલો મુસલમાન ગુરુમહારાજને મળે છે અને સાચી હકીકત પૂછે છે

ત્યારે ગુરુમહારાજે સત્ય હકીકત કહી સંભળાવી શેઠની વાત સાંભળી ગુરુમહારાજને ખેદ થયો આવા માણસો પોતાને વિશ્વાસ નહિ એટલે બીજાને પણ વિશ્વાસથી ચલિત કરે છે ખરેખર જૈનધર્મ આજે વાણિયાના હાથમાં આવ્યો છે પ્રથમ ક્ષત્રિયોના હાથમાં હતો સ્વપ્નાના વર્ણનમાં આવે છે કે, ઉકરડામાં કલ્પવૃક્ષ ઊગ્યું, તે સાચી વાત છે

પેલો મુસલમાન ગુરુદેવના વચન સાંભળી પુનઃ દૃઢ શ્રદ્ધાળુ બન્યો અને પહેલાંની જેમ નિયમિત નવકારમંત્ર ગણવા લાગ્યો

દુનિયાના સઘળાય વ્યવહારોમાં વિશ્વાસ રાખવો પડે છે, વિશ્વાસ વગર વ્યવહાર પણ ચાલતો નથી ધર્મ ઉપર જો વિશ્વાસ રાખવામાં ન આવે તો એ ધર્મકરણી ફળે ક્યાંથી ? ફળ મીઠાં ચાખવા છે, વાતો મોટી કરવી છે, અને શ્રદ્ધામાં ગોળ-મટોળ ભમરડા જેવું મીંડુ, તે કેમ ચાલે ?

માટે શ્રદ્ધા મજબૂત બનાવો આપણી શ્રદ્ધા અસ્થિ-મજ્જા હોવી જોઈએ રગે-રગમાં, નસેનસમાં દેવ, ગુરુ અને ધર્મ પ્રતિ આપણો વિશ્વાસ હોવો જોઈએ એવી દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસથી કરેલી ધર્મક્રિયાનું ફળ અવશ્ય મળે છે.

૧૪

સંસ્કૃતિની વિકૃતિ

આજે આપણે અધોગતિના પથે દિન-પ્રતિદિન પ્રયાણ કરી રહ્યા છીએ ન જાણે કયા જઈને અટકીશુ ? આપણુ શુ થશે? એ કહી શકાય તેમ નથી

આજે કેટ-કેટલી અનાર્યતા આ દેશમા પ્રસરી ચૂકી છે! આપણે જાતે જ આપણો વિનાશ નોતરી રહ્યા છીએ

આપણા વિચારો, આપણુ વર્તન, આપણી વાણી અને આપણી રહેણી-કરણી, જો તટસ્થપણે તપાસીએ તો ખબર પડે કે, આપણુ જીવન કેટલી અધોગતિએ પહોચ્યુ છે માણસોના હૃદય ખોલીને જો જોઈએ તો ભલ-ભલા માણસને પણ આપણી પાસે ઊભા રહેવાનુ મન ન થાય

સારુ છે કે, જેમ મકાનને બારી બારણા હોય છે, તેમ આપણા હૃદયને જોવા માટે બારી-બારણા કે બાકોરાં નથી, નહિતર એક સફેદ લેબાસમા ફરતો માણસ એ રીતે ન જ ફરી શકે

આજે વર્તમાનપત્રોનો જગતમાં તોટો નથી એમાથી આપણને પ્રેમ ને પ્રેમલીના કિસ્સાઓ, શૃગાર અને વિષય-

વિકાર-ઉત્તેજક-વાચન મળશે, પણ આપણી આર્યસંસ્કૃતિને પોષક સાહિત્ય ભાગ્યે જ વાચવા મળશે નામ ભલે આર્ય સંસ્કૃતિનુ હશે, પણ હાડોહાડ અનાર્ય-સંસ્કૃતિની અસરથી તે ભરેલુ હશે "આ મર્યો, અમુકે દેવાળુ કાઢ્યુ, આજે તો અમુક સિનેમાનો નવો શો બ્હાર પડયો છે, અમુક સ્થળે સુદ્ધની લેરી ગર્જી રહી છે, અમુક નેતા અમુક સંસ્થાનુ ઉદ્‌ઘાટન કરનારા છે" એવું અર્થ વગરનુ વાચન તમને ત્યાથી મળશે, પણ જરા વિચાર તો કરો કે, એમાથી આપણને શું મળ્યુ? વ્યર્થ આપણા અમૂલ્ય સમયનો ભોગ કે બીજુ કંઈ?

પરોપકાર અને માનવતાની વાતો તો આજે એટલી બધી વધી ગઈ છે કે, જાણે કરુણાળુ ભગવાનના જ અવતાર! પણ ભાઈ સાહેબ ત્રણસોનો ઘરખર્ચ નભાવતા હોવા છતાં પાચ-પદર કોઈને આપ્યા? એ જરા પૂછી જોજો! ના ના આપવાની વાત તો દૂર રહી પણ જરૂર પાંચ-પચાસ બીજાના પડા યા હશે

માણસ પરમાત્માની પ્રાર્થના ભૂલીને, માત-પિતાના ચરણોમા ઝૂકવાનુ ભૂલીને જ્યા ત્યા દોડશે સવારના પહોરમાં છાપું હાથમા લેશે, સીગારેટ ચીરૂટના ધૂમાડા કાઢશે ક્રેફી પીવાઓ પીશે, સવારમા પોતાની હજામત કરશે અને બજારમા બીજાની હજામત કરશે ક્રિકેટ-મેચ ચાલતી હશે તો વીસ-ત્રીસ રૂપીઆ ખર્ચીને આખો દિવસ ખડે પગે ઊભા રહીને તપશ્ચર્યા કરશે, વાત-વાતમાં સાયકલ-મોટર કાર-ટાંગા કે રીક્ષાનો આશરો લેશે

નિ સત્ત્વ અને તામસી ભોજન, રેસ્ટોરા ને હૉટલોના ખાણાં, અનાર્ય અને અધમ મ ગતિ, ખોટો ખર્ચ, જરૂરિયાતો વધી ગઈ, અમુક વગર આપણને કેમ ચાલે ! આ પણ જોઈએ, તે પણ જોઈએ, અમુક વગર ન જ ચાલે, જીવન કેમ ટકે ?

જરૂરિયતને પૂરી પાડવા અનીતિ, પ્રપ ચો વધ્યા, કેમ કોઈને ફદામા ફસાવવો, કેમ કોઈને શીશામા ઉતારવો, તેની જ ચાલુ વેતરણ ! વાતવાતમા જૂઠ, દગો અને વચન-પરિવર્તન ! હડહડતુ જૂઠુ ભલે હોય, છતા છાતી ઠોકીને બોલી ઉઠે " અરે ! સાચુ કહું છુ, પગમા તમાના સોગન !' આ બધી અનાર્યતા છે કે આર્યતા ?

માનવતાની વાત એટલે સસ્તામાં સસ્તી, આમા શુ કરવાનુ ? નિર્બળ, અનાથ અને મૂક જીવોનો વધ ભલે થાય, અનેક હિંસક નવી-નવી યોજનાઓ ભલે ઘડાય, એમા માનવતાનો વિકાસ છે ને ! ખરેખર માનવ આજે દાનવ બન્યો છે, સ્વાર્થી બન્યો છે, પોતાના સ્વાર્થની ખાતર બીજા નિર્દોષ મૂક નિર્બળ જીવોનો સહાર, એ કેટલી નિર્દયતા સૂચવે છે ! અને મુખેથી પોકારીએ છીએ કે, અહિંસા અહિંસા અને અહિંસા ! કેવી અજ્ઞાનતા !

આ આર્યદેશમાં આ જે ચલચિત્રોએ માણસોને ખરેખર અનાર્ય બનાવી નાખ્યા છે માનવ એના પ્રતાપે રાક્ષસ અને ડાકુ બન્યો છે તાળાં કેવી રીતે તોડવા, બીજાને કેમ છેતરવા કોઈના પ્રેમમા ફસાઈ જીવનને કેમ બરબાદ કરવું

ફેશન અને ટાપટીપ કેવી રીતે કરવી, શરીરને શણગારી અપ્-ટુ-ડેટ બની કેમ ફરવું! એ બધું તેમાંથી શીખ્યો છે સ્વતંત્ર અને સ્વચ્છંદી જીવન, આ બધું કોણે શીખવ્યું? શું આ સંસ્કૃતિ છે કે વિકૃતિ? વિષ છે કે અમૃત? એમાં જીવનની બરબાદી છે કે આબાદી? ઉન્નતિ છે કે અવનતિ? પ્રગતિ છે કે પીછેહઠ?

દેવ-મંદિરો, સાચા ત્યાગી સંતો અને ધર્મની વાતો આજે આપણને પોકળ લાગે છે, બધું હંમ્બગ લાગે છે ઝટ બોલી ઉઠીએ છીએ કે, અમારા મગજમાં જચે તો જ અમે માનીએ, પછી તે ગમે તેવા મહાપુરુષે કહ્યું હોય પરંતુ એ ભાનભૂલેલાઓને ખબર નથી કે, તમારા મગજની અહીંઆ કિંમત શી! તમે કોણ? કઈ વાડીના મૂળા? તમારું સ્થાન કયું?

પણ આ બધું અભિમાનના હાથી ઉપર ચડેલા ઉન્મત્ત મહાવતને ક્યાંથી સમજાય? જેમ દારૂડીયો દારૂ પી, ભાન ભૂલી જાય ને જેમ તેમ બકવાદ કરે, જ્યાં ત્યાં ભટકે, પરાયાને પોતાનું માને, તેવી જ રીતે આજે આપણે પણ અભિમાનનો દારૂ પીને જેમ તેમ બકીએ છીએ, જ્યાં ત્યાં લગામ વગરના ઘોડાની જેમ ભમ્કીએ છીએ, કોણ પૂછનાર છે?

પણ હે બુદ્ધિમાન માનવ! જરા આંખ ઉઘાડી જો! વિચાર! ચેત! કાલે શું થશે તેની તને ખબર નથી, તારું અભિમાન ક્ષણવારમાં ગળી જશે, પલકમાં કાળ કોળિયો કરી જશે, ધન-માલ-પુત્ર-પરિવાર વગેરે સઘળીય સામગ્રી

અહીંઆ પડી રહેશે અને વીલેમોઢે ચાલતો થઈશ ત્યારે કોણ બચાવશે ? ત્યારે તારી શી દશા થશે ?

માટે હે બુદ્ધિનિધાન ! જરા સમજ ! સમજ ! વિચાર કર ! શાંત થા, ઉચ્છૃંખલ ને ઉદ્ધત ન બન એ મહાજ્ઞાનીઓની વાણીને પારખ !

પરોપકાર, દયા, દાન, સત્ય, સદાચાર અને નીતિના સત્ય સિદ્ધાંતોને અપનાવી જીવનને આદર્શમય બનાવ યથેચ્છ ન વિહર, ઉન્નતિના પથે પ્રયાણ કર, નહિંતર તારા બૂરા હાલ થશે

આપણે ક્યાં છીએ ? ક્યાંથી આવ્યા અને ક્યાં જઈશું ? આપણું વાસ્તવિક કર્તવ્ય શું ? આર્ય સંસ્કૃતિ શું કહે છે ? તે બરાબર જાણી લે અનાર્ય સંસ્કૃતિના મોહપાશમાં ન ફસાઈશ

વાતો કરશો છો રામરાજ્યની, પણ ડગલે ને પગલે આર્ય સંસ્કૃતિના મૂળમાં ઘા કરીને ! જ્યારે આ દેશમાં આર્ય સંસ્કૃતિ ફાલી-ફૂલી હતી, તે વખતનું વાતાવરણ કેવું સુંદર હતું ? પ્રાતઃકાલ તો પ્રભુભજનો અને સ્તોત્રોથી ગુંજી ઉઠતો હતો, બાળકો માત-પિતાના ચરણો ચૂમતા હતા, વડીલોની આજ્ઞા માટે બધું કરી છૂટવા તૈયાર હતા આર્ય વિદ્યાનો પ્રચાર હતો, દેવ, ગુરુ, અને ધર્મની ઉપાસનામાં જનતા તન્મય હતી, તે જમાનામાં બહુ સહેલાઈથી પેટ ભરાતું હતું ધર્મના માટે પ્રાણાર્પણ કરવા તૈયાર થનારા નરવીરોના દાખલા ઈતિહાસમાં ક્યાં ઓછા નોંધાયા છે !

આજનું શિક્ષણ, આજની જાહેર પ્રવૃત્તિઓ,

ખોરાક, આજના નાટક-સિનેમા ને ચલચિત્રો, ક્રિકેટની રમતો, ને નિત્ય પ્રગટ થતા વર્તમાનપત્રો, સસ્કૃતિધ્વસક યોજનાઓ, અનાર્ય શિક્ષણ, કુસગતિ, વિકૃત વાચન, હોટલો અને રેસ્ટોરાના ખાણા, આજનો ઉચ્છખલ વેશ અને સ્વચ્છદી જીવન, ઉચ્છૃખલ વર્તન, ખોટો બકવાદ, અનીતિ ને દગો, ઉપરની સફાઈ અને હૃદયમા દભ, શુ આ બધુ આર્યદેશમા શોભે ? હજી પણ એ અનાર્ય સસ્કૃતિના મોહમા ન તણાઓ અને આર્ય સસ્કૃતિને અપનાવી જીવનને અજવાળો એ જ એક અભિલાષા

બે જાતની સ્ટીમર

એક સ્ટીમર એવી છે કે જેમા એક બાજુ રેડિયો વાગે છે વીજળીના પખા છે રમત-ગમતના સાધનો છે ભોજન માટે માનમિષ્ટાન્ન અને તરેહ તરેહની વાનગીઓ છે સુવા માટે પલગ વગેરે અનેકવિધ સાધન-સામગ્રી છે, પણ એ છે કાણી, અધવચ્ચે તૂટી પડે તેવી છે બેસારુને મહાસાગરમાં ડૂબાડનારી છે એ વાત નિશ્ચિત છે

જ્યારે બીજી સ્ટીમર એવી છે કે જેમાં સુખ-સગવડના સાધનો નથી સુદર ભોજન સામગ્રી નથી, બલ્કે લુખ્ખુ સૂકુ ભોજન છે, સુવાને પલગ નથી પણ સામાન્ય બીસ્તર છે રેડિયો-પખા કે ઇલેક્ટ્રીક વગેરે કઈ જ નથી તદ્દન સાદી છે પણ એ સામે પાર જલ્દી પહોચાડે તેવી છે અધવચ્ચે તૂટે તેવી નથી, પણ ખૂબ જ મજબૂત છે બોલો કઈ સ્ટીમરમાં બેસશો ?

એક છે—ભોગી જીવન, ત્યારે બીજુ છે—સાધુજીવન.

૧૫

વિનાશના માર્ગે

આજે નાના કે મોટા સઘળા ય મનુષ્યોને જીવન કેમ ચલાવવુ એ એક મૂંઝવણનો પ્રશ્ન થઈ પડ્યો છે માનવી જ્યા ત્યા રોદણા રૂવે છે ક્યા જવું? શું કરવું? કોને કહેવું? ભિખ કેમ મગાય? અરે! આ જમાનામા ભિખ પણ પૂરી ન મળે જ્યાં જુઓ ત્યા લોકોને ખાવા પીવાના સાસા, બેસવા–ઊઠવાના સાસા, પહેરવા ઓઢવાના સાસા, હજારો તો શુ બલ્કે–લાખો જીવોની ખૂના–મરકી, ચોતરફથી ભય, જાનમાલનુ રક્ષણ કેમ કરવુ? ઘડી પછી શુ થશે તેની ચિંતા? આવી વિષમ પરિસ્થિતિમાથી માનવી પસાર થઈ રહ્યો છે, આશ્ચર્યની વાત તો એ છે કે, આટઆટલી દુખની પરિસ્થિતિ ને બરબાદી અનુભવવા ને નિહાળવા છતાય માનવીની આખ ઉઘડતી નથી આટઆટલી યાતનાઓનો સામનો કરવા છતા ય વધુ ને વધુ હેરાનગતિ ને દુખ આવી પડે છે પણ આ બધુ શાથી બને છે? એનો કદી એકાંતમાં વિચાર કર્યો?

આગમસૂત્રના ૭ ૫ મા સૂત્રના

દુનિયામા વારવાર દુકાળ વગેરે કેમ પડે છે? શાથી દુનિયા ત્રાહીતોબા પોકારે છે? એ વગેરેના કારણો બતાવ્યા છે

એ સૂત્રમા સાફ સાફ જણાવવામા આવ્યુ છે કે અકાળે વરસાદ પડવો, કાળમાં યાને સમયસર જોઇતો વરસાદ ન પડવો, અસાધુ યાને ભોગીઓની પૂજા, ભોગી તરફ પૂજ્યદૃષ્ટિ અને પૂજ્ય ત્યાગી નિર્ગ્રંથ સાધુઓની અપૂજા, નિંદા અવગણના, હીલના, પૂજનીય ગુરુજનો વિષે મિથ્યાભાવ, આદિ બીજા પણ પાચ કારણો એમ દશ કારણે દુ ખની સ્થિતિ ઊભી થાય છે

જ્યારે ને ત્યારે જગતમા સાચા સતો કે જે સાચા અહિંસક, તમામ જીવોની રક્ષા કરનારા, હમેશા સત્ય બોલનારા, સદતર ચોરીનો ત્યાગ કરનારા, (તણખલા જેવી વસ્તુ પણ બીજાની રજા વિના નહિ ગ્રહણ કરનારા), નવ વાડથી શુદ્ધ નૈષ્ઠિક બ્રહ્મચર્યને પાળનારા, એક કોડીનો પણ પરિગ્રહ નહિ રાખનારા, કેશ-વાળનો લોચ કરનારા (હાથથી વાળ ઉખાડનારા) કોઈપણ જાતના વાહનના ઉપયોગ વિના પગે ચાલી દેશો દેશમા વિચરી જનતાને અહિંસા, સત્ય, નીતિ અને સદાચારના પાઠ શીખવનારા, એવા નિષ્કારણ બધુ, કચનકામિનીના ત્યાગી, મહાવ્રતધારીઓ જ પૂજ્ય લેખાયા છે, અને તે જ ત્યાગી નિર્ગ્રંથ ગુરુઓની સેવા-ભક્તિ-ઉપાસનાથી અસખ્ય પ્રાણીગણ આત્મકલ્યાણના પુનિત પથે વિચર્યા છે, પણ જ્યારે આથી ઊલટી સ્થિતિ આજે આપણે નજરોનજર નિહાળીએ છીએ ત્યારે તેનુ વિપરીત ફળ દુનિયા અનુભવી રહી છે, તે પણ દીવા જેવી સાવ સ્પષ્ટ

વાત છે જે સાધુ સતો ને ત્યાગી નિર્ગ્રંથ ગુરુઓના ઉપદેશામૃતથી જગત કલ્યાણના માર્ગે વળે છે, જેમની સેવાથી ક્રોડો ભવોના પાપો ટળે છે અને અંતે આત્મા મુક્તિ મેળવે છે, એવા પૂજ્ય ત્યાગી-સાધુઓની સેવા-ભક્તિના બદલે તે જ પવિત્ર સાધુ સસ્થાની નિંદા-અવહેલના, તેમના નાનામા નાના દૂષણ પણ જગત સમક્ષ મોટા ચિતરી બતાવવામા આવે, તેમના પર અછતા કલકો અપાય, દુનિયાભરના સાધુઓ કરતા જે સાધુઓના ત્યાગનો જોટો શોધ્યો જડે તેમ નથી, તેવી ઊચી સાધુ-સસ્થાની જ્યારે અવગણના થાય, ત્યારે જગતની ખરેખર પડતી થાય એ શુ સ્વાભાવિક નથી ?

જે ધર્મ અહિસા, સયમ અને નીતિના પાઠો શીખવે છે, જેમા "સૌ કોઈનુ ભલું કરો" એવી ઉદાર ને વિશાળ ભાવના સમાયેલી છે, જે તમામ આત્માઓનુ એક સરખુ રક્ષણ કરવાનો ઉપદેશ આપે છે, જે ઈહપરલોકમા સુખી કરનાર, અતે સાચી આબાદી અને આઝાદી અર્પનાર, હંમેશને માટે સુખી કરનાર, શાશ્વત શાતિના ધામમા પહોચાડનાર, સાચા શરણરૂપ છે, એવા જૈનધર્મને પણ હમ્બગ કહેનારા મળી આવે છે, અને ધર્મ એ તો ઝઘડા કરાવનાર છે, એવી ચોકળ વાતો કરી દુનિયાને ઊધે રસ્તે દોરે છે, તેથી અધર્મ અને અનીતિ પ્રબળ બને છે, હજારો-લાખો પ્રાણીગણનો સહાર થાય છે અને દુનિયા ધર્મકર્મથી વિમુખ બને છે આજે માણસોને સાચા સતો ભારરૂપ માલૂમ પડે છે, તે શુ સૂચવે છે ? વિનાશ કાળે વિપરીત બુદ્ધિ જેવુ શુ નથી જણાતુ ?

પરમાત્મબુદ્ધિએ ભગવાન શ્રી જિનેશ્વર દેવોની સન્મુખ

જે જે વસ્તુઓ ધરવામા–ચડાવવામા આવે છે, તે નિમિત્તે જે કઈ બોલી, ઉછામણી આદિથી ઉત્પન્ન થયેલુ દ્રવ્ય તે દેવ દ્રવ્ય તરીકે લેખાય છે એવા દેવદ્રવ્ય ઉપર આંખ ફાટે, હોઈયા કરવાની ભાવના થાય, પણ તિજોરી ભરપૂર હોય ત્યા આખ ન ફાટે, લાખ્ખોની આવક હોય ત્યા એમ ન થાય કે આ બધુ ધન એકઠુ કરીને શુ કરવાનુ છે? ક્રોડો યા અબજોની મિલ્કત હોય તો ય અહી જ મૂકીને ચાલતા થવાનુ છે 'અરે! હુ તો તિજોરી કે બગલો બધુ ય અહી મૂકીને પરલોકના માર્ગે અચાનક રવાના થઈશ, લાવને કઈક સુપાત્રમાં ખર્ચું, સદ્વ્યય કરૂ, અને દીન અનાથનો ઉદ્ધાર કરૂ' આવી શુદ્ધ બુદ્ધિ થવી તો દૂર રહી પણ ઊલટી દેવ દ્રવ્ય ઉપર નજર જાય છે એ શુ વિનાશ કાળે વિપરીત બુદ્ધિની નિશાની નથી?

જ્યા રાજા ને પ્રજા સૌ કોઈ એક–એકને રાક્ષસની જેમ કોળિયો કરવા માગતા હોય, જ્યા એકેકનુ લોહી ચૂસવા જેવી સ્થિતિ હોય, લાખ્ખો નિરપરાધિ જીવોની ખૂનામરકી દિન ઊગે સભળાતી હોય, વાતવાતમા અનીતિ, ભાઈ–ભાઈમા ટટો, ઝઘડા, એક પૈસાની કમાણી ખાતર પરમાત્માના સોગન ખાવાની તૈયારી, પાપ કર્યા પછી પણ પાપને પાપ ન માનવુ અને ઉલટી હુશિયારી દર્શાવવી, ઊચામા ઊચી કોમોને ઉતારી પાડવી, પવિત્ર ધર્મસ્થાનો અને મદિરોને અભડાવવાની ભાવના, પરસ્પર ઈર્ષ્યા લડાઈ, એકેકની ખોદણી, કોઈનુ સારૂ કે કોઈની વાહવાહ જરાય સહન ન થાય, કોઈની વાહવાહ થતી હોય ત્યા વચમા જ ભાઈ બોલી ઊઠે,

"અરે ? જોયા, જોયા એ તો આવા છે તેવા છે ઉપરનો ડોળ છે, અંદર તો કાળા કોયલા જેવા છે" આવી આવી વાતો કરી બીજાને ઉતારી પાડવા તૈયાર, પણ મહેરબાન પોતે કેવા છે ? તેનો વિચાર કરવા જેટલી પણ તેમને ફુરસદ નથી પોતે કહે તે સાચુ, બીજા કહે તે કાચુ, જ્યાં આવું જ જોવા મળે ત્યારે શું સમજવુ ?

નાટક-સિનેમામા, વ્યસનોમા, મોજશોખમા, ટીપાર્ટીઓમા, અખબારો-છાપાઓમા હમેશના લાખો ને ક્રોડોનો દુર્વ્યય થાય છે, ત્યા બેકારી માલૂમ પડે નહિ, પણ કોઈ ધર્મામા દેવ, ગુરુ અને ધર્મની સેવા-ભક્તિમાં, ધાર્મિક ક્રિયાઓમા, સુપાત્રમા લક્ષ્મીનો સદ્વ્યય કર એ ધૂમાડો લાગે છે, આવી વાતો એ " વિનાશકાળે વિપરીત બુદ્ધિ" જેવી શુ નથી ભાસતી ? સતી સ્ત્રીઓનાં શિયળ લુટવાની જ્યાં યોજનાઓ ઘડાતી હોય, દુરાચારના સાધનો જ્યા છડે ચોક ખુલ્લા મૂકાતા હોય, પવિત્રતાને અવગણી ભ્રષ્ટાચાર વધારવાની હીલચાલો જ્યાં ખુલ્લં ખુલ્લા ચાલતી હોય, પવિત્ર ધર્મસિદ્ધાંતોને અભરાઈએ મૂકવાનાં કોડ ઉઠતા હોય એ શુ વિનાશની નિશાની નથી ? ખરે જ દુનિયા વિનાશના માર્ગે ધસી રહી છે કૂવે ભાંગ પડવા જેવી આજની સ્થિતિ છે કોઈ ડાહ્યા મહાપુરૂષો સાચુ સમજાવે તે તો આ કાળમાં ગાંડામાં જ ખપે છે, તેમની વાતો હમ્બગ જેવી માલૂમ પડે છે આ બધુ શુ સૂચવે છે ? દુનિયા આપમેળે વિનાશની ઊંડી ખાઈમા ગબડી રહી છે હજી પણ સૌ સમજે અને જાગ્યા ત્યાથી સવાર ગણી સત્યના પૂજારી બને, અહિંસાના સાચા જૈન સિદ્ધાંતને પીછાણે, અનીતિ અને અસત્યને

દૂર સુદૂર હડસેલી મૂકી વિનાશના માર્ગથી પાછી હઠે, તો સમજીશુ કે, એ પાપની ધગધગતી ભઠ્ઠીમાથી જેટલા બળતા બચ્ચા તેટલા ભાગ્યશાળી

આવી વિષમ પરિસ્થિતિમા પણ હજી આ આર્યદેશનો એટલો વિનાશ નથી, તેનુ કારણ એ છે કે આ દેશમા હજી સચા સતો- યાગી નિર્ગ્રંથો વિદ્યમાન છે સાચા સિદ્ધાતને સમજાવનાર મહાપુરુષો બેધડક સત્ય તત્ત્વોનો પ્રચાર કરી રહ્યા છે ધર્મી જનતા તન, મન ને ધનથી ધર્મની સેવા બજાવી રહી છે સાચા તપસ્વીઓ જગતમા વિદ્યમાન છે તે મહાન્ ત્યાગી મહાત્માઓનો જ પ્રભાવ છે બાકી દુનિયા તો વિનાશના માર્ગે ઉલટી રહી છે

જ્યારે હિસા, અસત્ય, અનીતિ ને દુરાચારનુ સામ્રાજ્ય જગતમા ફેલાય છે, ત્યારે દુનિયાની બરબાદી થાય છે. અને આજે જ્યા જુઓ ત્યા એ જોવા-સાભળવા મળે છે. દુનિયા તમામ પ્રાણીગણની યાને નાનામાં નાના જીવ-જતુથી લઈ યાવત્ મોટામા મોટા પ્રાણીની રક્ષા કરતાં શીખશે, એકેન્દ્રિયથી લઈ પચેદ્રિય સુધીના તમામ જીવાત્માઓના રક્ષણની ભાવના સૌના હૃદયમા જાગશે, સર્વત્ર સૌ મત્રીભાવ રાખતા શીખશે,સત્ય ને નીતિના પથે વિચરશે,સદાચારી જીવન ગાળશે, તો સમજજો કે આબાદી જરાય છેટી નથી આબાદીની ઇચ્છા રાખનારાઓએ અહિસા, સત્ય, સદાચાર અને નીતિના સત્ય સિદ્ધાતોને સમજીને સત્યપથે વિચરવુ પડશે.

૧૬

ખરી સ્વતંત્રતા

આ દુનિયામા દરેક સજ્ઞાન પ્રાણી સ્વતંત્ર થવાને ઈચ્છે છે એક કીડી જેવુ અજ્ઞાન પ્રાણી પણ ડબ્બીમાં પુરાતા બહાર નીકળવા ઈચ્છે છે કોઈને પણ બધનો ગમતા નથી આત્માને જો વાસ્તવિક સ્વતત્રતા પ્રાપ્ત થાય તો પછી કોઈ જાતનું દુ ખ કે ઉપાધિ રહેતી નથી, પણ વાસ્તવિક સ્વતત્રતા કોને કહેવી ? તેનુ સ્વરૂપ શું ? એ સમજવાની ખાસ જરૂર છે પરતુ આજે સ્થિતિ એ છે કે–કોઈ મહાપુરુષ વાસ્તવિક સ્વતત્રતા પ્રાપ્ત કરવાના ઉપાયો દર્શાવે તો તે સાભળવાની પણ ફુરસદ નથી ભોળા માનવીને ખબર નથી કે અનાદિ કાળથી કર્મરાજાની જબરજસ્ત કેદમા હુ સપડાયેલો છુ, અનાદિકાળથી હું પરતત્ર છુ તેણે એ વિચારવુ ઘટે છે કે કદી અનિષ્ટ સયોગ થાય છે, કદી અસાધ્ય રોગોથી ઘેરાઉ છુ, મારુ ધાર્યું કશું જ થતું નથી, હું જેની ઈચ્છા કરુ છુ તે વસ્તુ મારાથી દૂર–સુદૂર ભાગે છે, એનુ કારણ શુ ? અનાદિકાળથી આત્મા જન્મમરણની બેડીમા જકડાયેલો છે, તેને તોડવા શુ કર્યું ? કર્મ બેડી તોડવા માટે તેણે અમે

તેવો ભગીરથ પુરુષાર્થ કરવો પડે તો પણ કરવો જોઈએ પણ સાચી સ્વતંત્રતા મેળવવાની વાતથી આત્મા ગભરાય છે, દૂર-સુદૂર ભાગે છે, કારણ એ જ કે અનાદિકાળથી તે પુદ્ગલાનંદી બનેલો છે પુદ્ગલના સંસર્ગમાં જ તેને વધુ આનંદ આવે છે

મનુષ્યે એ પણ વિચારવું જોઈએ કે, ગમે તેવું મોટું સામ્રાજ્ય મળી જાય, ગમે તેટલું જર-જવાહર પ્રાપ્ત થાય, હજારો સેવકો "ખડે જાવ મહેરબાનની" બાગ પોકારે પણ અંતકાળે એમાંથી એકેય કામ આવનાર છે? કોઈની તાકાત છે કે આપણને કાળરાજાના કબ્જામાંથી છોડાવી શકે? તે અવસરે ખબર પડશે કે 'ખરેખર હું પરતંત્ર છું ક્ષણવિનશ્વર સ્વતંત્રતા મેળવવા માટે, મેં મારું જીવન અર્પણ કર્યું, પણ સાચી સ્વતંત્રતા કે જેનાથી આત્માનું અનંત સુખ પ્રગટ થઈ શકે તે મેળવવા માટે મેં જરાયે પ્રયત્ન ન કર્યો ખરે જ હું પામર છું, મંદમતિ-મહામૂર્ખ છું'

નમિરાજર્ષિના પ્રસંગને જરા વિચારો તેઓ જેવા તેવા માનવી ન હતા મહાન રાજવૈભવના વિલાસી વાતાવરણમાં ઉછર્યા હતા સેંકડો સેવકો સેવામાં હાજર હતા રાણીઓ દાસીની જેમ ખડે પગે આજ્ઞા શિરોમાન્ય કરતી હતી મોટી મોટી મ્હેલાતો ખડી હતી સુખ-સાહ્યબીની કશીય કમીના ન હતી તેમની આણ અખંડપણે સારાય રાજ્યમાં પ્રવર્તતી હતી,બોલો તે સ્વતંત્ર છે કે પરતંત્ર? બાહ્યદૃષ્ટિ આત્માઓને આ નમિરાજા સ્વતંત્ર લાગશે, પણ અંતર્દૃષ્ટિ આત્માઓ તેને પણ ખરેખરો પરતંત્ર જ સમજશે

બાહુય હોવા છતાં કર્મોની ગુલામીથી તે [illegible] કર્મશત્રુઓ ક્યારે અચાનક હુમલો કરશે, તેની [illegible] ન હતી. થોડા જ દિવસોમાં તે નમિ [illegible] દાહજ્વર ઉત્પન્ન થયો. ભયંકર પીડા થઈ. [illegible] મહિના વીત્યા પણ કોઈ પ્રકારે વેદના શાંત ન થઈ. [illegible] રાણીઓ ચંદન ઘસી-ઘસીને વિલેપન કરવા લાગી. [illegible] સેંકડો ઘડા દેહ પર રેડાયા, છતાં શાંતિ [illegible] થઈ જ્યાં અંતરની અશાંતિ હોય ત્યાં બહાર [illegible] શું કામના? માટે જ બહારની સ્વતંત્રતા [illegible] સ્વતંત્રતાની અતીવ આવશ્યકતા છે. [illegible] કારણ છ છ મહિના સુધી વિઘ પણ [illegible] ચંદન ઘસે છે ત્યારે હાથ પર [illegible] ઘરેણાનો ખણખણ અવાજ થાય છે, [illegible] અશાંતિ પેદા કરનાર છે, તેમ [illegible] મંગળ કંકણને રાખી બધાય [illegible] ઉતારી નાખ્યા. મહેલનું વાતાવરણ [illegible] નમિરાજાએ સેવકોને પૂછ્યું. થોડી [illegible] શબ્દનો ગુંજારવ થતો હતો અને [illegible] કેમ? તેનું કારણ સેવકોએ [illegible] નમિરાજને ભાન થઈ ગયું [illegible] દુનિયામાં શુભ-અશુભ થાય છે [illegible] જન્ય છે. ખરેખર હું [illegible] જકડાયેલો છું. આ રાજ્ય, [illegible] આદિ સુખસામગ્રી ઘણીય [illegible] મારી વેદનાને મટાડવા-દૂર [illegible]

રોગથી મુક્ત થાઉં તો જરૂર આ બાહ્યસંગ છોડી સાચો સ્વતંત્ર થવા કટિબદ્ધ થાઉં સાચી સ્વતંત્રના મેળવવા શ્રી સર્વજ્ઞ પરમાત્માએ કથન કરેલી ભાગવતી પ્રવ્રજ્યાના પુનિત પંથને સ્વીકારું આવી શુભ ભાવના ભાવતો નમિરાજા નિદ્રાધીન થયો અર્ધ નિદ્રામા તેણે એક સ્વપ્ન નિહાળ્યું કે 'હુ હાથી ઉપર બેસી મેરુપર્વત ઉપર ચઢયો' પ્રાતઃકાલ થતા નિદ્રા ઊડી ગઇ ઉઠતાની સાથે જ નમિરાજાની છ-છ મહિનાની દાહજ્વરની પીડા એકદમ શાંત થઈ ગઈ તેમણે વિચાર્યું ધર્મની શુભ ભાવનાના પ્રતાપે મારી વેદના તદ્દન શાંત થઈ ગઈ ખરે જ જગતમા દેવ, ગુરુ અને ધર્મ સિવાય સાચા શરણરૂપ અન્ય કોઈ નથી રાત્રિએ જોએલ સ્વપ્નનું નમિરાજાએ પુનઃસ્મરણ કર્યું સ્મરણ કરતા કરતા વિચારમા ચઢયા અહો! મે ગમે ત્યારે મેરુપર્વતને જોયો છે વધુ વિચારમા ચઢતા જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું જેથી પોતાના પૂર્વભવો નિહાળ્યા પોતે શુક્ર નામના દેવલોકમા જ્યારે હતા ત્યારે પરમાત્મા અરિહંતદેવનો જન્માભિષેક કરવા મેરુપર્વત પર ગયા હતા વગેરે દશ્યો તેમની નજર સામે ખડાં થયા સંસારની અસારતા નિહાળી કંકણના નિમિત્તમાત્રથી એકાકીપણું જ સુખકર છે, કર્મોનો હું પરતંત્ર છુ, અનાદિકાળથી તેની ગુલામી કરી રહ્યો છુ એમ વિચારી સત્વર પરતંત્રતાથી મુક્ત થવા, સાચી સ્વતંત્રતા મેળવવા ચારિત્રધર્મ-ત્યાગધર્મને અંગીકાર કરવા તૈયાર થયા અને તે નમિરાજર્ષિ પ્રત્યેકબુદ્ધ તરીકે પંકાયા ઇંદ્રે તેમને ચારિત્રધર્મની કઠીનતા સમજાવી, છતાંય તેઓ

વૈરાગ્યમાર્ગથી અંશમાત્ર ડગ્યા નહિ તેઓ સુંદર ચારિત્ર પાળી, અને સાચી સ્વતંત્રતાને મેળવી, શાશ્વત ધામમાં સીધાવ્યા જ્યાં હંમેશના માટે સુખી થયા

ધન્ય છે એ સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરનાર નમિ રાજર્ષિને !

એક યુવક

ગામ આદરજનો આ એક પ્રસંગ છે અને સાચી બનેલી આ ઘટના છે પિતાએ પોતાના બહુ લાડા પુત્રને ભણાવ્યો હોશિયાર ગ્રેજ્યુએટ થયો તેના મિત્રો પણ ગ્રેજ્યુએટ જ હોય એ સ્વાભાવિક છે એક વખત પોતાને ત્યાં આ યુવકે મિત્રોને આમંત્ર્યા ખુરશી ટેબલ ગોઠવેલા જ હતા । ચા-પાર્ટી અપાણી પરસ્પર સૌ આનંદપ્રમોદ કરવા લાગ્યા બીડી વાળાની લહેર ચાલતી હતી તેવામાં જ એક વયોવૃદ્ધ માણસ ત્યાં આવ્યો એ વૃદ્ધના હાથમાં કચરો સાફ કરવા માટે સાવરણી (ઝાડુ) હતી તેણે આખાય રૂમમાં સાવરણીથી કચરો સાફ કરી નાખ્યો મિત્રોએ યુવાનને પૂછ્યું Mister who is this—આ કોણ છે ! ત્યારે એ યુવકે જવાબ આપ્યો This is my Servent આ મારો આદમી છે (નોકર છે) આ સાંભળ્યું તે પણ પ્રશ્ચિત થયા । ઘણા શબ્દો જાણતો હતો, અનુભવી હતો તરત જ એ વૃદ્ધ બોલી ઉઠ્યો

ભાઈ ! હું એનો આદમી નથી પણ હું એની માનો ધણી છું સૌ આ સાંભળીને દિંગ જ થઈ ગયા આજે તો બાપને બાપ કહેતા શરમ આવે છે પાશ્ચાત્ય કેળવણીના સંસ્કારો માણસને જંગલી બનાવે છે તેનો આ એક નમૂનો છે ત્યારે તમારા પુત્રોને કેવા સંસ્કારો અને કેવું શિક્ષણ આપશો ?

૧૭

જૈનશાસનની વિશાળતા

જૈનશાસન અજોડ છે, તેની દૃષ્ટિ અત્યંત વિશાળ છે તેમાં જીવોનુ સૂક્ષ્મમા સૂક્ષ્મ સ્વરૂપ દર્શાવવામા આવ્યુ છે કારણ કે, એ શાસનના પ્રરૂપકો શ્રી સર્વજ્ઞ ભગવતો હતા, અને તેથી જ તેઓએ ચરાચર વિશ્વનુ, પળે પળે પલટાતી, દુનિયાનુ, તેમજ ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણેય કાળનુ યથાર્થ સ્વરૂપ દર્શાવી જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે

શ્રી સર્વજ્ઞ પરમાત્માએ નવતત્ત્વની પ્રરૂપણા કરી પ્રથમ જીવનુ સ્વરૂપ દર્શાવતાં જણાવ્યુ કે —चेतनालक्षणो जीव । જેનામાં ચેતના હોય તે જીવ કહેવાય પછી ભલે તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ક વનસ્પતિ હોય, અથવા જતુ, કીડા, પશુ, પક્ષી કે મનુષ્ય હોય

આધુનિક વૈજ્ઞાનિકો પણ વનસ્પતિમાં જીવ માનવા લાગ્યા છે જગદીશચદ્ર બોઝે વનસ્પતિમા જીવની સિદ્ધિ કરતા જણાવ્યુ કે–વનસ્પતિ પણ સકોચ તથા વિકાસને પામે છે, હર્ષ–વિષાદને અનુભવે છે વનસ્પતિમા પણ આહાર, ભય, મૈથુન, પરિગ્રહ આદિ સજ્ઞાઓ રહેલી છે પાણીનાં

એક બિંદુમા શ્રી જૈનશાસને અસખ્યાત જીવો કહ્યા છે તે વાતને આજના વૈજ્ઞાનિકોએ સૂક્ષ્મદર્શક કાચવડે હજારોને લાખો જીવો પાણીમાં હોવાનુ સાબિત કરી મોટી પુષ્ટિ આપી છે

હજારો વર્ષ પહેલા આજના જેવી સાધન સામગ્રી કે આજના જેવા યત્રો વગેરે ન હતા છતાં તેમણે જીવોનુ સૂક્ષ્મમાં સૂક્ષ્મ બારીક સ્વરૂપ બતાવ્યુ છે તેથી સામાન્ય માનવી પણ એટલું તો જરૂર સમજી શકશે કે, તેઓ અતિશય જ્ઞાની હતા, કેવળજ્ઞાની હતા તે કેવળજ્ઞાની મહાપુરુષોએ સમસ્ત જગતને એ ઉપદેશ આપ્યો છે કે—

सव्वे जीवा, सव्व पाणा, सव्वे भूआ, सव्वे सत्ता,
न हतव्वा, न परितावेयव्वा ॥
सव्वे पाणा पियाउआ, अप्पियवहा, सुहसाया ।
दुक्ख पडिकुला, सव्वे वि जीविउकामा सव्वेसिंजीवियपिय ॥

જગતના સઘળાય પ્રાણીઓ જીવવાની ઈચ્છા રાખે છે સૌને સુખ ઈષ્ટ છે અને દુખ અનિષ્ટ છે, કોઈ મરવાને ઈચ્છતું નથી અપૂર્વ ઋદ્ધિ સિદ્ધિમા મ્હાલનાર ઇંદ્ર પણ જીવવાની આશા રાખે છે, તેમ વિષ્ટામા રહેલો કીડો વિષ્ટામા રહીને પણ જીવનને ચાહે છે બન્નેને મરણનો ભય સરખો જ છે, માટે દરેક પ્રાણીનુ રક્ષણ કરવું જોઈએ પછી ભલે તે એકેન્દ્રિય હોય કે બેઇન્દ્રિય હોય, જાનવર હોય કે મનુષ્ય હોય, આપણે એમ સમજવું જોઈએ કે પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને વનસ્પતિમા અને અમારા આત્મામા જરાય ફરક

નથી તે એકવાર કીડી પણ થાય છે અને એકવાર કુંજર પણ થાય છે, કારણ કે સંકોચ વિકાસ એ એનો ધર્મ છે કર્મવશ એનો એ આત્મા જુદી જુદી યોનિયોમા ઉત્પન્ન થાય છે સૌનો આત્મા સરખો છે સૌને દુઃખ અનિષ્ટ છે અને સુખ ઇષ્ટ છે, માટે સૌનું એક સરખું રક્ષણ કરવું જોઈએ

એમ નહિ કે–આપણને જે હરકત કરે તેને મારવામા પાપ નથી આવું વચન તે હિંસક વચન છે દયાળુ હૃદયની આ વાણી નથી આ તો સર્વજ્ઞ પરમાત્માનુ શાસન છે, આ તેની વિશાળ દૃષ્ટિ છે–કે કોઈ પણ જીવ–આત્મા આપણું બૂરું કરે, આપણને સતાવે તો પણ તેનુ રક્ષણ કરો પછી ચાહે તો તે પશુ હોય કે મનુષ્ય હોય !

જે શાસનમા આટલી બધી ઉચ્ચતા, આવી લોક કલ્યાણની ભાવના, સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રાણીની પણ રક્ષાનો ઉપદેશ, બૂરું કરનારની અને બૂરું ચિંતવનારની પણ રક્ષા, તેનું ભલુ થાઓ એ જ એક ઉચ્ચ ભાવના સમાયેલી છે, તેને અજોડ–અદ્વિતીય કહેવામા શું હરકત છે ?

જિનેશ્વર દેવોએ 'मित्ती मे सव्वभूएसु એ સૂત્રનો લલકાર્યું અને જગતને ઉત્તમોત્તમ માર્ગ દર્શાવ્યો જૈનાચાર્યોએ પણ બૃહચ્છાંતિ સ્તોત્રમા ઉચ્ચાર્યું કે–जनपदानां शान्तिर्भवतु । 'તમામ દેશવાસીઓ શાંતિ અનુભવો

મારાય વિશ્વનુ કલ્યાણ થાઓ સૌ સઘળા દોષો નાશ પામો અને 'સર્વત્ર સૌ સુખી થાઓ' આવી ઉચ્ચ ભાવના જે

શાસનમા સમાયેલી છે તે શાસનની અજોડતા અને વિશાળ દૃષ્ટિ સિદ્ધ કરવા માટે ઉપર્યુક્ત વસ્તુ પૂરતી છે

હિંસા અને અહિંસાનુ સપૂર્ણ સ્વરૂપ જૈનશાસનમા જેવું મળી આવશે, તેવું ધરતીના પડમા બીજે નહિ મળે

પરમાત્માનો એ ઉપદેશ છે કે, એકેન્દ્રિયથી લઈ પચે ન્દ્રિય સુધીના તમામ આત્માનુ રક્ષણ કરો ભલે પછી આપણે બધાનુ રક્ષણ ન કરી શકીએ, પણ આપણા અતરમા તો તમામ પ્રાણીગણની રક્ષાની જ ભાવના હોવી જોઈએ,સ્વાર્થથી નહિ, કેવળ પરમાર્થવૃત્તિથી કરાયેલુ રક્ષણ-પળાયેલી દયા તે જ અહિંસા અને તે જ પરોપકારવૃત્તિ કહેવાય

સ્વાર્થવૃત્તિથી દયા કોણ નથી પાળતું ? કસાઈ પણ પોતના બાળબચ્ચાનુ રક્ષણ કરે છે સૌ કોઈ પોતાના કુટુબનુ રક્ષણ કરે છે પણ તે વાસ્તવિક દયા ન કહેવાય તે કહેવાય સ્વાર્થવૃત્તિ, તાત્પર્ય કે નિ સ્વાર્થવૃત્તિની અને શુદ્ધ બુદ્ધિની અહિંસા એ જ અહિંસા છે, એમા જ ધર્મ સમાયેલો છે અને તે જ મહાન્ ફળદાયક છે ત્રણેય કાળમાં જેનો એક સરખો ઉપદેશ છે, (એમ નહિ કે ઘડીમા આમ અને ઘડીમાં તેમ) જેના સિદ્ધાંતો ત્રણેય કાળમા અબાધ્ય છે જેમાં જરાય વિસવાદિતા નથી, તે જૈનશાસન સર્વત્ર સૌને એક સરખુ આરાધ્ય છે, ઉપાદેય છે અને તેની આના પાલનમા જ સર્વનુ કલ્યાણ છે

શ્રી જૈનશાસનની અજોડતા અને તેની વિશાળતા સૌ કોઈ સમજી, આત્મકલ્યાણના પુનિત પથે વિચરે,

સત્ય સ્વરૂપ એક અભિલાષા

૧૮

‘ હું કોણ છું ? ’

એક મુનિવર રાજમાર્ગથી પસાર થઈ રહ્યા હતા સામેથી એક હૃષ્ટપુષ્ટ માનવી અભિમાનમા અક્કડ થઈને આવી રહ્યો હતો અજાણમા તેને મુનિશ્રીનો ધક્કો લાગતા જ મહેરબાન ચમક્યા ‘ અરે જોગટા ! જોતો નથી ! હુ કોણ છુ ? ખબર નથી ? પ્રણામ કરવા તો દૂર રહ્યા પણ આંખો કાઢીને તે તો મુનિશ્રીની સાથે ઝઝુમવા લાગ્યો મુનિશ્રી ઠંડે કલેજે બધુ ય સાભળી રહ્યા મહેરબાન જ્યારે જરા ધીમા પડ્યા ત્યારે મુનિશ્રીએ ગંભીરતાથી તેને જણાવ્યુ કે ‘ તું કોણ છે ? તે હું જાણુ છુ તારે જાણવું છે ? તું કોણ છે ? સાભળ ! રે કાળા માથાના માનવી ! શા માટે તું આટલુ અભિમાન કરે છે ? તને ભાન છે કે તું ક્યાથી આવ્યો ? એક વખત અનાદિ નિગોદ–અવ્યવહાર–રાશી–સૂક્ષ્મ નિગોદમા તુ હતો નહિ જેવી જગ્યામા તે અનંત કાળ વિતાવ્યો એક શ્વાસોશ્વાસમા તો સત્તરથી અધિક જન્મ–મરણ તે ત્યા સહ્યા માત્ર ૨૫૬ આવલિકાનુ જ તારુ ત્યા આયુષ્ય હતું ત્યા બેભાન દશામા તું હતો જે કોટડીમા દશથી વધારે ન સમાય તેવી નાની

જગ્યામાં અનંતાનંત આત્માઓ સાથે રહેતા હતા ત્યાં તે અનંત દુઃખની સ્થિતિ અનુભવી, ઘૂણાક્ષર ન્યાયે કંઈક લઘુકર્મી થતા ત્યાંથી નીકળી બાદર નિગોદમાં તું આવ્યો પૃથ્વી, પાણી અગ્નિ ને વાયુ પણે અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ સુધી અનેક વાર ત્યાં ને ત્યાં તે જન્મ-મરણના અસહ્ય દુઃખો સહ્યા લઘુ મી થતા-અકામ નિર્જરા કરતો કરતો શંખ, કોડા, ઈયળ, ભ્રમર, મચ્છર, અને માખીરૂપે તું થયો બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, અને ચઉરિન્દ્રિય પણે તું જન્મ્યો સાપ નોળિયો, વીંછી, અને સિંહ રૂપે પણ તું થયો ક્રૂર કર્મોના પ્રતાપે તે નારકીના ઘોર દુઃખો સહ્યાં કુંભીપાકમાં તું પાક્યો, શીત-ઉષ્ણની અત્યંત વેદના તેં સહી, પરમાધામીઓએ તારા બારીકમાં બારીક કકડા કર્યા-પાછો તું પારાની મ ફેક મળી ગયો વૈતરણી નદીમાં તું પડ્યો મહાદુર્ગંધમય ઘોર અંધકારના સ્થાનમાં તું રહ્યો શતસહસ્ર નહિ, બ કે ઓછામાં ઓછા દશ હજાર વર્ષની, અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સખ્ત કેદ નરકમાં તે ભોગવી આમ અનંતકાળ ભમ્યો ! અરે ! કોઈ એવી યોનિ નથી, કોઈ એવું કુળ નથી, અને કોઈ એવી જાતિ નથી કે જ્યાં તું ન ભમ્યો હોય મળ-મૂત્રમાં તું પેદા થયો અરે ! વિષ્ટામાં કીડો થઈને ખદબદ કરતો હતો એ જ તું ને ?

જરા માલમ ! એકેક પ્રદેશમાં તે અનંત જન્મ-મરણો કર્યાં ચોરાશી લાખ યોનિમાં ભમી, તું જે માતાના ઉદરમાં આવ્યો, ત્યાં પિતાના વીર્યનો અને માતાના રુધિર-લોહીનો પેદા થતા જ તે આહાર કર્યો સાત દિવસ તું કલલરૂપે રહ્યો ત્યારબાદ સાત દિવસ બુદબુદરૂપે બન્યો એ જ કેમ ને ?

૧૮

‘ હું કોણ છું ? ’

એક મુનિવર રાજમાર્ગથી પસાર થઈ રહ્યા હતા સામેથી એક રુષ્ટપુષ્ટ માનવી અભિમાનમા અક્કડ થઈને આવી રહ્યો હતો અજાણમા તેને મુનિશ્રીનો ધક્કો લગતા જ મહેરબાન ચમકયા ‘ અરે જોગટા ! જોતો નથી ! હુ કોણ છુ ? ખબર નથી ? પ્રણામ કરવા તો દૂર રહ્યા પણ આખો કાઢીને તે તો મુનિશ્રીની સાથે ઝઝુમવા લાગ્યો મુનિશ્રી ઠડે કલેજે બધુ ય સાભળી રહ્યા મહેરબાન જ્યારે જરા ધીમા પડ્યા ત્યારે મુનિશ્રીએ ગભીરતાથી તેને જણાવ્યુ કે ‘ તુ કોણ છે ? તે હુ જાણુ છુ તારે જાણવુ છે ? તુ કોણ છે ? સાભળ ! રે કાળા માથાના માનવી ! શા માટે તુ આટલુ અભિમાન કરે છે ? તને ભાન છે કે તુ કયાથી આવ્યો ? એક વખત અનાદિ નિગોદ–અવ્યવહાર–રાશી–સૂક્ષ્મ નિગોદમા તું હતો નહિ જેવી જગ્યામા તે અનત કાળ વિતાવ્યો એક શ્વાસોશ્વાસમા તેર સત્તરથી અધિક જન્મ–મરણ તે ત્યાં સહ્યા માત્ર ૨૫૬ આવલિકાનુ જ તારુ ત્યા આયુષ્ય હતું ત્યા બેભાન દશામા તું હતો જે કોટડીમા દશથી વધારે ન સમાય તેવી નાની

શાને આટલુ અભિમાન કરે છે? દેવો ને ચક્રવર્તીઓ તેમજ રાજા રાવણનુ પણ અભિમાન ગળી ગયુ તુ કોણ તેનુ તને ભાન થયુ ?

અરે! સાભળ! એ માતાના ઉદરમા-ગર્ભમા તુ નવ નવ મહિના ઊધે મસ્તકે લટક્યો જ્યા હરાયફરાય નહિ, એવા સકુચિત સ્થાનમા તુ વસ્યો નવ નવ મહિના સુધી મળ મૂત્ર જેવા ગદા સ્થાનમા તુ વસ્યો નવ મહિના પૂર્ણ થયે અત્યત વેદનાને અનુભવતે, ચોધાર આસુએ રડતો રડતો "ઉવા ઉવા કરતો ત્યાથી તુ બહાર નીકળ્યો એ જ ને તું!"

અરે! એક વખત જ્યારે તુ ભાજી મૂળારૂપે હતો ત્યારે ટકાનો ત્રણ શેર વેચાયો અને જ્યા ત્યા પગ તળે ખૂદાયો-ચગદાયો એ જ કે તુ? અરે ભાઈ! નારકીમા તે ઘણાય પ્રકારો ખાધા અને એક મુનિના ધક્કાથી શાને આટલો, બધો ગરમ થાય છે?'

મુનિશ્રીની શાત અને ગભીર વાણી સાભળી એ તો આભો જ બની ગયો

'મહારાજ! માફ કરો! ક્ષમા કરો! હુ મહાઅપરાધી છુ,' એમ કહી ભાઈ સાહેબ તરત જ મુનિવરના ચરણમા ઝૂકી પડયા સાહેબ આપના ધક્કાએ ખરેખર મને જાગૃત કર્યો મને મારી સ્થિતિનુ ભાન થયુ હુ સમજ્યો મને જાગૃત કરો જાગૃત કરો ઉપદેશામૃત સીચી મારા આત્માનો ઉદ્ધાર કરો હે દયાળુ! હે કરુણાનિધિ! અમીદૃષ્ટિથી વાણી સુધાની વૃષ્ટિ કરી મને ભવ-દાવાનળથી બળતો બચાવો! બચાવો!!

મુનિવર તો કૃપાનિધાન જ હતા તેમણે પેલા ભાઈને મીઠી

વાણીથી ઉદ્બોધતા જણાવ્યુ કે 'હે ચેતન ! આત્મામા અનતી તાકાત છે આપણી એ અનતી તાકાત જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને વીર્ય એ અનત ચતુષ્ટયી કર્મોના ગાઢ આવરણથી દબાઈ ગઈ છે આત્મા પુદ્ગલાનદી બન્યો છે નરક નિગોદના અનત દુખો સહીસહી, લક્ષ ચોરાશી યોનિમા ભમી ભમી મહાપુણ્યે માનવદેહ મેળવ્યો છે અપૂર્વ ઋદ્ધિ સિદ્ધિમાં મ્હાલનારા દેવો પણ જે નરદેહની વારવાર માગણી કરે છે, એ ઉત્તમ માનવભવને પામી પ્રમાદનો ત્યાગ કરી, આત્મસાધન કરી લે પરમાત્મા ભગવાન મહાવીરસ્વામી, ઉગ્ર તપસ્વી, મહાત્યાગી ગણધર ભગવાન ગૌતમસ્વામીજીને પણ "खण जाणाहि पंडिए" "समय मा पमायए" એ સૂત્રોથી વાર વાર જાગૃત કરતા હતા એકેક સમય પલ-વિપળ મહામૂલી વીતી રહી છે ચૌદ પૂર્વધર પણ પ્રમાદને વશ થઈ નરક-નિગોદમાં રઝળે છે, માટે હે ભાઈ! પ્રમાદનો ત્યાગ કરી આત્મ કલ્યાણના પુનિત પથે પ્રયાણ કર! ધર્મલાભ '

આવશ્યક ભાતુ

જ્યા બે પહોર જવાપણુ, ત્યા જીવ સબલ લેહ,
જ્યા ચોરાશી લખભમણ, કેમ વિલબ કરેહ.

મનુષ્યને બે પહોરનુ ગામતરુ કરવુ હોય તોપણુ સાથે ભાતુ લઈ જાય છે જ્યારે ચોરાશી લાખ યોનિમાં પ્રવાસ કરવાના પ્રસગે ભાતુ લેવામાં કેમ વિલબ કરતો હશે? અર્થાત્ સુજ્ઞ મનુષ્યે પરલોકના પ્રવાસ માટે આવશ્યક ભાતુ અગાઉથી જ તૈયાર કરી લેવુ જોઈએ

વિહાર કરતા આ ચોરનાયકોને યોગ્ય સમજી ગુરુમહારાજે રાત્રિભોજન ન કરવા ઉપદેશ આપ્યો 'રાત્રિભોજનથી ઘણા જ જીવોની હિંસા થાય છે વળી રાત્રિભોજન કરનારાઓના શરીરમા ઘણી જાતના રોગો ઉત્પન્ન થય છે અને તેમને પરલોકમા ઘુવડ બીલ્લી, ગીધ, કાગડા, સૂઅર, વીછી, ગરોળી ઈત્યાદિ યોનિઓમા અવતાર લેવો પડે છે રાત્રિ ભોજન એ નરકનો પ્રથમ દરવાજો છે રાત્રિભોજન નહિ કરનારાઓને એક માસમા પદર દિવસના ઉપવાસનુ ફળ મળે છે' આ પ્રમાણે ગુરુમહારાજની વાણી સાભળી બન્ને ભાઈ ઓએ રાત્રિભોજનનો ત્યાગ કર્યો

એક વેળા તે બન્ને ભાઈઓએ બીજા ચોરો સાથે એક સ્થળે ધાડ પાડી ઘણી ગાયો, ઘણા પાડા અને બીજા પશુઓ મેળવ્યા ત્યાંથી પાછા ફરતી વખતે પરિવારમા રહેલા કેટલાક માણસોએ રસ્તામા જ એક પાડાને માર્યો, તેનુ માસ ખાવા બધાએ ત્યા જ પડાવ નાખ્યો તેમાથી કેટલાક દારૂ લાવવા માટે નજીકના ગામમા ગયા હવે અહી રહેલા માણસોએ પરસ્પર વિચાર્યું કે, આપણે અડધા માસમા ઝેર મેળવીએ, પેલા ગામમા ગયા છે તેમને એ આપીશું, બાકીનુ ઘણુ આપણા ભાગે આવશે આમ વિચારી તેઓએ થોડા માસમાં ઝેર મેળવ્યુ ભવિતવ્યતાના યોગે ગામમા ગયેલા માણસોના દિલમા પણ એવો જ વિચાર આવ્યો કે, આપણે દારુમા થોડુ ઝેર નાખીએ અને કર્યું પણ તેમ, આ પ્રમાણે તેઓ દારુમા ઝેર મેળવીને આવી પહોચ્યા

જ્યાં આપણા દિલમા બીજાનુ બૂરુ કરવાની ભાવના

જાગૃત થાય છે, ત્યારે સામાના હૃદયમા પણ આવી ભાવનાનુ પ્રતિબિબ પડતું હોય તેમ સામાના દિલમા પણ એવી બૂરી ભાવના પેદા થાય છે સઘળાય ચોરો કપટમા રમતા હતા, ચોર નાયક બન્ને ભાઈઓ નિષ્કપટ હતા, તેમને આ પ્રપચની ખબર ન હતી આમ પ્રપચ ખેલતા સમય ઘણો જ વ્યતીત થઈ ગયો, સૂર્યાસ્ત થયો બન્ને ભાઈઓને તો રાત્રિભોજન ન કરવાની પ્રતિજ્ઞા હતી, તેથી તેઓને ઘણી ભૂખ લ ગવા છતા પ્રતિજ્ઞામા અડગ રહી તેમણે રાત્રે ભોજન ન જ કર્યું બાકીના સઘળાય ચોરોએ દારુ અને માસ ભક્ષણ કર્યું જેથી તે બધા મરણને શરણ થયા

બન્ને ભાઈઓ પ્રતિજ્ઞામા અડગ રહેવાથી બચી ગયા નિયમ શું કામ કરે છે ? તે આ દૃષ્ટાતથી જાણવા મળે છે. નિયમ એ એક પ્રકારની વાડ છે ખેતરમા વાડ હોય તો જાનવરાદિ ઘુસે નહિ, તેમ નિયમ હોય ત્યા પાપ ઘુસે નહિ કેટલાક એમ કહે છે કે, નિયમ લઈએ અને તૂટી જાય એના કરતા ન લેવો સારો આ કથન માણુસની કમજોરી દર્શાવનારુ છે સસારના અનેક પ્રકારના બધનો આપણે હોશે હોશે સ્વીકારીએ છીએ, ત્યારે ધાર્મિક નિયમોનુ બધન સ્વીકારવામાં શું હરકત આવે છે ? વ્યવહારમા આપણે આપણી પુત્રીના લગ્ન કરતા એ વિચાર કેમ નથી કરતા કે, છોકરીને પરણાવીએ છીએ પણ એ રાડશે તો ? તેના કરતા ન પરણાવવી સારી ટ્રેન, એરોપ્લેન કે સ્ટીમર વગેરે વાહનોમાં બેસતા એ વિચાર નથી આવતો કે, આ વાહનમા બેસુ છુ તો ખરો, પણ

ટ્રેન પાટા પરથી ગબડી જશે તો ? એરોપ્લેન અધવચ્ચે તૂટી પડશે તો ? અને સ્ટીમર પાણીમાં ડૂબી જશે તો ?

છતા આપણે છોકરીને શુભમુહુર્તે પરણાવીએ છીએ વાહનોમાં બેસીએ છીએ અને વ્યવહારના એવાં અનેક કાર્યો ખૂબ હોંશપૂર્વક કરીએ છીએ, તેવી જ રીતે આપણે ધાર્મિક નિયમોનો સ્વીકાર કરવો જોઇએ તેમા જોવાનુ એટલુ જ કે નિયમ લેતી વખતે તોડવાની ભાવના ન હોવી જોઇએ કદાચ ભૂલથી તૂટી જાય તો ગભરાવાની જરૂર નથી તેનુ પ્રાયશ્ચિત લઈ શુદ્ધિ કરી લેવી જ્યારે એક વખત નિયમ તૂટવાથી દોષ લાગે ત્યારે ઘણા વખત સુધી નિયમ પાળ્યો હોય તેનો લાભ કેમ ચાલ્યો જાય ? જરૂર લાભ મળે । માટે એવા વેવલા વિચારોને બાજુ પર મૂકી, અડગ ટેક રાખી, નિયમ પાળવા કટિબદ્ધ થવુ વિરતિધારી ત્યાગીઓને ઇંદ્રો પણ સભામા બેસતા પ્રણામ કરે છે

વિધિની ઉપયોગિતા

अविहिकय वरमकय असुयवयण वयति सव्वण्णु ।
पायच्छित्त जम्हा, अकए गुरुय कए लहुय ।

ભાવાર્થ—કેટલાક કહે છે કે-ક્રિયામાં અવિધિ કરવા કરતાં ન કરવી સારી, આવુ વચન બોલનારને શ્રી સર્વજ્ઞ ભગવાન ઉત્સૂત્રભાષી બતાવે છે કારણ કે અવિધિથી જેઓ કરે છે એને લઘુ-થોડુ પ્રાયશ્ચિત આવે છે પણ જેઓ બીલકુલ કરતા જ નથી, અને ગુરુ એટલે મોટુ પ્રાયશ્ચિત આવે છે

વિધિનો ખ્યાલ રાખવો જરૂરી છે વિધિથી કરેલી ક્રિયા પૂર્ણ ફલદાયક બને છે માટે ભવી આત્માઓએ વિધિપુરસ્સર ધર્મ ક્રિયાઓ કરવા તત્પર રહેવુ

: ૨૦ :

પશ્ચાત્તાપ

એક શેઠે પોતાના વ્હાલસોયા એકના એક પુત્રનું જ્યારે સ્વચ્છંદી જીવન જોયું, ત્યારે તેમની આંતરડી કકળી ઊઠી 'શું મારો પુત્ર ધર્મવિહોણું જીવન જીવી દુર્ગતિનો ભાગી બનશે?' શેઠ વિચાર કરે છે કે—સૌ કોઈ પોતાના પુત્રને ધનમાલ–મિલ્કતનો વારસો આપે છે, પણ સાચો પિતા તે જ કહેવાય કે, જે પોતાના પુત્રને ધર્મ–ધનનો વારસો આપે અને પરિણામે એ ભવોભવમાં સુખી થાય, ધન તો પુણ્યાધીન વસ્તુ છે આજે છે ને કાલે ફાંફા મારવા પડે છે

શેઠે પુત્રને ધર્મમાં જોડવા માટે અનેકવિધ પ્રયત્નો આદર્યા વાચન માટે વિવિધ ધાર્મિક પુસ્તકો વસાવ્યા ગુરુદેવના વ્યાખ્યાનો શ્રવણ કરવા પ્રેરણા કરી, સન્મિત્રોની સંગતિ કરાવી, યુક્તિ–પ્રયુક્તિથી એને સમજાવ્યો અને બીજા પણ અનેક ઉપાયો અજમાવી જોયા, પણ એને કશી જ અસર ન થઇ

"બેટા! જૈનકુળ જેવું ઉત્તમ કુળ આપણને મળ્યું છે જૈનશાસન જેવું ઉત્તમ શાસન મહાપુણ્યે આપણે પામ્યા

છીએ, દેવો ને દાનવો જે જીવનની ઝંખના કરી રહ્યા છે, એવા ઉત્તમ જીવનને શું આમ ધૂળધાણીમાં મેળવી દેવું છે?" પિતાએ પુત્રને સમજાવ્યું

"વીતરાગદેવના દર્શન કરવા એ આપણી ફરજ છે, એટલું જ નહિ, પણ એ પ્રભુના દર્શન કરી આપણે પણ ક્યારે વિરાગી બનીએ, એ ભાવના ભાવવાની છે અનાદિ કાળથી આત્મા રાગદ્વેષરૂપ શત્રુઓથી હણાઈ રહ્યો છે, પરિણામે આત્માને નરક-નિગોદની અસહ્ય યાતનાઓનો સામનો કરવો પડે છે" પિતાએ પ્રભુના દર્શન કરવા માટે ઘણી ઘણી પ્રેરણાઓ કરી, પણ એ પ્રયત્ન સાવ નિષ્ફળ નીવડયો

છેવટે શેઠે પોતાના ઘરનું બારણું પાડી નાખ્યું અને પેસવા-નીકળવાનો દરવાજો સાવ સાંકડો બનાવરાવ્યો કે, જેથી પેસતા નીકળતા સૌને સ્વાભાવિક નમવું જ પડે દરવાજો નાનો બનાવી તેની સામે પરમાત્માની મૂર્તિ પધરાવી એટલે જતા-આવતા માણસોને સ્હેજે મૂર્તિના દર્શન થઈ જાય

આ પ્રમાણે હમેશા નીકળતા ને પેસતા એક વાર નહિ પણ અનેક વાર આ છોકરાને આ ભવ્ય મૂર્તિના દર્શન સહેજે થવા લાગ્યા

છોકરાને દર્શન કરવાની બુદ્ધિ નથી, જો દર્શનની બુદ્ધિ હોત તો આટઆટલા પ્રયત્નો શેઠને કરવા જ ન પડત

પ્રતિદિન સ્વાભાવિક રીતે આ મૂર્તિ પુત્રની નજરે ચડે છે, અને આંતરિક ઇચ્છા નહી હોવા છતાં પ્રવેશને

કારણે કુદરની મસ્તક નમાવવું પડે છે ભાવ વગરની ક્રિયા પણ કેવી ફળદાયક નિવડે છે, એ આપણને આ દષ્ટાંતથી જાણવા મળશે

કેટલાક કહે છે કે, ભાવ વગરની ક્રિયા કરવી એ નકામી છે કેવળ કાયક્લેશ છે, એમનુ એ કહેવું બરાબર નથી

જ્યારે આત્માને અનેક જન્મના સુસ સ્કારો પડે છે, ત્યારે તે સિદ્ધિને મેળવી શકે છે 'अनेकजन्मसंस्कारात सिद्धि ।'

જે દ્રવ્યક્રિયા કરતો નથી, તેને ભાવ ક્યાથી જાગવાના છે ? ભાવ જાગશે તો દ્ર યક્રિયા કરનારા જ જાગશે જેમ દુકાન ઉઘાડી રાખવામા આવે તો ગ્રાહક આવે છે, પણ દુકાન બ ધ કરીને બેસીએ તો ગ્રાહક ક્યાથી આવવાના છે ? ન જ આવે એ સ્વાભાવિક છે, તેવી જ રીતે દ્રવ્ય ક્રિયાઓ ચાલુ રહે તો જ ભાવ જાગશે, એ સુનિશ્ચિત છે દ્રવ્યક્રિયા કરતા ભાવ કેમ વધે ? વીર્યોલ્લાસ કેમ જાગે ? આત્મા તન્મય કેમ બને ? એ માટે ઉદ્યમશીલ રહેવાની ખાસ જરૂર છે એ ભૂલવુ નહિ

પિતા દેવલોક સીધાવી ગયા, પુત્ર પણ ધર્મવિહીન જીવન જીવી આયુ પૂર્ણ કરી ત્યાથી કાળ કરી અસખ્યાત યોજન વિશાળ સમુદ્રમા મત્સ્યરૂપે ઉત્પન્ન વયો આ મત્સ્ય રોજ નાના નાના અનેક મત્સ્યોને હોઈયા કરી આન દ માને છે આમ કરતા મહિનાઓ અને વર્ષો વીતી ગયા એવામાં એક વખત જિનેશ્વરદેવની મૂર્તિના આકાર જેવો એક મત્સ્ય તેના જોવામા આવ્યો મત્સ્યો વિવિધ આકારના હોય છે શાસ્ત્રો કહે છે કે, નળીયાકાર અને વલાયાકાર આમ બે આકૃતિ સિવાય દરેક પ્રકારની આકૃતિવાળા મત્સ્યો હોઈ શકે છે

જિનેશ્વરદેવની મૂર્તિ જેવા આકારવાળા મત્સ્યને જોતા જ આ મત્સ્ય (શેઠના પુત્રનો જીવ) વિચારવમળમા પડ્યો ઉહાપોહ કર્યો અરે! આવી આકૃતિ તો ક્યાંક મારા જોવામા આવી છે આમ ઉહાપોહ કરતાં તે મત્સ્યને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયુ,–જેથી તે પોતનો પૂર્વભવ જોવા લાગ્યો "હું એક શેઠનો પુત્ર હતો, જૈનકુળમાં ઉત્પન્ન થયો હતો મારા પિતાએ મને ખૂબ સમજાવ્યો હતો, ધર્મમાર્ગે દોરવા સતત પ્રયત્ન કર્યો, છતા મોજશોખ અને એશઆરામમા મસ્ત બની, અક્કડ ને ફક્કડ થઈ મે મારા પિતાનુ વચન ન માન્યુ દેવ, ગુરુ અને ધર્મને દમ્ભરૂપ માન્યો મારા આવા ઉદ્ધતાઈભર્યા વર્તનને લીધે મારા પિતાને ભારે દુ ખ થયુ મારા માટે તેમણે ઘરનો દરવાજો પાડ્યો દરવાજા સામે મૂર્તિની સ્થાપના કરી, જેથી અનાયાસે મને પ્રભુના દર્શન થતા" આ બધી પૂર્વની ઘટના પોતાની નજર સામે તરવરી રહી હતી એના પશ્ચાત્તાપનો પાર નહોતો, પણ હવે શું થાય? રાડ્યા પછીનુ ડહાપણ શ

આહારના પચ્ચક્ખાણ છે પાપનો પશ્ચાત્તાપ કરે છે, તેજ સમયે માછલાને સમકિતની પ્રાપ્તિ થાય છે તરત જ અનશન વ્રત આદરે છે, અને ત્યાથી કાળ કરી સીધો દેવ ગતિમા પહોચી જાય છે

દ્રવ્ય ક્રિયાઓ પણ પરિણામે કેવા ઉત્તમ ભાવને જગાડે છે, એનુ આ સચોટ દૃષ્ટાંત છે

સામાયિકની મહત્તા

દિવસે દિવસે લક્ખ દેઈ સુવણ્ણસ્સ ખડિય એગો ।
એગો પુણ સામાઇય કરેઇ ન પહુપ્પએ તસ્સ ॥

અર્થ—એક માણસ હમેશાં એક લાખ ખાંડી સોનુ દાનમા આપે છે જ્યારે બીજો પ્રતિદિન સામાયિક કરે છે બ તેમાં સામાયિક કરનાર વધી જાય છે, લાખ ખાંડી સોનુ દાનમાં આપનાર વ્યક્તિ સામાયિક કરનારની તોલે આવતી નથી માટે જ કહ્યુ છે—

શ્રી વીરમુખે ઈમ ઉચ્ચરે શ્રેણિકરાય પ્રત્યે જાણ લાલ રે,
લાખ ખાંડી સોનાતણુ, દીએ દાન દિન પ્રત્યે લાલ રે,
લાખ વરસ લગે તે વળી, એમ દીએ દ્રવ્ય લગ રલાલ રે,
એક સામાયિકને તોલે ન આવે તેહ અપાર લાલ રે

એક સામાયિક કરનાર બાણુ ક્રોડ લાખ, પચ્ચીશ હજાર, નવસો ને પચ્ચીશ પલ્યોપમથી અધિકુ આયુષ્ય દેવગતિનુ બાંધી લે છે માટે સમય કાઢીને અવશ્ય સામાયિક કરવુ જોઈએ,

૨૧

શુ આપશો?

ચરાચર વિશ્વમાં અનેક પ્રકારના માણસો વસે છે ઉદાર આત્માઓ પોતાની લક્ષ્મીને સુપાત્રમાં ખર્ચી લક્ષ્મીને સાથક કરે છે, લક્ષ્મીનો લહાવો લે છે, ત્યારે કૃપણ આત્મા ઓ જમીનમા દાટે છે

એક કવિ કહે છે કે–ભિખારીઓ ભિખ નથી માંગતા પણ આપણને શિખ આપે છે કે "હે લોકો! તમે અમને આપો! આપો! અમારી પાસે પણ એક વખત લક્ષ્મી હતી, પણ અમે અભિમાનમાં અક્કડ બની ફક્કડ થઈને ઊચુ મુખ કરી ચાલતા હતા દીન અનાથ માનવો તરફ નજર પણ નહોતા નાખતા, જેથી આજ અમારી આ દશા છે કે ઘેર ઘેર ચપ્પણીયુ લઈને ભિખ માગવા છતાય લોકો અમને ભિખ તો ઠીક પણ બે મીઠા શબ્દો ય નથી આપતા ન આપ્યાનુ ફળ અમને પ્રત્યક્ષ જોઈલ્યો તમે પણ છતી લક્ષ્મીએ દીન–અનાથનો ઉદ્ધાર નહિ કરો તો તમારી પણ આ જ દશા થવાની છે, માટે હે લોકો! અમને કઈક આપો આપો!"

પૂર્વ કર્મના યોગે બીચારા દીન-અનાથ આત્માઓ ઘેર ઘેર ભિખ માગતા ફરે છે કઈક ઉદારાત્માઓ પાઈ પૈસો આપી એની કકળતી આતરડી ઠારે છે, તો કોઈ ગાળ આપે છે પણ આપે છે તો જરૂર

વાત પણ ખરી જ છે ને ? જેની પાસે જે હોય તે આપે જગતમા અવિદ્યમાન-અછતી વસ્તુને કોઈ પણ વ્યક્તિ આપતી નથી જેની પાસે ગાળોનો ભંડાર ભરેલો છે, એમાથી એ બીચારા બે-ચાર ગાળ આપે, એમા કઈ નવાઈ નથી માનવે માનવતા મૂકી ખરેખર દાનવતાને આવકારી છે એ બીચારા દુખી પ્રાણીઓને શું આપણે મીઠી વાણીરૂપ પાણી પણ પાઈ શકતા નથી ? બુદ્ધિનિધાનો ! વિચારો ! વિચારો ! ત્યારે તમે શું આપશો ? બે મીઠા શબ્દો પણ આપી છૂટજો, કૃપણ ન બનાવતા છેવટે ગાળોથી તો ન જ નવાજતા, પણ યથાશક્તિ દીન-દુખીનાં દુખ દૂર કરી લક્ષ્મીને સાર્થક કરજો

કાગા કીસકા ધન હરે ? કોયલ કીસકુ દેત ?
મીઠી વાણી બોલકે, જગ અપના કર લેત

વિદ્યાર્થીના લક્ષણો

काकचेष्टा बकध्यान, श्वाननिद्रा तथैव च।
अल्पाहारश्च स्त्रीत्यागो, विद्यार्थिपञ्चलक्षणम् ॥

કાગ ! જેવી ચપળતા બગના જેવી એકાગ્રતા શ્વાન જેવી નિદ્રા અ પ આહાર અને બ્રહ્મચર્યનું પાલન એ પાંચ વિદ્યાર્થીનાં લક્ષણો છે,

૨૭.

શ્રદ્ધા-સંજીવની

શ્રદ્ધા વગરની કોઈ પણ ધર્મક્રિયા ફળવતી બનતી નથી સામાન્ય વ્યવહારમાં પણ આપણે જોઈએ છીએ કે, રોગથી પીડાતા રોગીને રોગ નાબૂદ કરવા વૈદ્ય ઉપર શ્રદ્ધા રાખવી જ પડે છે, વૈદ્ય કહે તેમ ચરીનું પાલન કરવું પડે છે, તો જ રોગ દૂર થાય છે શેઠને નોકર ઉપર વિશ્વાસ રાખ્યે જ છૂટકો છે વિશ્વાસથી જ શેઠ મુનિમને લાખોની મીલ્કત સુપ્રત કરે છે અને પાંચ-પચ્ચીસ રૂપિયાના પગારદાર સિપાઈને કરોડોની લક્ષ્મીનું રક્ષણ કરવા પહેરેગીર બનાવે છે ઘરની સ્ત્રી પર વિશ્વાસ રાખ્યા સિવાય છૂટકો નથી જો તેના પર વિશ્વાસ ન રાખીએ તો તેનું બનાવેલું ભોજન પણ ન આરોગી શકાય, કારણ કે ઝેરની શંકા થાય કે, તેમાં ઝેર તો નહિ નાંખ્યું હોય ? આમ હૃદય શંકિત બને તો ભોજન વિના પણ રહેવું પડે.

તાત્પર્ય કે દુનિયાના સઘળાય વ્યવહારોમાં વિશ્વાસ રાખવો પડે છે, ત્યારે ધર્મ જેવી અમૂલ્ય વસ્તુના [illegible] શ્રદ્ધા રાખવામાં ન આવે તો તે કઈ રીતે [illegible] ?

સાડાનવ પૂર્વનું × જ્ઞાન હોવા છતાંય જો શ્રદ્ધા ન હોય તો તે જ્ઞાન અજ્ઞાનરૂપ બની જાય છે

ઉચ્ચ કોટિની ક્રિયા કરવા છતા ઉગ્ર તપશ્ચર્યાઓ આદરવા છતા, અને ઘોર કષ્ટો સહવા છતા શ્રદ્ધાહીન આત્માને તે કરણીનું ફળ અલ્પ મળે છે, જ્યારે શ્રદ્ધાયુક્ત આત્માની ક્રિયા અને તપશ્ચર્યા મહાન ફળદાયક બને છે

સમ્યક્ત્વની મહત્તા તો શાસ્ત્રોમા અનેક ઠેકાણે વર્ણવવામા આવી છે તીર્થંકર દેવોના ભવની ગણત્રી પણ સમ્યક્ત્વ પામ્યા પછી જ થાય છે સમકિત પ્રાપ્ત થયે છતે આત્માનો સંસાર પરિમિત બને છે

એક અંતર્મુહૂર્ત માત્ર પણ જો જીવને સમ્યક્ત્વની સ્પર્શના થઈ હોય તો તે જીવનો સંસાર વધારેમા વધારે અર્ધ પુદ્ગલપરાવર્ત બાકી રહે છે મતલબ કે તેનું ભવભ્રમણ અટકી જાય છે તેનો સંસાર ઘણો અલ્પ થઈ જાય છે

સમ્યક્ત્વથી જ ધર્મની શરૂઆત થાય છે ધર્મની વાસ્તવિક ઈમારત તે વિના ચણાઈ શકાતી નથી સાધુધર્મ અને શ્રાવકધર્મ એ ઉભય ધર્મનો મજબૂત પાયો જો કોઈ હોય તો તે સમ્યક્ત્વ જ છે

પ્રજ્ઞાચક્ષુ-અંધ પુરુષ ઘણો બલિષ્ઠ હોય, કળાબાજ હોય તો પણ જેમ શત્રુસૈન્યને તે જીતી શકતો નથી, તેમ

× બારમા દૃષ્ટિવાદ અંગના એક વિભાગ તરીકે ચૌ. પૂર્વની ગણના થાય છે

પ્રેમ-શ્રદ્ધા-સમકિતવિહુણી ઉચ્ચ ક્રિયા, પચાગ્નિ તપ, ઘોર કષ્ટ યા કોરા વર્ષોની આકરી તપશ્ચર્યાથી મુક્તિ મેળવી શકાતી નથી

ગીતામા પણ શ્રદ્ધાની મહત્તા વર્ણવી છે

श्रद्धावान् लभते ज्ञान, तत्पर सयतेन्द्रिय ।

ज्ञान लब्ध्वा परा शातिमचिरेणाधिगच्छति ॥

શ્રદ્ધાળુ આત્મા જ્ઞાન પ્રાપ્ત કરી, ઇંદ્રિયો ઉપર કાબૂ મેળવી, આત્મજ્ઞાન મેળવી મોક્ષપદને મેળવી શકે છે, મૂર્ખ અશ્રદ્ધળુ અસયમશીલ પ્રાણી તો વિનાશ જ પામે છે "सशयात्मा विनश्यति ।"

ત્યારે સમ્યગ્દર્શન એટલે શુ ! તે સમજવાની જરૂર છે

"तमेव सच्च निस्सक ज जिणेहिं पवेइय ॥"

જિનેશ્વરદેવોએ જે તત્ત્વોની પ્રરૂપણા કરી છે, તે જ સત્ય છે, એમ નિ શકપણે માનવુ, તેનુ નામ સમ્યગ્દર્શન છે મતલબ કે-વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનુ જે કથન, એના ઉપર જે અવિહડ શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન કે સમકિત છે જ્યારે આત્મા રાગ-દ્વેષથી મુક્ત બની વીતરાગતા પ્રાપ્ત કરે છે, ત્યારે જ તે સર્વજ્ઞ બને છે વીતરાગ એવા સર્વજ્ઞ પરમાત્માનુ વચન ત્રિકાળાબાધિત હોય છે, અને તેથી જ તે શ્રદ્ધેય છે

આત્મહિત સાધવાની ભાવનાવાળા આત્માઓને પહેલી અને વહેલી તકે પ્રથમ શ્રદ્ધાની જરૂર છે શ્રદ્ધાહીનની ક્રિયા છાર પર લીપણ જેવી છે, અ કવિહુણા મીડા જેવી છે, કહો કે ગગનમા ચિત્રામણ કરવા જેવી છે

સમ્યગ્દર્શન પૂર્વકનુ જે જ્ઞાન, તે જ સમ્યગ્જ્ઞાન છે સમ્યગ્દર્શન પૂર્વ[illegible]યા, તે સમ્યક્ ક્રિયા છે

સમ્યગ્દર્શનવિહુણ જે જ્ઞાન તે અજ્ઞાન-મિથ્યાજ્ઞાન છે સમ્યગ્દર્શનવિહુણી જે ક્રિયા, તે મિથ્યાક્રિયા તરીકે ઓળખાય છે

કેટલાકો સાચી શ્રદ્ધાને અંધશ્રદ્ધા કહી વખોડી કાઢે છે તે લોકો સમજતા નથી, કે અધશ્રદ્ધા કોને કહેવય?

અજ્ઞાનીની પાછળ પાછળ ચાલવુ તેનુ નામ અધશ્રદ્ધા છે જ્ઞાનીની પાછળ ચાલવુ તે તો સમ્યગ્શ્રદ્ધા છે-સાચી શ્રદ્ધા છે આજકાલ એવા આધળાઓની-અજ્ઞાનીઓની પૂઠે પૂઠે ચાલનારાઓના જ આવા બેહુદા બકવાદો છે

'તન્નિસર્ગાદધિગમાદ્વા' સમકિત ગુરૂના ઉપદેશથી અને સ્વાભાવિકપણે પ્રાપ્ત થાય છે જેમકે એક પત્થર, પહાડ, નદીઓ નાળા, વગેરેમા ફુટાતો ઘણા કાળે સ્વાભાવિક ગોળ બની જાય છે તેવી જ રીતે આત્મા અનાદિ કાળથી આ સસારમા પરિભ્રમણ કરતો અકામનિર્જરા દ્વારા પાપના ભારથી લઘુ બને છે અને નૈસર્ગિક-સ્વાભાવિક સમકિતની પ્રાપ્તિ કરે છે શમ, સવેગ, નિર્વેદ, આસ્તિકય અને અનુકપા-આ પાચ લક્ષણો જેનામા હોય તેનામા અવશ્ય સમકિત છે એમ સમજવુ શાસ્ત્રકારોએ સમકિતના અનેક પ્રકારો વર્ણવેલા છે

શ્રદ્ધા સકળ સુખ મૂળ છે, શ્રદ્ધા વિના બધુ ધુળ છે,
આરોગ્ય શ્રદ્ધાથી મળે, ઉદ્યોગ શ્રદ્ધાથી ફળે
શ્રદ્ધાથી ઉન્નતિની ગતિ, અતિ વેગથી વધતી જતી,
ઉન્નતિ તત્ક્ષણ આવતી શ્રદ્ધાનુ જ્યા વતુલ છે.
શ્રદ્ધાથી દુર્લભ નહિ કઈ, ભવસિધુમા એ ધ્રુવ છે.
જે જે અસાધ્ય બીજા ગણે, શ્રદ્ધા સુસાધ્ય તે તે ભણે.

૨૩

સાચી ટેક

રાજા ભોજની સભામા પરમાર્હંત્ કવિ ધનપાલ નિયમિત જતા હતા પંડિતોમા તેમનુ અગ્રસ્થાન હતુ એક વખત પંડિતજીને રાજસભામાં જતા મોડુ થયુ રાજા ભોજે વિલબથી આવવાનુ કારણુ પૂછ્યુ જવાબમા ધનપાલે જણાવ્યુ 'મહારાજ! તિલકમજરી કથાની રચનામા હુ ગુથાયેલો હતો, જેથી જરા મોડુ થયુ છે'

આ વાત સાભળી રાજાને તિલકમજરીની કથા સાભળવાની ઘણી જ ઉત્કઠા જાગી કથા જ્યારે પૂર્ણ રચાઈ ગઈ ત્યારે ધનપાલે રાજા ભોજને તે સભળાવી તેના ભાષાનુ લાલિત્ય અને કથાની રસિકતા અપૂર્વ હતી વાદિ વેતાલ શ્રી શાતિસૂરિજીએ તે કથાનુ સશોધન કર્યું હતું ધનપાલને સરસ્વતી પ્રસન્ન હતી પછી એ કથાની રસિકતાનુ તો પૂછ્વુ જ શુ? કથા–શાંત, શૃગાર, વૈરાગ્ય, વીર વગેરે નવ રસોથી પૂર્ણ હતી રાજા ભોજ આ કથા સાંભળવામા તન્મય બની ગયો હતો

આ અદ્ભૂત અને રસપ્રદ કથાનુ શ્રવણ કરતા રાજા ભોજે અપૂર્વ આહ્લાદ અનુભવ્યો

કથા સમાપ્ત થયા બાદ, રાજા ભોજે કવીશ્વર ધનપાલ ને જણાવ્યુ "કવિવર! હું તારી પાસે કઇક માગણી કરુ છુ તને રોષ તો નહિ થાય ને! અને તે એ કે—

"એક તો કથાના આરભમા 'શિવ રક્ષણ કરો' એ પ્રમાણે મગળાચરણ કર, તેમજ અયોધ્યાનગરીના સ્થાને ધારાનગરી, શક્રાવતાર ચૈત્યના સ્થાને મહાકાલ મદિર, શ્રી ઋષભદેવના સ્થાને શકર અને ઇદ્રના સ્થાને મારુ નામ રાખ ને આ પ્રમાણે તુ તિલકમજરીની કથામા ફેરફાર કરે તો તુ જે માગે તે તને આપવા હુ તૈયાર છુ

ધનપાલે રાજા ભોજના આવા વચનો સાભળી તરતજ જવાબ આપ્યો "નરેદ્ર! આમ કરતા શુભના બદલે અશુભ થાય જેમ દૂધના ભરેલા પ્યાલામાં એક વિષની કણી પડે તો સઘળુ ય દૂધ વિષમય બની જાય છે, તેમ એ નામોનુ પરિવર્તન કરતા પવિત્રતાને મહાહાનિ પહોંચે છે દેશ, કુળ અને રાજ્યનો પણ ક્ષય થઈ જાય છે"

ધનપાલ પૂર્ણ શ્રદ્ધાળુ અને અજબ ધર્મપ્રેમી હતો, તેથીજ તેણે નિડર બનીને રાજા ભોજને આ પ્રમાણે સાફ સાફ સભળાવી દીધુ "રાજન્! આ કથાના નાયક ત્રણ લોકના નાથ દેવાધિદેવ શ્રી ઋષભદેવ ભગવાનનુ વર્ણન બાજુ એ મૂકી, આ લોકના તુચ્છ સુખો, કીર્તિ કે રાજ્યની મારે મન કાંઈજ કિમત નથી, ખદ્યોત અને સૂર્યમાં, સરસવ અને મેરુમાં, ધતૂરા ને કલ્પવૃક્ષમા જેટલુ અતર છે તેટલુ જ

અતર આપણાના અને એમા છે, માટે એ વાત મ રાથી બની શકે તેમ નથી ”

આ જવાબથી રાજા ભોજને ભારે કોપ ચડયો અને તેણે ત ત જ કદી દૂર કરવા સમીપમા જ સગડી રાખી હતી, તે સગડીના ધ ધગતા અગારામા તિલકમજરીની મૂળ પ્રત બાળી નાખી

પંડિત ધનપાલને રાજાના આ કૃત્યથી ઘણુ જ માઠુ લગ્યુ તે ઘેર જઈ લમણે હાથ મૂકી ખ ટલા ઉપર ચિંતાતુર થઈને બેઠો હતો તેવામા બાળપડિતા નામની પોતાની પુત્રી ત્યાં આવી પહોચી પુત્રીએ પિતાજીને ચિંતાનુ કારણ પૂછ્યુ ધનપાલે સઘળી હકીકત જણાવી છેવટે બાળપડિતાએ પિતાને જણાવ્યુ કે, ‘ આ સબધમા આપ ચિંતાતુર ન બનો ગૃહકાય કરતા કરતા મે તિલકમ[illegible] પાઠ યાદ કર્યો છે તે મને ઘણોખરો યાદ હોવાથી [illegible] લખાવીશ ”

ત્યારબાદ તેણે પિતાને સ્નાન કરાવી [illegible] આસને બેસાડી, ભોજન કરાવ્યુ પછી [illegible] પ્રથમ પ્રતના લખાણનુ સ્મરણ કરાવતી [illegible] અર્ધગ્રથ તે બાળપડિતાએ સ્મરણ[illegible] છેવટનો ઉત્તરાર્ધ નવીન તયાર કરી [illegible] પણ ધનપાલે ધર્મની ટેક ન છોડી તે [illegible]

ધન્ય એ કવિવર ધન[illegible]

૨૪

આવશ્યક

મકાનમાંથી કચરો સાફ કરવામાં ન આવે તો તે મકાન ધૂળથી ભરાઈ જાય છે અને ત્યાં આપણને ઊભા રહેવાનું પણ દિલ થતું નથી રોજ એક બે વાર જ્યારે કચરો કાઢી મકાનને સાફ કરવામાં આવે છે, ત્યારે તે કેવું સ્વચ્છ ને સુંદર લાગે છે

પહેરવાના કપડાને જો ધોવામાં ન આવે તો તે કેવા મેલા અને ગંદા દેખાય છે? એવા મેલા કપડાવાળા માણસ પાસે ઊભા રહેનારને સૂગ આવે છે અને નાક તથા મુખ મચકોડાય છે જ્યારે તે મેલા કપડાને ગરમ પાણી અને સાબુથી ધોકા મારી મારીને સાફ કરવામાં આવે છે, ત્યારે તે કેવા સરસ લાગે છે? ઘડીભર પહેરવાનું દિલ થઈ જાય છે

માણસ શરીરનો મેલ દૂર કરવા સાબુથી ચોળી ચોળીને ન્હાય છે, સ્નાન કરે છે જો તેમ ન કરવામાં આવે તો તેના શરીર પર મેલના થર બાઝી જાય છે તેમજ તે વ્યક્તિ એદી ને આળસુમાં ખપે છે

વ્યવહારમાં હમેશા જેમ શરીરને સાફ કરવામાં આવે છે,

કપડાંને ધોવામાં આવે છે અને મકાનને સાફ રાખવામાં આવે છે, તો જ તે સુંદર, સ્વચ્છ અને સરસ લાગે છે

તેવી જ રીતે આપણા આત્મા ઉપર પણ દિન-પ્રતિદિન ઘડીએ ઘડીએ અને પળે પળે, અરે! સમયે સમયે કર્મરૂપ મેલ ચોંટે છે અને તેથી તે મેલો બને છે એવો કોઈ સમય નથી કે જે સમયે આ આત્મા સાત યા આઠ કર્મોને ન બાંધતો હોય!

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ આ ચાર આશ્રવ દ્વારા આત્મા ભારે બને છે

આત્માને લાગેલા એ કર્મરૂપ મેલને જો રોજ સાફ કરવામાં ન આવે તો આત્મા કેટકેટલા કર્મના ભારથી ભારે બને એ સ્હેજ સમજી શકાય તેવી વાત છે, માટે જ આત્માને લાગેલા તે કર્મરૂપ મેલને સાફ કરવા માટે શાસ્ત્રકારોએ – જ્ઞાનીઓએ પ્રતિક્રમણની અર્થાત્ આવશ્યકની ક્રિયા બતાવી છે આવશ્યક એટલે અવશ્ય કરણીય, અવશ્ય કરવા યોગ્ય, સવારથી સાંજસુધી અને સાંજથી સવાર સુધી કર્મથી ભારે બનેલા આત્માને હલકો બનાવવા માટે આપણે શું કરીએ છીએ? કપડાંને સાફ રાખીએ છીએ, શરીરને સ્વચ્છ રાખીએ છીએ, ત્યારે શું આપણને આત્મા જ મેલો ગમે છે? જેને કપડાં, મકાન, શેરી કે શરીર મેલું-ગંદું ન ગમતું હોય તેને સૌથી નજીકનો આ આત્મા તે મેલો કેમ ગમે? માટે જ પ્રતિક્રમણની ક્રિયાની [illegible] આવશ્યકતા છે. જે વ્યવહારનાં તમામ કાર્યો માટે આપણે

સમય નક્કી કરીએ છીએ, ટાઈમ–ટેબલ ઘડીએ છીએ, જે આ જીવન પૂરતા જ હોય છે, પણ જે અવશ્ય કરણીય છે– આત્માને ઉપયોગી છે, જ મ–જન્મના દુ ખથી મુક્ત કરી અપૂર્વ સુખની પ્રાપ્તિ કરાવનાર છે, તેને માટે આપણે પ્રમાદ કરીએ છીએ એ કેટલુ શોચનીય છે!

અનાર્ય જેવા મુસલમાનો પણ નમાઝના સમયે બરાબર નમાઝ પઢે છે, "યા અલ્લા ઉલ રહેમાન અલ રહીમ" કરીને પોત ની ભૂલનો એકરાર કરે છે અ ગ્રેજો 'I am very sorry' કહી પોતાની ભૂલનો ખેદ દર્શાવે છે આપણે પણ વહેવાર મા કોઈ ને ભૂલથી ઠેસ વાગી જાય તો તરત હાથ જોડીને "મારી ભૂલ થઈ" એમ કહીએ છીએ તે સમયે જો ભૂલનો એકરાર કરવામા ન આવે તો જે વ્યક્તિને આપણાથી ઠોકર વાગી હોય તે તરત જ આખ લાલ કરે છે, વાતાવરણ ગરમ બને છે, મા ઝુડ થાય છે અને પરિણામે લોહીલુહાણ થવાય છે આપણે આર્ય છીએ, મનુષ્યજન્મની મહત્તાને સમજીએ છીએ, મહાપુણ્યે જૈનશાસન જેવુ ઉચ્ચ શાસન આપણને સાપડયુ છે આવી ઉચ્ચ સ્થિતિમાં આવ્યા પછી પણ જો આવી પવિત્ર ક્રિયાઓ કરતા ક ટાળીશુ તો પછી તર વાનો આરો બીજે ક્યાં છે? આપણને ક્રિયાકાડ કરતા ક ટાળો આવે છે, આપણે ક ટાળીએ છીએ પણ આ આત્માએ મિથ્યા ત્વ, અવિરતિ, કષાય અને યોગદ્વારા મતલબ ખોટી ક્રિયાથી મિથ્યાજ્ઞાન યાને અજ્ઞાનથી અને જૂઠી માન્યતાથી કર્મોને બાધ્યા છે તો તે કર્મોને ટાળવા સાચુ જ્ઞાન, સાચી શ્રદ્ધા અને સાચી ક્રિયા કરવી જ પડશે, તો જ કર્મોના ભારથી

આત્મા હળવો બનશે આપણે હાથ ઉપર કપડાને લપેટીએ છીએ ત્યારે કપડાથી બધાયેલા હાથને છોડવામા બાધવાની ક્રિયાથી ઊલટી ક્રિયા કરીશુ તો જ હાથ ઉપરથી કપડાનો પાટો છૂટી શકશે ઘણાઓ કહે છે 'પ્રતિક્રમણની ક્રિયાઓમા અમને રસ નથી આવતો ' પણ રસ કયાથી આવે ? એના સૂત્રોનો મર્મ સમજવા આપણે પ્રયત્ન કરીએ નહિ, એના મર્મને-સૂત્રોને સમજીએ નહિ તો રસ ન આવે એ સ્વાભાવિક છે ગણધર -મહારાજ-ગુમ્ફિત એ સૂત્રો મહાપવિત્ર છે, એમાં અજબ શક્તિ સમાયેલી છે એના મર્મને એના રહસ્યોને, અને એના ભાવને સદ્ગુરૂઓ પાસે સમજી લેવાય તો એ ક્રિયામાં અપૂર્વ ભાવની ઉર્મિઓ ઉછળે, અને ચીકણાં કર્મોને આત્મા ક્ષણવારમા તોડી નાખે, પણ આપણે એનુ રહસ્ય સમજતા નથી અને વેવલી વાતોને આગળ કરીને એ પવિત્ર ક્રિયાઓથી દૂર રહીએ છીએ, તેથી કઈ આત્મા કર્મ-બધનમાંથી છૂટવાનો નથી આપણા જ આત્માને એ કર્મના કટુ ફળો ભોગવવા પડશે પછી હાયવોય કર્યે નહિ ચાલે શ્રી ગણધર-ભગવત ગુફિત એ પવિત્ર સૂત્રોમા ભારે ચમત્કાર રહેલો છે એક ગારુડિક મત્રવાદી સર્પના ઝેરને ઉતારનાર મત્રોચ્ચારના શબ્દો દ્વારા સર્પના ઝેરને ઉતારી નાખે છે, તેવી જ રીતે આ પવિત્ર સૂત્રોથી કર્મરૂપ ઝેર ઉતરી જાય છે

આત્માએ અશુભ ક્રિયાદ્વારા કર્મો બાધ્યા છે, તેથી એ કર્મોને તોડવા માટે શુભ ક્રિયા કરવાની જરૂર છે

પ્રતિક્રમણ એટલે પાપથી પાછા હઠવુ પરસ્થાનેથી'

સ્વસ્થાનમા આવવુ આત્માનો અનાદિ કાળથી પરભાવમા રમણ કરવાનો સ્વભાવ છે, તેથી પરભાવમા રમણ કરે છે પુદ્ગલાનદી બને છે અને કર્મથી ભારે બને છે કર્મથી ભારે બનેલા એ આત્માને સ્વભાવમા–રમણ કરવાની જરૂર છે તે ત્યારે જ બની શકશે કે, જ્યારે એવી આવશ્યક ક્રિયાઓના મર્મને સમજીને તે ક્રિયાઓ રસપૂર્વક તન્મય બનીને ઉલ્લાસપૂર્વક આપણ આચરતા થઈશુ

કોણ જુએ છે ?

એ વખત એક બાપ અને દીકરો જગનમા જઈ રહ્યા હતા રસ્તે જતા તેમણે એક હર્યુ ભર્યુ ખેતર દીઠુ બાપની દાનત બગડી બાપ ધીમે પગને ખેતરમા ઘુસ્યો અને છોકરાને ચોકી કરવા બહાર ઊભો રાખ્યો બેટા! બરાબર ધ્યાન રાખજે કોઈ જોઈ ન જાય ચારે બાજુ નજર નાખતો અહીયા ઊભો રહે કોઈ દેખાય કે તરત મને ખબર આપજે ' છોકરાએ કહ્યુ જી બાપા!' એમ સૂચન આપી બાપ અદર પેઠો થોડે દૂર જઈ બેગાને પૂછ્યુ કેમ કોઈ જેતુ નથી ને ?

છોકરાએ કહ્યુ બાપા! જુએ છે! બાપ તરત દોડીને બેગા પાસ આવ્યો આમ તેમ જેયુ પણ કોઈ દેખાયુ નહિ, ત્યારે બાપે પૂછ્યુ 'અત્યારે કોણ જુએ છે' બાપાજી! આમ ચારે દિશામાં તો કોઈ દેખાતુ નથી, પણ ઉપર પરમાત્મા જોઈ રહ્યા છે બીજુ કોઈ જેતુ નથી આ સાભળતા જ બાપની સાન ઠેકાણે આવી વાહ રે પુત્ર! ધન્ય છે તને! બાપનો થયુ કે છોકરો કેવો સરસ્મારી છે! એણે કેવુ સુ જ્ઞાન આપ્યુ! આપણે બહારના લોક જોઈ ન જાય તેથી ડરીએ છીએ પણ પરમાત્માથી ડરતા નથી આ લોકોનો જેટલો આપણો ભય છે તેટલો પરલોકનો નથી પરમાત્માનો નથી પણ પરમાત્માના જ્ઞાનથી કશુ છૂપુ નથી માટે ડર રાખો તો પાપનો, પરમાત્માનો અને પરલોકનો રાખજે.

૨૫

જૈનો અને સંખ્યા

જૈનોની સંખ્યા ઘણી જ જૂજ છે, ઘણી જ ઓછી છે, પ્રતિદિન તેનો હ્રાસ થતો જાય છે, એમ આજે સૌ કોઈ બોલી રહ્યા છે, પણ બોલનારને ખબર નથી કે જગતમાં હીરા ઓછા હોય છે, માટે જ તેની કિંમત છે જૈનો ભલે ઓછા હોય પણ જગતમાં તેમનું સ્થાન ઘણું ઊંચું છે

જૈનોનો તપ, જૈનોનો ત્યાગ, આચાર-વિચાર, રહેણી-કરણી, પવિત્રતા અહિંસક વૃત્તિ, ઉદારતા, સમયજ્ઞતા, દેવ-ગુરુ પ્રત્યે અપૂર્વ ભક્તિ, તેમજ સ્વચ્છતા આદિ અનેક વિશેષતા જૈનોમાં રહેલી છે તેથી જ તેઓ અન્ય સમાજથી જુદા તરી આવે છે

આજે કોણ નથી જાણતું કે, જૈનધર્મના સિદ્ધાંતો સર્વશ્રેષ્ઠ છે? જૈનોનો ધર્મ ઊંચો છે? જૈનોના ગુરુનું જગતમાં અનોખું સ્થાન છે? શું અમેરિકનો કે શું યુરોપીયનો? સૌ કોઈ જૈનધર્મના સિદ્ધાંતો પ્રત્યે અપૂર્વ બહુમાન ને આદર ધરાવે છે

જૈનધર્મના સિદ્ધાંતોને ઊંચા માનવા એ એક વાત છે

અને તે મુજબના આચારવિચાર રાખવા તથા તપશ્ચર્યાદિ કરવા તે બીજી વાત છે અન્ય ધર્મના મુકાબલે જૈનોનો આચાર ઘણો કઠિન છે તથા તપશ્ચર્યા ખૂબ આકરી છે વૈષ્ણવો કે ઇતરો એક અગ્યારશનો તપ કરે છે, તોય રાતના રાજગરાનો શીરો, ફળફૂલ, મિષ્ટાન્ન વગેરે વસ્તુઓ વાપરે છે તેથી જ કોઈએ કહ્યુ છે કે—

ખાવે શીરા લાપસી, ઔર કાકડી આદિ,
નામ લેવે એકાદશીકા, દ્વાદશી કી દાદી

જ્યારે જૈનોના ઉપવાસમા સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલા ઈચ્છા હોય તો ગરમ ઉકાળેલુ પાણી વાપરી શકાય છે તે સિવાય કોઈ પણ જાતના આહાર–પાણી વાપરી શકાતા નથી ઉત્કૃષ્ટ કોટિના ઉપવાસમા તો જલનો પણ સર્વથા ત્યાગ હોય છે

જૈનોના તપ–ત્યાગમા દરેક વસ્તુનો ભોગ આપવો પડે છે, મોજશોખ છોડવા પડે છે, ક્રિયા–કાડમા ઝુકવુ પડે છે, ભક્ષ્યાભક્ષ્ય ને પેયાપેયનો પૂરતો ખ્યાલ રાખવો પડે છે, જનાવરની જેમ રાતદિવસ ખાવાનુ હોતું નથી, અને રાત્રિ-ભોજનનો ત્યાગ રાખવો પડે છે જૈનોની દયા (અહિંસા) ખૂબ જ સૂક્ષ્મ છે નાનામાં નાના પ્રાણીથી લઈ મોટામા મોટા તમામ પ્રાણીનુ રક્ષણ કરવા તેઓ તત્પર રહે છે વળી પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને વનસ્પતિના જીવોની હિંસા કેમ ઓછી થાય તેની પણ તેઓ ક્ષણે ક્ષણે કાળજી રાખે છે તે માટે તેઓ અનેક પ્રકારના વ્રતો ને નિયમો ગ્રહણ કરે છે

આવી ઉચ્ચતમ પવિત્ર-તેમજ આત્મ-શુદ્ધિ કરનારી ક્રિયાઓ સૌ કોઈ આચરી શકતા નથી એક જૈન સમાજ જ એવો છે કે, જે સહેલાઈથી આવા ઉચ્ચ આચાર-વિચારને સુદર રીતે પાળી શકે છે જૈનોના બાળકોને ગળથુથીમા જ આવા સુદર સસ્કારોનો વારસો મળે છે

મ ટે જ આવા કિમતી હીરા-આવા જૈનો ઓછા જ હોય એ સ્વાભાવિક છે હજારો, લાખ્ખો કે કરોડો પથ્થરના ટુકડા કરતા એક તેજસ્વી હીરાની કિમત વધી જાય છે હીરો સૌના મસ્તક પર ચડે છે, અને વીટીમા શોભા આપે છે વર્તમાન કાળે પણ જૈનો સમૃદ્ધ અને ઉદાર છે આવી ઉદાર કોમ તમને શોધી નહિ જડે શુ પાજરાપોળમા કે શુ જિનમદિરોમાં? શુ સાધર્મીઓની ભક્તિમા કે શુ નિર્વાસિતોમા? શુ દેવ-ગુરૂની ભક્તિમા કે શુ જ્ઞાનપ્રચારમા? શુ ઉદ્યોગમા કે શુ વ્યવહારમા? દરેક સ્થળે તેમનો બહોળો ફાળો હોય છે જૈનોને દાન કરવાનુ સ્થાન એક જ નથી, અનેક સ્થાનોની અદર તેઓ દર વર્ષે લાખ્ખો રૂપિયાનો સદ્વ્યય કરે છે

આજે આવી ઊચી કોમને ઉતારી પાડવાના વ્યવસ્થિત પ્રયત્નો વર્ષોથી ચાલી રહ્યા છે જૈનો અનીતિખોર છે, કાળા બજાર કરે છે, એમ કહી તેમને અણુસમજુ લોકો નિંદે છે પણ આજે કઈ કોમ એવી છે કે જે "અનીતિ, જાઠ કે પ્રપચ અમારામા નથી?" એનો દાવો કરી શકે છે? શુ સરકાર કે, શુ અમલદાર? શુ વ્યાપારી કે શુ કિસાન? તમામ કોમ, અને તમામ વર્ગ આજે

"જૈનો નાના નાના જીવોની દયા પાળે છે પણ મોટા જીવને કચડી નાખે છે" એમ પણ કેટલાકો બોલી રહ્યા છે, પરંતુ એ વાત તદ્દન જૂઠી છે જૈનો નાના કે મોટા તમામ પ્રાણીની રક્ષા કરનારા છે દરેક પ્રાણીનાં રક્ષણમા ધર્મ માને છે વ્યંગ ભાષામા—કુમારપાળ મહારાજા જેવા મહાપુણ્યા ત્માનો દાખલો આપે છે કે, જુઓને ઘોડા ઉપર બેનના હતા ત્યારે પૂજણીથી પૂજીને બેસતા હતા, અને લડાઈમા હજારો માણસોનો સંહાર-વિનાશ કરતા હતા, પણ એ જડ બુદ્ધિઓને ખબર નથી કે, જેવુ દયાના સ્વરૂપને જૈનો સમજ્યા છે, તેવુ તમે સમજી શક્યા નથી, જૈનો કાયર નથી, જૈનો બાયલા નથી, જૈનો નિરપરાધી પ્રાણીનો વધ નથી કરતા, બિનગુન્હેગાર પ્રાણીનો સંહાર કરવો એમા મહા પાપ માને છે, માટે જ મહારાજા કુમારપાળ બિનગુન્હેગાર જીવેની રક્ષા ખાતર પૂજણીથી પૂજીને ઘોડા ઉપર બેસતા હતા જો આમ ન કરે તો બિનગુન્હેગાર પ્રાણીની હિંસા થાય અને તેમના વ્રતનુ ખંડન થાય જ્યારે યુદ્ધમા ઝઝૂમતા ત્યારે તે શત્રુ સામે, ગુન્હેગારની સામે, લડવા તૈયાર થતા હતા, પહેલા શત્રુ–તીર કે બાણ છોડે ત્યારપછી તેઓ તીર છોડતા, શત્રુ નીચે હોય અને પોતે ઘોડા ઉપર હોય તો ઘોડા ઉપરથી તેઓ નીચે ઉતરી જતા શત્રુના હાથમા શસ્ત્રાસ્ત્ર ન હોય તો પોતાના શસ્ત્ર ફગાવી દેતા, તેઓ અનીતિથી નહોતા લડતા ન્યાય ને નીતિ માટે તેમની લડાઈ હતી, ધર્મના રક્ષણ માટે તેઓ પ્રાણોની આહૂતિ આપવા તૈયાર હતા—કાયર ન હતા

'જૈનોની અહિંસાએ કાયર બનાવ્યા' એમ કહેનાર

બીત ભૂને છે અહિંસાનુ પાલન, શૂરવીરો જ કરી શકે બીજાનુ રક્ષણ કરવુ એ શૂરવીરનુ કામ છે, નમાલા, બાયલા કે માયકાંગલાનુ એ કામ નથી જે માયમાગલાઓ પોતાનુ જ રક્ષણ ન કરી શકે તે બીજાની રક્ષા શુ કરવાના છે?

વિમળશાહ, ભામાશાહ, વસ્તુપાળ, તેજપાળ, કુમારપાળ, ચેગ મહારાજા, ઉદાયન મંત્રી વગેરે અનેકાનેક નરરત્નોના દૃષ્ટાંતો ઈતિહાસના પાને આલેખાયેલા છે

આપણી વાત એ ચાલે છે કે—જૈનોની સંખ્યા ઓછી છે, ઓછી થતી જાય છે, એમ સૌ બોલે છે, પણ સંખ્યાનો મોહ રાખવો નકામો છે એમ તો કીડીઓની સંખ્યા ક્યા ઓછી છે? જાનવરો ક્યા ઓછા છે? આપણાથી કઈ ગણા અનાર્યો જાનવરો વગેરે જીવો છે, પણ તેની કઈ જ મહત્તા નથી જેઓ ઉચ્ચ, ઉચા, પવિત્ર અને સંસ્કારી હોય તેની જ કિંમત છે બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો જૈનોની સંખ્યા ઓછી નથી જૈન ધર્મને માનનારા અસંખ્યાત—અગણ્ય આત્માઓ છે સૌમ૦ ઇન્દ્રો અને અસંખ્ય દેવો સમકિતદૃષ્ટિ છે, તેઓ જૈન ધર્મને જ માનનારા હોય છે

આ ભારતવર્ષની અપેક્ષાએ જૈનો ભલે ઓછા હોય પણ બીજા ક્ષેત્રમા—મહાવિદેહાદિ અન્ય ક્ષેત્રોમા જૈનોની સંખ્યા ઘણી અધિક છે વર્તમાનકાળે તે ક્ષેત્રોમા બે ક્રોડ કેવળ જ્ઞાની (સંપૂર્ણ ત્રણ લોકના જ્ઞાતા) મૌજુદ છે ૨૦ અબજ તો ત્યા સાધુઓ અત્યારે વિદ્યમાન છે આ ઉપરથી ખ્યાલમા આવશે કે, જૈન ધર્મને માનનારી સંખ્યા ત્યાં કેટલી હશે? પણ આપણે સંખ્યાનો વ્યામોહ રાખવાનો નથી

નામધારી જૈનો શા કામના ? જેના આચાર વિચાર પવિત્ર હોય, જેની શ્રદ્ધા સાચી હોય, જેનુ જ્ઞાન વિશાળ હોય અને તે પ્રમાણે આચરણ કરનાર હોય તે જ આપણને ખપે જે ધર્મમા કાઈ ત્યાગ તપ જેવુ નથી, છોડવા-મૂકવાનુ નથી, વિવેક-વિચાર નથી તેની સખ્યા લાખો કે ક્રોડોની હોય તેથી શુ ? એમ તો આપણે પહેલા જ કહી ગયા કે કીડીઓ અસખ્ય છે પણ એની કઈ ગણતરી કે કિમત નથી

જિનેશ્વરદેવના સિદ્ધાતોને વફાદાર રહેનારા, તેનો પ્રચાર કરનારા, સિદ્ધાતને માટે અવસરે પ્રાણ પાથરનારા, અને સુદર આચારવિચાર ને રહેણીકરણીવાળા જૈનો વધે એમા આપણને આનદ છે સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રવાળા આત્માઓ વધે એમા જ આપણુ ગૌરવ છે

આપણે સ્વપ્ને પણ અજ્ઞાનીઓ, નાસ્તિકો, અનાર્યો કે મિથ્યા બકવાદો કરનારા ન જોઈએ ભલે આપણે થોડા હોઈએ તો પણ જૈનધર્મનો ધ્વજ ટકેતો રાખીશુ-પાછી પાની નહિ કરીએ પ્રભુ વીરનુ શાસન એકવીસ હજાર વર્ષ ચાલવાનુ છે તે કાયરોથી નહિ, વીરના પુત્ર-વીરોથી જ ચાલશે, એમા શકાને લેશ પણ સ્થાન નથી

તેમજ દુનિયામા અનતાનત પ્રાણીઓ છે તે પૈકી ગર્ભજ મનુષ્યોની સખ્યા ગમે તેવા કાળે પણ સખ્યાતી જ હોઈ શકે છે, એમ જ્ઞાની ભગવતો ફરમાવે છે સૌથી અલ્પ સખ્યા મનુષ્યોની છે, ૨૯ અકથી વધારે કદી ગર્ભજ મનુષ્યો ન હોઈ શકે મતલબ કે પાચમા વર્ગની

સંખ્યાને છઠ્ઠા વર્ગની સંખ્યા વડે ગુણાકાર કરતાં જે સંખ્યા આવે તેટલી સંખ્યા હોય અથવા બેના આંકને ૯૬ વાર ગુણતા જે સંખ્યા આવે તેથી અધિક સંખ્યામાં ગર્ભજ મનુષ્યો કોઈ કાળે સંભવી શકતા નથી અરે ! એક સમયમાં જેટલા દેવતાઓ દેવલોકમાંથી ચ્યવે છે તેટલી પણ સંખ્યા મનુષ્યોની હોતી નથી એક સમયમાં અસંખ્ય દેવતાઓ ચ્યવે છે મનુષ્યો થોડા છે માટે જ કિંમતી છે મનુષ્યત્વ દેવદુર્લભ ગણાય છે શાસ્ત્રકારો પણ મનુષ્ય જન્મના ઠેકઠેકાણે ગુણગાન–પ્રશંસા કરે છે, તેથી સમજી શકાય છે કે કિંમતી વસ્તુ થોડી હોય છે

આવા દુર્લભ માનવભવને પામી આવા ઉત્તમ ધર્મની સુંદર આરાધના કરી લ્યો જીવનને પવિત્ર બનાવો સિદ્ધાંતોને વફાદાર રહો અને દેવગુરૂના ભક્ત બની આત્મ વિકાસના પૂનિત પંથે પ્રયાણ કરો એ જ એક અભ્યર્થના

શ્રાવકના મનોરથો

જૈન ધર્મને ત્યજી ચાર ચક્રવર્તી કે વાસુદેવની પદવી પણ ન જોઈએ અને ... થાઉં પણ જૈન ધર્મનો ઉપાસક અને જૈન ધર્મથી જ વાસિત થતા ઈચ્છુ છું

૨૬

વૈજ્ઞાનિકો

વૈજ્ઞાનિકો ડગલે ને પગલે આજે આગળ વધી રહ્યા છે દિન ઊગ્યે અવનવી અનેક શોધો કરી જગતને આંજી રહ્યા છે અહીં આ બેઠા બેઠા હજારો કોશો દૂરની વાત સમાચાર મિનિટોમા આપણને મળી જાય છે થોડા જ કલાકોમા માનવી સેંકડો માઈલ દૂર પહોંચી શકે છે અજાયબી પેદા કરનાર અપૂર્વ સાધનો આજે વધી રહ્યા છે

આપણને થાય છે કે, આપણે કંઈ જ કરતા નથી, પરંતુ જરા વિચાર કરશો તો સમજાશે કે, જેટલા પ્રમાણમા આવિષ્કાર વધ્યો, અને જેટલુ વિજ્ઞાન વધ્યુ તેથી વિનાશ વધ્યો કે ઘટ્યો? મોજશોખના સાધનો વધવાથી માણસ કમજોર–હાડપિંજર જેવો બની ગયો છે એટમબોમ્બ જેવી અણુશક્તિ દુનિયાના સંહારમા જ ઉપયોગી નિવડી છે

આજે પાશ્ચિમાત્ય દેશની છાયા અને તેની અસર ચોમેર પ્રસરી ચૂકી છે પરિણામે માણસ માણસ મટી અનાર્ય બને છે, ધર્મકર્મને ભૂલે છે, પોતાની ફરજને ચૂકે છે અને જીવનને

જેમ જેમ શોધખોળો થાય છે તેમ તેમ તેઓ આગળ વધે છે અને નવા નવા-ટાપુઓ અને પહાડો મળતા જાય છે

પૃથ્વી ગોળ છે, પૃથ્વીનો આ પ્રમાણેનો નકશો છે, આટલી જ પૃથ્વી છે, એમ શોધખોળ કરનાર માનવી કઈ રીતે કહી શકે? જેને સપૂણ જ્ઞાન હોય તે જ એમ બોલી શકે કે આટલી પૃથ્વી છે, પૃથ્વીનો આકાર આવો છે આટલા દ્વીપો, સમુદ્રો ને દેશો છે, પણ જેને આવુ સપૂર્ણ જ્ઞાન નથી એનો બનાવેલો નકશો કેની રીતે માની શકાય ?

પૃથ્વી આટલી જ છે અને ગોળ છે, એ અપૂર્ણ માનવી કયા જ્ઞાનથી કહી શકે?

મતલબ કૂવાના દેડકા જેવી આજની સ્થિતિ છે કૂવાનુ દેડકુ કહે કે બસ, દુનિયા કૂવા જેટલી છે

વારવાર નકશો કેમ ફરે છે? વારવાર સિદ્ધાતો કેમ બદલાય છે? માટે કહેવુ પડશે કે વૈજ્ઞાનિકો અપૂર્ણ છે-અધૂરા છે

અધૂરા અને અપૂર્ણ માણસના કથન ઉપર કેવી રીતે વિશ્વાસ રાખી શકાય? ન જાણે ક્યારે એના સિધ્ધાતનુ પરિવર્તન થશે

વૈજ્ઞાનિકોએ-ભૂગોળશાસ્ત્રીઓએ જેટલા દેશો અને જેટલી દુનિયાની આજે શોધ કરી છે, તે તો જૈનશાસ્ત્ર પ્રમાણે સમુદ્રના એક બિંદુ સમાન છે

આપણે જે દ્વીપમા વસીએ છીએ તે દ્વીપનુ નામ જબૂદ્વીપ

છે જબૂદ્વીપના ૧૯૦મા ભાગે ભરતક્ષેત્ર છે અને એ ભરત ક્ષેત્ર ના બરાબર વચ્ચોવચ્ચ ચાદીનો વૈતાઢ્ય પર્વત આવેલો છે

જેથી ભરતક્ષેત્ર બે ભાગમા વ્હેચાયેલો છે તેમા વળી ગંગા અને સિંધુ નામની જગજ્જ્ત નદીઓને લઈને જુદા જુદા વિભ ગો હોવાથી છ ખંડવાળો ભરતક્ષેત્ર કહેવાય છે આ જ ખડ પૈકી માત્ર એક મધ્યખડ પણ પૂરો આજે શોધી શકયા નથી, ત્યારે તેથી ૧૯૦ ગણા જબૂદ્વીપને તો ક્યાંથી જ જાણી જોઇ શક ? જબૂદ્વીપથી કઈ ગણા મોટા તો આ ધરતીમાં અસખ્ય દ્વીપો છે અને અસખ્યાત સમુદ્રો છે જ્યારે આટલી બધી અસખ્યાત જોજન લાબી-પહોળા પૃથ્વી તેઓ જાણે તો તો જરૂર તેઓ પૃથ્વીનો નકશો ખેચી શકે અને પૃથ્વી ગોળ છે, આટલી લાબી-પહોળા છે, આટલા દ્વીપો ને આટલા સમુદ્રો છે, એમ કહી શકે ! પણ આવા અપૂર્ણ જ્ઞાન વગર દોરેલો નકશો એ સાચો શી રીતે ઠરી શકે ? ત્યારે આપણે ઉપર જણાવી ગયા તે પ્રમાણે સમુદ્રમા બિન્દુની જેમ અત્યારે પૃથ્વીની શોધખોળ કરવામા આવી છે એ વાત આ ઉપરથી સિદ્ધ થાય છે પૃથ્વીની પૂર્ણ અન્વેષણા-શોધખોળ જ્યારે થઈ નથી ત્યારે એકદમ કહી દેવુ કે-પૃથ્વી ફરે છે અને સૂર્ય-ચન્દ્ર સ્થિર છે, એ ટેટલી બધી અજ્ઞાનતા સૂચવે છે ! આજના ભોળા માનવીઓ જ આવા ટાઢા પહોરના ગપ્પાને-અને આવી વજુદ વગરની કલ્પનાને માની શકે, બાકી જિનેશ્વરદેવનો સાચો સેવક જૈન તો આવી ચેવલી વાતોને જરૂર પોકળ માને એમા નવાઈ નથી

વૈજ્ઞાનિકો શોધખોળ કરનારા પૂર્ણ છે એમ કહેશો તો પછી તેમને અખતરા કરવાની કે શોધખોળ કરવાની કંઈ જરૂર નથી તેથી ફરીફરીને કહુ છુ કે–તેઓ અપૂરા છે, અપૂર્ણ છે તેમના સિદ્ધાતો, તેમની માન્યતા, ડગલેને પગલે ફરે છે બે ને બે ચાર જેવી સીધીને સાદી આ વાત છે જે વાતો વર્ષો પહેલા એ લોકો માનતા હતા, આજે એમા અજબ–ગજબનો ફેરફાર થયેલો જણાય છે હમણા પણ અગ્રેજો તરફથી પૃથ્વી ફરે છે અને સૂર્ય ચદ્ર સ્થિર છે, એ માન્યતાને ખોટા ઠરાવતા અનેક પુસ્તકો બહાર પડી ચૂકયા છે

પહેલા એક નાયના અગ્રભાગ ઉપર સેકડો પરમાણુઓ રહી શકે છે એમ જણાવતા હતા, ત્યારે અત્યારે આઈગ્લાસ દ્વારા લાખો પરમાણુઓ એક સોયની અણીના અગ્રભાગ ઉપર રહી શક છે, એમ વૈજ્ઞાનિકો પ્રચારે છે, ત્યારે આપણા જ્ઞાનીઓ તો કહે છે કે–એક સોયના અગ્રભાગ ઉપર અનત પરમાણુઓ રહી શકે છે, પણ તે અપૂર્ણ માનવી શી રીતે જાણી શક ? ન જ જાણી શકે

આપણે ઉચ્ચારેલો શબ્દ જેથી ત્રણ સમયમા ચૌદ રાજ-લોકમા ફેલાઇ શકે છે એમ શાસ્ત્રો તો પહેલેથી જ પોકારે છે એ જ વાતને આજના વૈજ્ઞાનિકો વાયરલેસ રેડિયો દ્વારા સિદ્ધ કરે છે તેમ જ પાણીમા જીવ, વનસ્પતિમા જીવ, વાયુમાં જીવ, પરમાણુમા શક્તિ, આવી અનેક બાબતો આજે સિદ્ધ થઈ ચૂકી છે આપણા ઋષિ–મહર્ષિઓ આ બધી વસ્તુને જાણતા હતા છતા તેનો પ્રચાર કેમ ન કર્યો ? એમ કહેજે

એમનુ જ્ઞાન સપૂર્ણ હેતુ સિદ્ધાતો ત્રિકાલાબાધિત છે, અને તેથી જ કોઈ કાળે તેનુ પરિવર્તન સભવી ન શકે પરિવર્તન અપૂર્ણ અને અસત્યનુ હોય પૂર્ણ અને સત્યનુ પરિવર્તન કદી ન નભવે

સૌ કોઈ જૈન સિદ્ધાતને સમજે, શ્રદ્ધા અને દૃઢ વિશ્વાસ રાખીને તે પ્રમાણેવર્ત, અને આત્મવિકાસને સાધે એજ એક કામના

સાધર્મિક વાત્સલ્ય

શાસ્ત્રોમાં પુણિયા શ્રાવકની સાધર્મિકભક્તિના વખાણ કરવામા આવ્યા છે એ આનાની કમાણીમા પણ હમેશા તેઓ સાધર્મિક ભક્તિ કરવાનુ નહોતા ચૂકતા એક દિવસ પોતે ઉપવાસ કરતા હતા અને એક દિવસ તેમની સ્રી ઉપવાસ કરતી હતી પણ સાધાર્મિક ભક્તિ માટે તેમનાં દ્વાર હમેશ માટે ખુલ્લા હતા–અભગ હતા આપન પણ એક એક સાધર્મીભાઈની ભક્તિ કરવાનુ જો ઉપાડી લઈએ તો આજે જે ભૂમરાણો મચે છે તે બધ થઈ જાય અને સાધર્મીભાઈઓના ઉદ્ધાર માટે જે ફ ફાળા એકઠા કરવા પડે છે તે પણ ન કરવા પડે આજે તો ફડ-ફાળા કરી તેના વહીવટદારો તેના માલિક બને છે બિચારા સામાન્ય માણસને અહીંથી તહીં ધક્કા ખવરાવે છે તેની પૂરી વાત સાભળવી તો દૂર રહી પણ બિચારાનુ તેલ કાઢી નાખે છે આ માગ–સાધર્મિક ભક્તિનો નથી તેને દીન-દુખી જાણીને તેના ઉપર દયા લાવવાની નથી પણ સુપાત્રમાં ખર્ચવાથી 'અમારી લક્ષ્મી સફળ થશે. અમારો ઉદ્ધાર થશે ' એમ જાણીને સાધર્મીની ભક્તિ કરવાની છે

૨૯

ભાવવાહિ ગૂર્જર કાવ્યકૃતિઓ

પ્રત્યેક યુગમાં કળાકારો, શિલ્પીઓ, વિદ્વાનો, [illegible] અને કવિઓ ઠીકઠીક સંખ્યામાં થયા છે અને તેમણે પોતાની ઓજસ્વી લેખિની દ્વારા અને પોતાની મનોરમ્ય [illegible] દ્વારા જૈનશાસનની અપૂર્વ સેવા બજાવી છે

સુવિખ્યાત કવિઓની કૃતિઓ આજ પણ [illegible] છભના ટેન્વે ગવાઈ રહી છે

ભક્તિની ધૂનમાં–પરમાત્માની ઉપાસનામાં [illegible] તો ખૂબખૂબ ઉપયોગી નીવડે છે કેટલી [illegible] કવિતાની એક કડીની કિંમત કોઈ શું [illegible] કહેવાય છે કે, ‘જ્યાં ન પહોંચે રવિ [illegible]’ કવિ જ્યારે કલ્પના ગગનમાં [illegible] ક્યાં પહોંચી જાય છે

કવિત્વશક્તિ એ પણ અન્ય [illegible] પુણ્યોદયે સાંપડેલી એક શક્તિ છે [illegible] કરાયેલું સર્જન કોઈ ઓર જ [illegible]

નગીત એ એક એવી ચીજ છે કે મનુષ્ય તો શુ પણ પશુ-પક્ષીઓ પણ એ મગીતના સૂ ા શ્રવણ કરતા તન્મય બની જાય છે ગાય-ભેંસ જેવા પ્રાણીઓ દૂધ દોહવાને પ્રસગે મગીત શ્રવણ કરતા દૂધ વધારે આપે છે કસ્તૂરિયા મૃગ જેવા મૃગો ગીતમા લીન બની કસ્તૂરી મૂકતા જાય છે રાજ્યક્ષ્મા-ક્ષય જેવા રોગથી પીડાતા આત્માઓ પણ સગીતદ્વારા અપૂર્વ શાન્તિ અનુભવે છે, સારા મગીનકારો દીપક રાગ ગાઈ દીપકાની જ્યોતી પ્રગટાવી દે છે મલ્હાર રાગ ગાતા અનાજે વર્ષા વરસાવી દે છે ગાસ્ત્રકારોએ અણુત ગોયવાઈઓ' કી ગીતે મગીતપૂજાનુ ફળ વર્ણવતા જણાવ્યુ છે કે-ગીત વાજીંત્ર આદિ દ્વારા આત્મા, પરમાત્માની ભક્તિમા મસ્ત બની અનત પુણ્ય ઉપાર્જન કરી લે છે રાવણ અને મદોદરીનો પ્રસગ કયા અજાણ્યો છે ? મદોદરી નૃત્ય કરે છે અને રાવણ વીણા વગાડે છે, વીણાના તાર તૂટતા રાવણ પોતે પોતાની નસ જોડી દે છે, અને ભક્તિની ધૂન ચાલુ રાખે છે આમ તન્મય ને તલ્લીન બનતા રાવણ તીર્થંકર નામકર્મને ઉપાર્જે લે છે, ગીત-ગાનની ધૂનમા મસ્ત આત્મા સમસ્ત વ્યથાને ભૂલી જાય છે, કર્મોને ખ ખેરી નાખે છે ઉનામી ગાયુ પણ ખરેજ ગીતરસમા તલ્લીન થતા હર્ષનો અનુભવ કરે છે

પૂર્વાચાર્યોના રચેલા ગસાઓ, સજ્ઝાયો, સ્તવનો, પદો અને ભજનો આપણને થોકબધ આજે પણ મળી રહ્યા છે તે દ્વારા ઓછુ ભણેલી જનતા પણ પ્રભુભક્તિનો, અને આત્મવિકાસનો સારો લાભ લઈ શકે છે.

-કવિની કવિતામા તે કાળની ભાષા, તે કાળના ચાલુ રાગો આદિ વસ્તુઓનુ વર્ણન સ્હેજે આવી જાય છે, માટે જ તે લોકપ્રિય થઈ પડે છે અને જનતાના વધારે આદર પાત્ર બને છે

વર્તમાનકાળમા પણ અનેક કવિઓ પૈકી શ્રેષ્ઠ પક્તિના કવિ તરીકે પ્રસિદ્ધિ પામેલા કવિકુલકિરીટ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ છે.

તેઓશ્રીની કૃતિઓ હિદભરના ગહેરે શહેરે અને ગામડે ગામડે જનતા આજ ઉત્સાહેર ગાઈ રહી છે આબાળવૃદ્ધ જૈન સમાજ તો શુ પણ ઇતરજનોમા પણ આ કૃતિઓ ખૂબ આદર પાત્ર બની છે, તેઓ શ્રીમે રચેલી સ્તવનાવલી આદિની પુસ્તિકાઓની સખ્યા લાખની વધી જાય છે છતાય માગ ચાલુ છે, તે જ તેની લોકપ્રિયતા પૂરવાર કરે છે

તેઓશ્રીની કાવ્ય કૃતિઓ કોઈ અનોખી છે અલકારી ભાષા, પદનુ લાલિત્ય, ભાવની વિશાળતા, સરળભાવ, પ્રાસ બદ્ધતા વારવાર ગાવાનુ જ મન થાય તેવુ સૌદર્ય-આ બધા કારણે સમસ્ત જનતાને ઝટ ગમી જાય છે અવિરત-અધ્યયન-અધ્યાપનમા-શાસ્ત્રચિતનમા સતત મગ્ન રહેવા છતા એક પ્રૌઢ અવસ્થામા આવા મનોરમ્ય-સુદર કાવ્યો સ્તવનો રચી, સમસ્ત જનતા ઉપર તેઓશ્રીએ મહાન ઉપકાર કર્યો છે તેમાય યુવક વર્ગ ઉપર તો અનહદ ઉપકાર જ કર્યો છે, એમ કહી શકાય

શૃગારથી ભરપુર રાગવાળા ગાયનોને બદલે એ જ ગાયનોને વૈરાગ્યરસથી છલોછલ ભરી દેવા પ્રભુભક્તિમય બનાવી

દેવા, આવા ગેય કાવ્યની ગુથણી કરી દેવી એ કઈ નાનીસૂની વાત નથી

विद्वानेव हि जानाति विद्वज्जनपरिश्रमम् ।

न हि वन्ध्या विजानाति, गुर्वीप्रसववेदनाम् ॥

એઓશ્રીની પ્રતિભા આ કૃતિઓમા ખૂબ જ કામ કરી ગઈ છે નાનુ બચ્ચુ પણ નહર્ષ આવા સ્તવનો ગાવા તૈયાર થઈ જાય છે સૂરિદેવ શાસ્ત્રના ઊડા અભ્યાસી હોઈ ઘણા સ્તવનો તો તત્ત્વજ્ઞાનથી ભરેલા છે કે સામાન્ય જનતાને જેનો અર્થ કરતા વિચાર કરવો પડે છે

' આધુનિક ઢબના રચાયેલા સ્તવનો સિનેમાના રાગના હોઈ નહિ ગાવા જોઈએ ' એમ કેટલાકનુ કહેવુ છે અને કેટલીકવાર તો આવુ મ ત ય ધરાવનાર કદાગ્રહમા પડી ભારે કલહ પેદા કરી તડફડ પણ કરી નાખે છે

' Old is gold ' જાનુ તેટલુ સોનુ, એ સિદ્ધાત જ સ્વીકારવામા આવે તો તો એક બાજુ આવી કઈક નવી વસ્તુઓ આપણે ઉપકારના બ્હાને અપનાવીએ છીએ અને બીજી બ જુ આવા નવા સ્તવનોનો જ વિરોધ શા માટે ?

જો આપણે પ્રાચીન-પૂર્વાચાર્યના જ રચેલા સ્તવન-સજ્ઝાયના ઉપાસક હોઈએ તો તો શ્રી ભદ્રબાહુસ્વામીરચિત ઉવસગ્ગહર સ્તોત્ર-સિવાય એક પણ બીજુ સ્તોત્ર-સ્તવન ન બોલી શકીએ કારણકે ત્યાર પછીના બધા નવા જ ગણાય

જ્યાર જ્યારે સ્તવનો બને છે, ત્યારે તે નવા જ હોય છે અને નવુ ન જ ગાવુ એવોજ નિયમ હોય તો અન્યાન્ય-સેકડો વર્ષમા થયેલા સેકડો કવીશ્વરોના સ્તવનો આજ સુધી કેમ ગવાઈ રહ્યા છે? જો તે બન્યા તે વખતે ન ગવાતા હોય તો ભવિષ્યમા પણ ભાગ્યે જ ગવાય

પૂ વિનયવિજયજી મહારાજ તથા પૂ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજની પહેલા થયેલા અનેક મહા પુરુષોના સ્તવનો-પદો એમની અપેક્ષાએ પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ ઈત્યાદિના નવા ગણાય અને એમની અપેક્ષાએ પૂ૦ વીરવિજયજી મહારાજ વગેરેના નવા ગણાતા એટે ગાવાનો વખત ન આવે, છતા અદ્યાવધિ રીતસર બધાય ગવાય છે, તેથી સિદ્ધ થાય છે કે શાસ્ત્રસમ્મત સુવિહિત ગીતાર્થ મુનિવરોદ્વારા સર્જન થયેલ કૃતિઓ ગમે ત્યારે ગાઈ શકાય છે ચાહે પછી તે નવા હોય કે જૂના હોય, જે આચાર્યદેવને આપણે માનીએ છીએ, પૂજીએ છીએ, તેઓના ચરણોમા આળોટીએ છીએ એ જ ગીતાર્થ આચાર્યના રચેલા સ્તવનો બોલવામા આવે ત્યારે આપણે વિરોધ કરીએ છીએ અને ન બોલાય એમ કહેવા સુધીની ધૃષ્ટતા કરીએ છીએ એ કેટલી બાલીશતા સૂચવે છે!

સૂત્રોની પ્રાચીન ટીકાઓ મોજુદ હોવા છતા ત્યારપછીના આચાર્યોએ નવી નવી ટીકાઓની રચના શા માટે કરી? તે સ્થળે તે આચાર્યદેવોએ સાફ જણાવ્યુ છે કે, 'જૂની ટીકાઓ બહુ બુદ્ધિગમ્ય છે, સામાન્ય જનતાને સમજવામા ઘણી કઠીન પડે છે, માટે મદબુદ્ધિવાળાઓને સરળતાથી બોધ થાય અને

તેઓ પણ સૂત્રાર્થનું સહેલાઇથી જ્ઞાન કરી શકે તે માટે હું આ નવી ટીકાની રચના કરું છું

આ જ ન્યાય નવા સ્તવનોમા પણ લાગુ પડે છે જુના સ્તવનોનો અર્થ ગભીર હોય છે સામાન્ય વર્ગ સહેલાઇથી તેનો ભાવ કળી શકતો નથી, તેના રાગો ખૂબ જ પ્રાચીન હોઈ આજના ઉગતા યુવાનોને એ રાગ બેસાડવામા ઘણી મુશીબત પડે છે આવા સમયે આજની ઉગતી પ્રજા પણ પ્રભુભક્તિથી વંચિત ન રહે, તે ખાતર નવા સ્તવન રચવાની પણ તેટલી જ જરૂર હતી

જે યુવક-યુવતીઓ સિનેમાના અશ્લીલ-શૃંગારિક ગાયનો ગલીએ ગલીએ લલકારતા ફરતા હતા જેમ કે 'પિયા મિલનકો જાના' વગેરે-વગેરે આવી રીતે આ વર્ગ વચનથી પણ કર્મનો બંધ કરતો હતો, એ શૃંગારથી ભરેલા, અશ્લીલ ગાયનો જનતા ન ગાય માટે એ જ રાગોમા વૈરાગ્યના-પ્રભુભક્તિના ગીતો રચાય તો એ વર્ગ ઉપર કેટલો ઉપકાર થાય ? ખરેખર સૂરિજીએ ચાલુ રાગોમા સ્તવનો, સજ્ઝાયો ગૂંથી જૈનસમાજ ઉપર ભારે ઉપકાર કર્યો છે શૃંગારમાર્ગમા જતી જનતાને અટકાવી છે આવી નાના બાલક-બાલિકા પણ મહેનતથા પ્રભુભક્તિનો લાભ લઈ શકે છે

સિનેમાના રાગ છે માટે સૂગ છે, એમ કેટલાકો કહે છે પણ એમને પૂછવામા આવે કે રાગ-એ કંઈ આકાશમાથી આપમેળે પડનારી વસ્તુ નથી પ્રાચીનકાળમા પણ આમ જનતામા જે રાગો પ્રચલિત હતા, તે કાળે નાટકો અને

રામલીલાઓ ચાલતી તેમા જે રાગો સ કળાયેલા હતા, તે જ રાગોનો ઉપયોગ પદો, ભજનો કે પૂ ત–સ્તવનોમા કરવામા આવ્યો છે માટે જ તે લોકપ્રિય અને રુચિકર થઈ પડ્યા છે, નહિતર રાગ લાવ્યા ક્યાથી ? પ્રાચીન પૂ તઓ અને સ્તવનોની દેશીઓ જુઓ તો ખબર પડે કે કેવા કેવા રાગો મૂકવામા આ યા છે

'ઈડર આબા–આબલી રે' 'સખીરી આ યો વસત અટારો' 'જોબનીયાનો લટકો' 'થારે માથે પચરગી પાગ' 'મારો પિયુજી ગયો પરદેશ' વગેરે વગેરે આથી સમજી શકાય છે કે, જે કાળે જે દેશીઓ–રાગો આમજનતામા પ્રચલિત હોય, ચાલુ હોય તે જ દેશીમા કાવ્યની રચના કરવામા આવે તો તે જરૂર લોક જીભે ચઢી જાય છે

મારો અનુભવ

જ્યા જ્યા અમે વિચર્યા છીએ, ત્યાની જનતામા આ સ્તવન–સજ્ઝાયો એટલા બધા પ્રિયકર અને રુચિકર થઈ પડ્યા છે કે ન પૂછો વ ત આ પદો શ્રવણ કરતા જનતા લયલીન બની જાય છે અને પુન પુન એ જ ગાવાની માગણી કરે છે, ભક્તિરસમા તરબોળ બની જનતા ડોલી ઉઠે છે જ્યા પૂર્વાચાર્યનુ જ બોલવાનો આગ્રહ સેવવાવાળા ભાવિકો હતા, ત્યા પણ આ પદો લલકારતા તેઓ તેટલા જ મુગ્ધ બની ગયા હતા અને કહેવા લાગ્યા કે, 'મહારાજશ્રી, ફરી એ જ સભળાવો '

ત્યારે એવુ કઈ જ માનવાને કારણ નથી કે નવા સ્તવનો

અર્થ વગરના છે નવા સ્તવનો પણ અર્થપૂર્ણ હોય છે સરળ હોવાથી સામાન્ય જનતા તેનો ભાવ ઝટ સમજી જાય છે, પ્રાચીન પદો, સજ્ઝાયો, જેવી રીતે વૈરાગ્યભાવ પેદા કરે છે, તેવી જ રીતે આ નવા પદોથી પણ કેંક આત્માઓના હૃદયમાં વૈરાગ્યભાવ જન્મે છે એનો પ્રત્યક્ષ અનુભવ મને ખભાત પૂ૦ ગુરુદેવના સાનિધ્યમા થયો હતો તેઓશ્રીએ રચેલી નવી સજ્ઝાય જ્યારે મે તે જ દિવસે પ્રતિક્રમણમા લલકારી, ત્યારે સજ્ઝાય પૂરી થતા જ ભરસભા વચ્ચે બે વ્યક્તિઓએ દીક્ષાની પ્રતિજ્ઞા લીધી હતી (સવત ૨૦૦૦ ની આ વાત છે)

કદીય પ્રતિક્રમણમા નહિ આવનારા, અને ધર્મમા નહિ સમજનારા પણ આવી સજ્ઝાયો શ્રવણ કરવા પ્રતિક્રમણમા નિયમિત આવતા મે નજરે જોયા છે

આથી પ્રાચીન સ્તવન-સજ્ઝાયોને જરાએ ધક્કો પહોચતો નથી તે પણ સારી રીતે ગવાય છે 'સારુ એટલુ મારુ' સમજનારને તો કઇ જ વાધો નથી પણ 'મારુ એટલુ સારુ,' હુ કહુ તે સાચુ' આ વસ્તુ આપણે મારી ઠોકીને જનતાના હૃદયમા બેસાડવા માગીએ છીએ 'યદ્ માધવેન ઉક્ત તન્ન' બસ અમુકે કહ્યુ માટે તે બરાબર નથી, ભલે તે સાચુ હોય, આવી દશા આપણી થઇ ગઈ છે

કેટલાક વખત આવી બાબતોમા તેજોદ્વેષ અને ઇર્ષ્યા પણ કામ કરે છે

નવી શૈલીમા ગ્રથો પ્રગટ કરીએ છીએ અને જનતાને

આકર્ષવા એવુ કઈક આપણે કરીએ છીએ, તો પછી આ નવા સ્તવનોનો શા માટે વિરોધ કરતા હશે, એની કઈ સમજ પડતી નથી

શાસ્ત્ર વિહિત ગમે તે વસ્તુ હોય–ચાહે પછી તે નવી હોય કે જુની હોય–'પ્રાચીન ટીકા અને નવીન ટીકાની જેમ' એ બધુ જ આપણને સમત છે, પણ શરત એટલી કે, 'હોવુ જોઈએ શાસ્ત્રસમત,' શાસ્ત્રવિરુદ્ધ ગમે તેવી જૂની વસ્તુ હોય તો તે પણ આપણને અસ્વીકાર્ય છે અને શાસ્ત્ર-સમત નવી વસ્તુ હોય તો તે પણ આપણને માન્ય છે

ત્યારે આ નવા સ્તવનો ભાવિકોને ભક્તિમા પ્રેરે છે, મદિર જવાની ભાવના પેદા કરે છે, અને પ્રભુભક્તિમા તન્મય બનાવે છે એ વાત સુનિશ્ચિત છે હા એટલુ જરૂર છે કે જે તે વ્યક્તિ જેવા તેવા અર્થહીન ગાયનો બે ચાર શબ્દો ફેરવીને સ્તવન બનાવી દે તે બિલકુલ ઈચ્છનીય નથી

ગમે તેટલા કવિઓનો ઘોડનો ઘોડ પાકે, પણ તે જ કવિની કૃતિઓ પકાય છે કે, જેમા મીઠાશ, શબ્દોનુ લાલિત્ય, ભાવવાહિતા, અર્થપૂર્ણતા અને પ્રાસબદ્ધતા હોય, બાકી તો ઘણીય ચોપડીઓ છપાવાર ને જાગવાર પ્રગટ થયે જાય છે અને કચરાના ટોપલામા જાય છે, તેની કઈ જ કિંમત નથી જનના કઇ આધણી નથી ત્યારે એ સિદ્ધ વસ્તુ છે કે, **સુવિહિત ગીતાર્થ મુનિવર્યોના રચેલા શાસ્ત્રસમત સ્તવનો, પદો કે સજ્ઝાયો પ્રતિક્રમણમા ખુશીથી ગાઈ શકાય છે–**

પછી તે જૂના હોય કે નવા હોય કેટલીક વખત વગર સમજ્યે એકે ના પાડી એટલે બીજો ના પાડે, ત્રીજો ના પાડે એમ બને છે, પણ એમાં કેવી ગંભીર ભૂલ થાય છે, એનો વિચાર કરવો ઘટે સુજ્ઞ બંધુઓએ દરેક વસ્તુનો વિચાર કરીને જ વાણી ઉચ્ચારવી જોઈએ સુજ્ઞેષુ કિં બહુના ?

લક્ષ્મીનો લ્હાવો

આચાર્ય મહારાજ બપ્પભટ્ટસૂરીશ્વરજીના ઉપદેશની અમર આમરાજા ઉપર જબ્બર જસ્ત પડી હતી આમરાજા સૂરિજીનો પરમભક્ત હતો. સૂરિજીના ઉપદેશથી તેમણે ૧૮ ભાર પ્રમાણ સુવર્ણની પ્રતિમા સ્થાપન કરી હતી તેમાં ૨૨ લાખ ૨૫ હજાર સોના-મહોર ખર્ચી હતી સૂરિપદ-પ્રસંગે એક ક્રોડ સોના મહોર ખર્ચી હતી આચાર્યદેવને નરનમ નામના સિંહાસન ઉપર બેસાડી સવા ક્રોડ સોનામહોરોથી તેમણે ગુરુપૂજન કર્યું હતુ તે પૈસામાંથી ૧૦૦ જિનમંદિરોના જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યા હતા નવલાખ સોનામહોર ખર્ચી એક હજાર સ્થંભવાળી પોષધશાળા બંધાવી હતી જેમાં એવા ઝગઝગાયમાન રત્નો જડ્યા હતા કે રાત્રિના પણ દીવાથી અધિક પ્રકાશ પડતો. તેના પ્રકાશથી સાધુઓ પુસ્તક વાંચી શકતા હતા, વળી તેમણે સિદ્ધગિરિનો છ'રી પાળતો સંઘ કાઢી બાર ક્રોડ સોનામહોરો ખર્ચી હતી લક્ષ્મીની ચંચળતા તેઓ બરાબર સમજ્યા હતા તેથી જ તેમણે આવા ઉત્તમ કાર્યો કરી લક્ષ્મીનો લ્હાવો લીધો હતો

૨૮

સમતોલ વૃત્તિ

ઘણા માણસો વાત-વાતમા મગજનો કાબૂ ગુમાવી બેસે છે, વાત વાતમા ગરમ થઇ જાય છે, એના મગજની ટીશીનો પારો ચઢી જાય છે, જરાકમા લાલ-પીળો બની જાય છે, સામી વ્યક્તિને લાગે કે હમણા જ આ મહેરબાન બાળીને ભસ્મ કરી નાખશે

પણ મગજની સમતાલવૃત્તિને ગુમાવવાથી માણસને પાછળથી ભારે પશ્ચાત્તાપ કરવો પડે છે, રડવુ પડે છે, ઘણુ વેઠવુ પડે છે, તેમજ સૌને એ અળખામણો બને છે, કોઈને તેની સાથે વાત કરવાનુ મન થતુ નથી, અને તને કોઈ કાર્યમા સફળતા મળતી નથી તેને મોટા ભાગે નિરાશ થવુ પડે છે પોતાના મનોરથ સિદ્ધ ન થતા તે અદર અદર બળે છે અકળાય છે, મુઝાય છે અને પીઠેહઠ કરવી પડે છે મગજ બે કાબૂ બનવાથી થોડી જ વારમા ચૂક ઉછળે છે આગળ વધતા વધતા ગાળા-ગાળી અને ડડા-ડડી ઉડળે છે, પરિણામે લોહીલુહાણુ થાય છે આગળ વધતા કેસ કોર્ટ ની દેવડીએ ચડે છે, ઈજ્જતનુ લીલામ થાય છે, પૈસાનો

દુર્વ્યય થાય છે, સમયનો દુર્વ્યય થાય છે અને પરિણામ શૂન્ય આવે છે

માટે માણસે મગજને કાબૂમાં રાખવાની ઘણી જરૂર છે મગજનું સમતોલપણું જો વાતવાતમાં ગુમાવશો તો પરિણામે તેના કડવા ફળ પોતાને જ ચાખવા પડશે

વ્યવહારમાં પણ સમતોલવૃત્તિ ન રહેવાના કારણે કેટકેટલા અનર્થો જન્મે છે

૧ રસોઈમાં મીઠું કે મરચું વધારે પડી જાય તો રસોઈ કરનારને ફુવડ કહેવામાં આવે છે રસોઈઓ હોય તો શેઠ તેને ધમકાવે છે, કે ભાન નથી? જો મીઠું વધારે છે, મરચું ઓછું છે, વગેરે ઘરની સ્ત્રી ફુવડ હોય તો તેનું દુખ રસોઈયાને રજા પણ અપાય પણ બાયડીને થોડી જ રજા અપાય? અહીં કહેવાની મતલબ એ છે કે, રસોઈમાં બરાબર માપસર દરેક વસ્તુ હોય તો તે રસોઈ આરોગનારાઓને આનંદ આપે છે ત્યારે બોલવામાં સમતોલપણું ન રહે તો કેવી દશા થાય?

૨ તેવી જ રીતે એક ગાડું છે એ ગાડામાં પાછળ ભાર ભરવાથી બળદને ત્રાસ થાય છે ગાડું નમી જાય છે, ત્યારે આગળ ને પાછળ એમ બરાબર વજન મૂકવામાં આવે તો ગાડું ઊંચુ–નીચુ ન થતા કોઈ જાતની હરકત આવતી નથી, ત્યારે અહીંયા પણ સમતોલપણાની જરૂર રહે છે અને તેથી જ ગાડું બરાબર ચાલે છે

૩ કાંટો કહો કે ત્રાજવું કહો મતલબ તોલવાનું સાધન તોલવાનાં સાધનો અનેક પ્રકારના હોય છે સુવર્ણને તોલ

વાનો, લાકડા તોલવાનો, પનસારીની દુકાને હીંગ-મરી તોલવાનો, હીરા-માણેક તોલવાનો, રૂની ગાસડીઓ તોલવાનો એમ અનેક પ્રકારના કાંટા હોય છે એક જ કાંટે સઘળીય વસ્તુઓ નથી તોલાતી, કેમ કે કેટલાક કેટલીક વખત આવી ભૂખાઈ કરે છે કાંટા અનેક પ્રકારના હોય છે વ્યાપારી કાંટો હાથમા લઈ તોલવા માંડે અને જે બાજુ વસ્તુ મૂકવામા આવી હોય તે બાજુ વધારે નમતુ મૂકે તો વ્યાપારીની શી દશા થાય? થોડા દિવસમા જ પાટિયુ ફેરવવુ પડે મતલબ કાંટો બરાબર સમતોલ હોય તો જ ચાલી શકે છે

હીરા-માણેક જેવી કિંમતી ચીજોમા રતિભાર પણ વધારે જાય તો મોટી ખોટ વેઠવી પડે છે ત્યારે મગજની સમતોલ વૃત્તિ ગુમાવનારની શી દશા થાય? શુ માર ખાવો ન પડે?

૪ વ્યાપારી વર્ષદહાડે ચોપડા તપાસે, ઉધાર પાસુ વધારે હોય તો વાંધો, જમા પાસાના લોકોની રકમ વધારે હોય તો લેણદારનો જીવ ખાઈ જાય છે ત્યારે અહીં પણ જમા-ઉધાર એકંદર બરાબર હોય તો વ્યાપારીને એવી હરકત નથી આવતી, તેમ અહીં પણ સમતોલપણાની જરૂર છે

૫ કાવડવાળાઓને બન્ને બાજુ પાણીના ઘડા ભરેલા હોય તો જ ઉપાડવામા સરળતા પડે છે, પણ એક બાજુ ખાલી ઘડો હોય અને બીજી બાજુ ભરેલો હોય તો કાવડ નીચે પડે છે મતલબ અહીં પણ સમતોલપણાની જરૂર રહે છે, નહિતર બાજી બગડી જાય

૬ સંગીતમાં પણ ગવૈયો તાલ-સૂર પ્રમાણે ગાય તો જ મજા આવે છે, અને બેતાલુ ગાતો હોય તો કેવું બેહુદુ લાગે છે ? પેટી ક્યાંય ચાલે, તબલા ક્યાંય ચાલે અને ભાઈ ક્યાંય ચાલે આમ બે-તાલ થવાથી રંગમાં ભંગ પડે છે, તેથી અહીં પણ સમવૃત્તિ રાખવી પડે છે

૭ સીધી સડક હોય તો ચાલનાર પથિકો સરળતાથી માર્ગ કાપે છે અને સડક ખાડા-ટેકરાવાળી હોય, જમીન ઊંચી-નીચી હોય તો પથિકોને ઘણી મુશીબત પડે છે, તેમ અહીં સમભૂતલ સપાટીની યાને સમતાની યાને સમમાર્ગની જરૂર રહે છે, Level સપાટી બરાબર જોઈએ મકાનમાં મોભ બરાબર વચ્ચોવચ રાખવામાં આવે છે જો તે એક બાજુ ઓછો થઈ જાય તો મકાન કડડડ-ભૂસ થઈ જાય છે, તેમ અહીં પણ સમતોલપણું બરાબર હોવું જોઈએ

૮ એક આદમી ઘણું કામ કરે તો થાકી જાય છે કામ બીલકુલ ન કરે અને પડ્યો રહે તો આળસુ ગણાય છે તેથી કામ ને આરામ બન્નેની જરૂર રહે છે તડકો ખૂબ હોય તો ગભરામણ થાય છે અને છાયડાની જરૂર રહે છે વળી તડકો ને છાયડો પણ અધિક પ્રમાણમાં હરકત કરે છે, તેનું પ્રમાણ પણ સમતોલ જોઈએ

આ દુનિયામાં એટલી બધી વસ્તુઓ એવી છે કે, જેનું પ્રમાણ અધિક થતાં બાજી બગડે છે, કામ બગડે છે, મુશીબતો અને મુશ્કેલીઓ નડે છે અને સમતોલપણું હોય તો વ્યવહારમાં જલદી સફળતા મળે છે, દરેક કાર્ય પ્રાયઃ સિદ્ધ થાય છે

જડ પદાર્થોમા અને વ્યવહારિક કાર્યોમા પણ સમતોલ વૃત્તિની—સમતોલપણાની જરૂર રહે છે

તે તે સ્થળોમા સમવૃત્તિ—સમતોલપણુ—સમતુલના અર્થાત્ સમતોલવૃત્તિ ન રહે તો કામ નથી ચાલતુ, તો આત્મા જેવી કિમતી વસ્તુમા સમતોલ વૃત્તિ ન રહે તો શી દશા થાય ? માણસ મગજનો કાબૂ ગુમાવી બેને તો કેટલુ વેઠવુ પડે ?

આપણે બીજાના બે શબ્દો સહન કરી શકતા નથી તરત જ મગજ ગરમાગરમ થઇ જાય છે 'क्षमा वीरस्य भूषणम्' એ સૂત્રને ભૂલી જઈએ છીએ

'સમતા સર્વ-સુખ-જનની' 'સમતાના ફળ મીઠાં છે' 'કડવા ફળ છે ક્રોધના' એ બધા સોનેરી વાક્યોને ન ભૂલવા જોઈએ એ સૂત્રોને હૃદયમા કોરી રાખવાં જોઈએ

ઈંદોરનુ એક નાનકડુ દષ્ટાત યાદ આવે છે જ્યારે અમે ઈંદોરમાં ચાતુર્માસ હતા ત્યારની આ વાત છે પીપલીવાળા જૈન મદિરના પાછળના બાગમા ઉપાશ્રય છે નીચે એક કૂવો છે જ્યા લોકો સ્નાન કરે છે બે સ્નાન કરનાર વ્યક્તિમા જરાક વાતમા વાત ઝઘડારૂપે આગળ વધી, પણ એમા એક વિશેષતા હતી એક વ્યક્તિ ખૂબ બેફામ બકવાદ કરતી હતી, ત્યારે સામી વ્યક્તિ 'ઓર બકો' 'ઓર બકો' માત્ર એટલા જ શબ્દોનો ઉપયોગ કરતી હતી પેલો બકવાદી તો થાક ગયો, બીચારાનો ઘાટો દુ ખવા લાગ્યો લોકોમા બેવકૂફ બન્યો, ત્યારે પેલો માત્ર 'ઓર બકો, ઓર બકો' બોલનાર લોકોની દૃષ્ટિએ કઈક ગમભાવી ગણાયો સામો માણસ અમે તેમ

બોલે જાય પણ આપણે તો તેનો જવાબ જ ન આપીએ અને ખામોશ પકડીએ તો એમાં કંઈ આપણને નાનપ નથી લાગતી ઊલટું પરિણામ ઘણું સુંદર આવે છે, લોકદૃષ્ટિએ પણ પ્રશ મનીય બને છે, પાપકર્મો પણ ઓછા બંધાય છે સામો ગાળ દે તેથી કંઈ એ ગાળ આપણને ચોટી નથી જતી, એનું મુખ બગડે છે, માટે આવા પ્રસંગોમાં સમભાવ–સમતા રાખવાની જરૂર છે, સમતાભાવને જેટલો કેળવીશું, તેટલી જ પરમાત્મદશા નજીક આવશે 'કમ ખાવ, ઔર ગમ ખાવ,એ ઉક્તિ પણ ક્ષમાનો બોધપાઠ આપે છે નિંદા–પ્રશંસાના પ્રસંગોમાં પણ તેટલી જ સમતા રાખવાની જરૂર છે

દેવો ને દેવેન્દ્રોથી પૂજાવા છતાં પણ તીર્થંકરદેવોનેજરાય તેમના ઉપર રાગ થતો નથી, ચંડકૌશિક જેવા ક્રૂર સર્પે ડંખ દીધો, મેઘમાળીએ વરસાદ વરસાવ્યો, છતાંય એના ઉપર જરાય રોષ નહિ આવી ઉચ્ચ દશામાં જ પરમાત્માના દર્શન થાય છે આવી ઉચ્ચ કોટિનો સમભાવ આવી જાય તો આત્મા ક્ષણવારમાં પરમાત્મદશાને મેળવી લે છે

ઝાંઝરિયા મુનિવર, મેતારજ મુનિ, ખંધક મુનિવર, ગજસુકુમાળ મુનિવર, અને ઘાણીમાં પીલાનાર ૫૦૦ મુનિઓ આવા તો અસંખ્યાત દૃષ્ટાંતો શાસ્ત્રોમાં નોંધાયા છે કે જે થોડી જ ક્ષણોમાં સમતાના બળે પરમાત્મપદને પામી ગયા હતા

શત્રુ–મિત્ર ઉપર સમભાવ આવે ત્યારે આ દશાની પ્રાપ્તિ થાય છે, માટે સારા નરસા પ્રસંગોમાં,નિંદા પ્રશંસાના પ્રસંગો માં, યા ગમે તેવા કપરા સંજોગોમાં પણ માણસે સમતા

ભાવને-સમભાવને કેળવવાની જરૂર છે મગજને કંટ્રોલમા-લેવલમા રાખવાની જરૂર છે

સામાયિકનતમા સમતાનુ જ શિક્ષણ મળે છે સમતાનો લાભ જેમા થાય તેનુ નામ જ સામાયિક

એ સામાયિકન આપણે-અગીકાર કરવુ જોઈએ અને પ્રતિદિન સામાયિક કરવુ જોઈએ કે જેમા આત્માને બે ઘડી સમતાનો આસ્વાદ મળે

ધ્યેયને ચૂક્યા વગર જો આપણે ક્રિયાકાડ કરીશુ તો જરૂર આત્મામા ઓર પ્રકાશ થશે આજે આપણે લક્ષ્યને ચૂક્યા છીએ માટે જ ઉચ્ચ કરણીથી જે લાભ થવો જોઈએ, તે થતો નથી અને દીનને પાત્ર બનીએ છીએ, સર્વયોગમા સામાયિક યોગ શ્રેષ્ઠ છે ચોવીસ કલાક આપણા સસારની આધિ, વ્યાધિ અને ઉપાધિમા અનેક પાપ-સમારભમા અને વિભાવદશામા જાય છે તેમાથી થોડો ટાઈમ મેળવી આમા મિકતની આરાધના કરવામા આવે તો જરૂર આપણી વિભાવદશા ટળે અને સહજાનદ મળે અતે આત્મા મુક્ત દશાને વરી શાશ્વત સુખોનો ભોક્તા બને આજે આપણે આત્માને ભૂલી જડમા ઝુકી અનાદિ કાળથી આ સસાર ચક્રમા રઝી રહ્યા છીએ આત્માની શક્તિને પીછાણતા નથી આત્મામા અનત બળ છે, અનત શક્તિ છે, અનત જ્ઞાન છે, અને સહજ સુખનો ભડાર છે એ બધી અનત જ્ઞાન અને અનત દર્શનશક્તિ કર્મોના આવરણોથી દબાયેલી પડી છે એ શક્તિ પ્રગટાવવા પુરુષાર્થ ફેરવવાની જરૂર છે

દુન્યવી સુખો તો ઘાસના તણખલા જેવા તુચ્છ છે કલ્પના-

જન્ય છે, સુખાભાસ છે, વાસ્તવિક સુખ આત્મામા છે નથી બગલામા, નથી લક્ષ્મીમા, નથી લલનામા અને નથી જડ પદાર્થોમા આ અનતશક્તિનો ભડાર આત્મા એકેન્દ્રિય જેવા તુચ્છ પદાર્થો માટે તલસે છે, મુઝાય છે, રડે છે–લડે છે અને રગડે-ઝઘડે છે

હીરા–માણેક–મોતી, સોનુ–ચાદી એ બધુ શુ છે? એ છે એકેન્દ્રિય જીવોનુ કલેવર, એ એકેન્દ્રિય જીવોના કલેવર માટે આ પચેન્દ્રિય આત્મા પાગલ બને છે, એમા ને એમા મશગૂલ બની જીવનને ચાહોમ કરે છે, પોતાની જાતને પીછાણતો નથી, પોતાની શક્તિને પીછાણતો નથી, માટે જ માયકાગલો બની ભિખારીવેડા કરે છે જરા જરામા અકળાય છે, અફળાય છે અને જન્મ–મરણની પરપરાને વધારી લે છે આ બધી પરભાવ દશાને ટાળવા અને સ્વભાવદશામા મહાલવા આત્માએ સમતારસમા ઝીલવુ જોઈએ પ્રતિપળે એ વિચાર કરવો ઘટે કે મારુ ધ્યેય શુ છે? હુ શુ કરી રહ્યો છુ? સ્વભાવમા છુ કે પરભાવમા છુ? મગજ કાબૂમા છે કે બેકાબૂ? લેવલથી બહાર તો નથી જતો ને! રોજ–બરોજ આ રીતનો વિચાર થાય અને એ દિશામા પ્રયત્ન ચાલુ રહે તો જરૂર ધ્યેયની સિદ્ધિ થયા વગર ન રહે આત્મા સાથે એકમેક થયેલી અનત–અનત કર્મની વર્ગણાઓ દૂર થઈ જરૂર આ આત્મા નિર્મળ બની નિજ સ્વરૂપને પ્રગટાવી જ્યોતમા જ્યોત મળે તેમ સિદ્ધાવસ્થામા પહોચી જાત

क्षमा वीरस्य भूषणम्

૨૯

રૂ ૩૬૦૦૦ ના ભીંડા

અભિમાનરૂપ માતગ ઉપર આરૂઢ બની મદોન્મત્ત બનેલા માનવીઓ ભાન ભૂલી જાય છે 'ઐશ્વર્ય' ને સત્તાની ખુમારીમા માણુસ માણુસ મટીને કોરાણે મૂકે છે નામની ખાતર માણુસ હજારોનુ પાણી કરી નાખે છે ઘરબાર વેચીને પણ નાક ઉંચ રહે એની જ તેવડમા રહે છે મરુદેશનો આ પ્રસગ છે

એક ક્રોડાધિપતિ શેઠનો મુનીમ શાક લેવા માટે મારકીટમા જઈ પહોચ્યો એક ટોપલામા કુણા-કુમળા લીલાછમ ભીડા ભરેલા હતા મુનિમજી ભાવ નક્કી કરતા હતા, તેટલામા બીજા ક્રોડાધિપતિનો બીજો મુનિમ પણ ત્યા આવી પહોચ્યો એ પણ ભાવ-તાલ પૂછવા મડ્યો, વાતમા વાત આગળ વધી

પહેલા મુનિમે બીજા શેઠના મુનિમને જણાવ્યુ 'અલ્યા તારો શેઠ તે વળી શુ આવા ભીડા ખાવાનો હતો ? ખાધા ખાધા હવે, મકખીચૂસ છે ચીગુસનુ કામ નહિ, માટે રહેવા દે, રહેવા દે'

ત્યારે પેલાએ જવાબ વાળ્યો

'અરે મુનિમજી ! બેસો છાનામાના તમારા શેઠ તો જરૂર

આવા કિંમતી ભીંડા ન જ ખાય, એમાં વળી શું નૂર ખર્યું છે!'

'એમ કે ? તો ત્યારે તું લે છે કે હું લઉં છું ! તારો શેઠ ચડે છે કે મારો શેઠ !'

બન્નેની ટપાટપી ચાલી વાત આગળ વધી ટોપલા ની હરરાજી થઈ

ફક્ત પાંચ-છ રૂપિયાની કિંમતનો આ ટોપલો તેના વધીને ૫૦-૧૦૦ બોલાયા

પહેલો કહે ૫૦૦

ત્યારે બીજો કહે ૧૦૦૦

પેલો ભીંડા વેચવાવાળો તો હેબતાઈ જ ગયો 'અરર્યા આ શું ? ખરેખર આજ તો મારા ભાગ્ય ઉઘડ્યા ?'

બન્નેનો પારો બરાબર ચઢ્યો ! તેઓ મૂછ ઉપર વળ ચઢાવવા લાગ્યા ! બાયો ઊંચી કરી ! પહેલાએ કહ્યું

'પાંચ હજાર,'

બીજાએ કહ્યું 'દશ હજાર'

એમ કરતા ૩૬૦૦૦ સુધી ભાવ ચઢ્યો પહેલો જીત્યો અને બીજો હાર્યો

રૂ ૩૬૦૦૦ માં ટોપલો લીધો ભીંડાવાળો હરખાતો હરખાતો ચાલવા લાગ્યો

શેઠજીનું ઘર આવ્યું

મુનિમજીએ શેઠજીને કહ્યું 'શેઠ સાહેબ ! રૂપીયા છત્રીસ હજાર ગણી આપો, આ ટોપલાના'

શેઠ તો જોઈ જ રહ્યા મુનિમજીની વાતની છટકી છે કે શુ ?

શેઠ કહે 'અલ્યા મુનિમ કઈ ભાંગ-બાંગ તો પીધી નથી ને ! કાળજુ તો ઠેકાણે છે ને ?'

મુનિમજી કહે 'જી હા'

શેઠ કહે 'અલ્યા બીજાના ટોપલાના તે કઈ છત્રીસ હજાર હોતા હશે !'

મુનિમે જણાવ્યુ 'શેઠ સાહેબ ! આ તો છત્રીસ હજારમા ગોઠો પત્યો પર તુ વખતે છ લાખ પણ ખર્ચી નાખત પણ '

'અલ્યા પણ-બણ શુ બકરી નાખને !'

'શેઠજી ! આપ જરા ક ડા કોઠે સાભળો તો જરૂર મને શાબાશી આપશો આ તો નાકની વાત હતી, નાક જાય તેવી સ્થિતિ હતી આપની મૂછનો વટ રાખ્યો છે શેઠજી ! આ ટોપલો ન લીધો હોત તો બ નામી થાત '

પછી મુનિમે બધી વાત જણાવી, મુનિમની વાત સાભળી શેઠજી ખુશખુશ થઈ ગયા અને મ્હેજે બોલી જવાયુ 'શાબાશ મુનિમજી ! શાબાશ' અને રૂપિયા છત્રીશ હજાર ગણી આપ્યા

અજબ દુનિયાના ગજબ બનાવ આવા જ હોતા હશે !

૩૦

અનીતિનું ધન

રામરાજ્યની વાતો કરનારા આજે આરામથી નામ–દામ અને ઠામ વધારી રહ્યા છે ! સત્તા અને અશ્વર્યની ખુમારીમા તેઓ જનતાને એક યા બીજી રીતે ચૂસી રહ્યા છે પણ કર્મ-સત્તા એ સર્વોપરી સત્તા છે અને સૌના મસ્તક ઉપર એ ઝઝુમી રહી છે, તે ભૂલવા જેવું નથી ગમે કેટલા કાળાધોળા કરો, ગમે તેટલા કાવા–દાવા–પ્રપંચ ને અનીતિ કરી લક્ષ્મીથી તિજોરી તર કરો, પણ એને જતા વાર નહિ લાગે અનીતિનુ ધન મૂળ મૂડીને લઈ ચાલ્યુ જાય છે એ વાત સો ટકા સાચી છે ઘુઘરાના મીઠા રણકાર કરતી ધમધમ કરતી એ આવે છે, પણ જાય છે લાત મારીને, એ ભૂલવા જેવુ નથી

આજે જ્યા જોઈએ ત્યા અનીતિનુ સામ્રાજ્ય જ પ્રવર્તી રહ્યુ છે શું સત્તાધીશ ? શુ મજૂર ? શુ વ્યાપારી ? શુ કિસાન ? નીચલા થરથી લઈ ઊપલા થરના તમામ વર્ગમા મોટે ભાગે આજે અનીતિ જ દેખાઈ રહી છે ખરેખર ! મત્સ્ય–ગલાગલ જેવી સ્થિતિ છે મોટો નાનાને ગળે છે, નાનો એનાથી નાનાને

ગળે છે દયા–કરુણા જેવી વસ્તુ જાણે છેક જ અદ્રશ્ય થઈ ગઈ છે

પ્રાચીન કાળમાં રાજા–પ્રજા તમામ નીતિમાન હતા, એટલે જ વૈભવની છોળો ઊછળતી હતી સુખ–સમૃદ્ધિ, શાંતિ અને આબાદીથી જગત ફાલ્યું–ફૂલ્યું હતું

નથી એ સુખ, નથી એ સમૃદ્ધિ, ભભૂકતાને પણ અશાંતિનો દાવાનળ સળગાવી મૂક્યો છે

એક વખત એક આનામાં માનવી સુખેથી પેટ ભરતો હતો, આજે બે ત્રણ રૂપિયાનો રોજ મળવા છતાં બૂમરાણ ચાલે છે જરૂરીયાત વધી ગઈ એ જરૂરિયાતને પહોંચી વળવા અનીતિના માર્ગે ધસી રહેલી દુનિયાને ખાવાના ય સાંસા, પહેરવાના ય સાંસા, ભલા ય ફાંફા મારે છે, પણ કેમે ય પેટ ભરાતું નથી અનીતિનું ધન પટમાં પડ્યા પછી બુદ્ધિ ભ્રષ્ટ થાય એમાં શી નવાઈ? ‘ આહાર તેવો ઓડકાર ’ એ ઉક્તિ આજે ચરિતાર્થ થઈ રહી છે સાચી વાતો માણસને ગમતી નથી, ઉલટો રસ્તો સૂઝે છે પાપ કરવાની વૃત્તિ પેદા થાય છે, ધર્મ–કર્મના ઢીલ લાગતું નથી માળા ફેરવતા મન ચગડોળે ચડે છે, સાધુ–સંતોની વાત ગળે ઊતરતી નથી પરમાત્માના દર્શન કરવા તો દૂર રહ્યા, પણ એ દેવળ ગણે એને મન ઠઠારો લાગે છે આમ થવાનું કારણ એક જ અનીતિ

એક વખત એવો હતો કે આપણા દેશની પ્રમાણિકતાની વાતો પરદેશમાં થતી હતી, પરંતુ આજે સ્થિતિ જુદી જ છે પરદેશમાં છાપાના ફેરિયા છાપાઓનો ઢગલો રસ્તા પર મૂકી દે છે, છાપું ખરીદનાર છાપું લઈ પૈસા મૂકી ચાલતા થાય છે, પણ કોઈ એમ ને એમ છાપું લેતા નથી આવો અખતરો આ

દેશમાં કરવામાં આવે તો ? બીજે દિવસે દેવાળું જ ફૂંકવું પડે ખરેખર આર્યદેશના માનવીઓને શરમાવે તેવી આ હકીકત છે

હિંદુસ્તાનનો માણસ જ્યારે પરદેશમાં જાય છે ત્યારે ઘણા ભાગે આબરુનું લીલામ કરીને આવે છે, નથી હોતી તેનામાં પ્રમાણિકત, નથી હોતો સદાચાર

એક વિદ્યાર્થી પરદેશની લાયબ્રેરીમાં ગયો ત્યાં તેણે એક પુસ્તક નિહાળ્યું એમાં સુંદર ચિત્રો હતાં તે ચિત્રો આ વિદ્યાર્થીએ ફાડીને લઈ લીધાં તપાસના અંતે જાણવા મળ્યું કે, હિન્દુસ્તાનના કોઈ વિદ્યાર્થીને આ પુસ્તક વાચવા આપ્યું હતું, તેણે આ અધમ કૃત્ય આચાર્યું છે આવું વર્તન રાખતા હોઈએ ત્યાં આપણી આબરુ કયાંથી વધે ?

મોઢેથી નફાઈની વાતો કરનારા સફેદ ઠગાઈ કરે છે

એક વ્યાપારી ભોળા ગ્રાહકને સમજાવી-પટાવી ધોળે દહાડે એની આંખમાં ધૂળ નાખી આબાદ ઠગી લે છે

ગ્રાહકને કહે છે 'સાંભળ ! સત્તર પંચા પંચાણ, બે મૂકયા છૂટના, લાવ સત્તાણું ' બિચારા ભોળા માનવી આવા હિસાબ સમજે નહિ, એટલે ઉપરથી કહે છે કે 'શેઠ કેવા સારા કેટલો ઉપકાર કર્યો ?'

હડહડતા અપકાર ઉપર પણ ઉપકારની મહોર-છાપ મારે છે કેટલી અધમતા ! કેવી મૂઢતા ! ! કેવી લુચ્ચાઈ ! ! !

એક જ ભાવનું પાટિયું મારનાર, નીતિપૂર્વક બીજાને

શીસામા ઉતારે છે આખોનો આપળો અને ર્ઈયાનો ફુટરો ગ્રાહક આવતા ગશ્ગરાજી થઈ જાય છે ' આજે ઠીક ફાવ્યો, પેલાને ઠીક શીસામા ઉતાર્યો, ' એમ માની એ લોકો ગજ ગજ ઉછળે છે એક સત્તાધીશ બીજાને આબાદ રીતે ફસાવે છે અને એની પાનેથી નાણા કઢાવી મલકાય છે અને મોટરોમા ફરે છે દરેક વર્ગે નવી મોટર, પહેલા ૨૫-૫૦નો મહિનો પણ મુશ્કિલે મળતો હતો, પણ આજે તો ધોળા કપડા પહેરી ગર્વથી મોટરમા ફરે છે એને કોઈ એમ નથી પૂછતુ કે, ' આ બધુ કયાથી લાવ્યા ? ' આમ દરેક વર્ગ અનીતિમા મ્હાલી રહ્યો છે

પણ યાદ રાખજો કે, ગમે તેટલી લુચ્ચાઈ કરી ગમે તેવા કાવાદાવા અને પ્રપચો કરી આપણે તીજોરી તર કરીએ, પણ ત્યા ન્યાય સરખો છે ત્યા લાચ-રૂશ્વત નહિ ચાલે, ઓળખાણ-પીછાણ નહિ ચાલે, લાગવગ નહિ ચાલે, ખુશામત નહિ ચાલે, કરેલા કર્મોના કારમા ફળો આત્મ ને પર લોકમા અવશ્ય ભોગવવા પડશે

અનીતિનુ ધન ઘાસના પૂળા જેવુ છે, ઘાસના પૂળામા દીવાસળી ચાપતા અજવાળુ અને પ્રકાશ-પ્રકાશ ફેલાય છે, પણ એક-બે ક્ષણ પછી ઘોર અધકાર વ્યાપે છે અને તેમાથી રાખ પણ મળતી નથી તેવી જ રીતે અનીતિના ધનથી થોડીવાર અજવાળુ-અજવાળુ લાગશે પણ પછી એ મૂળ મૂડીને પણ સાફ કરી જશે, એ રખે ભૂલતા કહ્યુ છે કે —

અન્યાયોપાર્જિતવિત્ત, દશવર્ષાણિ તિ
પ્રાપ્તે ત્વેકાદશે વર્ષે, સમૂલ ચ

અનીતિનુ ધન વધારેમા વધારે દશ વર્ષ સુધી રહે છે અગિયારમા વર્ષે તો મૂળ મૂડીને લઈને ચાલ્યુ જાય છે

અનીતિના ધનથી જરાક વાર ભપકો લાગશે, હૈયુ હરખાશે, પણ થોડા દિવસમા સાભળશો કે અમુક પાર્ટીએ દેવાળુ કાઢ્યુ અમુકના ઘરબાર વેચાયા બાયડી મરી જાય ને હજારોની ઉઠે, શરીર બિમાર પડે ને વૈદ્ય-ડોક્ટરોમા સેકડો ખર્ચાઈ જાય, છોકરો મરી જાય, અચાનક ધાડ આવે, અચાનક આગ લાગે, ઘર પડી જાય, લગ્નમા ખર્ચ વધી જાય, આમ અનેક રીતે અનીતિનુ ધન ચાલ્યુ જાય છે

માટે અનીતિના ધનને પથ્થરસમુ સમજો, ભલે થોડુ મળે પણ નીતિને ન ચૂકો, આજે તો પૈસા-પૈસા માટે અનીતિ ચાલી રહી છે એક પૈસા માટે પરમાત્માના સોગન-ધર્મના સોગન ખાવા તેયાર થઇએ છીએ, પણ બાયડી-છોકરાના નહિ એ જાણે છે કે, હડહડતુ જૂઠુ, બાયડીના સોગન ખાઉ ને બાયડી બીમાર પડે તો ! છોકરાના કસમ ખાતા છોકરો મરી જાય તો, પણ પરમાત્માના સોગન ખાતાં પરમાત્મા થોડા જ બીમાર પડવાના છે ! ધર્મને થોડો જ ધક્કો લાગવાનો છે ! કેવી આપણી મૂર્ખાઈ ! કેવી અજ્ઞાનતા !

માર્ગાનુસારીનુ પહેલુ લક્ષણ શાસ્ત્રકારોએ 'ન્યાય-સપન્ન વિભવ', કહ્યુ છે, માટે હે મહાનુભાવો ! સમજો, ચેતો અને ન્યાય, નીતિ તથા પ્રમાણિકતાને ન ચૂકો

૩૧

રેતીનાં ઘર

વર્ષાઋતુના કાળા ભ્રમર જેવા વાદળાઓ ગડડડ ગડડ ગર્જારવ કરતા દોડધામ મચાવતા એક મહાન સૈન્ય લઈને આકાશ ઉપર ચઢાઈ કરવા આવ્યા હોય તેમ ઉમટી પડયા છે. સૂર્યનારાયણ પોતાના સહસ્ર કિરણો સંકેલીને સંતાઈ ગયા હોય એમ લાગે છે, વીજળી ભયથી પ્રજી ઉઠી હોય તેમ વારંવાર ચમકારા કરે છે. મહાન્ યુદ્ધની શરૂઆત કરવાની હોય તેમ સપ્તરંગી વિશાળ ધનુષ્ય ખેંચાયેલું છે. પ્રકૃતિનું આ અદ્ભૂત સૌંદર્ય નિહાળી નાના બાળકો ખૂબ હરખાય છે અને આમ તેમ નાચ-કૂદે છે, એવામાં વરસાદ પડે છે એટલે તેઓ ન્હાવાની હોંશ ઉડાવે છે અને રેતીમાં બેસી ઘરો બાંધવા મંડી પડે છે. તેમાં તેઓ એટલા મશગૂલ બની જાય છે કે ભૂખ-તરસને પણ ગણકારતા નથી. પોતાના પગની મદદથી ભીની માટી દ્વારા ઘરો તૈયાર કરે છે, એમાં બારીબારણાં મૂકે છે, પર્વતના શિખર બનાવી એની ટોચે

મા જ મલકાય છે

બન્ને બાજુ ઘરોની હારો તૈયાર કરી, વચ્ચે સડક જેવો સ્વચ્છ માર્ગ તૈયાર કર્યો, અને દૂર-દૂર ઊભા ઊભા એ નૂતન ગૃહોની અનોખી શોભા નિહાળી એમના દીલ ડોલી ઊઠ્યા

અરે જુઓ જુઓ! કેવુ સરસ આ શયનગૃહ! આ સભાગૃહ! આ રસોઈગૃહ! આ સ્નાનગૃહ, અને જુઓ આ બારીઓમાથી મધુર ને શીતળ વાયુનો કેવો સચાર થઈ રહ્યો છે? અરે ખુદ સૂર્યદેવ પણ આપણા ઘરોની શોભા નિહાળવા આપણા આગણે પધાર્યા છે, અને આ ઓટલા ઉપર બેસી આપણે રોજ અલકમલકની વાતો કરીશુ આમ પોતે નિર્માણ કરેલા ઘરોની શોભા નિહાળી બાળકોના હૃદયમા હર્ષ સમાતો નહતો, તે હર્ષથી પુલકિત બન્યા, નાચવા કૂદવા લાગ્યા અને ફેરફૂદડી રમવા લાગ્યા

ક્ષતિયાક બાળકોની આ રમત નિરખી એક પ્રૌઢ માણસ તે રસ્તેથી પસાર થતો થભી ગયો અને તેને બાળકોના નિર્દોષ આનદમા ભળી જવાનુ મન થયુ, અને એ પ્રૌઢ બોલ્યો બાળકો ગર્વ ન કરશો આ રેતીના ઘર છે આ રેતીના ઘર જોઈ શુ હરખાઓ છો? એને પડતા શી વાર?

બસ, આટલી વાત થઈ ત્યા તો જોરથી પવન ફુકાયો અને તેના એક જ સુસવાટામા બાધાય ઘરો જમીનદોસ્ત થઈ ગયા! બિચારા બાળકો આખો ચોળતા ઘરભેગા થયા

જ્ઞાનીઓ કહે છે કે—સસારની બધી લીલા આ રેતીના ઘર જેવી છે, ક્ષણિક છે, બુદ્ધિનો કાકો રાખનાર મહાન માણસો મોટામોટા મહેલો બાધી હરખાય છે, મહામહેનતે

બધુ તૈયાર કરે છે, નીતિ–અનીતિનો ખ્યાલ છોડી આંધા ધૂંધીથી ભેગુ કરે છે, રાત દિવસ દ્રવ્ય મેળવવા મથે છે અને જોઈ જોઈ દિલમા ખુશ થાય છે ગર્વિષ્ઠ બને છે ધન્તી પગ પગ નથી મૃત્યુ પણ તેમાનુ કઈ જ સાથે નહિ આવે બધુ ય અહી પડી રહેશે યમરાજાનો પવન ફુંકાતા રેતીના ઘરની જેમ બધુય એક જ સપાટામા વિખરાઈ જશે અને મહેરબાન બધુય મૂકીને અચાનક એકલા, અકાળે, હાલતા થશે ત્યાં શી દશા થશે ? ત્યારે

બાળકની એ રમત પર હસવુ કે મોટા માણસની બુદ્ધિ પર ?

ધ્યેય નિશ્ચિત કરો

કોઈપણ કાર્ય આરંભતા પહેલા સૌને સાધ્ય નિશ્ચિત કરવુ જરૂરી થઈ પડે છે ધ્યેય વગર કરેલાં કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી સાધ્યને નક્કી કરનાર માનવી અવશ્ય મોડે મોડે પણ ઈષ્ટ સિદ્ધિ કરી શકે છે મુસાફર મા પણ અમુક સ્થળે જવુ છે તેમ નિર્ણય કરીને જ તે રસ્તે ચાલતા તૈયાર થાએ ત્યારે જ નિશ્ચિત સ્થળે પહોચી શકાય છે

કુશળમા કુશળ બાણાવળી પણ સાધ્યબિંદુ લક્ષ્યમાં રાખ્યા સિવાય બાણ ફેંકે જાય તો તેના તીર વ્યર્થ જ જાય છે અને અકુશળ ધનુર્ધારી પણ ધ્યેયને લક્ષમા રાખી બાણો છોડે તો છેવટે તે જ સાધ્યની સિદ્ધિ કરી શકે છે

તેથી કોઈ પણ ધર્મક્રિયા કરતા પહેલાં આપણે ... કરી કરવાની આવશ્યકતા છે

જીવનનો આનંદ

માનવ સમુહનુ નિરીક્ષણ કરતા જણાય છે કે કોઈ પૈસામા, કોઈ સંતતિમા, કોઈ રંગરાગમા, કોઈ આલીશાન મહેલમા, કોઈ મધુર સંગીતમા, કોઈ સ્વાદિષ્ટ મિષ્ટ ભોજનમા એમ ભિન્ન ભિન્ન રીતે આનદ માને છે, પરંતુ તે આનદ ક્ષણિક હોય છે અસ્થિર હોય છે અને વધારે સ્પષ્ટ કરીએ તો કાલ્પનિક હોય છે, તેથી સહજ પ્રશ્ન ઉદ્ભવે છે કે વાસ્તવિક અને સ્થિર આનદ ક્યાથી પ્રાપ્ત થાય ? અને કેવી રીતે પ્રાપ્ત થાય ?

ઘણી વખત એવુ જોવામા આવે છે કે જે આનદ એક નાનીશી ઝૂંપડીમા, તંબૂરાના તારમા, ભક્તિના તાનમા, ફાટ્યા તૂટ્યા વસ્ત્રોમા ઝાંખા દિવડાના પ્રકાશમા મળે છે તેવો આનદ કે વિવિધ પ્રકારના રંગરાગમાં મળતો

આન દ

'કેમ આવવું થયું છે?' શેઠે પ્રશ્ન કર્યો

'મહેન્જ અમન્થો' આટલું બોલી તે અટકી ગયો શું પૂછું? કેમ પૂછાય? જવા દો ચાલ પાછો ક્ષણવારમાં તેણે મન સાથે નિર્ણય કરી લીધો અને ચાલવા માટે પગ ઉપાડયો, પણ તે જ ક્ષણે બીજો વિચાર આવ્યો અરે! આમ શું ગભરાય છે? હૃદયનો ભાવ વ્યક્ત કર જે પૂછવું છે તે હિંમતથી પૂછી નાખ અને જીભ બોલું બોલું થઈ રહી

તેટલામાં જ શેઠ સાહેબે એકદમ બૂમ પાડી "ઓ રે! મરી ગયો!"

શેઠના પેટમાં પીડ ઉપડી અને વાતાવરણ ગંભીર બની ગયું

હવે પ્રશ્ન પૂછવાની જરૂર રહી નહિ આગંતુકને જોઈતો જવાબ મળી ગયો કે-ગમે તેવા સુંદર અને ગમે તેટલા વિપુલ ભૌતિક સાધનો જીવનમાં સ્થિર આનંદ આપી શકતા નથી એ કોઈ બીજી જ વસ્તુથી પ્રાપ્ત થાય છે અને તે માટે પ્રયત્ન કરવો એમાં જ સાચું ડહાપણ છે

મનુષ્યજન્મનું ફળ

पूज्यपूजा दयादानं तीर्थयात्रा जपस्तपः ।
श्रुतं परोपकारश्च, मर्त्यजन्मफलाष्टकम् ॥

પૂજ્યોની પૂજા, દયા, દાન, તીર્થયાત્રા, જપ, તપ, શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ અને પરોપકાર એ આઠ મનુષ્યજન્મનાં ફળો છે

: ૩૩ :

ભયંકર વૈરી

એક વૈરી એવો છે કે તેનો પ્રતિકાર કે સામનો કોઈ પણ રીતે થઈ શકે તેમ નથી એની સામે કશું જ બળ કામ લાગે તેમ નથી ભાલા, બરછી, બંદૂક, તલવાર કે તોપ યા એવા જ અન્ય શસ્ત્રો એની સામે કંઈ વિસાતમાં નથી, અણુબોમ્બ કે હાઈડ્રોજન બોમ્બ જેવા ખતરનાક શસ્ત્રો પણ તેની તાકાત તોડી શકે તેમ નથી યંત્ર, મંત્ર કે તંત્ર પણ તેને હરાવવા માટે કામ લાગે તેવા નથી

વિચક્ષણ વૈદો, હોશિયાર હકીમો, ડીગ્રીધારી ડૉક્ટરો એની સામે હાથ હેઠા નાખે છે ગમે તેવા ઔષધો અને જડીબુટ્ટીઓ પણ એને જીતવામાં નિષ્ફળ જાય છે

લાખો ક્રોડોની મિલકત, અરે ! મોટું રાજ્ય પણ તેની હોડમાં મૂકો તો ય તે માટે નિરુપયોગી છે, ત્યાં લાંચ રૂશ્વત શરમ કે લાલચ કામ નહિ આવે

જબરા યોદ્ધાઓ ખડે પગે ખુલ્લી તલવારે, અનિમેષ નયને તમારી તહેનાતમાં હાજર હશે તો ય તેઓ એ વૈરીથી તમારું રક્ષણ કરી શકશે નહિ

રાજમહેલ જેવા આલીશાન મહેલમાં નિવાસ કરતા છતા, ચોમેર દાસ–દાસીઓ અને સ્વજન હાજર રહેતા છતા તેમની નજર ચુકાવી એ પોતાનુ ધાર્યું જ કરશે

ભલે તમે જુવાનજોધ હશો અને તમારા પગની લાતથી જમીન ધ્રુજાવતા હશો પણ તમારુ ત્યા નહિ ચાલે! છાતી ફુલાવી ઊંચી ડોક રાખી, મૂછનો વળ ચઢાવી અક્કડ ને ફક્કડ ફરતા હશો, તે સમયે પણ એ તમને લાત મારશે ત્યા તમારુ અભિમાન જરૂર ગળી જશે

એ કોઈનીય વાટ નહિ જુએ ટપાલ, તાર કે ટેલીફોન દ્વારા પણ ખબર નહિ આપે તમે શય્યામા પોઢતા હશો, રમતા હશો કે જમતા હશો, કે બીજી કોઈ પણ અવસ્થામા હશો, પરતુ એ આવી પહોચશે અને પોતાનુ જોર જરૂર અજમાવશે

તમે કહેશો જરા ઉભો રહે, જરા થોભી જા, મને તૈયાર થવા દે, પણ એ ઉભો રહેશે નહિ, ક્ષણનો વિલબ પણ સહન કરશે નહિ તમે ગમે તેવા ડાહ્યા હશો પણ તેની આગળ તમારુ ડહાપણ ચાલશે નહિ, ગમે તેવા બુદ્ધિમાન હશો પણ તમારી બુદ્ધિ એની આગળ છેક જ બુઠ્ઠી થઈ જશે, એ રોક્યે નહિ રોકાય, જીત્યા નહિ જીતાય માર્યો નહિ મરે, દાબ્યો નહિ દબે, બાળ્યો નહિ બળે, એ દુર્જેય છે, અજેય છે અતિ નિર્દય અને અતિ ભયકર છે કોણ છે એ વૈરી? એ છે મરણ, એ છે કાળ, તેનો સામનો કરવા તૈયાર રહો, આખ મિચાતા વાર નહિ લાગે! શી તૈયારી કરી? કયુ ભાતુ લીધુ?

३४

વિવેક

[૧]

પ્રભાવના

આપણી વસ્તુ સાધર્મિના ઉપયોગમાં આવે તો ઘણું જ સારું ગણી શકાય છે તે માટે વિવિધ વસ્તુની પ્રભાવના કરવામાં આવે છે. પ્રભાવના લેનાર આત્માઓમાં તીર્થંકરનો, ગણધરનો, આચાર્યનો ભાવિત અનુસારનો તેમ જ તેવા જ મહાપુરુષોનો આદર આવી જાય તો પછી એના લાભનું પૂછવું જ શું!

પણ પ્રભાવના લેનાર વ્યક્તિઓનું દૃશ્ય જ્યારે આપણે નજરે નિહાળીએ છીએ ત્યારે વધારે કમકમાટી છૂટે છે. જાણે ધાડ લોકો ભેગા થયા હોય તેવું લાગે છે! સારા સારા ઘરના માણસો પણ તેમાં અપવાદરૂપ હોતા નથી. જો પ્રભાવના લેનાર એક પછી એક ક્રમસર આવતા જાય અને આપનાર તથા લેનાર હાથ જોડીને લેતા જાય તો કેવું સરસ લાગે! અને આના માણસના હૃદયમાં કેવી ઊંડી છાપ પડે! તે જાણવા માટે એક પ્રસંગ બન્યો

થોડા વર્ષ પૂર્વે અમારા સ્વ૦ દાદાગુરુ ચારિત્રચૂડામણિ શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજ સુરીદાબાદમા પધાર્યા હતા ત્યારે ત્યાના શ્રીમત રાજવીઓએ વ્યાખ્યાન અ દ સોના મહોરોની પ્રભાવના કરી લગભગ એક હજાર સોનામહોર વહેચાઈ હશે પણ વહેચનાર અને લેનારની સભ્યતા અજબ હતી પ્રભાવના આપનાર સોનામહોરની થેલી હાથમા લઈ નત મસ્તકે સૌને આપતા હતા, અને સૌ બે હાથ જોડી પ્રણામ પૂર્વક બેઠા બેઠા જ લેતા હતા કેવી સરસ શિસ્ત ! ઘોઘાટનુ નામનિશાન નહિ, જો આ પ્રમાણે પ્રભાવનામા થાય તો થોડી જ વારમા કામ પતી જાય અને તે દીપી ઉઠે, માટે પ્રભાવના લેનાર અને દેનાર બન્નેએ વિવેક રાખવાની જરૂર છે

આજુબાજુ ઈતર લોકો ઉભા હોય તેને તિરસ્કારી ન કાઢતાં પહેલા તેને આપવી જેથી તે ધર્મની ભૂરિ ભૂરિ અનુમોદના કરે, ખૂબ પ્રશ સા કરે, માટે ઈતર જનોને તો પહેલી તકે પ્રભાવના આપવી જોઈએ એને મારી કુટી યા તિરસ્કારી કાઢી મૂકીએ એમા આપણી શોભા નથી ધર્મની પણ નિદા થાય પ્રભાવનાનો સાચો અર્થ જ એ છે કે–જેનાથી જૈન શાસનની પ્રભાવના થાય અન્ય ધર્મીલોકોને પ્રભાવના મળે તો તેઓ ઘણા ખુશી થાય અને જૈનધર્મની પ્રશ સા કરે તેથી લઘુકર્મી બની બીજા જન્મમા જૈનધર્મ પામે અને આત્માનુ કલ્યાણ કરી જાય

[૨]

વરઘોડા

જળ યાત્રા વગેરે નિમિત્તે આપણે ત્યા વરઘોડા કાઢવામા આવે છે વરઘોડા એ શાસનપ્રભાવનુ એક મુખ્ય અગ છે હજારો જૈનેતરો-અન્ય ધર્મીઓ વરઘોડાની શોભાને નિહાળી જૈનધર્મની અત્યત અનુમોદના કરે છે કૃષ્ણપક્ષી આત્મા શુક્લપક્ષી બની જાય છે, જેથી તેમનો અનત સસાર કપાઈ જાય છે

અકબર બાદશાહના જમાનામા ચપા શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા આદરી હતી તેની પૂર્ણાહુતિમા તે નિમિત્તે એક ભવ્ય વરઘોડો નીકળ્યો હતો એની શોભા અનેરી હતી શહેરમા ફરતા એ વરઘોડાને બાદશાહ અકબરે જોયો અને તેમણે સેવકોને પૂછ્યુ "આ ધામધૂમ શાની છે?" ત્યારે સેવકે એ જવાબ આપ્યો "જહાંપનાહ, ચપાબાઈ એ ૬ મહિનાના ઉપવાસ કર્યા હતા તે નિમિત્ત આ બધી ધામધૂમ થઈ રહી છે" આ સાભળી બાદશાહ દિગ્મૂઢ બની ગયો શુ આ સભવિત છે? બાદશાહે ચપા શ્રાવિકાને બોલાવી અને તેને પૂછ્યુ "આવી ઉત્કટ તપશ્ચર્યા તમે શી રીતે કરી શક્યા?" ત્યારે તેણે જણાવ્યુ મહારાજા! મારા ગુરૂની કૃપાથી હુ આ તપ કરી શકી છુ

બાદશાહે પૂછ્યુ કોણ તારા ગુરુ છે અને તેમનુ નામ શુ? અને તેઓ હાલ ક્યા છે?" ત્યારે તેણે કહ્યુ "અમારા ગુરુદેવનુ પુણ્ય નામ આચાર્ય શ્રીમદ્ હીરવિજયસૂરીશ્વરજી મહારાજ છે અને હાલ તેઓ ગુજરાતમા કાવીગાધાર તરફ વિચરી રહ્યા છે" આ બધી હકીકત સાભળી બાદશાહને થયુ કે- તેમની મુલાકાત લેવી જોઈએ બાદશાહે

તેમને વિનંતિપત્ર મોકલ્યો અને શ્રીહીરસૂરીશ્વરજી મહારાજ તેમા લાભ જાણી દીલ્હી તરફ પધાર્યા તેમના ઉપદેશની બાદશાહ પર ઊંડી અસર પડી અને તે જીવ દયાપ્રેમી બન્યો તેણે શિકાર છોડયો રોજ ચકલીની જીભનુ સવાશેર માસ ભક્ષવુ કરતો હતો તે છોડી દીધુ અને છ મહિના સુધી કોઇ પણ જીવનો વધ નહિ કરવો એવો પોતાના આખા રાજ્યમા ઢંઢેરો પીટાવ્યો જૈનશાસનની જય પતાકા ફરકી, ભારે ઉન્નતિ થઈ આ બધાનુ મુખ્ય કારણ ચપા શ્રાવિકાની તપશ્ચર્યાનો વરઘોડો હતો

આવા ભવ્ય પ્રસગોથી ઉત્સવ મહોત્સવથી અને વરઘોડાઓથી જે લાભ થાય છે, તે આપણે નજરે જોઈ શકતા નથી પણ જ્ઞાની પુરુષોએ એમા મહાન લાભ જોયો છે "જૈનધર્મ કેવો સારો છે" આટલા શબ્દો પણ તેનો ઉદ્ધાર કરવામા કારણભૂત બને છે

પણ એ વરઘોડો વ્યવસ્થિત હોવો જોઈએ, તેમા સૌએ નિસ્તબ્દ્ધ ચાલવુ જોઈએ આગળ પાછળ યા છુટાછવાયા ચાલવાથી એ શોભા નથી આવતી, એકી સાથે બધા જય જયના પોકાર કરતા હોય ઉમદા સૂત્રો લલકારતા હોય યા મધુર ગીતો ગાતા હોય તો કેવુ રમ્ય લાગે? જોનાર માણસો પણ ખુશ થઈ જાય, પણ એક જાય ઉત્તરમા અને બીજો જાય દક્ષિણમા પછી કયા મેળ બેસે અને તે કેવુ બેહુદુ લાગે? હજારોની સખ્યામા બે પાચ વ્યક્તિ જ 'જય' બોલતી હોય તો એ જોનારની દૃષ્ટિએ અનુચિત લાગે, માટે સૌએ શિસ્તપૂર્વક સાથોસાથ 'જય' બોલાવતા ચાલવુ જોઈએ અને

નાના મોટાની મર્યાદા રાખવી જોઈએ આમ થાય તો અદ્ભૂત ધર્મપ્રભાવના થાય અને જૈન શાસનની જયપતાકા ફરકે

[૩]

સભાઓ

જ્યારે આપણે સભાઓમા વ્યાખ્યાનોમા કે એવા જ કોઈ ઉત્સવમા એકઠા મળીએ છીએ ત્યારે આપણા ઘોઘાટનો પાર હોતો નથી તેમા બહેનો નાના નાના છોકરાઓને સાથે લઈ આવે અને ત્યાના ત્યા છૂટા મૂકી દે, બધા ભેગા થઈ ડળવળ કલબલ કરી મૂકે, શોરબકોર મચે અને તેથી સાભળનારાઓને અતરાય પડે છે પાછળ આવનાર ખૂદીખૂદીને આગળ આવીને બેસે એટલે સૌનુ ધ્યાન તે તરફ ખેચાય છે "શાતિ રાખો, શાતિ રાખો" કહેનાર શાંતિ રહેતી નથી બધાય એકી સાથે બોલી ઉઠે છે —આ છે આપણી શિસ્ત।

આમ અનેક રીતે આપણે સભા–વ્યાખ્યાન વગેરેનુ વાતાવરણ અર્થહીન બનાવી મૂકીએ છીએ આ આપણી વિવેકશૂન્ય સ્થિતિનો નમૂનો છે અપૂર્વ લાભના સ્થાનમા પણ આપણે મહાન લાભથી વચિત રહીએ છીએ, એ ક્રિયાથી રસ ઉડી જાય છે આવુ વિવેકશૂન્ય–બેશિસ્ત આપણુ વર્તન કોઈ સદ્‌ગૃહસ્થ નિહાળે તો તેના હૃદયમાં ભારે સૂગ પેદા થાય

બીજા લોકો ઉપર જેવી છાપ પડવી જોઈએ તે પડે નહિ, હાસી થાય અને આપણે બદનામ થઈએ તે જુદા '

આપણો ધર્મ ઉ ચો છે આપણુા તત્ત્વો ઉ ચા છે આપણી તપશ્ચર્યા અને ત્યાગનો જગતમા જોટો નથી, પણ શિસ્ત-મર્યાદા અને વિવેક ન હોવાના કારણે જનતા ઉપર આપણી ધારી અસર પડતી નથી

ઉત્સવ-મહોત્સવમા ક એવા જ ધાર્મિક કાર્યોમા ભેગા મળીને જે આન દ લૂટવો જોઈએ તે આપણે લૂટી શકતા નથી એ પવિત્ર અનુષ્ઠાનોથી જેવા ભાવ-ઉલ્લાસ જાગવા જોઈએ તે જાગતા નથી, એમા આપણી શિસ્તબહારનુ વર્તન, અમર્યાદા અને ઘોઘાટ એ મુખ્ય કારણ છે

જેને અનાર્ય તરીક સ બોધીએ છીએ એવા ખ્રિસ્તીઓ તેમના દેવળમાં-ચર્ચમા હજારોની સ ખ્યામા એકત્રિત થાય છે સાથે પ્રાર્થના કરે છે, તે અવસરે કેવી નીરવ શાતિ છવાયેલી જોવામા આવે છે ? એક ટ કણી પડે ને જેટલો અવાજ થાય તેટલો પણ અવાજ થતો નથી, તેમના ધર્મગુરુને જોરથી બોલવુ પડતુ નથી એ એમનો ગુણ આપણે ગ્રહણ કરવા જેવો છે

શિસ્ત ન ચૂકો

[૪]

દર્શન, પૂજન અને સ્તવન

આપણો આત્મા નિમિત્તવાસી છે, માટે સારા આલ-

બનોની આપણને પગે પગે જરૂર છે શ્રી જિનેશ્વરદેવની પ્રસન્ન સમઝરતી, પ્રસન્ન મુખમુદ્રા થી શોપતી મૂર્તિના દર્શનથી જીવન પાવન બને છે આત્મ પવિત્ર અને નિર્મળ બને છે, મન પ્રફુલ્લ બને છે એ પરમકૃપાળુ-પરમાત્માના દર્શન, તેમના ગુણગાનનુ સ્મરણ, કીર્તન, વદન અને પૂજન આત્માને પૂજ્ય બનાવનાર છે । પૂજ્યની પૂજા કરતા આત્મા પૂજ્ય બને છે ' પ્રાતકાળે પ્રભુના દર્શન કરવાથી દિવસ મગળમય નીવડે છે જીવન સફળ થાય છે અને અતે આત્મા પરમાત્મપદને મેળવી લે છે

પુરુષોએ જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુ એક તરફ રહીને દર્શન કરવા જોઇએ વચમા આડા-ઊભા રહેવાથી અનેકોને અતરાયરૂપ થવાય છે

દરેક સ્થળે વિવેક રાખવાની જરૂર છે મદિરમા ગયા પછી આત્માને શાતિ મળવી જોઇએ તે માટે મદિરનુ વાતાવરણ શાત હોવુ જોઈએ અને એ ત્યારે બને કે સૌ મધુર સ્વરે ધીમે ધીમે પ્રભુની સ્તવના કરે ત્યારે પરમાત્મા કઈ બહેરા નથી કે આપણે મોટા બરાડા પાડવા પડે ઘણા માણસો આજુબાજુનો ખ્યાલ છોડી, મોટા બરાડા પાડી ગાય છે તેથી કઈક આત્માઓને પ્રભુ-ભક્તિમા અતરાય પડે છે, કેટલાક માળા ગણતા હોય, કેટલાક સ્તવન ગાતા હોય અને કેટલાક પૂજન-ચૈત્યવદન કરતા હોય, એ બધાને આપણા મોટા સ્વરથી વિક્ષેપ પડવાનો સભવ છે આપણે લાભ-પુણ્ય મેળ કરવા માટે અત્રે આવીએ છીએ એ ધ્યેય રખે ભૂલી જતા

લાભને બદલે ગેરલાભ ન થાય તેની પૂરી કાળજી રાખવાની છે, માટે સ્તુતિ, સ્તવન પ્રાર્થના કે ચૈત્યવંદન મીઠાશપૂર્વક મધુર કંઠે, ધીમે સ્વરે કરવા જોઈએ જેથી સાંભળનાર પણ ઘડીભર ડોલી જાય, પણ આજે એથી ઉલટી સ્થિતિ અનુભવાય છે

રાવણ અને મંદોદરીએ અષ્ટાપદ તીર્થ ઉપર કેવી ભક્તિ અને કેવા નૃત્ય-ગાન કર્યા હતા! એ યુગલ, પરમાત્માની ભક્તિમાં લયલીન બની ગયું હતું!

તાલબદ્ધ, સ્વરબદ્ધ અને ભાવબદ્ધ એકતાર વાતાવરણ બની ગયું હતું આવી તન્મયતામાં આત્મા, જન્મજન્માન્તરના નિકાચિત કર્મોને ક્ષણવારમાં ખંખેરી નાખે છે

વીણાનો તાર તૂટ્યો પણ ભક્તિનો તાર ન તૂટ્યો! રાવણે તે જ ક્ષણે પોતાની નસ ખેંચી કાઢી વીણાને જોડી દીધી કેવી ભક્તિ! કેવી સ્ફૂર્તિ! કેવી ભાવના! આવી અપૂર્વ અને અદ્ભૂત તન્મયતાના પ્રભાવે રાવણે તે જ સમયે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું હતું

[૫]

તિલક

સાત પ્રકારની શુદ્ધિ સાચવીને આપણે શ્રી જિનેશ્વર દેવની પૂજા નિયમિત કરવી જોઈએ પૂજ્યો તરફનું બહુમાન આદર અને સત્કાર આત્માને ઉન્નત બનાવે છે પૂજ્ય બનાવે છે પરમાત્માની પૂજા કરતા પહેલા આપણા કપાળમાં તિલક કરીએ છીએ એનું કારણ એ છે કે પ્રભુ! આપની

આ જિનેન્દ્ર પ્રભુની, મસ્તક ઉપર ચડાવી પછી હું આપની પૂજા કરું છું " પરમાત્માની આજ્ઞાથી વિરુદ્ધ થઈ આપણે પૂજાસેવા કે ભક્તિ કરીએ એ લાભદાયક નથી કહ્યું છે કે

વીતરાગ સપર્યાયાસ્તવાજ્ઞા પાલનં પરં ।
આજ્ઞા રાદ્ધા વિરાદ્ધા ચ શિવાય ચ ભવાય ચ ॥

વીતરાગ પરમાત્માની પૂજા કરતાં તેમની આજ્ઞાનું પાલન એ મહત્વની વસ્તુ છે આજ્ઞાના પાલનથી સંસારથી મુક્ત થવાય છે અને વિરાધનથી સંસારમાં રઝળવું પડે છે, માટે પરમાત્માની આજ્ઞાથી જો આપણે વિરુદ્ધ ચાલતા હોઈએ, આપણું મગજ ઉપર અજ્ઞાનનું વધારે વિષ હોય અને મુખથી બોલીએ કે અમારા રાજના જ્યેષ્ઠ જ માનીએ, તો સમજવું કે પૂજા કે ઉપાસનાની કોઈ જ કિંમત નથી

ક્યાં પરમાત્માનું જ્ઞાન અને ક્યાં આપણું અજ્ઞાન ભર્યું મગજ? એના બીજમાં કેટલા જીવ છે તેનું પણ આપણને ભાન ન હોય અને વાતો મોટી મોટી કરીએ તો તેમાં આપણી નાદાની છે માટે તત્ત્વને સારી રીતે સમજવા પ્રયત્ન કરવો જોઈએ

આપણા કપાળમાં આપણે કેટલી કાળજીપૂર્વક તિલક કરીએ છીએ? ગોળ ગોળ વર્તુળ છે કે નહિ? વારંવાર દર્પણમાં જોઈએ છીએ? બરાબર છે ને? બરાબર ન હોય તો ભૂંસીને ફરી ફરી કરીએ છીએ પણ ભૂલા ઉતરવા દેતા નથી કારણ કે આપણને લોક સામાનો ભય હોય છે "ભાઈ સાહેબને તિલક કરતાય આવડતું નથી" પણ જ્યારે આપણે

પ્રભુ પુજા કરીએ છીએ, ત્યારે કેટલી કાળજી રાખીએ છીએ? ભવેને રેલા ઉતરે, પ્રભુનું આખું અંગ કેસરમય બની જાય? આ બધુ કેવું ખરાબ લાગે? ભગવાન કયા બોલવાના હતા? પણ પરમાત્માના જ્ઞાનથી કશું જ છૂપું નથી એ વાત લક્ષ્ય બહાર ન કાઢતા આપણા કપાળનું તિલક કરવામાં બે પાંચ તો શું દસ પંદર મિનિટ પણ થઈ જાય, ત્યારે પરમાત્માની પૂજામાં કેટલી વાર? આગળી મારતા કે થયા હાલતા અને પછી આપણે બોલીએ 'ભાઈ! અમે તો પૂજા કરીકરીને થાક્યા પણ કંઈ ફળ મળતું નથી' શેનું મળે? આપણી ભાવના અને આપણી ક્રિયા તરફ આપણે કયા જોવું છે? યાદૃશી માવના તાદૃશી સિદ્ધિ । જેવી ભાવના તેવી સિદ્ધિ

હાથ, નાક સાફ કર્યા વગર મેલા હાથે આપણે પ્રભુને સ્પર્શ કરીએ છીએ મંદિરની દિવાલો બગાડીએ છીએ એ કેટલું શોચનીય છે? માટે તમામ ક્રિયા અનુષ્ઠાનમાં વિવેક જાળવવાની જરૂર છે વિવેકી આત્મા પૂજા સેવા ઉપાસના નૃત્યગાનમાં કે પ્રભુસ્તવનમાં તન્મય બની જાય તો અનંતા નંત કર્મોની નિર્જરા કરી નાખે, જન્મ મરણની સાંકળને તોડી નાખે, અને અનંત પુણ્ય ઉપાર્જન કરી લે માટે જ કહ્યું છે કે "अणत गीयवाइए ।"

માટે દરેક વસ્તુના રહસ્યને સમજીને, ભાવભક્તિથી આદર બહુમાનપૂર્વક, અપૂર્વ પ્રીતિ અને ઉલ્લાસથી વિવેકને વિધિપુરસ્સર, મુક્તિની કામનાથી દરેક ક્રિયા કરવી જોઈએ જેથી આત્મા અલ્પકાળમાં પવિત્ર, ઉજ્વળ અને નિર્મળ બની મોક્ષગામી બને

૩૫

તપની મહત્તા

જૈન શાસનમાં આરાધનાના અનેક પ્રકારો બતાવવામાં આવ્યા છે, જેમકે-વિનય વૈયાવચ્ચ, જ્ઞાન, ધ્યાન, જપ, તપ

તપ એ આરાધનાનું એક વિશિષ્ટ અંગ છે શાસ્ત્રકાર મહર્ષિઓએ તપને મહામંગળકારી કહ્યું છે, કારણ કે, બાહ્ય અને અભ્યંતર ઋદ્ધિ-સિદ્ધિ તપવડે જ પેદા થાય છે, મંત્રો ને તંત્રો તપથી જ ફળીભૂત થાય છે, આ લોક અને પર લોકમાં તપના પ્રભાવથી જ અનેકવિધ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે, અને આપત્તિઓ પણ તપના આરાધનથી જ-દૂર સુદૂર ભાગી જાય છે

ભવરોગ અને ભાવરોગરૂપ કર્મનો જડમૂળથી નાશ કરવામાં તપ એ અપૂર્વ ઔષધરૂપ છે, પચાસ લબ્ધિ અને અષ્ટ મહાસિદ્ધિ પણ તપવડે જ પેદા થાય છે આત્માને નિર્મલ અને ઉચ્ચતમ બનાવનાર તપ છે અસાધ્યમાં અસાધ્ય રોગો પણ તપવડે જ નિર્મૂળ થાય છે કર્મનિર્જરાનું મહાન્ સાધન તપ છે અર્થાત્ તે નિબિડમાં નિબિડ નિકાચિત્ કર્મોના

દળિયાનો ભાગીને ભૂક્કો કરે છે ખરેખર તપ અચિંત્ય પ્રભાવશાળી અને ઉન્નતમા ઉન્નત દશા પ્રાપ્ત કરાવનાર છે

તપના તેજ નિરાળા છે, તપની તાકાત અનેરી છે, તપનો મહિમા અચિંત્ય છે કહ્યુ છે કે—

अथिरं पि थिरं, वंकंपि उज्जुअं, दुल्लहं वि तह सुलहं।
दुरुज्झं पि सुज्झं, तवेण संपज्जए कज्जं ॥ १ ॥

તપના પ્રભાવથી અસ્થિર પણ સ્થિર થાય છે, વક્ર પણ સરળ બને છે, દુર્લભ હોય તે સુલભ થાય છે અને જે ઘણા પ્રયત્ને સાધી શકાય તેવુ હોય તે સરળતાથી સાધી શકાય છે આમ તપવડે સર્વ પ્રકારના કાર્યો સિદ્ધ થાય છે

यद् दूरं यद् दुराराध्यं यच्च दूरे व्यवस्थितम् ।
तत्सर्वं तपसा साध्यं तपो हि दुरतिक्रमम् ॥ २ ॥

જે સામાન્ય રીતે દૂર છે, જે મુશ્કેલીથી મેળવી શકાય તેવુ છે, અને જે અત્યંત દૂર છે, તે સર્વ તપવડે પ્રાપ્ત કરી શકાય છે ખરેખર તપનો પ્રભાવ ન ઓળંગી શકાય તેવો છે

किं बहुणा भणिएण जं कस्सवि तहवि कत्थवि सुहाइं ।
दीसंति भवणमज्झे तत्थ तवो कारणं चेव ॥ ३ ॥

વધારે વર્ણન કરવાથી શુ ? જગતમા કોઈને કયાઈ પણ સુખ દેખાય છે, તેનુ કારણ તપ જ છે

પ્રાચીન ઇતિહાસના પાના ઉકેલતા અગણિત તપસ્વી પુણ્યાત્માના પુણ્ય ચરિત્રો આપણી નજરે પડે છે

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના આત્માએ તેમના પચીસમા નંદનમુનિના ભવમા અગ્ગાર લાખ, એંસી હજાર અને છનો પીસ્તાળીસ માસખમણની ઘોર તપશ્ચર્યા કરી શ્રી તીર્થંકર નામકર્મની-સર્વ શ્રેષ્ઠ પુણ્ય પ્રકૃતિની નિકાચના કરી હતી
અગ્યાર લાખ ને એંસી હજાર, પાચસે પાચ દિન ઊણા,
નંદનઋષિએ માસખમણ કરી, કીધા કામ સપુના
તીર્થંકર દેવો તપશ્ચર્યા પૂર્વક દીક્ષા અંગીકાર કરે છે અને નિર્વાણ સમયે પણ તપશ્ચર્યા આદરે છે

ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીએ બાર-બાર મહિનાની એકધારી ઘોર તપશ્ચર્યા આદરી હતી ભગવાન મહાવીર દેવે છ-છ મહિનાની ઉત્કટ તપશ્ચર્યા કરી હતી, તેમ જ બાર-બાર વર્ષો સુધી કઠીનતમ તપશ્ચર્યાદ્વારા કેવળજ્ઞાન મેળવ્યુ હતુ, માટે જ કહ્યુ છે કે—

तित्थयरो चउनाणी, सुरमहिओ सिज्झअव्व धुवमि ।
अणिगूहिअ बलवीरिओ सव्वथामेसु उज्जमइ ॥

તીર્થંકરદેવોને દીક્ષા અંગીકાર કરતાની સાથે જ ચોથા મન પર્યાયજ્ઞાનની ઉત્પત્તિ થાય છે, જન્મથી જે પુણ્યાત્માઓ સુરો, અસુરો અને સુરેન્દ્રોથી પૂજાય છે અને અવશ્ય એ જ ભવના મુક્તિ ગમન કરનારા હોય છે, તેઓ પણ કર્મોનુ ઉન્મૂલન કરવા માટે તપશ્ચર્યાઓ આદરે છે, અને જગતને એ દ્વારા ઉદ્દગ બોધપાઠ આપે છે કે, 'મુક્તિ ત્યાગમા છે, તપમા છે, ઇંદ્રિય-મનમા છે, પણ ખાવા-પીવામા કે એશઆરામમા નથી' ‐ ‐ ઢાળમાં મહાપુરુષો જણાવે છે

જેના પ્રતાપે એ મહાન્ પુણ્યાત્માઓના શરીરના મળ-મૂત્ર પ્રસ્વેદ વગેરે મળો પણ મહાન્ ઔષધની ગરજ સારતા હતા એમના મળ-મૂત્ર, પ્રસ્વેદ, ખેખાર, રક્ત, પરુ વગેરે જો રોગીના શરીરને ચોપડવામા આવે તો તેની કાયા કંચનવર્ણી બની રોગરહિત થઈ જાય, એમના દેહને સ્પર્શેલો પવન અંય આત્માઓને સ્પર્શે તો તેમના રોગો દૂર થઈ જાય

मलं स्वर्णगतं हंसक्षीरगतं जलम् ।
यथा पृथक्करोत्येव, जन्तो कर्ममलं तपः ॥

જેમ સુવર્ણમા રહેલા મેલને અગ્નિ દૂર કરે છે-જુદો પાડે છે, અથવા દૂધમા રહેલા જલને હંસ જુદું પાડે છે તેમ તપ જીવોના કર્મરૂપી મેલને આત્માથી જુદો પાડે છે

'भवकोडिसंचियं कम्मं तवसा निज्जरिज्जइ ।'

ક્રોડો ભવોમા સંચિત કરેલા કર્મોનો તપવડે નાશ થાય છે તપના પ્રભાવથી આત્મામા અનેકવિધ લબ્ધિઓ અને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે

કર્મ ખપાવે ચીકણા, ભાવ મંગલ તપ જાણ,
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ

તપથી ઉત્પન્ન થતી પચાસ લબ્ધિઓમાથી કેટલીક નીચે મુજબ છે

૧ શ્લેષ્મૌષધિ લબ્ધિ-જેના પ્રભાવે મહામુનિઓના શરીરના શ્લેષ્મના લેશને શરીરે ચોપડવા માત્રથી કદરૂપો કોઢિયો પણ સુવર્ણ જેવો તેજસ્વી અને સુંદર બને છે

૨ જલ્લૌષધિ લબ્ધિ–કાન, આંખ અને શરીરનો મેલ રોગીના શરીરે ચોપડવાથી તેના બધાય રોગોને દૂર કરી કસ્તુરી જેવો સુગંધીદાર બનાવે છે

૩ આમર્ષૌષધિ લબ્ધિ–શરીરના સ્પર્શ માત્રથી વિવિધ પ્રકારના રોગીઓ સાજા થઈ જાય છે

તેમના અંગસ્પર્શથી વરસાદમાં વહેતું [illegible] નદીઓનું વહેતું પાણી સર્વ રોગને નાશ કરનાર બનઈ જેમ [illegible] હસ્તિના મદની ગંધથી સામાન્ય હાથીઓ [illegible] તેમ તેમના શરીરનો સ્પર્શ પામેલા વાયુથી [illegible] દૂર થઈ જાય છે વળી તેમના વચનોનું [illegible] જેમ વિષનું નિવારણ થાય છે

૪ સર્વૌષધિ લબ્ધિ–નખ, કેશ, દાંત, [illegible] અન્ય વસ્તુઓ ઔષધરૂપ બની બીજાના [illegible] દેહને કંચનવર્ણું બનાવે છે

૫ અણુત્વ લબ્ધિ–સોયના [illegible] પેસી શકે તેવી શક્તિ

૬ મહત્વ લબ્ધિ–મેરુ પર્વત [illegible] મોટું શરીર બનાવી શકે તેવી શક્તિ

૭ લઘુત્વ લબ્ધિ–પોતાના [illegible] થી પણ લઘુ [illegible] ને હલકુ બનાવી શકે તેવી [illegible] શક્તિઓ

૮ ગુરુત્વ લબ્ધિ–પહાડ [illegible] બનાવી [illegible] થઈ શકે તેવી શક્તિ.

૯ પ્રાપ્તિ લબ્ધિ-જમીન ઉપર ઊભા રહીને મેરુ પર્વતના શિખરને અડી શકે તેવી શક્તિ

૧૦ પ્રાકામ્ય લબ્ધિ-ભૂમિમા પણ જલની જેમ ઉન્મજ્જનનિમજ્જન કરી શકે તેવી શક્તિ

૧૧ ઈશિત્વ લબ્ધિ-ચક્રવર્તી તથા ઇન્દ્રની ઋધ્ધિને વિસ્તારી શકે તેવી શક્તિ

૧૨ વશિત્વ લબ્ધિ-ગમે તેવા ક્રૂર પ્રાણીને પણ વશ કરે તેવી શક્તિ

૧૩ અપ્રતિઘાતી લબ્ધિ-પર્વતના મધ્ય ભાગમાથી નિસગ ગમન કરી શકે તેવી શક્તિ

૧૪ અપ્રતિહત અતર્ધાન લબ્ધિ-પવનની પેઠે સર્વત્ર અદૃશ્ય રૂપ ધારણ કરે તેવી શક્તિ

૧૫ કામરૂપ લબ્ધિ-એક સાથે એક કાળે અનેક રૂપ ધારણ કરવાની શક્તિ

૧૬ બીજબુદ્ધિ લબ્ધિ-એક અર્થરૂપ બીજથી અનેકાર્થ રૂપ બીજ જાણવાની શક્તિ

૧૭ કોષ્ઠબુધ્ધિ લબ્ધિ-કોઠીમા રાખેલા ધાન્યની જેમ પૂર્વે સાભળેલા અર્થો સ્મરણ કર્યા વગર પણ યથાન્થિત રહે તેવી શક્તિ

૧૮ પદાનુસારિણી લબ્ધિ-આદિ, મધ્ય કે અતનુ એક પદ સાભળવામા આવે કે તરત આખાય ગ્રન્થનો બોધ થાય તેવી શક્તિ

૧૯ મનોબલી લબ્ધિ–એક વસ્તુનો ઉદ્ધાર કરીને અંતર્મુહૂર્તમાં સમસ્ત શ્રુતસાગરનું અવગાહન કરવાની શક્તિ

૨૦ વાગ્બલી લબ્ધિ–એક મુહૂર્તમાં મૂળાક્ષર ગણવાની લીલાથી માંડીને સર્વ શાસ્ત્રો ગોખી શકાય તેવી શક્તિ

૨૧ અમૃત–ક્ષીર–મધ્વા–જળાશ્રવી–લબ્ધિ–દુઃખથી પીડાયલા મનુષ્યોને તેમની વાણી અમૃત, ક્ષીર, મધ અને ઘી જેવી શાંતિ આપી શકે તેવી શક્તિ

૨૨ અક્ષીણ મહાનસ લબ્ધિ–પાત્રામાં પડેલું અલ્પ અન્ન પણ દાન કરવાથી ક્ષયને પામે નહિ (ખૂટે નહિ) તેવી શક્તિ

૨૩ સંભિન્નશ્રોત લબ્ધિ–એક ઇંદ્રિયના વિષયથી બીજી ઇન્દ્રિયોના વિષયને જાણી શકાય તેવી શક્તિ

૨૪ જંઘાચારણ લબ્ધિ–એક પગલે રુચકદ્વીપ અને ત્યાંથી વળતા બીજે પગલે નંદીશ્વરદ્વીપ તથા ત્રીજે પગલે પોતાના મૂળસ્થાને આવી શકે તેવી શક્તિ

૨૫ વિદ્યાચારણ લબ્ધિ–એક પગલે માનુષોત્તર પર્વત જઈ શકે અને ત્યાંથી બીજા પગલે નંદીશ્વરદ્વીપે આવી શકે તેવી શક્તિ

૨૬ આશીવિષલબ્ધિ–કોઈ પણ પ્રાણીને શાપ આપીને મારી શકે તેવી શક્તિ

બીજી પણ અનેક સિદ્ધિઓ, લબ્ધિઓ અને શક્તિઓ તપના પ્રભાવથી પેદા થાય છે કે જેનું વર્ણન અહીં થઈ શકે તેમ નથી

અમ ધ્યમા અસાધ્ય રોગો પણ જેની કાયાના મળ ચોપડવા માત્રથી દૂર થઈ જાય એ તપનો કેવો જબ્બર પ્રભાવ બતાવે છે ? અણિમા, મહિમા, ગરિમાદિ, અષ્ટ મહા સિદ્ધિઓ પણ તપના પ્રભાવથી પેદા થાય છે

તપ એ કલ્પવૃક્ષ સમો છે, સુરનરવર સ પત્તિ તેનુ ફૂલ છે અને મોક્ષસુખ એ તેનુ ફળ છે

સર્વ મ ગલમા પહેલા મ ગળ તરીકે તપને ગણવામા આવ્યુ છે અર્જુનમાળી, દૃઢપ્રહારી જેવા મહા–હિ સક–ક્રૂર–આત્માઓ પણ તે જ જન્મમા મુક્તિ મેળવી લે છે, એ પ્રભાવ તપનો છે, નારકીની અ દર નારક જીવ ક્રોડ વર્ષ સુધી દુ ખો નહાને જે પાપ–કર્મની નિર્જરા કરે છે, તેટલા પાપકર્મોની નિર્જરા સમ્યગ્દૃષ્ટિ આત્મા એક અઠ્ઠમ તપ તપીને કરી નાખે છે

શ્રી ગૌતમસ્વામી ભગવાને દીક્ષા લીધા પછી યાવ જ્જીવ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠની ઉત્કટ તપશ્ચર્યા આદરી હતી

તપશ્ચર્યા દ્વારા દેહની શુદ્ધિ થાય છે દેહશુદ્ધિ થતા મન શુદ્ધ બને છે અને મન શુદ્ધ થતા વ મનાઓ–વિકારો વગેરે દૂર થાય છે

મહાન વૈજ્ઞાનિકોએ પણ અખતરા દ્વારા એ સિદ્ધ કરી બતાવ્યુ છે કે તપ એ શરીરના મળવિકાર તેમજ અનેક દોષો દૂર કરે છે

જ્યારે અન ત જ્ઞાનીઓ જણાવે છે કે તપથી આત્મશુદ્ધિ ને આત્મવિકાસ થઈશકે છે અને અનેક સિદ્ધિઓ–શક્તિઓ

અને લબ્ધિઓ પ્રાપ્ત કરી અંતે અજર–અમર બની શકાય છે, ત્યારે મનુષ્યે બીજા પ્રયત્નો શા માટે કરવા જોઈએ ?

તપના પ્રકારો—

શાસ્ત્રોમા તપના અનેક પ્રકારો દર્શાવ્યા છે, પરંતુ મુખ્ય ભેદો બે છે એક બાહ્ય અને એક અભ્યતર

અનશન, ઊણોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા એ બાહ્યતપના છ પ્રકારો છે, જ્યારે પ્રાયશ્ચિત, વિનય, વૈય્યાવૃત્ય સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ અભ્યતર તપના છ પ્રકારો છે

સમ્યગ્દૃષ્ટિ આત્મા દ્વારા થતા નાનામા નાના નવકારશીનાં પચ્ચક્ખાણ પણ કર્મની નિર્જરાનુ કારણ બને છે તેને સકામ નિર્જરા કહેવામા આવે છે

અનિચ્છાએ જબરજસ્તીથી ભૂખ–તરસ વગેરે દુ ખોને સહન કરવા એને અકામ નિર્જરા કહેવામા આવે છે

ઇચ્છાપૂર્વકનુ તપ એ સકામ નિર્જરામા ગણાય છે

જૈન ધર્મનુ મુખ્ય રહસ્ય તપ છે અને તમામ પ્રકારની ઇચ્છાનો નિરોધ કરવાથી તે સિદ્ધ થઈ શકે છે, એવુ શાસ્ત્રકાર મહર્ષિઓનુ દૃઢ મતવ્ય છે

સહુ કોઈ આવા તપનુ યથાશક્તિ આરાધન કરો, જીવન સાર્થક કરો, એ જ એક અભ્યર્થના

અસ દયમા અસાધ્ય રોગો પણ જેની કાયાના મળ ચોપડના માત્રથી દૂર થઈ જાય એ તપનો કેવો જબ્બર પ્રભાવ બતાવે છે ? અણિમા, મહિમા, ગરિમાદિ, અષ્ટ મહા સિદ્ધિઓ પણ તપના પ્રભાવથી પેદા થાય છે

તપ એ કલ્પવૃક્ષ સમો છે, સુરનરવર સ પત્તિ તેનુ ફૂલ છે અને મોક્ષસુખ એ તેનુ ફળ છે

સર્વ મ ગલમા પહેલા મ ગળ તરીકે તપને ગણવામા આવ્યુ છે અર્જુનમાળી, દ્ઢપ્રહારી જેવા મહા-હિ સક-ક્રૂર-આત્માઓ પણ તે જ જન્મમા મુક્તિ મેળવી લે છે, એ પ્રભાવ તપનો છે, નારકીની અ દર નારક જીવ ક્રોડ વર્ષ સુધી દુ ખો સહાને જે પાપ-કર્મની નિર્જરા કરે છે, તેટલા પાપકર્મોની નિર્જરા સમ્યગ્દષ્ટિ આત્મા એક અઠ્ઠમ તપ તપીને કરી નાખે છે

શ્રી ગૌતમસ્વામી ભગવાને દીક્ષા લીધા પછી યાવ જ્જીવ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠની ઉત્કટ તપશ્ચર્યા આદરી હતી

તપશ્ચર્યા દ્વારા દેહની શુદ્ધિ થાય છે દેહશુદ્ધિ થતા મન શુદ્ધ બને છે અને મન શુદ્ધ થતા વ સનાઓ-વિકારો વગેરે દૂર થાય છે

મહાન વૈજ્ઞાનિકોએ પણ અખતરા દ્વારા એ સિદ્ધ કરી બતાવ્યુ છે કે તપ એ શરીરના મળવિકાર તેમજ અનેક દોષો દૂર કરે છે

જ્યારે અન ત જ્ઞાનીઓ જણાવે છે કે તપથી આત્મશુદ્ધિ ને આત્મવિકાસ થઈ શકે છે અને અનેક સિદ્ધિઓ-શક્તિઓ

• ૩૬

તેજોદ્વેષ

આજે સમાજમાં એક વસ્તુ ચેપી ગેગની માફક દિન પ્રતિદિન વધુને વધુ પગપેસારો કરી રહી છે, તેના લીધે જ પ્રગતિ રૂંધાય છે અને વિકાસ થંભી જાય છે તે વસ્તુ એ છે કે—કોઈના પણ ઉત્કર્ષને આપણે સહી શકતા નથી, બીજાનાં સારા કાર્યો તરફ આપણને અણગમો છૂટે છે, સૂગ ચઢે છે, અને મો મચકોડીએ છીએ, બીજાની પ્રશંસા કે તારીફ સાંભળતાં જાણે કાનમાં ગરમ સીસુ રેડાતું હોય તેવો અનુભવ થાય છે

સામા માણસમા અનેક સદ્‌ગુણો હોવા છતા તેના એકાદ બે દોષોનું ચિંતન કરી તેને ઉતારી પાડવા આપણે તૈયાર થઈએ છીએ, અને 'જોયાજોયા હવે એ, તમને ખબર ન પડે, આ તો ઉપરની બધી ટાપટીપ છે, તમે પૂરા કયા ઓળખો છો? આ વાતની તમને કયા ખબર છે?' આવી આવી વાતો કરીને તેને ઉતારી પાડીએ છીએ પણ હું કેવો છુ? કેટલી ત્રુટિઓથી ભરેલો છુ? મારામા કયા ઉણપ છે અને કેટલી ખામી છે?' એ જોવાની આપણે તકલીફ લેતા નથી

માટે આપણે છૂપા છૂપા અનેકવિધ પ્રયત્નો આચરીએ છીએ તેજોદ્વેષ ને ઈર્ષ્યાવૃત્તિ આપણામા મોટે ભાગે ઘર કરી ગઈ છે એ અધમવૃત્તિ ત્યારે જ ટળે કે જ્યારે આપણે આત્મલક્ષી બનીએ, અતર્મુખ બનીએ બીજાના તરફ દૃષ્ટિપાત ન કરતા 'હુ કેવો છુ' એનો વિચાર કરતા થઈશુ, ભલે પછી તે સાધુ હોય કે ગૃહસ્થ હોય, ભણેલો હોય કે અભણ હોય પણ તે વિના ઉન્નતિ કે વિકાસ હજારો કોસ દૂર છે, એ વાત હૃદયમા કોતરી રાખજો

પ્રૂફ-સશોધન કરનાર વ્યક્તિ જેમ વાકયોની સુદરતા ઉપર ધ્યાન ન આપતા કેવળ કયો અક્ષર ભાગ્યો તૂટ્યો છે, કયા ભૂલ છે, તેના પર જ ધ્યાન આપે છે તેવી જ રીતે નિદક મનુષ્ય ગુણુ તરફ દૃષ્ટિ ન નાખતા દોષ તરફ જ દૃષ્ટિ રાખે છે

જેમ સૂઅર અને કાગડો શ્રેષ્ઠ વસ્તુનો ત્યાગ કરી વિષ્ટા જેવા મલિન પદાર્થોને ચૂથીને તેમા આનદ માને છે, તેમ નિદક પણ બીજાની સારી વસ્તુ તરફ દ્રષ્ટિપાત ન કરતા ખરાબ જ જુએ છે

પારકી નિદા કરવાની જેને ટેવ પડી હોય છે, તેઓ સહેજમા બીજા ઉપર ખોટા આળ મૂકવા તૈયાર થાય છે કોઈના સામાન્ય દોષને ગભીર સ્વરૂપ આપી તેની પ્રતિષ્ઠા ને હાનિ પહોચાડે છે બીજાના આશયને સમજ્યા વગર જેના તેના માટે જેમ તેમ બોલવા તૈયાર થાય છે

તોપ અથવા બદૂક બીજાનો નાશ કરે છે, પણ તેથી અધિક નાશ તો આપણી જીભ કરે છે જીભદ્વારા માણુસ કાળો

કેર વર્તાવે છે ટીકા, નિંદા, ચાડીચુગલી, કડવા વચન, અને અસત્ય વદવું આ બધા જીભના જ પાપો છે, માટે જ એક કવિએ કહ્યુ—

જીહે ! प्रमाणं जानीहि भोजने वचनेऽपि च ।
अतिभुक्त अतिवोक्त महानर्थाय जायते ॥

હે જીભ ! તુ બોલવામા અને ખાવામા પ્રમાણ રાખજે, માપુન વધારે ખાતુ ખાય છે અને વધારે બોલે ... તે મહાન્ અનર્થને માટે થાય છે

નિંદક મનુષ્ય માખી જેવો છે માખી ... તેમ તે અવગુણ ઉપર જ બેસે છે અને માખી ... જેથી ન રહેનારા બીજાને ચેપ લગાડે છે, તેમ નિંદક બીજા મિત્રોની શોધમા જ રહે છે પોતાની નવી ... પૂછ્યે તે સૌની સન્મુખ લલકારે છે, ... પણ મીઠુ મરચુ નાખી વાતને વધુ ... ચાસણીનાર ... થઈ જાય છે આ છે ... નિંદકની ચાલાકી

स्वश्लाघा परनिंदा च, मत्सरो ...
असम्बद्धप्रलापित्वमात्मानं पातयन्ति ...

પોતાના વખાણ, પારકાની નિંદા ... ઈર્ષ્યા અને અસંબદ્ધ પ્રલાપ આ ...

ગુણ અને દોષના સમૂહમાંથી ... ગ્રહણ કરે છે—જેમ હંસ, બેમાંથી ... ક્ષીરને જ ગ્રહણ કરે છે તેમ

માણુસ બીજાની નિંદા અનેક મુખે કરે છે, બીજાના દોષ જોવામાં તો આંખવાળો બને છે અને અનીતિનું ધન હરણ કરવા હજાર હાથવાળો બને છે ખરેખર બીજાની નિંદા કરવી, બીજાના દોષ જોવા અને પારકાનું ધન હરણ કરવું એ અધમતાની પરાકાષ્ઠા છે

શ્રી સમયસુંદરજી ગણિ ફરમાવે છે કે—

"આપ સંભાળો સહુ કો આપણું રે
નિંદાની મૂકો પડી ટેવ રે,
થોડે ગણે અને અવગુણે સહુ કો ભર્યા રે
કેહના નળિયા ચૂએ કેહના નેવ રે

માટે ઉત્તમ આત્માઓએ પારકાની નિંદા કે બીજાના દોષ ન જોતા, આત્મનિરીક્ષણ કરવું જોઈએ, અંતર્મુખ બનવું જોઈએ અને હું આત્મગુણમાં કેટલો આગળ વધ્યો, એનો પળે-પળ-વિચાર કરવો જોઈએ

'परनिंदाधमाधमा'

ધર્મની પ્રશંસા

निर्दन्त करटी हयो गतजवश्चन्द्रो विना शर्वरी
निर्गंध कुसुम सरो गतजल छायाविहीनस्तरु ।
रूप निर्लवण सुतो गतगुणश्चारित्रहीनो यति—
निर्देव भवन न राजति तथा धर्मं विना मानव ॥

દંતરહિત હાથી વેગ વિનાનો ઘોડો ચંદ્ર વિનાની રાત્રિ, સુગંધી વિનાનું પુષ્પ જળ વિનાનું સરોવર, છાયા વિનાનું વૃક્ષ લાવણ્ય વિનાનું રૂપ ગુણ વિનાનો પુત્ર ચારિત્ર વિનાનો સાધુ અને દેવ વિનાનું ભવન શોભાને પામતા નથી, તેમ મનુષ્ય પણ ધર્મ વિના શોભાને પામતો નથી

૩૭

બંધન

કેટલાક શબ્દો એવા હોય છે કે જે સાંભળતાં મનમાં પવિત્રતા, શાન્તિ કે ગમગીનીના વિચારો આવે, કેટલાક શબ્દો એવા હોય છે કે જે સાંભળતાં મનમાં આનંદ-પ્રમોદની લાગણી ઉત્પન્ન થાય, અને કેટલાક શબ્દો એવા હોય છે કે જે સાંભળતાં મનમાં ભય, ખેદ કે ક્લેશની વૃત્તિઓને વેગ મળી જાય 'બંધન' શબ્દ આ ત્રીજા પ્રકારનો શબ્દ છે, તેના વિષે અહીં યત્કિંચિત્ લખવા ધાર્યું છે

આ જગતના બંધન કોને ગમે છે? પશુઓને? પક્ષીઓને? મનુષ્યોને? નહિ, નહિ, એમાંનું કોઈ બંધનને પસંદ કરતું જ નથી

વનપ્રદેશમાં સ્વતંત્ર વિહરતા પશુઓને જ્યારે બંધનમાં ઘાલવાનો ગાંધવાનો પ્રયત્ન થાય છે, ત્યારે તેઓ તેનો કેટલા બળથી સામનો કરે છે? મુક્ત વિહાર કરતા પક્ષીઓને જ્યારે જાળમાં સપડાવવામાં આવે છે, ત્યારે તેઓ તેનો કેવો પ્રતિકાર

કરે છે ? અને તે પ્રતિકાર સબળ ન થાય તો કેવુ કરુણ ક્રદન કરે છે ? મનુષ્યોની સ્થિતિ પણ એવી જ છે તેને કોઈ દોરડા કે સાકળથી બાધવાનો પ્રયત્ન કરે તો તે તેને હરગીઝ સાખી લેશે નહિ તે સ્વતંત્ર રહેવા માટે પૂરેપૂરો ઝઝુમશે અને જ્યારે તેનુ કઈ નહિ ચાલે ત્યારે જ તે બધનને સાખી લેશે તાત્પર્ય કે—સ્વતત્રતામા—મુક્તિમા પ્રાણીઓને જે આનદ આવે છે તે પરતત્રતામા—બધનમા આવતો નથી

અધ્યાત્મશાસ્ત્રોએ પણ આ વાત મજૂર રાખી છે તેઓ પોકારીને કહે છે કે—' આત્માને જે સુખ મુક્તાવસ્થામા મળે છે, તે બીજી કોઈ અવસ્થામા મળી શકતુ નથી અને તેથી જ તેઓ મુક્તિ મોક્ષ કે પરમપદની પ્રાપ્તિનો ઉપદેશ દે છે '

બધનમાથી છૂટા થવુ મુક્ત થવુ તેને મુક્તિ કે મોક્ષ કહેવામા આવે છે અને તે જ આ વિશ્વમા પરમ પદ છે, એટલે દરેક મનુષ્યે પ્રથમ એ જાણવુ જોઈએ કે આત્માને કઈ વસ્તુ બધનરૂપ છે ? જે બધનને જાણતો નથી તે મુક્તિ કે મોક્ષ માટે શી રીતે પ્રયત્ન કરે ?

ઘણા મનુષ્યો એમ કહેતા સભળાય છે કે અમે તો છૂટથી રહીએ છીએ, મનમા આવે તે ખાઈએ છીએ, પીઈએ છીએ ને ગમે ત્યા હરીએ ફરીએ છીએ તો પછી અમને બધન શેનુ !

પરતુ તેઓ બધનનો સાચો અર્થ સમજ્યા નથી

બધન સ્થૂલ અને સુક્ષ્મ એમ બન્ને પ્રકારના હોય છે, અને જ્ઞાની પુરુષો આ બીજા પ્રકારના બધનને જ મુખ્યત્વે લક્ષમા રાખીને ઉપદેશ કરે છે

આત્મા સ્વભાવથી અનંત જ્ઞાન અને અનંત શક્તિનો ધણી છે, તેની કોઈ મર્યાદા નથી, પરંતુ એક પ્રકારના બંધનના યોગે તે મર્યાદિત શક્તિવાળો દેખાય છે જ્ઞાની ભગવંતો આ બંધનનું વર્ણન કરતા જણાવે છે કે—

दोहिं बंधणेहिं, रागबंधणेण दोसबंधणेण ।

બંધન બે પ્રકારના છે એક રાગનું બંધન અને બીજું દ્વેષનું માટે જ ગણધર ભગવાન સુધર્માસ્વામી શ્રી સૂયગડાંગસૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથામાં ફરમાવે છે કે—

बुज्झिज्जत्ति तिउट्टिज्जा बंधणं परिजाणिया ।
किमाह बंधणं वीरो किंवा जाणं तिउट्टइ ॥

બંધનથી મુક્તિ મેળવવા માટે પ્રથમ બંધનના સ્વરૂપને જાણવું પડશે બંધન કોને કહેવાય અને તેનાથી કેવી રીતે છુટાય ? આ પ્રમાણે બંધનના સ્વરૂપને જાણ્યા સિવાય બંધનથી મુક્તિ મેળવવા પ્રયત્ન કરવો એ તદ્દન નિરર્થક છે, એટલું જ નહિ પણ કેટલી વાર વધારે ને વધારે ભયંકર, દુઃખકર અને હાનિકારક નીવડે છે

બંધનના વાસ્તવિક સ્વરૂપથી અજ્ઞાત એવા સંસારી આત્માઓ અનેક વિવિધ ગાઢ બંધનોથી બંધાવા છતાંય પોતાને બંધનરહિત-સ્વતંત્ર સમજે છે આ જ તેમનું મોટું અજ્ઞાન છે

કેટલાકો વિવિધ બંધન-પાશથી મુક્ત થવા માટે અનેકવિધ પ્રયત્નો કરે છે. વિવિધ કષ્ટો સહન કરે છે. જીવનને

હોડમા મૂકે છે, સર્વસ્વ ન્યોછાવર કરે છે, બધા સુખોને તિલાંજલિ આપે છે, રાતદિવસ એની જ ગડમથલમા રહે છે, છતાય એવા આત્માઓ બધનથી મુક્ત ન થતા ઊલટા વધુ ને વધુ દૃઢ બધનથી બધાય છે, પીડાય છે અને રીબાય છે, માટે જ બધનનુ સ્વરૂપ જાણવુ, એ અત્યત જરૂરી છે

બધનના પ્રકારો—

બધનના પ્રકારો અનેક છે, જેમકે પ્રશસ્ત અને અપ્રશસ્ત, ગ્રાહ્ય અને અગ્રાહ્ય, ઈષ્ટ અને અનિષ્ટ, સૂક્ષ્મ અને સ્થૂળ વગેરે વગેરે

બધન શબ્દની વ્યુત્પત્તિ આ પ્રકારે કરવામા આવે છે
'बध्यते अनेन अनया अस्मिन्नता'
જે વડે યા જેમા બધાય તેનુ નામ બધન

વ્યવહારુ બધનો—

વ્યવહારમા એવા અનેક બધનો આવશ્યક છે કે જેને આપણે વ્યવહારુ પ્રશસ્ત કોટિમા મૂકી શકીએ દાખલા તરીકે—

૧ ખેતરને જો વાડનુ બધન ન હોય, તો તેમા ગાય, બળદ વગેરે જનાવરો ઘુસી જઈને પાકને નુકસાન કરે, ખેતરને ઉજ્જડ બનાવી દે, પરિણામે ખેડૂતને પોક મૂકવી પડે, તેથી પાકની રક્ષા માટે ખેતરને વાડનુ બધન વ્યવહારમા આવશ્યક છે

૨ ઘોડાને લગામની જરૂર છે, લગામ ન હોય તો ઘોડો બરાબર ચાલે નહિ અને ધારેલા સ્થળે પહોચાડે નહિ

૩ વાઘ-વરુ-સિંહ જેવા અનેક ક્રૂર પ્રાણીઓ માનવહૃદયમા કેવો ગભરાટ પેદા કરે છે? તે લોકોને રજાડે છે, બાળ-બચ્ચાને કચડી નાખે છે જાનવરોનો કોળિયો કરી જાય છે અને કંઈકને સીધા યમધામમા પહોચાડી દે છે, તેથી સૌ તેમનાથી નદી-નોણા પોકારે છે, માટે જ સિંહ-વાઘ જેવા જગલી ક્રૂર પ્રાણીઓ માટે મોટા મોટા લોખડી પાજરાના બધનની પરમ આવશ્યકતા છે હજારો હાથી, ઘોડા, હરણ, બકરા અને મનુષ્યોને એક ત્રાડમાં ત્રાહી-ત્રોબા પોકરાવનાર, ભયભીત બનાવનાર, જેની એક ગર્જનાથી ભલ-ભલા લોખડી માનવના હૈયા હચમચી ઉઠે તેવા સિંહ-વાઘ જ્યારે પાજરામા પૂરાય છે ત્યારે કેવા લાગે છે? એની સામે માનવ જેવા નિર્બળ પ્રાણીઓ ક્રૂર રીતે હસી શકે છે આ પ્રતાપ પાજરાના બધનનો છે

૪ હાથી જેવા મહાકાય પ્રાણીને અકુશવડે અકુશમા રાખવાના ન આવે તો પરિણામ કેવુ ભયકર આવે? નિરકુશ બની એ પીળે દહાડે બજારે કંઈકને કચડી નાખે માટે જ હાથી સાકળે બધાય છે, હાથીને સચવવા માટે સાકળરૂપ બધન અનિવાર્ય છે

૫ વિદ્યાર્થીને શિક્ષકના બંધનની કંઈ ઓછી જરૂર નથી શિક્ષકના બધનવિહૂણા વિદ્યાર્થીઓ અને લગામ વગરના ઘોડામા કશો જ ફરક નથી, માટે જ મોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઝમઝમ એવી ઉક્તિઓ પ્રસિદ્ધિ પામી છે

૬ શત્રુના આક્રમણથી નગરનું રક્ષણ કરવા માટે મોટા મોટા નગરોને કિલ્લા–કોટથી વીંટી દેવામાં આવે છે

૭ પાણીના અદમ્ય પ્રવાહને રોકવા માટે બંધનની તેટલી જ જરૂર રહે છે નદી, તળાવ યા સરોવરના કિનારાઓ બંધનનું જ કામ કરે છે મહાસાગરોને પણ એવા જ પ્રકારના બંધનો હોય છે, જેથી મર્યાદાનું ઉલ્લંઘન થતું નથી

૮ દોરડા, સાંકળ વગેરે બંધનવિહૂણા અનેક નાના મોટા જનાવરો બેશુમાર ઉત્પાત મચાવે છે, માટે જ તે ખીલે બંધાય છે

અપ્રશસ્ત બંધન—

સ્નેહ એ પણ જબરજસ્ત બંધન છે, માટે જ જ્ઞાનીઓએ કહ્યુ છે કે–' सिणेहो वज्जसिखला ' સ્નેહ એતો વજ્રની સાંકળ સમો છે, લોખંડની સાંકળને તોડનાર માનવી કાચા સુતરના તાંતણાને તોડવા અસમર્થ બને એ કેવી વિચિત્રતા? એ માટે આર્દ્રકુમારનું દૃષ્ટાંત બસ છે સ્નેહરૂપ વજ્રની સાંકળે બંધાયેલો માણસ સ્નેહના કારણે પ્રાણાર્પણ કરવા તૈયાર થાય છે

કામરાગ પણ ઓછો બંધનાત્મક નથી, એક મહાકાય હાથી પણ કામવિવશ બની મહાવતના પંજામાં ફસાય છે

દૃષ્ટિરાગ એ પણ બંધન છે, સાચાને ખોટું અને ખોટાને સાચું કરવાની ધૃષ્ટતા કરનાર દૃષ્ટિ રાગનું બંધન છે, એની આંખના ચશ્મા જુદા જ પ્રકારના હોય છે, કહ્યુ છે કે—

दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेदस्सतामपि ।

પૂ. ઉપાધ્યાયજી મહારાજને પણ કહેવું પડયું કે 'દૃષ્ટિરાગ એ મહાન્ પાપ છે. મહાપુરૂષો પણ એ બંધનને તોડવા અસમર્થ બને છે.'

સ્વાભાવિક બંધનો—

અફીણ, ચા, બીડી, દારૂ તેમજ એવી બીજી અનેક ચીજોનું વ્યસન પણ એક મહાન બંધન છે.

દેહનું બંધન, કોર્ટનું બંધન, નોકરીનું બંધન, કાયદાનું બંધન, લગ્નનું બંધન, દુકાનનું બંધન, પતિપત્નીનું બંધન, વ્યવહારનું બંધન, ઘાકળનું બંધન, દોરાદોરીનું બંધન, પોલિસનું બંધન, ડૉકટરનું–વૈદ્યનું બંધન, ઘરનું બંધન, પુત્ર પરિવારનું બંધન, મિત્રોનું બંધન, વાહનનું બંધન, રેલવેનું બંધન, પ્રેમનું બંધન ઓફીસનું બંધન, ખાવા–પીવાનું બંધન, સ્નેહીનું બંધન, ટ્રકપેટીનું બંધન, તાળાકુંચીનું બંધન, વિદ્યાર્થીને શિક્ષકનું બંધન, આમ ગણ્યા–ગણાય નહિ તેટલા બંધનોથી આપણે વ્યવહારમાં બંધાયા છીએ. જગત એ બંધન છે, સંસાર એ બંધન છે અને શરીર પણ બંધન છે.

શ્રેષ્ઠ બંધન

ધર્મના બંધનો એ શ્રેષ્ઠ બંધનો છે, જેવા કે વ્રત, નિયમ, પચ્ચખાણ, પ્રતિજ્ઞા.

કર્મો ...નને તોડવા માટેનું બંધન અત્યંત

જરૂરી છે હાથ ઉપર કપડાનો પાટો બાંધ્યો હોય તો તેને છોડવા માટે ઉલટી ક્રિયા કરવી પડે છે, તેમ આ આત્માએ મિથ્યાત્વ એટલે ખોટી શ્રદ્ધા દ્વારા, અજ્ઞાન દ્વારા, ઇન્દ્રિયોને છૂટી મૂકવા દ્વારા, મન–વચન–કાયાની અશુભ પ્રવૃત્તિઓ દ્વારા અને ક્રોધાદિ કષાયો દ્વારા કર્મોને બાંધ્યા છે તો તે કર્મોને તોડવા માટે સાચી શ્રદ્ધા યાને સમ્યગ્દર્શન, સાચુ જ્ઞાન યાને સમ્યગ્જ્ઞાન, અને સાચી ક્રિયા યાને સમ્યક્ચારિત્રનુ પાલન કરવામા આવે તો જ તે કર્મો આત્માથી અળગા થાય છે

આત્મા સમયે સમયે સાત અથવા આઠ કર્મોને બાંધે છે કોઈ એવો સમય નથી કે જે સમયે આત્મા કર્મ ન બાંધતો હોય, ભલે પછી તે શુભ હોય કે અશુભ હોય, શુભ કર્મને પુણ્ય અને અશુભ કર્મને પાપ કહેવામા આવે છે

જ્ઞાનનુ આવરણ કરનાર તે જ્ઞાનાવરણીય કર્મ, દર્શન યાને જીવોની દર્શન શક્તિને આવરનાર કર્મ તે દર્શનાવરણીય કર્મ, સુખ દુ ખનો અનુભવ કરાવનાર તે વેદનીય કર્મ, રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાનમા મુઝાવનાર તે મોહનીયકર્મ, આત્માને દેહમા અમુક સમય રાખનાર તે આયુષ્યકર્મ, દાન લાભ વગેરેના અતરાય પાડનાર તે અતરાયકર્મ, ઊંચ નીચ ગોત્રમા લઈ જનાર તે ગોત્રકર્મ અને અમુક પ્રકારની શરીરરચના કરનાર તે નામકર્મ આ આઠ કર્મો આત્માને બધનરૂપ છે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ એના સાધનો છે મુક્તાવસ્થામા આત્મા કર્મરહિત હોય

છે, ત્યા કર્મનો બધ થતો નથી નિર્બંધન અવસ્થા એ મુક્તાવસ્થા છે એ અવસ્થા પ્રાપ્ત કરવા માટે કર્મોના બધનને તોડવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધના કરવી જોઇએ, જેથી આત્મા કર્મના ભારથી ધીરે ધીરે હળવો બને જેમ એક તુબડા ઉપર એક-બે એમ આઠ પાટા બાધવાથી એ તુબડુ પાણીમા તરવાની શક્તિ ધરાવવા છતા ડૂબી જાય છે અને જેમ જેમ પટા છૂટતા જાય છે તેમ તેમ તુબડુ ઉપર આવે છે, તેમ આત્મા સાથે ક્ષીરનીરની પેઠે લાગેલા આઠ કર્મોરૂપ પાટા આત્માના સમતાભાવ દ્વારા છૂટી જાય તો આત્મા ઊર્ધ્વગમન કરે છે

વ્યવહારિક બધનો આપણે વ્યવહારમા ટેસે હોસે નભાવીએ છીએ અને ધર્મના બધનો આપણને બધનાત્મક કેમ લાગે છે? ધર્મના નિયમો-બધનો એ તો પ્રશસ્ત બધનો છે કે જેના દ્વારા આત્મા મુક્તાવસ્થા મેળવી લે છે

મુક્તાવસ્થામા આત્મા અનંત અ-તદ્દન સ્વતત્ર છે ત્યા કોઇ જાતનુ બધન નથી, જન્મમરણ નથી, રોગ-શોક નથી, રાગ-દ્વેષ નથી, શરીરરૂપ કેદ નથી, કે કાલ્પનિક સુખ-દુખ નથી ત્યા આત્મા અજર-અમર બની શાશ્વત સુખને માણતો સચ્ચિદાનદસ્વરૂપના રમણ કરે છે

એ સાચી સ્વતત્રતા પ્રાપ્ત કરવા આત્મા પ્રમાદી બને છે અને નામની, કાલ્પનિક-ક્ષણજીવી સ્વતત્રતા પ્રાપ્ત કરવા

માટે પોતાનુ જીવન હોડમા મૂકે છે, એ કેવી વિચિત્રતા? જેને એ સ્વતન્ત્ર સમજે છે, તે વાસ્તવિક પરતત્રતા છે; અને જેને પરતત્રતા સમજે છે તે સાચી સ્વતત્રતા છે આવી સ્વતત્રતા પ્રાપ્ત કરવા માટે આત્માએ પરમાત્માના ઉપદેશને ઝીલવો પડશે, અને તેમણે ચીધેલા માર્ગે ચાલવુ પડશે, જેઓ સ્વય મુક્ત થયા છે, તેજ બીજાને મુક્ત કરી શકે છે

જેઓ સસારના બધનોમા બધાયેલા છે, તેમની સેવાદ્વારા મુક્ત બનવાની અભિલાષા રાખવી શશશૃગવત્ નિરર્થક છે, માટે જ કહ્યુ છે—

બધે કો બધા મીલે, કૌન છોડાવે છુડાય?
કર સેવા નિગ્રથકી, ક્ષણમે દીયે છુડાય

ધર્મ જ શરણભૂત

व्यसनशतगतानां क्लेशरोगातुराणां,
मरणभयहतानां दुःखशोकार्दितानाम् ।
जगति बहुविधानां व्याकुलानां जनानां,
शरणमशरणानां नित्यमेको हि धर्मः ॥

સેકડો કષ્ટને પામેલા, કલેશ અને રોગથી પીડાતા, મરણના ભયથી હતાશ થયેલા દુઃખ અને શોકથી રીબાતા એમ બહુ બહુ રીતે વ્યાકુલ થયેલા આ જગતના અસહાય મનુષ્યોને એક ધર્મ જ નિત્ય શરણભૂત છે

× × ×

દેવ જપો અરિહતને, ગુરુ સેવો નિર્ગ્રંથ,
દયા ધર્મ પાળો સદા, એ મુક્તિનો પથ

૩૮

ધન્ય મહાપુરુષો

કળિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય મહારાજ જૈન રામાયણ પર્વ સાતમાના ચતુર્થ સર્ગની શરૂઆતના ત્રીજા જ શ્લોકમા જણાવે છે કે–ભગવાન ઋષભદેવ સ્વામીથી માંડી વીસમા ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીના તીર્થ દરમ્યાન ઇક્ષ્વાકુવંશની અંતર્ગત આવેલા સૂર્યવંશમા થયેલા અસંખ્યાત રાજાઓ પૈકી સંખ્ય–અસંખ્ય રાજા–મહારાજાઓ મુનિપદ ને વર્યા છે, ત્યારે ગણનાતીત રાજા–મહારાજાઓ સર્વાર્થસિદ્ધ વિમાનમા ઉત્પન્ન થયા છે ખૂબી તો એ છે કે–પલ્યોપમો અને સાગરોપમોના અસંખ્યાત કાળ દરમ્યાન એમના વંશજોમાથી એક પણ રાજા તિર્યંચ–જાનવરગતિ કે નરકગતિમા ગયો નથી કેવી એમની ભવ્ય દિવ્ય અને પવિત્ર પરંપરા હશે, એ વાચકોને વિચારતા સહેજે ખ્યાલમા આવે તેમ છે "રાજેશ્વરી એ નરકેશ્વરી" એ લોકસૂત્રને જેણે દફનાવી દીધુ હતુ માટે જ અસંખ્યાત કાળના મોજા ફરી વળ્યા છતાય તે પુણ્યપુરુષોની કીર્તિ અને તેમનો યશોદેહ આજે પણ અમર છે

ધન્ય છે એ પવિત્ર પરંપરાના વાહક સૂત્રધારોને કે જેઓ એક સામાન્ય નિમિત્ત મળતા રાજપાટને ત્યાગી, વિરાગી બની, લાડી, વાડી અને ગાડીના વિલાસને ઠોકરે મારી, વૈભવ વિલાસને લાત મારી સંયમના પૂનિત પંથે પ્રયાણ કરતા હતા, ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે

અગણિત રાજા–મહારાજાઓ પૈકી કેટલાક રાજાઓ તો પુત્ર થતાની સાથે જ પુત્રને રાજગાદી અર્પણ કરી, ચારિત્ર અંગીકાર કરતા હતા જેમકે–અનરણ્ય રાજાએ માત્ર એક વર્ષની નાની વયના દશરથજીને રાજગાદી આપી ચારિત્ર અંગીકાર કર્યું હતુ, સુકોશલ રાજાએ તેમની રાણી ચિત્રમાળા ગર્ભવતી હતી, તેને ત્યજી સંયમમાર્ગે પ્રયાણ કરવા જ્યારે તેઓ તૈયાર થયા ત્યારે મંત્રીઓને સાથે લઈ રાણી ચિત્ર-માળા સુકોશલ રાજાને વિનંતિ કરે છે કે મહારાજ! આપ દીક્ષાને અંગીકાર કરવા તૈયાર થયા છો એ બહુ સારી વાત છે પણ આપના પછી રાજગાદીનો વારસદાર તો કોઈ હોવો જોઈએ ને! સ્વામી વગરના રાજ્યને છિન્નભિન્ન થતા વાર લાગતી નથી, માટે મહેરબાની કરી જ્યારે આપને પુત્ર થાય ત્યારે તેને રાજગાદી આપી, આપ સુખેથી દીક્ષા લઈ શકો છો હું આપના એ પવિત્ર ચારિત્ર માર્ગમા કાંટા વેરવા નથી માગતી

ચિત્રમાળા રાણીની વાણી કર્ણગોચર કરી વૈરાગ્યવાસિત બનેલા સુકોશલ રાજાએ જવાબ આપ્યો કે–" તારા ગર્ભમા રહેલા પુત્રને હું આજથી જ રાજ્યનો અભિષેક કરું છું " भाविन्युपचारो हि भूतवत् એ ન્યાય પ્રમાણે સકલ જન

અ ધ પર પના આત્માની ભવ પરંપરાને વધારનારી છે, જ્યારે આવી પવિત્ર પર પરા આત્માની ભવપર પરાને કાપ નારી છે વિચારો ! આવી પવિત્ર પર પરા જ્યારે ચાલતી હશે ત્યારની સ્થિતિ, ત્યારની નીતિરીતિ કે તે સમયની સુખ સાહ્યબી, તે ક ળના આ ચાર–વિચાર, તે સમયનો પારસ્પરિક પ્રેમ અને તે સમયનુ કેવુ સુ દર વાતાવરણ હશે !

ધન્ય છે તે સમયની પ્રજાને ! ધન્ય છે તે રાજપુતોને ! ધ ય છે તે સમયના રાજાઓને ! ધન્ય છે તે મહામ ત્રીઓને કે જેઓએ જૈન શાસનનો વિજયધ્વજ ફરકાવવામા, અને જૈન શાસનનો ડ કો દિગ તમા વગાડવવામા પોતાનુ ગૌરવ માન્યુ હતુ

જે સમયે વીસમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રતસ્વામીનુ તીર્થ પ્રવર્તી રહ્યુ હતુ અને અયોધ્યા નગરીમા વિજય રાજાનુ શાસન ચાલતુ હતુ તે રાજવીની હિમચૂલા નામે પટરાણી હતી તેની કુક્ષિથી વજ્રબાહુ અને પુર દર એમ બે નરરત્નોનો જન્મ થયો હતો

તે અરસામા નાગપુર નગરમા ઈભવાહન નામે રાજા રાજ્ય કરતો હતો તેમની ચૂડામણિ નામે પટરાણી હતી ચૂડામણિ રાણીએ મનોરમ એવી મનોરમા નામની પુત્રીને જન્મ આપ્યો હતો મનોરમાને વિજયરાજાના પુત્ર વજ્રબાહુ સાથે પરણાવવામા આવી, વજ્રબાહુએ નાગપુર નગરથી મનોરમાને પરણી અયોધ્યા નગરી તરફ પ્રયાણ આરભ્યુ સાથે તેમનો સાળો ઉદય સુ દર તેમજ અન્ય કુમારો પણ

હતા રસ્તામા જતા જતા તેમની દૃષ્ટિ તપતેજથી જેમનુ ભવ્ય લલાટ ચમકી રહ્યુ હતુ તેવા, યથાર્થનામા ગુણસાગર નામના મહામુનિ જેઓ વસતશૈલ પર્વત ઉપર તપ તપી રહ્યા હતા, તેમના ઉપર પડી તે મહામુનિની દૃષ્ટિ સૂર્ય સન્મુખ હતી, જાણે મોક્ષમાર્ગને જ ન જોતા હોય! તેમ તેઓ ઘોર તપ તપતા કાઉસગ્ગ ધ્યાનમા ઉભા હતા મહા મુનિઓને નિહાળી કોના હૈયા હર્ષથી નાચી ન ઊઠે? વજ્રબાહુનુ હૃદય પણ હર્ષથી પુલકિત બન્યુ મયુર જેમ મેઘને જોઇને નાચી ઉઠે, તેમ વજ્રબાહુ મુનિના દર્શન કરી અતુલ આનદિત બન્યો, સાળા ઉદયસુદરે ધીમે રહીને પોતાના બનેવી વજ્રબાહુને કહ્યુ 'કેમ કુમાર! શુ દીક્ષાના ભાવ છે? જો વિચાર હોય તો જરાય વિલબ કરવાની જરૂર નથી, હુ તમારા તે કાર્યમા સહાયક થઈશ, આ સુદર તક છે

ઉદયસુદરે તો મશ્કરીમા કહ્યુ, પણ જવાબમા વજ્રબાહુએ હા પાડી વજ્રબાહુએ સાળાને કહ્યુ જો જો તમે ક્ષત્રિયપુત્ર છો સમુદ્ર જેમ મર્યાદાનુ ઉલ્લઘન નથી કરતો તેમ તમે પણ વચન બદ્ધ રહેજો

વજ્રબાહુ રાજકુમારના હાથના મીઢળ હજુ તો છુટ્યા નહોતા માતપિતાને પણ મળ્યા નથી હજી ઘર ભેગાય થયા નથી તાજેતરમા પરણેલી પત્ની મનોરમા પણ સાથે જ છે, છતા ભર યૌવનાવસ્થામા તરત જ તેઓ દીક્ષા લેવાની તીવ્ર ઇચ્છાથી રથમાંથી નીચે ઉતરે છે વસતશૈલ

પર્વત પર રહેલા ગુણસાગર મુનિની નજીક જઈ ઉદય સુદરાદિ પરિવાર સાથે વદન કરે છે

વજ્રબાહુકુમારની પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઉત્કટ ભાવના નિહાળી તેમનો સાળો ઉદયસુદર સ્તબ્ધ બની ગયો અરે ! કુમાર ! આપ આ શુ કરવા તૈયાર થયા છો ! હુ તો મશ્કરી કરતો હતો, પરસ્પરની હાસીના વચનો કદીય સત્ય હોતા નથી માટે મહારાજ ! ક્ષમા કરો ધિક્કાર છે મને કે મે આપની આવી મશ્કરી કરી

ઉદયસુદર હવે ગભરાયો આ શુ થયુ ? મશ્કરી પણ સાચી થઈ ઉદયસુદરે પુન કહેવા માડયુ વજ્રબાહુકુમાર, મારી મશ્કરીને આપ સત્ય કરી રહ્યા છે, મારા મનોરથો ભાગીને ભૂક્કો થઈ જશે આપ કૃપાળુ અવશ્ય વિચાર કરો ભોગવિલાસની સુદર વયમા આપને આ શુ સૂઝયુ ? હજી તો હાથેથી મીઢળ પણ નથી છૂટયુ અને આ નવયૌવના મનોરમાનુ શુ થશે ? પતિવિહીન દશામા કેવી રીતે તેનુ જીવન વ્યતીત થશે ? આપ તો તેને તૃણ સમ સમજી ત્યજી દેવા તૈયાર થયા છો, પણ મારા મહેરબાન જરા વિચાર કરો

જવાબમા વજ્રબાહુએ ધીર અને ગભીર સ્વરે જણાવી દીધુ કે "હુ તો મારી ભાવનામા અડગ છુ ખરેખર સસાર મને અસાર લાગે છે આપે કરેલી મશ્કરી પણ મારે માટે પરમાર્થરૂપ નીવડી છે સ્વાતિ નક્ષત્રમા વરસેલો વરસાદ જેમ કાળુ માછલીમા મોતી પેદા કરે છે તેમ આપની વાણી મારે માટે તો અતિ હિતકારી થઈ પડી " વજ્રબાહુએ ખૂબ જ હૃદયદ્રાવક વાણીથી સૌ કોઈને પ્રતિબોધ પમાડયા

૩૯

કર્મની વિચિત્ર લીલા

સ સાર એ અનેકવિધ ચિત્રવિચિત્ર ઘટનાઓથી ભરેલ છે જેના વાસ્તવિક સ્વરૂપનુ જો આત્માને ભાન થઈ જાય તો, આત્મા એક ક્ષણ પણ આ દાની દુનિયાના રગરાગમા મસ્ત ન બનતા આ વાત્તિક આનદ સાગરમા મગ્ન બની જાય કર્મની અજબ લીલાને દર્શાવનારા અનેક દૃષ્ટાતો ઇતિહાસને પાને માલેખાયેલા પડયા છે તેમાની એક ઘટનાનો ચિતાર અને આલેખવો ધાર્યો છે નગરીનુ નામ તામ્રલિપ્તિ હતુ ત્યાના સાથવાહ સમુદ્રદત્ત શેઠને બહુલા નામે સ્ત્રી હતી તેણીની કુક્ષિએ એક પુત્રનો જન્મ થયો હતો જેનુ નામ મહેશ્વરદત્ત રાખવામા આવ્યુ હતુ

સ્વાભાવે સ્ત્રી સ્વભાવ જ માયાપ્રપચમય હોય છે બહુલા પણ એ સ્વભાવથી મુક્ત ન હતી

શેઠને પણ લોભનો થોભ ન હતો જાણે કે આખી દુનિયાનુ ધન મારી પાસે આવી જાય તો ઠીક, જેથી ચેન કેન પ્રકારે ધન ઉપાર્જન કરવામા શેઠજી હ મેશા મશગુલ રહેતા પરિણામે માયાની વિશેષતાના કારણે શેઠે તિર્યંચગતિમા જવા

ઠગવામાં જરાય પાછી પાની કરે તેમ ન હતી પરપુરુષો સાથે કામક્રીડામાં તે આસક્ત રહેતી આમ યથેચ્છ વિહરતા કેટલોક સમય વીતી ગયો, પણ આ વાતની મહેશ્વરદત્તને જરાય ખબર ન પડી એક વખત બનાવ એ બન્યો કે ગાંગિલા પરપુરુષ સાથે કામક્રીડા કરી રહી હતી તે જ વખતે અચાનક તેનો પતિ મહેશ્વરદત્ત ત્યાં આવી ચઢ્યો, બન્ને જણ બેબાકળા બની ગયાં શું કરવું ? ક્યાં જવું ? એની જરાય સૂઝ ન પડી સ્ત્રીના વાળ-વિખરાયેલા હતા, ગભરાટમાં ભૂલથી સ્ત્રીનું વસ્ત્ર પેલા પરપુરુષે પહેરી લીધું અને સ્ત્રીએ, જારપુરુષનું કપડું ઓઢી લીધું એકદમ મહેશ્વરદત્ત અંદર ધૂસ્યો ક્રોધથી લાલ પીળા બનેલા એણે પેલા જારને બાથમાં લીધો શિકારીના પંજામાં જેમ રીંછ પકડાય તેમ આ ભાઈ પકડાયા ભૂતાભિભૂત પુરુષને જેમ કોઈ નચાવી નિઃશંકપણે કચડી નાખે, કુંભાર જેમ માટીને યથેચ્છ રીતે મસળે તેમ મહેશ્વરદત્તના હાથે આ જારપુરુષ ખૂબ-ખૂબ ઘસાયો-કૂટાયો, પરિણામે અધમૂઆ જેવી એની દશા થઈ ગઈ

એને એ ખબર નહોતી કે-ભોગનું પરિણામ આમ બુરું આવશે આવાં કડવાં ફળો મારે ચાખવાં પડશે અને હું આ સ્થિતિમાં મૂકાઈ જઈશ જો આવી ખબર હોત તો અહીં આવત જ નહિ, પણ રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું ? પાપ કરતી વેળા આત્મા જ્યારે પાછું વાળીને જોતો નથી, ખૂબ રાચીમાચીને વિષય વિલાસોમાં તલ્લીન બને છે ત્યારે, તેનાં કટુ ફળો ભોગવવા શા માટે અકળાતા હશે ?

પેલો જાર ત્યાથી ભાગી છુટ્યો જતા જતા રસ્તામા જ ગબડી પડ્યો થોડી જ વારમા તેના પ્રાણ નીકળી ગયા અકાળે કાળ (યમરાજ) શિકારીએ ફાળ મારી અને તે યમધામે પહોંચી ગયો

ત્યાથી મરીને એ જાર પુરુષ એ જ ગાંગિલાની કુખિમા પોતાના જ વીર્યમા પુત્રપણે ઉત્પન્ન થયો નવમાસ પૂર્ણ થયે ગાંગિલાને પુત્ર જન્મ્યો આ સમાચાર મળતા મહેશ્વર દત્તની ખુશીનો પાર રહ્યો નહિ મહેશ્વરદત્ત પુત્રની ખુશાલીમાં ખૂબ જ મહાલવા લાગ્યો પુત્રને ગોદમા લઈ ખૂબ ખૂબ રમાડે છે–પંપાળે છે અને આનંદ માને છે

પુત્રના પ્રેમમા પોતાની સ્રીનુ નગાપણુ પણ એ ભૂલી ગયો

છોકરા પણ પોતાના પિતાના દાઢી–મૂછ ખેચે છે કૃપણ માણસ જેમ ધનની રક્ષા કરે તેમ મહેશ્વરદત્ત આ પુત્રની રક્ષા કરવામા બરાબર સાવધ હતો

એક વખત મહેશ્વરદત્તે પોતાના પિતાની મરણતિથિનો ઉત્સવ નજીક આવતો જાણી, તે માટે તેણે એક પાડાને ખરીદ્યો જેની મરણતિથિ ઉજવવાની છે તે જ આ પાડો છે કે જે પૂર્વે મહેશ્વરદત્તનો પિતા હતો તેણે હૃષ્ટપુષ્ટ પાડાને ખરીદી અને નિર્દયપણે તેનો વધ કર્યો પાડાનુ માંસભક્ષણ કરતા તેના રોમાચ ખડા થઈ ગયા, અને એ બોલી ઉઠ્યો અહા ! કેવુ સુદર માસ છે ? કેવી મજા આવે છે ? તેટલામા એક કૂતરી ત્યા આવી ચડી, એ કૂતરી ભૂખી–તરસી પૂછડી પટપટાવતી

આ બધુ જોઈ રહી હતી મહેશ્વરદત્તે અવશેષ-બાકી રહેલા હાડકા એ કુતરીને નાખ્યા, એ કુતરી બીજી કોઈ નહિ પણ મહેશ્વરદત્ત ની પૂર્વની માતા હતી એ પણ પોતાના પૂર્વ જન્મના પતિના હાડકા ચૂસી રહી હતી અને મનમા જ મલકાતી હતી

મહેશ્વરદત્તે પોતાની ગોદમા રહેલા પોતાના પુત્રને પણ માસભક્ષણ કરાવ્યુ

મહેશ્વરદત્ત આમ માસ ખાવામા મશગુલ બન્યો હતો, કુતરી પણ હાડકા ચૂસી રહી હતી પેલો જારનો જીવ પણ આનદમા મ્હાલી રહ્યો હતો તેટલામા જ એક ત્યાગી તપસ્વી મહામુનિ તેને ત્યા ગોચરી માટે પધાર્યા આજે એ મુનિવરને માસક્ષમણનુ પારણુ હતુ અતિશય જ્ઞાની તે મુનિપુગવે મહેશ્વરદત્તની આ બધી વિચિત્ર લીલા અને કર્મની ઘટના જ્ઞાનથી નિહાળી, તેઓ વિચારે છે કે આશ્ચર્યની વાત છે કે પોતાના પિતાનુ જ માસ ખાઈ આજે આ કેવો મ્હાલી રહ્યો છે, અને એક વખતના પોતાના જ શત્રુને આજે ગોદમા બેસાડી લાલનપાલન કરી રહ્યો છે કુતરી પણ પોતાના જ પૂર્વભવના પતિના હાડકા ચૂસી રહી છે અહાહા ! આ સસારની કેવી અજબલીલા છે

મુનિવરે આ બધુ દશ્ય જ્ઞાનથી જોયુ જોતા જ ત્યાથી તેઓ ગોચરી લીધા વિના પાછા ફર્યા જ્યારે મુનિવર ગોચરી લીધા વિના પાછા ફર્યા, ત્યાર મહેશ્વરદત્ત તેમની પાછળ પાછળ ગયો મુનિશ્રીના ચરણમા પડી સવિનય વદન

કરી, મહેશ્વ દત્તે મહારાજશ્રીને પૂછ્યુ 'કેમ સાહેબ' આપ અનાન આગણેથી કંઈ લીધા વિના જ પાછા ફર્યા! શુ હુ આપનો ભક્ત નથી? ન મે કઈ આપની અવના કરી છે? ગુરુદેવ! કૃપા કરો, મને લાભ આપો

અમે માસાહારીને ત્યાથી ભીક્ષા નથી લતા' મુનિશ્રીએ જવાબ વાળ્યો વિશેષમા મુનિશ્રીએ તને જણાવ્યુ તારા ઘરના આ ભાણાની વિચિત્ર ઘરના નિહાળી મારુ (ય દ્રવી ગયુ, એવુ બાજે નવે (ડપ તયે તેવુ તારા ઘરનુ ૨૬ય હતુ

આ વાત નાભળતા જ મહેશ્વ ત્ત આશ્ચય પૂછવા લાગ્યો ગુરુદેવ' મારા આ ભાણામા આપે કઈ વિચિત્ર ઘટના નિહાળી?

મુનિવરે જણાવ્યુ મહાનુભાવ' જે પિતાની મ ળનિધિ તુ ઉજવી રહ્યો છે, તે જ પિતાનુ તુ માસભક્ષણ કરી રહ્યો હતો

શુ મારા પિતાનુ માસ? મહેશ્વદત્તે પૂ ચુ

હા, તારા પિતાનુ માસ તુ આરોગતો હતો, મહારાજશ્રીએ શાતિપૂવક જવાબ આપ્યો

કેવી નતે સાહેબ? મહેશ્વરદત્તે પુન પૂછ્યુ

તારો પિતા મરીને પાડો થયો હતો અને તે જ પાડાને તે ખરીદ્યો અને તે તેને માર્યો, અને તેનુ માસ તુ હોશે હોશે આજે જમી રહ્યો હતો

અને જે કુતરી હાડ (ચૂમી રહી હતી તે તા? પૂર્વ ભવની માતા છે, અને જેને તુ ખોળામાં રમાડી રહ્યો હતો તે તારો વેરી છે, તારી સ્ત્રીનો જાર છે, જેને તે અધમુઓ કરી નાખ્યો હતો તે જ માણુસ મરીને તારા પુત્રપણે

મહેશ્વરદત્ત મુનિશ્રીના મુખથી આ બધુ સાભળી દિગ્મૂઢ બની ગયો

મહેશ્વરદત્તે પૂછ્યુ ગુરુદેવ! પણ આ વાત સાચી છે તેની શી ખાત્રી?

મુનિશ્રીએ તેના જવાબમા જણાવ્યુ કે—એ કૂતરીને તુ પૂછી જો કે ઘરમા નિધાન કયા છે? એ તને બતાવશે જેથી તને ખાત્રી થશે

તરત જ તે ઘેર આવ્યો આવીને પેલી કૂતરીને નિધાન સબધી પૂછતા, કૂતરીએ ઘરમા જ્યા નિધાન હતુ તે જગ્યા પોતાના પગથી ખોદી, જેમાથી નિધાન નીકળ્યુ

મહેશ્વરદત્તને હવે તો દૃઢ વિશ્વાસ થયો કે—મુનિશ્રીએ જણાવેલી સઘળીય હકીકત સત્ય છે અહા! કેવુ મુનિશ્રીનુ અદ્ભુત જ્ઞાન! મહેશ્વરદત્તે મુનિશ્રીના જ્ઞાનની ખૂબ ખૂબ પ્રશસા કરી

મહેશ્વરદત્ત મુનિશ્રીના મુખમાથી આ બધી વિચિત્ર લીલા ને સાભળી, તેનુ હૃદય વૈરાગ્યથી રગાઈ ગયુ તેને હવે સાચુ ભાન થયુ કે ખરેખર આ સસાર અસાર છે, આ અસાર સસારથી કયારે છૂટુ એ જ એને લગની લાગી, એના હૃદયનુ પરિવર્તન થઈ ગયુ

પોતાની સઘળી સપત્તિનો સુપાત્રમા સદ્વ્યય કરી, પ્રવ્રજ્યાના પૂનિત પથે પ્રયાણ કરી અતે આત્મકલ્યાણ સાધી તેણે જીવનને ધન્ય બનાવ્યુ

સ્વાધ્યાય

આધુનિક યુગમાં જો માનવ સમાજના જીવન તપાસવામાં આવે તો એમ જરૂર લાગે છે કે જીવનમાં અવકાશ જેવું કોઈ તત્ત્વ રહ્યું નથી ગરીબ કે તવંગર, શેઠ કે શાહુકાર, રાજા કે પ્રજા, નાના કે મોટા, સ્ત્રી કે પુરુષ, સૌ કોઈના જીવન તરફ આપણે દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે એ જાણવા મળે છે કે કોઈને ફુરસદ નથી NO TIME એવા કયા મોટા ડુંગરો ખોદી કાઢવાના છે, યા ક્યા મહાસાગર ઉલ્લંઘન કરવાના છે, કે જેથી ફુરસદ નથી, એમ આપણે બોલી ઉઠીએ છીએ "પાઈની પેદાશ નહિ અને ઘડીની નવરાશ નહિ" એ કહેવતીને આજે ખરેખર સાચી કરી બતાવી છે

એક સામૂલી જીવન-નિર્વાહની ખાતર માનવી સવારથી લઈ સાંજ સુધી, અરે! મોડી રાત સુધી દોડધામ મચાવે છે જ્યારે આ મોલ માનવ જીવનની સ્વાધ્યાયના યોગે ચીકણા ખજવી વિનાશ કરી શકે છે

જન્મ મરણના પાપનું પ્રક્ષાલન કરી પુનિત બની શકે છે, અવનતિના ગાઢ અંધકારને ભેદીને ઉન્નતિના ઉચ્ચતમ પ્રકાશના પવિત્ર પંથે વિચરી શકે છે આત્મામાં રહેલા ખજાનાને પ્રગટાવવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકાય તેવી મહામૂલી ઘડી-પળ સાંપડ્યા પછી પણ જો આપણે વંચિત રહીએ તો કહેવું પડશે કે ખરેખર આપણે નિર્ભાગ્ય શિરોમણી છીએ

ઉપવાસાદિક તપશ્ચર્યા બાહ્ય તપમાં ગણાય છે, જ્યારે સ્વાધ્યાયને અભ્યંતર તપ તરીકે વર્ણવવામાં આવેલ છે, સ્વાધ્યાયમાં લીન રહેનારની બલિહારી છે

આત્મામાં રહેલ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર અને અનંતવીર્ય એ અનંતચતુષ્ટયીનો પૂર્ણ વિકાસ સધાવનાર જો કોઈ હોય તો તે સ્વાધ્યાય છે

સ્વ અને પર, જડ અને ચેતન, અહમ્ અને મમ એ બધીય વસ્તુઓના ભેદાભેદ દર્શાવી, તત્ત્વોનું સત્ય ભાન કરાવી, આધ્યાત્મિક નયનોને ઉઘાડનાર જો કોઈ હોય તો તે સ્વાધ્યાય છે

આત્મશાંતિના નિર્મળ ઝરણાં વહેવડાવનાર, ત્યાગ, તપ અને સંયમની ઝગઝગતી જ્યોતને પ્રસરાવનાર સાચે જ સ્વાધ્યાય છે સેંકડો અને હજારો સર્ચલાઈટથી પણ જે પ્રકાશ પથરાતો નથી, તેનાથી કંઈ ગણો અધિક પ્રકાશ સ્વાધ્યાયના બળે પ્રગટ થાય છે

આત્માના છૂપા તેજને પ્રગટાવવામાં સ્વાધ્યાય એ દીપક છે જીવન-વિકાસનું અત્યુત્તમ સાધન જો કોઈ નજરે

ચઢતુ હોય તો તે એક જ અને તે સ્વા યાય છે સ્વાધ્યાયના પ્રતાપે માનવી અહીંઆ બેઠા બેઠા પણ સ્વર્ગીય સુખોનો અનુભવ કરી શકે છે

માનસિક ચિંતાઓને જડમૂળથી નાબૂદ કરવામા રામબાણ જો કોઈ ઉપાય હોય તો તે સ્વાધ્યાય છે આધિ વ્યાધિ ને ઉપાધિથી ગ્રસ્ત આત્માઓ પણ સ્વાધ્યાયમા મસ્ત બનવાથી જ્ઞાન ઝુલણામા ઝુલી, સમસ્ત વ્યથાને ભૂલી, ખરે તે આત્મિક આનંદને અનુભવે છે, અસ્ત થતો હોય તો માત્ર તેના કર્મોનો જ સ્વા યાય રકત આત્મા અનાદિકાળના લાગેલા કર્મોને ક્ષણવારમા ભસ્મીભૂત કરી શકે છે અને પછી તે આત્મા અધમાધમ કેમ ન હોય? પણ તે જ સાચો મહાત્મા બની પરમાત્મપદને મેળવી લે છે સાચો રાજમાર્ગ જો કોઈ હોય તો તે સ્વાધ્યાય છે

તીર્થંકરાદિ મહાન પુરુષોએ કેવી રીતે તીર્થંકર ગોત્રને ઉપાર્જ્યું તેમના આત્માને પણ કર્મોએ કટકેટલા નાચ નચા યા, જે મહાપુરુષની એક ટચલી આગળી નમાવવાની ત્જારો બ્કે કોડા દેવો યા ઇન્દ્રોની પણ તાકાત નહોતી, એવા સમર્થ હોવા છતા જેઓએ ગોવાળી આના કરેલ ઉપસર્ગને કેવી અનુપમ ક્ષમાથી સહી લઈ, ઉપસર્ગ કરનાર આત્મા ઉપર પણ કેવી મીઠી નજરથી અમીના વહેણ વહા યા કે એનુ પણ ભલુ થાઓ

એવા દિવ્ય પુરુષોના જીવન-ચરિત્રોનો ખ્યાલ કઈ રીતે તમે કરી શકશો ? કહેવુ જ પડશે કે સ્વાધ્યાયથી.

આત્મા, પરલોક, પુણ્ય અને પાપ આદિ છે કે કેમ? જીવનમા ધર્મની શી જરૂર છે? આત્મા મુક્તિને મેળવી શકે છે કે કેમ? અને મુક્તિ છે કે કેમ? અને છે તો ત્યા કયા પ્રકારનુ સુખ છે? અનેક શકાઓનુ નિરાકરણ અને અપૂર્વ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ તમે કેવી રીતે કરી શકશો? કહેવુ જ પડશે કે સ્વાધ્યાયથી

ત્યારે સ્વાધ્યાય કોને કહેવો? સુષ્ઠુ-અધ્યાય સ્વાધ્યાય શ્રેષ્ઠ પઠન-પાઠન તેનુ નામ સ્વાધ્યાય

આત્મ વિકાસ, આત્મ વિચારણા, આત્મ ચિતન અને કર્મની નિર્જરા જેના યોગે થતી હોય તે જ વાસ્તવિક સ્વાધ્યાય છે એ મહાપુરુષો આપણા હિતની ખાતર લોક કલ્યાણના અર્થે જે અપૂર્વ જ્ઞાનનો વારસો વહેતો મૂકી ગયા છે, જેનો થોડે ઘણે અશે દિવસમા કલાક બે કલાક છેવટે અર્ધો કલાક પણ કાઢીને, સ્વાધ્યાયનો લાભ ઉઠાવી, આત્મ ને ઉજ્વળ બનાવો! એજ એક અભ્યર્થના

"सज्झायसमो णत्थि धम्मो ॥"

પીઠ નામના બન્ને મુનિવરો ચમક્યા તેમના હૃદયમાં ઈર્ષ્યાએ સ્થાન લીધુ તેમને થયુ કે વાત સાચી જ છે ગુરુમહારાજ તો ચાકરીના ચાહક છે જે સેવા કરે તે જ વ્હાલા લાગે આપણે થોડા જ સેવા કરીએ છીએ ! પીઠ ને મહાપીઠ આ બન્ને મહામુનિઓ કઈ જેવા તેવા તપસ્વી ન હતા ૧૪-૧૪ લાખ પૂર્વ સુધી જેમણે આકરી તપશ્ચર્યા તપી હતી ૮૪ લાખ વર્ષની સખ્યાને ૮૪ લાખ વડે ગુણતા જે સખ્યા આવે તેને એક પૂર્વ ગણવામા આવે છે, આવા એક બે પૂર્વ નહિ, હજાર લાખ નહિ પણ ૧૪-૧૪ લાખ પૂર્વ સુધી જેમણે ઘોર તપશ્ચર્યાઓ કરી હતી અને તેના પ્રભાવે તેમને અનેક લબ્ધિઓ પ્રગટ થઈ હતી તેમના શરીરના મળ, મૂત્ર, વિષ્ટા આદિ પદાર્થો એક મહાન્ ઔષધરૂપ બનેલ હતા ભલભલા રોગીનો રોગ એ મહાન્ તપસ્વી આત્માનો મેલ શરીરે ચોપડવાથી દૂર થઇ જતો હતો અને કાયા કચન સમી સુદર બની જતી હતી, જેમના થૂકમા અપૂર્વ સિદ્ધિ રહેલી હતી, એમના શરીરે સ્પર્શેલ વાયુ પણ જો રોગી માણસને સ્પર્શી જાય તો તેનો રોગ જડમૂળથી નાશ પામે આવી તો જેમની અદ્ભૂત તપશ્ચર્યા અને લબ્ધિ હતી

૧૪-૧૪ લાખ પૂર્વ સુધી સુદર ચારિત્ર જીવનને આરાધવા છતા આવા ઉત્કટ ત્યાગી-તપસ્વી મુનિઓને પણ એક માત્ર ઈર્ષ્યાના અવગુણે સ્ત્રીના અવતારમા મૂકી દીધા

શ્રી વજ્રનાભ મહારાજ, પીઠ, મહાપીઠ, બાહુ, સુબાહુ અને સુયશ મુનિ, એ છએ ભાગ્યવાન આત્માઓ ત્યાથી

સ્વભાવમાં રમણ કરો જીવનના અલ્પ ગુણની પણ પ્રશંસા કરો અને પ્રમોદભાવનાને હૃદયમાં ખીલવો નિંદા કરો તો પોતાની કરજો આ સંબંધમાં શ્રી ઉપાધ્યાય યશોવિજયજીકૃત અઢાર પાપસ્થાનકની ઈર્ષ્યા–દ્વેષની સજ્ઝાયમાં અસરકારક વિવેચન કરવામાં આવ્યું છે વિશેષ જિજ્ઞાસુએ તે અવશ્ય વાંચવી

પ્રાસંગિક ગીત

જિનશાસનની જય જય બોલ

[ચાલ—અરજ સ્વીકાર, અરજ સ્વીકાર]

જય જય બોલ જય જય બોલ જિનશાસનની જય જય બોલ
જહાન ભરમાં જોડ ન જેની કોઈ ન આવે તોલ ૧
અહિંસા સંયમ તપરૂપ ધર્મ પાળી પામે ભવિ શિવ શર્મ,
ત્રણ લોકમાં આ શાસનના, વાગે જશના ઢોલ ૨
સવિ જીવ કરું હું શાસન રસીયા જગ જયવંતુ જિનશાસન આ
અનુપમ જાસ પ્રભાવ કે જગમાં ભવ જળ તરવા નાવ ૩
ત્રિકાલદર્શી શ્રી જિનરાજે ધર્મ પ્રરૂપ્યો જગહિત કાજે
આ ચોવીશીના ચોવીશમા વીર પ્રભુ ભગવાન ૪
જેની ભાવનો પાઠ શીખાવે, અહિંસાનો સંદેશ સુણાવે ।
સંઘ ચતુર્વિધ ધર્મ ચતુર્વિધ, દાન શિયળ તપ ભાવ ૫
રત્નત્રયીને તત્ત્વની ચર્ચા, ઉમદા તત્ત્વો છે બીજે ક્યાં ?
સર્વ જીવનું રક્ષણ કરવું, ઉરમાં કરૂણા ભાવ ૬
જ્ઞાનીને સુણતાં મુદિત ગુણીજન નિરખી થાવ પ્રમુદિત
વેરઝેરને ભુલી જઈને રાખો સમતા ભાવ ૭
આત્મકમળમાં લબ્ધિ આપે લક્ષ્મણ નીતિ જગમાં વ્યાપે
ભાગ્યવંત ભવિજન શાસન આ, પામી કરે કલ્યાણ ૮

તેને વાત કરવાનુ દીલ થતું નથી, કોઈ વાત કરવા તૈયાર થાય તો તેને વિઘ્ન કે અતરાય રૂપ લાગે છે

એ પોતાની મનોકામના પૂર્ણ કરવા યેનકેન મથે છે, તેમા તેને નિરાશા મળતા તે અકળાય છે, મુઝાય છે અને ગભરાય છે એની નજર સમક્ષ એક નવી સૃષ્ટિ ખડી થાય છે જે વસ્તુ સામે નથી, નજરથી દૂર–સુદૂર છે તે તેના નજર સમક્ષ તરવરે છે અને જે સમુખ છે તેને તે છતી આખે, છતા પ્રકાશે જોઈ શકતો નથી એ જ દુનિયામા એ ઘૂમે છે, ક્યારે ક્યારે એનુ મુખ મ્લાન અને નિસ્તેજ બની જાય છે, ચહેરો ફીક્કો લાગે છે, અને એ ગમગીન બની જાય છે સૂર્યાસ્ત સમયે જે દશા સૂર્યવિકાસી કમળની થાય છે, તે દશાનો એ સાક્ષાત અનુભવ કરે છે, એની બુદ્ધિ બહેર મારી જાય છે, એની અક્કલ કઈ કામ કરતી નથી, અને તેથી તેનુ મુખકમળ કરમાયેલા પુષ્પ જેવુ બેહુદુ લાગે છે જરાક આશાના કિરણો પ્રગટતા તે ડોલી ઉઠે છે, મનમા જ મલકાય છે, અને પાયા વગરના ઘર ચણવા તૈયાર થાય છે

એની માનસિક વૃત્તિઓ કલુષિત બનતા, લીલાછમ હરીયાળા બાગ–બગીચા કે બગવાઓ, મદ મધુર શીતળ પવન, મિષ્ટ ભોજન, મધુર સગીત અને તાજગી આપનાર વિવિધ સાધનો પણ તે અવસરે તેને અરુચિકર લાગે છે, અપ્રિય લાગે છે

જ્ઞાનીઓએ ચિત્તને વાનર જેવુ ચપળ કહ્યુ છે, ખરે-

ખર પવનથી ય તેની ગતિ, તેનો વેગ વધુ છે, એમ્પ્રકમા એ ક્યાંનું ક્યાં દોડી જાય છે, ગતિ ક્યાં છે? એનું પણ એને ભાન રહેતું નથી એ પોતાની ચક્ષ્મિન પીછાનતે નથી

એ આશાના હવાઈ કિલ્લાઓ બાંધી મનમાં જ રાચે-માચે છે, અફસોસ! ચિત્તવૃત્તિઓ માણ ને કટકવા અંગ વિભ્રમ કરી નાખે છે જીવનને અશાન્ત બનાવી દે છે, વાતા વરણને ગમગીન કરી નાખે છે, આનંદ-પ્રમોદના વિરામી સાધનો તેને ઝીમજાના જેવા કડવા ઝેર લાગે છે, આમ છતાંય તેને ક્યાંય શાન્તિ મળતી નથી, માટે જ શ્રી આનંદઘનજી કહે છે કે-

"મનડું કિમહિ ન બાઝે હો કુંથુજિન મનડું કિમહી ન બાઝે"

કોઈ રીતે આ મન કબજામાં આવતું નથી, માળા ફેરવતાં માળાના મણકા ની જેમ મનના મણકા પણ ફરતા જ રહે છે

કારણ એક જ કે અનાદિ કાળ ની આપણું મન વિષય વિલાસના સાધનોમાં ઓતપ્રોત બની ગયું છે, અને એ જાતના જ સંસ્કારો પડયા છે, વાસના અને કુસંસ્કારોના આરમાં ઉપર થરના થર બાઝયા છે, માટે આપણું મન એ તરફ જ દોડયા કરે છે

ઇતિર દર્શનકારોએ પણ એજ વાત ઉપર ભાર મૂકયો છે કે-

मन एव मनुष्याणा कारण बधमोक्षयो

કર્મબવ અને મુક્તિનુ મુખ્ય કારણ મન છે, અધ્યાત્મ તરફ વળેલુ મન એ મોક્ષનુ કારણ છે, જ્યારે ઇંદ્રિયોની વાસના તરફ ઝુકેલુ મન કર્મબધનનુ કારણ છે

તદુલિયો મત્સ્ય એવી હિંસા કરતો નથી, જાડુ બોલતો નથી કે એવા અન્ય પાપો આચરતો નથી, છતાં એ મરીને સાતમી નરક પહોચી જાય છે, કારણ કે એનુ માનસ હિંસાના પાપી વિચારોથી મલીન બનેલુ હોય છે, મોટા મત્સ્યની પાપણમા રહેનાર તદુલ-ચોખાના દાણા જેટલા શરીરના કદનાજા આ તદુલીયો મત્સ્ય જ્યારે મોટા મત્સ્યના મુખમાથી હજારો માછલા એમને એમ નીકળી પડે છે, આમ સરી પડતા મત્સ્યોને નિહાળી આ તદુલીયો મત્સ્ય વિચારે છે ક આને સ્થાને જો હુ હોઉ તો એક પણ માછલાને જવા ન દઉ મતલબ બધાયને યમધામે પહોચાડી દઉ, સૌને સ્વાહા કરી નાખુ મનની માત્ર આ વિચાર ધારાએ એ તદુલીયો મત્સ્ય હિંસા ન કરવા છતા સાતમી નરકે પહોચી જાય છે

પ્રસન્નચદ્ર રાજર્ષિની વાતો તો ખૂબ જાણીતી છે સુમુખ અને દુર્મુખ નામના બે દૂતાના શબ્દો તેમના કાને પડતા ઉત્કટ સાધનામા તન્મય બનેલા એવા પ્રસન્નચદ્ર ઋષિ ક્રોધથી ભભૂકી ઉઠે છે અને મનથી સગ્રામ માડે છે, અને એ સગ્રામમા તો તેમણે મનથી કઈકના પ્રાણ પણ લઈ લીધા આમ આ સગ્રામ ખેલતા શસ્ત્ર-અસ્ત્રો ખૂટી ગયા, છેવટે

સાધુને હણવા માથાનો મુગુટ લેવા તૈયાર થયા, પણ માથુ તો લોચ કરેલું હતું એથી એમને ભાન આવે છે કે-હું કોણ છુ? હું તો સાધુ છુ સાધુ થઈને મે આવો ભયંકર સંગ્રામ ખેલ્યો, ધિક્ ધિક્ તત્ક્ષણ પશ્ચાતાપરૂપ જાગી તેઓ એ પાપનું પ્રક્ષાલન કરે છે મનનો સંગ્રામ ખેલવાથી સાતમી નારકીના દળીયા એમણે એકત્રિત કર્યા હતા પણ સાધુતાનો ખ્યાલ આવતા-નિજનુ ભાન થતા તરત જ તેમનો આત્મા જાગી ઉઠે છે, અને બીજી જ ક્ષણે કર્મોનો ભુક્કો કરી નાખે છે, આધ્યાત્મથી પૂત બની સુંદર ભાવનાથી આત્માને નિર્મળ બનાવે છે અને તેજ ક્ષણે તેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે આકાશમા દેવદુંદુભિ વાગે છે કેવું ગહન આ મન છે! કેવું અજબ પરિવર્તન! ક્ષણમા મન નરકમા ધકેલી મુકે છે અને ક્ષણમા પરમાત્મ દશાએ પહોંચાડી દે છે

માટે જ સહસ્રાવધાની મહાત્મા શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ સ્વરચિત અધ્યાત્મકલ્પદ્રુમ નામના ગ્રન્થમા વર્ણન કરતા જણાવે છે કે-

चित्तबालक ! मा त्यक्षीरजस्रं भावनौषधीः ।
यत्त्वां दुर्ध्यानभूता न छलयन्ति छलान्विषः ॥

હે ચિત્તરૂપ બાળક! હમેશા તુ ભાવનારૂપ ઔષધનુ સેવન કરજે, નહિતર દુર્ધ્યાન રૂપી ભૂતો તને [illegible] છળી જશે

શાસ્ત્રવેત્તાઓએ એ માટે અનિત્યાદિ બાર ભાવનાઓ દર્શાવી છે જે આત્માઓ એ ભાવનાથી પોતાના હૃદયને ભાવિત કરે છે, તેઓ મહાન બની શકે છે, આદર્શ પુરુષ તરીકે પ્રસિદ્ધિ પામે છે અને અ તે પરમાત્મપદને મેળવી લે છે મહાકવિઓ અને અનુભવીઓ કહે છે કે–

"મન સાધ્યુ તેણે સઘળુ સાધ્યુ,
એહ વાત નવિ ખોટી"
"જબ લગ આવે નહી મન ઠામ
તબલગ કષ્ટ ક્રિયા સવિ નિષ્ફળ
જ્યુ ગગને ચિત્રામ જબ લગ૦

માટે મનને વશ કરવાની અત્યત જરૂર છે, મનને વશ કર્યા વગર કરેલી કષ્ટ ક્રિયાઓ, તપ, જપ કે ત્યાગ એ નિષ્ફળ જાય છે ગગનમા ચિત્રામણની જેમ, છાર પર લીંપણની જેમ અને અક વિહૂણા મીડાની જેમ કામ આવતી નથી મનને મારવુ એ કઈ સ્હેલુ નથી, એ કઈ છોકરાની રમત નથી એક કવિ કહે છે કે —

"મના તોચે કિસ વિધ મૈ સમજાવું"

હે મન! તને કઈ રીતે સમજાવુ ? જો તુ અશ્વ હોત તો તારા ઉપર અસવાર થઈ ચાબુક મારી તને સીધુ દોર કરી દઉ અને તુ જો હાથી હોત તો અ કુશ દ્વારા તને વશમા લાવત, પણ હે મન! એ બધાય કરતાં તુ કઈક ઓર છે.

એટલે જ અનુભવીઓનુ એ કથન છે કે–

सुकरं मलधारित्वं सुकरं दुस्तपं तपः ।
सुकरोऽक्षनिरोधश्च दुष्करं चित्तरोधनम् ॥

માણસ મેલો ઘેલો રહી શકે છે, સામાન્ય વસ્તુથી ચલાવી શકે છે, દુષ્કર એવા દુષ્કર મહીના મહીનાના ઉપવાસની ઘોર તપશ્ચર્યા આદરી શકે છે શરીરને સુકી લાકડી જેવુ કરી નાખે છે અને બાહ્ય ઇંદ્રિયો ઉપર પણ વિજય મેળવી શકે છે, પરંતુ મનના ઉપર વિજય મેળવવો એ દુષ્કરાતિ દુષ્કર છે આમ છતાંય અભ્યાસથી શું સાધ્ય નથી! કહ્યુ છે કે–

अभ्यासेन स्थिरं चित्तमभ्यासेनानिलच्युतिः ।
अभ्यासेन परानन्दो ह्यभ्यासेनात्मदर्शनम् ॥

અભ્યાસથી અસ્થિર ચિત્તને પણ વશ કરી શકાય છે, વાયુને કાબૂમા લાવવાનુ કામ ઘણુ કઠીન છે છતા તે પણ અભ્યાસ વડે કાબુમા આવી શકે છે અભ્યાસથી શુ સાધ્ય નથી! અભ્યાસથી જ માણસ નટ જેવા ઉંચા વાંસ ઉપર નિરાધાર નાચી શકે છે, હજારો જનને આશ્ચર્યમા ગરકાવ કરી દે તેવા પ્રયોગો જનાવર જેવા પ્રાણીઓ અભ્યાસથી જ કરી શકે છે એટલે અભ્યાસથી ચિત્ત પણ વશ કરી શકાય છે, મહાયોગીઓ પણ અભ્યાસથી જ આગળ વધ્યા છે, માટે જ તત્ત્વદૃષ્ટિઓએ ગાયુ છે કે–

सर्वेषां नु पदार्थानामभ्यासः कारणं परम् ॥

મનને મારવા માટે મહાજ્ઞાનીઓએ વિવિધ ઉપાયો

દર્શાવ્યા છે તેઓનુ એ કથન છે કે મનને તમે નવરૂ ન રાખો, કઈ ને કઈ ક્રિયામા તેને તત્પર રાખો, નહિતર "નવરો બેઠો નખોદ વાળે" એવી સ્થિતિ થશે મનને વશ કરવા માટે અશુભ ક્રિયામા અને અધ્યવસાયમા જે ચિત્ત ચકચૂર બન્યુ છે, તેને તમે શુભ ક્રિયા અને શુભ અધ્યવસાયમા જોડી દો આમ થવાથી ધીરે ધીરે એ ચપળ અને ચંચળ ચિત્ત વશમા આવશે મહાપુરષોએ તે માટે ખાસ આઠ સાધનો જણાવ્યા છે તે આ રહ્યા–વૈરાગ્ય, સત્સંગ, સ્વાધ્યાય, ભક્તિ, વિનય, તપ, જપ, અને ધ્યાન આ આઠ સાધનો એક મહાન ઔષધ સમા છે

મનને મારવા માટે પ્રથમ વૈરાગ્ય ભાવની જરૂર છે કારણ આપણુ ચિત્ત મલીન થઈ ગયુ છે જ્યારે પરભાવ ઉપર વિરાગ દશા આવશે ત્યારે પરરમણતા ટળશે અને આત્મા સ્વમા રમણ કરશે અને સ્વમા રમણતા જો થઈ જાય તો પરમાત્મદશા કઈ દૂર નથી આ ભાવ પ્રાપ્ત કરવા માટે બીજા સાધન તરીકે સત્સંગની જરૂરીયાત જાણવી કારણ કે "સંગ એવો રંગ અને સોબત તેવી અસર" એટલે ભોગીઓના સહવાસથી આત્મા ભોગ તરફ ઢળે છે અને યોગીઓના સહવાસથી આત્મા યોગ તરફ વળે છે માટે સત્સંગની કઈ ઓછી જરૂર નથી

કારણ કે આત્મા નિમિત્તવાસી છે, જેવા જેવા નિમિત્તોમા તે આવે છે તેવો તે બની જાય છે માટે ઉચા બનવા માટે ઉચા આદર્શોની અને સત્સંગની પણ તેટલી જ જરૂર છે

જેમ ધ્યાનરૂપ અગ્નિથી કર્મરૂપ કાષ્ઠોને બળતા વાર લાગતી નથી

જેણે મનને મારવુ છે, ચિત્તને વશ કરવુ છે, તેણે ઉપર કહ્યા મુજબ આઠ સાધનો અપનાવવા પડશે, જેથી અનાદિકાલથી મલીન બનેલુ મન પણ જરૂર વશમા આવી જશે અને જ્યા મન સાધ્યુ ત્યા સઘળુ સિદ્ધ થઈ જશે એટલે આત્માને પરમાત્મા બનતા વાર લાગશે નહિ માટે મહાપુરૂષોએ કથન કરેલા સિદ્ધાંતોને સમજી, હૃદયમા ઉતારી, જીવનમા વણી લઈ, મનને મારી અને ચંચળ ચિત્તને વશ કરી પરમાત્મપદને પામવા પ્રયત્ન કરવો એજ સુજ્ઞજનોનુ પ્રથમ અને પરમ કર્તવ્ય છે

૮ [illegible]

શાસ્ત્રકારો ધ્યાન કરવા માટે ખાસ સમય બતાવે છે તે સમયે ધ્યાન કરવાથી ચિત્ત સ્થિર થાય છે ઉલ્લાસમા વૃદ્ધિ થાય છે અને આત્મા તન્મય બને છે

સવારે સૂર્યોદય પહેલા ૨૪ મિનિટ અને સૂર્યોદય પછી ૨૪ મિનિટ એમ ૪૮ મિનિટનો સમય

બપોરે બરાબર મધ્યાહ્ન સમયના ૨૪ મિનિટ અને પછી ૨૪ મિનિટ એમ ૪૮ મિનિટનો સમય

સાંજે સૂર્યાસ્ત પહેલાના ૨૪ મિનિટ અને સૂર્યાસ્ત પછી ૨૪ મિનિટ એમ ૪૮ મિનિટ

આ પ્રમાણે ત્રણ કાળ ધ્યાન કરવુ જોઈએ પૂર્વ તથા ઉત્તર દિશા સન્મુખ બેસી કોઈ ન દેખે તેવી રીતે પદ્માસન યા સુખાસને બેસીને નવકારની એક માળા ગણી સ્થિર થઈ બેસીને પછી ઉપકરણો શુધ્ધ ભૂમિ શાંત સ્થળ [illegible] વાતાવરણ અને મનની આકુળ વ્યાકુળતા રહિત ધ્યાન કરવાથી પાપ કર્મોની નિર્જરા થાય છે દિવસ મંગળમય નીવડે છે જીવન પાવન બને છે અને અંતે આત્મા અજરામર પદને પામે છે

સચાલક છુ અમુક સભાનો હુ પ્રેસીડેન્ટ છુ અમુક સ્થળે મારા પ્રમુખપદે મોટી સભા યોજાઈ હતી, અમુક સ્થળે મને અભિનદન પત્ર અપાયુ હતું વિવિધ સ્થળે મારા સત્કાર સમારભો યોજાયા છે અખબારોના પાને કેટલીક વખત મોટા હેડીંગે મારુ નામ ઝળકે છે વખતોવખત મારી છબી છાપામા છપાય છે બધીય વાતમા આ બદો પાવરધો છે ભલ-ભલા માણસો મને સલામ ભરે છે મને જોતાં જ નમી પડે છે હુ પ્લેટફોર્મ પર જ્યારે બોલવા ઊભો થાઉ છુ કે તાલીઓના ગડગડાટ થાય છે કેટલીય વાર હારતોરાના ઢગ થાય છે કેટલીક મુલાકાતો મારે રદ કરવી પડે છે મને એક મિનિટનીય ફુરસદ નથી જ્યા જઉ ત્યા મારી બોલબાલા છે હવે તમે મને ઓળખી શક્યા હશો! હુ કોણ? Who am I? તને ખબર છે?

અરે ભલા માણસ તુ વળી કોણ! તુ 'કઈ વાડીનો મૂળો' ઘડીના છઠ્ઠા ભાગમા તારૂ અભિમાન ગળી જશે, અને સાડા હાથની કાયા માટીમા મળી જશે રાજા રાવણનુ અભિમાન ગળી ગયુ તો તુ વળી કયો માધાતા છે તે વળી આટ-આટલા અભિમાનના ગુબ્બે ફુલી ફુલી નાહકનો ભાન ભૂલી અનુપી માનવજીવનની સાર્થક કરવાની તકને શા માટે ભૂલી જાય છે જરા ચેત! જરા સમજ!

હે મહાનુભાવ ! જરા વિચાર કર ! જે રૂપ પાછળ તુ ગાડો ઘેલો બન્યો છે અને એમા મુગ્ધ અને મશગુલ બની તુ તારુ સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર થાય છે પણ એ રૂપની પાછળ તો જરા જો આ કાયા એ તો મળમૂત્ર અને વિષ્ટાદિ સાત ધાતુથી ભરેલી કોથળી છે જેમ કોઈ માણસ આપણને એક સુદર અને મોહામણી કોથળી અર્પણ કરવા તૈયાર થાય, ભલે પછી તે મખમલની મુલાયમ અને મોહક કોથળી હોય, ચારે બાજુ કસબનુ કામ કર્યું હોય, વચ્ચે હીરા મોતી અને માણેક જડેલા હોય, સ્પર્શમા ખૂબ કોમળ, દેખાવમા અત્યત આકર્ષક આનદદાયક અને મનોમુગ્ધકર હોય, ચક્ષુ અને હસ્તને ગમે તેવી મનોરમ મનમોહક હોય પણ તને ખબર પડે કે એ કોથળી તો વિષ્ટાથી ભરેલી છે, તો તુ એનો સ્પર્શ કરે ખરો ? તરત જ જવાબ નકારમા મળશે, પણ ઓ ભોળા માનવી તુ જરા વિચાર કર કે—જે રૂપમા તે મુગ્ધ બન્યો છે, તે કાયા ગમે તેટલી ખૂબસુરત હોય, ભલે રૂપમા રૂપાળી હોય, ગમે તેટલી સુદર અને મોહક હોય પણ ઉપરથી મોહામણી લાગે તેથી કઈ રાજી થવાનુ નથી કારણ કે આ ઉપરથી રૂપાળી દેખાતી કાયાની અદર મળ, મૂત્ર, વિષ્ટા, પરુ, લોહી, ચરબી, હાડ, ચામ અને માસ વગેરે સાત ધાતુ ઓથી ભરેલા છે દુર્ગંધથી ભરેલી આ કાયા પાછળ તુ શાને ગાડો ઘેલો બને છે એક મહર્ષિ આ કાયા ને ગદકીના ગાડવા તરીકે ઓળખાવે છે, સાચે જ આ કાયા ગદકીના ગાડવા રૂપ છે, અને આ રૂપના મોહમા તુ તારા ચારિત્રને નષ્ટ ભ્રષ્ટ કરી નાખે છે, તારા મહામૂલા શિયળનો તુ ભગ કરે છે જીવનને એમા ચાહોમ કરી ધૂળધાણી કરી નાખવા

અને પરિણામે તુ ખદાયી છે, એમા સુખ છે, એમા આનદ છે એ તારી માન્યતા ભૂલ ભરેલી અને ભ્રામક છે, માટે હે ચેતન ! મ્હારા આત્માને રૂપમા આસક્ત બની અપવિત્ર ન બનાવ, તારી કાયાને તુ મલીન ન બનાવ, તારા વિચારોને તુ મલીન ન બનાવ ત્રણ ખડનો માલીક રાજા રાવણ પણ રૂપમા મુગ્ધ બનતા પોતાનુ સર્વસ્વ ખોઈ બેસે છે અને દુર્ગતિનો મહેમાન બને છે વાસ્તવમા હે ચેતન ! તુ તારા રૂપને નિહાળ, તારા સ્વરૂપને પીછાણ આ બાહ્યરૂપમા તું મસ્ત ન બન, નહિતર તારી અવદશા થશે

હે ચેતન ! મીઠા, મધુરા, મોહક અને કર્ણપ્રિય શબ્દો શ્રવણ કરતા તુ ઊચો નીચો થઈ જાય છે, એ મોહક શબ્દો કાને અથડાતા કાન ઊચા કરીને એનો આસ્વાદ લેવા તુ તલપાપડ બની જાય છે, પણ તને ખબર નથી કે આ કર્ણ પ્રિય મધુર શબ્દોની પાછળ ઘેલા હરણીયા મૃત્યુના મુખમા ધકેલાયા, વાસળીના મૃદુ-મજુલ, મધુર સ્વરોમા મુગ્ધ બનતા કયારનાય બિચારા કાળ શિકારીના પજામા ફસાઈ ગયા, મોરલીના નાદે વિષધરની શી દશા થઈ ? આ છે મધુર મોહક સ્વરનો કરુણ અજામ !

ચેતન ! જરા આખ ઉઘાડીને જો તો ખરો તુ પણ આવા મીઠા, મધુર, મૃદુ-કોમળ અને મદસ્વરોમા ન ફસાતો નહિતર તારી પણ આજ દશા થશે ગીતો અને નટીઓના ગીતો તને ગમે છે, રેડિનાના ગાના તને ગમે છે પણ એ ગીત ગાનના તાનમા ભાન ભૂલી જઈશ તો તારી શી દશા થશે ?

જીભના સ્વાદમા તરેહ તરેહની વાનીઓ આરોગી ઊચો નીચો થાય છે અહાહા ! કેવી મજા આવે છે કેવો

કેવો સ્વાદ આવે છે, શું ટેસ્ટ, શું સ્વાદ, ખરેખર બનાવનાર ખૂબ ચતુર છે, ભોજન કરતા કરતા હા–હા–હી–હી કરે છે શતમુખે તેની પ્રશંસા કરે છે કેમ દોસ્ત ! આવી મજા, આવો ટેસ્ટ, આવો સ્વાદ કદી જ આવ્યો નથી પણ એ રસના લોલુપી માનવને ખબર નથી કે આ સ્વાદ ક્યાં સુધી ચાર આગળની જીભ ઉપર રહે ત્યા સુધી, માટે જ એક અનુભવીએ ગાયુ છે

ખાટા મીઠા ચરપરા ચાર અંગુલક બીચ
સત કહે સુણ સજ્જની, માવે કીચમા કીચ

1 ગમે તેવુ સ્વાદિષ્ટ ભોજન હશે ! ગમે તેવી વિવિધ વાનગીઓ હશે ! ભલેને તીખ તમતમા, મીઠા મધુર અને ખાટા મીઠા પદાર્થો હશે પણ એનો સ્વાદ ક્યા સુધી, ચાર આગળની જીભ ઉપર રહે ત્યા સુધી, એક ક્ષણ પછી તો જેમ કીચડમા કીચડ મળી જાય તેમ પેટમા ભળી જાય છે વિષ્ટારૂપ બની જાય છે દુર્ગંધમય બની જાય છે એના માટે માણસ અભક્ષ્યનુ ભક્ષણ કરવા તૈયાર થાય, માસ મદિરા સુધી પહોચી જાય છે ઇડાનો રસ એને મીઠો લાગે છે અને એ રસનાના પ્રભાવે ઇડામા રહ્યા ... એવી ધૃષ્ટતા કરવા તૈયાર થાય છે પણ એ ... , એ માફક રસવતી અને સ્નિગ્ધ ભોજન ... જશે તેનાથી તારા હાથ ખરડાશે– ... શુદ્ધ કરવા પડશે, જીવના પાપે, ... કરે છે રાતના બાર વાગે પણ ... હજારો સૂક્ષ્મ જીવોની હિંસા ... એને

કે ઘૃણા થતી નથી, પણ એ ભાન ભૂલેલા માનવને કયા ખબર છે કે રાત્રિ ભોજન કરવાથી કેટકેટલા સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે પછી બુદ્ધિ બગડે, માટે જ 'આહાર તેવો ઓડકાર' એ ઉક્તિ પ્રસિદ્ધ છે

સર્ચ લાઈટના પ્રકાશમા પણ ન જોઈ શકાય તેવા ગણુનાતીત સૂક્ષ્મ-ગરીબ જીવો બિચારા સ્વાહા થઈ જાય છે જરાક જીભના સ્વાદની ખાતર, સહેજ તૃપ્તિના ખાતર, સ્વલ્પ, આનંદના માટે કેટકેટલા જીવના નિર્દોષ જીવના-સંહાર તારા હાથે થાય છે

જે કાયા એક દિવસ રાખનો ઢગલો થવાની છે, માટીમા મળી જવાની છે, જે કાયાની કોટડીને અહી જ મૂકીને રવાના થવાનુ છે, જે ભાડાની કોટડી કરતાય ભૂડી છે તેના માટે અભક્ષ્ય ભક્ષણ, અભક્ષ્ય પીણા, તુ પ્યારથી આરોગે છે

ઓ મહાનુભાવ! જરા સમજ આ કાયા એટલે જીવતી ગટર છે, એના માટે તું આંખ મીંચીને પાપ કરવા તૈયાર થાય છે પાપ કરતા પાછુ વાળીને જોતો નથી સ્વાદમા લોલુપી બની જ્ઞાની ભગવંતોની તારા સુખે તુ ઠેકડી ઉડાડવા તૈયાર થાય છે કયા દેખાય છે આ બટાટામા જીવ, ઉલટુ વીટામીન છે, કેવી શક્તિ આપે છે એમ કહી તું ચીકણા પાપકર્મો ઉપાર્જન કરે છે માટે હે મહાનુભાવ! તારી વાસના પર વિજય મેળવ, તારી ઇન્દ્રિયો પર કાબૂ રાખ બેભાન ન બન નહિંતર તારે જ એ પાપના પરિણામે કટુ ફળો ભોગવવા પડશે

૪૫

માધુકરી

[૧]

તામિલનાડ પ્રદેશમા જ્યારે અમે ગુરુદેવની સાથે વિચરતા હતા ત્યારનો આ એક પ્રસગ છે મોટા ભાગે અમારો મુકામ સ્કુલ, કોલેજ યા બગલામા થતો હતો સેકડો માઈલમા ભાગ્યે જ જૈનો જોવા મળતા હતા, અમે એક હાઈસ્કુલમા ઉતર્યા હતા સ્કુલનો સમય થતા હજારો વિદ્યાર્થીઓ અને શિક્ષકો અત્યત આતુરતાથી આશ્ચર્યવદને સાધુમડળીને નિરખવા લાગ્યા શિક્ષકોએ વિદ્યાર્થીઓને બોધ આપવા વિનતિ કરી, એ વિનતિને માન આપી પૂ૦ ગુરુદેવે સાજે પ્રવચન આપ્યુ, પ્રવચનની શરૂઆતમાં જ સ્કુલના હેડમાસ્તરે પોતાના વક્તવ્યમા જણાવ્યુ કે–આજે આપણા માટે એક અપૂર્વ અવસર અને સુવર્ણ દિવસ છે કે આવા પવિત્ર સતોના દર્શન અને તેમની વાણી શ્રવણ કરવાનો સુયોગ સાપડયો આજ સુધી તો તામિલ સાહિ-

ત્યદ્વારા–ત્રિપુરલ આદિ અન્યોદ્વારા પૂર્વ મહર્ષિઓ અને જૈન શ્રમણોના ત્યાગ–તપની વાત અમારા જાણવામાં આવી હતી પણ એ ભૂમિકાળની વાત છે એમ અમે માનતા હતા પણ આજે નજરોનજર આવા ત્યાગી પવિત્ર જૈન શ્રમણોના ત્યાગના દર્શન કરી અને એમની તેજસ્વિતા નિહાળી આપણુ હૈયુ સહસા એમના ચરણોમા ઢળી પડે છે હુ એઓશ્રીનો ખૂબ ખૂબ આભાર માનુ છુ ત્યાર બાદ આ પ્રસગની સ્મૃતિ તાજી રહે તે માટે તેમણે સમૂહ તસ્વીરો લીધી હતી આ હાઇસ્કુલમા ચોમેરથી ૨૫ ગામના બાળકો ભણવા માટે આવતા હતા એ બધાને તામિલ ભાષામા તાજેતરમા જ પ્રગટ થયેલ જૈન ધર્મ–આર્હત ધર્મ પ્રકાશ નામની પુસ્તિકા વિતરણ કરવામા આવી હતી સૌ નત મસ્તકે બહુમાનપૂર્વક તેનો સ્વીકાર કરતા હતા

આ રીતે સર્વત્ર ગુરુદેવ દ્વારા ધર્મનો ઉત્તમ પ્રચાર કરવામાં આવતો હતો અને સૌના ઉપર અનોખો પ્રભાવ પડતો હતો આજે પણ જૈન શ્રમણો કેવો ભવ્ય ઉપકાર કરી રહ્યા છે ! કેવી ઉચી આપણી શ્રમણ સસ્થા છે !

[૨]

જ્યારે અમે આરકાટથી મદ્રાસ તરફ વિહાર કરતા હતા ત્યારે એક નાનકડા ગામમાં ધર્મશાળામા અમારો પડાવ હતો આરકાટના અનેક ભાવિકો અમારી સાથે આવ્યા હતા અમારા મુકામથી થોડેક દૂર એક વૃક્ષ હતુ તેના

ઉપર મધપૂડો હતો એ મધપૂડા ઉપર છોકરાઓ ટોળે વળી પથરો ફેંકતા હતા શ્રાવકો દ્વારા અમે તેમને ના પાડી, આમ ન કરો તમારી રમતથી બિચારી મધમાખીઓના જીવ જાય છે શ્રાવકોએ વારવા—સમજાવવા છતા છોકરાઓએ એ ન માન્યુ અને પથરો ફેંકવાનુ કામ ચાલુ રાખ્યુ બસ થોડી જ વારમા એક ચમત્કારિક બનાવ બન્યો અને તે એ કે—એ છોકરાઓના ઘર—ઝૂંપડા સામે જ હતા એમને એકદમ આગ લાગી વળી અને જોતજોતામા તો એ બધા ઝૂંપડાં બળીને ભસ્મ થઈ ગયા બધા લોકો કરુણ વિલાપ કરવા લાગ્યા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા કે—જે આપણાથી જોયુ ન જાય, ભલભલાના હૃદયને કંપાવી મૂકે તેવુ આ કરુણ દૃશ્ય હતુ

અમને થયુ કે જુઓ અહિંસાનુ અને પાપનુ ફળ આ જન્મમા કેવુ તરત જ મળે છે

અમે સાથે આવેલા શ્રાવકોને જણાવ્યુ કે—આ એમને મદદ કરો તરત જ શ્રાવકોએ સારી એવી ટીપ કરી અને એમના કકળતા હૈયાને શાંતિ આપી અને આપ્યુ જૈનોની ઉદારતા અને એમના કરુણાભાવનાના ખૂબ ખૂબ ગુણગાન થવા લાગ્યા

[૨]

તામિલનાડનો જ એક પ્રદેશ છે ગામ તૂટી—ફૂટી ધૂળથી ભરેલી સડક પર એક દિવસ અમે ઉતર્યા હતા થોડીક જ દૂર એક

લઈ અમારી સામે જ રહેલા એક તળાવમા શિકાર કરવા આવ્યો અમારાથી આવુ દશ્ય કેમ જોયુ જાય ગુરુદેવે એક સાધુને મોકલી તેને બોલાવ્યો અને ઉપદેશ આપ્યો કે–ભલા માણસ આમ બીજાના પ્રાણ લેવાથી આત્માને કેવા અને કેટલા દુ ખો સહન કરવા પડશે એનો ખ્યાલ છે? કઈ પરલોકનો ભય છે કે નહી? ત્યારે તેણે જવાબ વાળ્યો કે મહારાજ! શુ કરૂ? પેટ પુરતુ અનાજ મળતુ નથી એટલે મારે ન છૂટકે આ ધધો કરવો પડે છે સઘેના શ્રાવકભાઈએ તેને મદદ કરી અને હમેશ માટે તેણે શિકારનો ત્યાગ કર્યો

[૪]

એક માસ પહેલાની જ આ વાત છે પૂ૦ ગુરુદેવની તબીયત જરા બરાબર ન હતી, એક ડોકટર તબીયત જોવા માટે આવ્યો ડોકટરે ગુરુદેવને કહ્યુ મહારાજશ્રી! થોડા દિવસ પહેલા જ મને મળવા એક અમેરિકન આવ્યો હતો એને અહીનુ દશ્ય જોઈ ઘણો જ અચભો થયો, તેને થયુ કે અમારી પાસે પૈસા છે છતા શાતિ નથી વારવાર મોટરો બદલીએ છીએ અને રહેવાના ઘરમાંય તૃપ્તિ નહિ વારવાર મકાનો બદલીએ છીએ. સુખ અને શાતિને માટે વલખા મારીએ છીએ પણ કેમેય સતોષ નથી ઘડીમા આ જોઈએ અને ઘડીમા તે જોઇએ તે મળતા પાછી થોડા દિવસ પછી તેના પર નફરત આવી અમારી સ્થિતિ છે જ્યારે મને અહી તો એથી ઉલટુ

જોવામા આવે છે એક જૂથના અને [illegible]
માનવી પણ કેવી ઘેરી મસ્ત નિદ્રાનો [illegible]
આ વાત સાંભળી ગુરુદેવે કહ્યુ ત્યા સમૃદ્ધિ છે, [illegible]
અનેક સાધનો છે પણ આધ્યાત્મિકતા નથી, [illegible]
આત્મજ્ઞાન વગર સુખ અને શાંતિ ક્યાંથી મળે? [illegible]
મહંતો અને મહાન પુરુષોએ દાખી-[illegible]
હૃદયમા સુસંસ્કારો ભરેલા છે કે, [illegible]
પ્રચાર વધવા છતા હજી કઈક શાંતિ [illegible]
થાય છે એ પ્રતાપ આપણી આર્યસંસ્કૃતિ [illegible]



४८

વિશ્વોદ્ધારક
શ્રમણ ભગવાન મહાવીર સ્વામી

અહિંસાના અવતારસમા શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના નામથી કોણ અજાણ્યુ છે? આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે આ મહાન વિભૂતિનો જન્મ આ ભારતવર્ષના ક્ષત્રિય કુડ ગ્રામ નગરમા ક્ષત્રિયકુળમા શ્રી સિદ્ધાર્થ મહારાજાને ત્યા રાણી ત્રિશલાદેવીની કુક્ષિથી ચૈત્ર શુકલ ત્રયોદશીના મ ગળ દિવસે બરાબર મધ્ય-રાત્રિએ થયો હતો આ પુણ્ય પુરુષનો જન્મ થતા ત્રણે લોકમાં અજવાળા અજવાળા પથરાયા હતા વિશ્વના સકલ જીવોએ આનદનો અનેરો આસ્વાદ અનુભવ્યો હતો સાતગ્રહો ઉચ્ચ સ્થાનમા હતા ધરતી પણ આનદથી શ્વાસ લેવા મ ડી પડી હતી, દિવ્ય દેવદુદુભિના નાદથી ગગન ગુજી ઉઠયુ હતુ સર્વત્ર-ગ્રામ નગર-પુર અને જનપદ વાસીઓ આનદ કલ્લોલ કરતા હતા પક્ષીઓ કિલકિલાટ કરી રહ્યા હતા અરે મહાદુખી નારક જીવો પણ તે ક્ષણે આનદ અનુભવી

વિહાર આ બધુ ય જેમનુ અસાધારણ હોય છે આચાર-વિચાર અને ઉચ્ચાર ઉચ્ચ કોટિના હોય છે જગતમા તેઓ અજોડ, અનુપમ અને અસાધારણ વ્યક્તિત્વ ધરાવનારા મહાપુરુષ હોય છે

શ્રી વર્ધમાનકુમારે આમલકી ક્રીડામા બાળ વયે અબાળ પરાક્રમ દાખવ્યુ હતુ ત્યારથી દેવોએ તેમને વીર તરીકે સ બોધ્યા માતાપિતાએ મોહવશ વર્ધમાનકુમારને ભણાવવા માટે આઠ બરથી પાઠશાળામા મોકલ્યા પણ ઇદ્રમહારાજાએ પ ડિતજીના મનની શકાઓ વિષે પ્રશ્ન પૂછતા શ્રી વર્ધમાનકુમારે તેના તડાતડ જવાબો આપ્યા, આ ઉત્તરો સાભળી પ ડિતજી તો આભા જ બની ગયા પ ડિતજીને થયુ કે મારે જ એમની પાસે ભણવુ પડશે સૌ પ્રજાજનો શ્રી વર્ધમાનકુમારની ગ ભીરતાના દર્શન કરી આશ્ચર્યમુગ્ધ બની ગયા

શિશુ અવસ્થા વટાવી યૌવનમા પગલા પાડતા જ તેઓ વૈરાગી બને છે ત્રીસ વર્ષની વયે તેઓ અનેરા રાજ વૈભવને, સમગ્ર સુખ સાહ્યબીને અને ભોગવિલાસની વિપુલ સામગ્રીને ત્યજી સ સારનો ત્યાગ કરી સ ન્યસ્ત અવસ્થા ધારણ કરે છે યાને સ યમના પુનિત પથે પ્રયાણ કરે છે જે સમયે જગત ભોગ-સુખ માટે વલખા મારી રહ્યુ હોય, એને માટે તલસી રહ્યુ હોય, અરે ! લક્ષ્મી અને લલના માટે, સત્તા અને સુદરી માટે માણસો ગાડાતૂર બની જાય છે, ફાફા મારે છે, દિનરાત તે માટે જ પ્રયત્નશીલ

રહે છે, ક્યારે મળે એની જ તમન્નામા મશગુલ રહે છે, ત્યારે ભગવાન મહાવીર ઋદ્ધિ સિદ્ધિને, વૈભવ વિલાસને, સ્વજનોને અને ભોગોપભોગના વિપુલ સાધનોને એક તણખલા તુલ્ય સમજી તિલાંજલી આપવા તૈયાર થાય છે ત્યા જ એમના સત્ય ત્યાગના દર્શન થાય છે જગત જેને માટે ગાડુઘેલુ અને એ બધુ ય એમની પાસે હતુ, વિપુલ ભોગ સામગ્રી હતી કશીય કમીના ન હોતી આમ છતાય સર્વસ્વનો ત્યાગ કરી દીક્ષા અગીકાર કરી જગતને એમણે એ બતાવી આપ્યુ કે સુખ ભોગમા નથી પણ ત્યાગમા છે સુખ વાસનામા નથી પણ વાસનાના વિજયમા છે સુખ તૃષ્ણામા નથી પણ સતોષમા છે સુખ બહાર નથી પણ આત્મામાં જ છે ઇન્દ્રિય જન્ય આ બધા વિષય સુખો એ તો ઝાઝવાના નીર જેવા છે સત્તા અને સપત્તિ વીજળીના ચમકારા સમી ક્ષણિક છે, અનિત્ય છે આ યૌવન પવનના જેવુ ચચળ છે અને આ બધી માયાબી ક્ષણવિનશ્વર છે જ્યારે આત્મા અમર છે, અવિનાશી છે અને અખડ છે પરતુ કર્મ વશાત્ અજ્ઞાનતાથી એ પોતાના અમરત્વને ભૂલી વિષયોમા ખુચી ચોરાશી લક્ષ યોનિમા પરિભ્રમણ કરે છે અને આ માનવ જીવનની અમુલી તક ગુમાવી દે છે નશ્વર અને ક્ષણિક સુખોની પાછળ ગાડા ઘેલાં બની પોતાનુ ભાન ભૂલી મહામૂલા આ માનવ જીવનને વેડફી નાખવુ એ નરી મૂર્ખતા છે ઘોર અજ્ઞાનતા છે અને રત્નોની ખાણમા આવ્યા પછી કાકરા ભરવા જેવુ અને સોનાની થાળીમાં ધૂળ ભરવા બરાબર છે

ઘોર તપશ્ચર્યા

દીક્ષા અંગીકાર કર્યા પછી ભગવાન મહાવીર ભયાનક જંગલોમાં ઘૂમે છે. એકલા હાથે સામી છાતીએ કર્મોની સામે ઝઝૂમે છે. સાડાબાર વર્ષ સુધી ઘોર તપશ્ચર્યા આદરે છે. છ છ મહિનાના, પાંચ પાંચ મહિનાના, ચાર ચાર મહિનાના, ત્રણ ત્રણ, બબ્બે અને મહિનાના મહિના ઉપવાસ કરે છે. તે પણ નકોરડા. એટલે તે દિવસોમાં અન્ય ઋષિ મુનિઓની જેમ દૂધ–ફળ–ફળરસ આદિ કંઈ વાપરતા નથી. આ દિવસોમાં ઉષ્ણ જળનો પણ ઉપયોગ કર્યો નથી. સાડાબાર વરસના સાધના કાળ દરમ્યાન આવી ઉત્કટ તપશ્ચર્યા કરવા તેમણે ફક્ત ૩૪૯ દિવસ પારણા કર્યા છે. યાને ૩૪૯ દિવસ જ ભોજન લીધું છે. તે પણ એક ટંક અને તે પણ દિવસે અને તે પણ માધુકરી વૃત્તિથી અને તે પણ લુખુ સુકું, કેવી એમની ઘોર અને ઉત્કટ તપશ્ચર્યા, સાંભળતા પણ રોમાંચ ખડા થઈ જાય તેવી અદ્‌ભૂત અને ઉગ્ર એમની તપશ્ચર્યા હતી. સાડાબાર વર્ષના સાધના કાળમાં કોઈ દિવસ તેઓ બેઠા નથી, પગ લાંબા કર્યા નથી, ઓઠીંગણ દઈને ઉભા નથી, અરે કોઈ દિવસ તેઓ સૂતા નથી. કોઈ દિવસ તેમણે ઉંઘ લીધી નથી, પલાઠી વાળીને પણ બેસવાનું કામ નહિ. કયારેક ગોદોહિકાસન, વીરાસન, ભદ્રાસન વગેરે આસનોએ સ્થિત થતા હતા. સાધકને આળસ કે પ્રમાદ શાનો! મોટા ભાગે ઉભા ઉભા જ મૌનમાં અને ધ્યાનમાં પોતાનો સમગ્ર કાળ વ્યતીત કરતા હતા.

એક જ રાત્રિમાં શૂલપાણિ યક્ષે કરેલા ઉપસર્ગોના ભયંકર વેદના થવાથી કુદરતી રીતે શરીરના સ્વભાવથી

છે અપકાર ઉપર ઉપકાર કરવો એ અતીવ કઠીન કાર્ય છે પ્રભુની કેવી અનુપમ કરુણા, કેવો સુદર દયાભાવ અને કેવો ગજબ સમતા ભાવ ! આ પ્રમાણે ભગવાન રાગદ્વેષાદિ અતરગ શત્રુઓ ઉપર વિજય મેળવે છે રૂપે રૂપાળી અપ્સરાઓ નૃત્યગાન કરતી ભોગવિલાસની પ્રાર્થના કરે છે વિવિધ વિભ્રમ–વિલાસ–કામ–ક્રીડા અને હાવભાવ આદિ ચેષ્ટા કરે છે છતાય લેશ પણ એમના ઉપર રાગ થતો નથી કોઈ તેમને ઉપદ્રવ કે ઉપસર્ગ કરે તેના પર જરાય રોષ કે દ્વેષ દાખવતા નથી, કોઈ સ્તુતિ, પૂજા કે ગુણગાન કરે તોય તેના પર રાગ કરતા નથી કોઈ સુથારની વાંસીવડે એમના શરીરના કકડે કકડા કરી નાખવા તૈયાર થાય તોય તેના ઉપર લેશ પણ દ્વેષ કરતા નથી મતલબ શત્રુ મિત્ર ઉપર કચન લોષ્ઠ ઉપર મણિમુક્તાફળ અને ઉપલ ઉપર સર્વત્ર સમભાવ દાખવે છે આ રીતે સાડાબાર વર્ષો સુધી પરીષહો અને ઉપસર્ગોને સમતાપૂર્વક સહન કરીને તેઓ આવી ઉગ્ર સાધના વડે પરમાત્મદશાને પામે છે કેવળજ્ઞાન અને કેવળદર્શનને વરે છે યાને પ્રભુ સર્વજ્ઞ, સર્વદર્શી અને સર્વ શક્તિમાન બને છે તાત્પર્ય કે તેઓ દેહધારી પરમાત્મા બને છે

પ્રભુ મહાવીરદેવે આત્મકલ્યાણ માટે કેવો અનુપમ પુરૂષાર્થ ખેડયો હતો કર્મ શત્રુઓની સાથે અવિરત તેઓ ઝઝુમ્યા હતા એક ક્ષણ પણ જપીને બેઠા નથી જેને ... માની જ્યોતિ ઝગઝગાવવી હોય તેને બેસી રહેવાનુ ન

નાખશે જેથી આપણે હમેશ માટે આધિવ્યાધિ અને ઉપાધિથી મુક્ત થઈ શાશ્વત સુખના ભોક્તા બનીશુ અનતના ધામે અનત આનદ સાગરમા ઝૂલીશુ

પ્રભુ મહાવીરનો ઉપદેશ

સર્વજ્ઞ-સર્વદર્શી અને સર્વ શક્તિમાન એ પરમાત્માએ જગતને દિવ્ય સદેશો પાઠવ્યો હતો કે, 'હે ભવ્યો ! ભૂલા કા ભમો છો, ચકરાવે કા ચઢો છો આ જગતમા કોઈ કોઈનુ નથી સૌ સ્વાર્થના સગા છે કોઈ આપણો દુશ્મન નથી કોઈ આપણો વૈરી નથી ખરા દુશ્મનો અને વૈરી તો કર્મો છે માટે સૌ સાથે મૈત્રી ભાવ રાખો આત્મામા અનત જ્ઞાન, અનત દર્શન, અનત સુખ અને અનત વીર્યનો ખજાનો ભર્યો છે આત્માની આઠ કર્મોના આવરણો આવેલા છે તેના લીધે એ બધી શક્તિઓ, એ બધુ જ્ઞાન આપણુ ઢકાઈ ગયુ છે, આવરાઈ ગયુ છે જેમ સૂર્યનો પ્રકાશ આડા કાળા વાદળા આવી જતા અવરાઈ જાય છે પણ જ્યારે જોરદાર પવન ફુકાય છે ત્યારે એ વાદળા વેરવિખેર થઈ જાય છે, અને સૂર્યનો પ્રકાશ ચોમેર પથરાય છે તેમ કર્મરૂપ વાદળાઓ અહિસા, સયમ અને તપરૂપ પવન દ્વારા જો વિખેરી નાખવામા આવે તો આપણો આત્મા પણ પોતાના સ્વરૂપને પ્રગટાવી શકે છે ત્રણે લોકના, ત્રણે કાળના સમગ્ર ભાવોને ક્ષણ ક્ષણમા પલટાતી દુનિયાને જાણવાની અને જોવાની તાકાત આપણા છે '

આવું અપૂર્વ તત્ત્વજ્ઞાન આપી ભગવાન મહાવીરે જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે પ્રભુ મહાવીર કરુણાના અવતાર, અહિંસાના પયગંબર, દયાના સાગર, વિશ્વના ઉદ્ધારક અને સમતાના ભંડાર હતા આવા એક પરમ પુરુષની સાથે બિચારા અજ્ઞાન આત્માઓ અજ્ઞાનતાથી તુચ્છ નાચીજ વ્યક્તિ સાથે સરખામણી કરવાની બાલિશ ચેષ્ટા કરે છે એ તો સૂર્યને ખદ્યોત–આગીયા સાથે અને રાજાને હજામ સાથે સરખાવવા જેવુ છે ભગવાન મહાવીરે પ્રરુપેલા સિદ્ધાંતોને કથન કરેલા ઉપદેશોને જગત જો સારી રીતે સમજે તો આજે જે અશાંતિ અને કલેશની હોળી સળગી રહી છે તે આપોઆપ શમી જાય

પ્રભુ મહાવીરને નિર્વાણ પામ્યે આજે લગભગ ૨૫૦૦–૨૫૦૦ વર્ષો વીતવા છતા એમનો યશો દેહ અમર છે એમણે કરેલો જ્ઞાનનો પ્રકાશ આજે પણ ઝળહળી રહ્યો છે જેને ઉદ્ધારની તમન્ના છે અને જેને સુખ અને શાંતિની [illegible] છે તેમણે ભગવાન મહાવીરે ચીંધેલા પથે ચાલવુ [illegible] એમનો ઉપદેશ જીવનમા ઉતારવો પડશે મને [illegible] મૂકવો પડશે

આજે અહિંસા, અહિંસાના પોકાર [illegible] છીએ પણ એ અહિંસાના પોકાર કરતા [illegible] અહિંસાના નામે કેવી કત્લેઆમ ચાલી [illegible] હિંસક ઉદ્યોગો અસ્તિત્વમા આવી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ધાક

ઉજવાય છે એ શુ આ આર્યાવર્તના આસ્તિકોને શોભે ખરેખર ભારતવાસીઓને આમા શરમાવા જેવુ છે

પ્રભુ મહાવીરદેવે જગતના જીવોને કલ્યાણનો મા દર્શાવતા જણાવ્યુ કે, 'જેને આત્માનો ઉદ્ધાર કર હોય, સાચુ સુખ અને સાચી શાતિ પ્રાપ્ત કરવી હો તો જગતના તમામ જીવોનુ કલ્યાણ કરો, પછી ભલે નાનો હોય કે મોટો હોય, સૂક્ષ્મ હોય કે બાદર હે એકેન્દ્રિય હોય કે પચેન્દ્રિ હોય, આ દેશનો હોય પરદેશનો હોય, માનવ હોય કે જનાવર હોય, ગમે તે જાતિ કુલ કે યોનિમા જન્મ્યો હોય, ગમે ત્યાંનો હોય સૌ એક સરખી રીતે રક્ષણ કરો ! કારણ સૌને સુખ ઇષ્ટ અને દુ ખ અનિષ્ટ છે સૌ જીવવાને ચાહે છે કોઈ પ જીવ આત્મા મરવા નથી ચાહતો વિષ્ટામા રહેલો કી વિષ્ટામા રહીને પણ એ જીવનને ચાહે છે કારણ સૌ જીવન પ્રિય છે, સૌને પ્રાણ વ્હાલા છે સર્વસ્વના ભો પણ સૌ પોતાનુ રક્ષણ કરવા માંગે છે ચક્રવર્તી ચક્રવર્તી સમગ્ર રાજ્ય આપવા તૈયાર થાય તોય કોઈની તાકાત નથી કે જીવનની આયુષ્યની એક પળ વધારી શકે માટે સૌથી વધુમા વધુ કિંમતી જીવન છે હરેકનો આ ત્મ સરખો છે, ભલે તે કીડી હોય કે કુજર હોય, નાનો હોય કે મોટો હોય આ જીવો પોત પોતાના કર્મ અનુસાર વિવિધગતિમા પરિભ્રમણ કરે છે પણ આત્મા સૌનો સરખો છે જેમ આપણને દુ ખ થાય છે તેમ સૌને દુ ખ થાય

જેમ આપણા પગમા જરાક કાટો વાગે છે ત્યારે

હાથવેંત કરીએ છીએ ત્યારે બીજા જીવોને ભાલા, બરછી, તીર કે તરવારથી કાપી નાખવા એ શું ન્યાય છે? શું એને દુઃખ નહિ થાય. હાથીના શરીરમાં આત્મા હાથી જેટલી જગ્યામાં ફેલાઈને રહે છે અને કીડીના શરીરમાં સંકોચાઈને રહે છે સ્વરૂપે સૌ સરખા છે સ્વરૂપે સૌ સરખા હોવા છતાં સૌ પોત પોતાના કર્મ અનુસાર સુખદુઃખનો અનુભવ કરે છે વિવિધ યોનિ અને ગતિમાં પરિભ્રમણ કરે છે, અને અનેકવિધ ખાન-પીનનો ભોગ બને છે માટે જો સુખી થવું હોય તો, બીજાને સુખી કરવાથી સુખ મળશે 'જીવો અને જીવવા દો' એ ભાવના પણ સંકુચિત છે પરમાત્મા તો કહે છે કે 'પોતાના ભોગે પણ બીજાનું રક્ષણ કરો.' કેવી ઉદાર ભાવના, કેવી વિશાળ ભાવના મેઘરથ રાજા એક પારેવા ખાતર પોતાનું બલિદાન કરવા તૈયાર થયા હતા. ભગવાન શાંતિનાથ સ્વામીના આત્મા જ પૂર્વે મેઘરથ રાજા હતા મેઘકુમારનો જીવ પૂર્વે હાથી હતો. ત્યારે એ હાથીના ભવે એક સસલાની ખાતર પોતાના જાનની પરવા ન કરતા સસલાનું રક્ષણ કર્યું હતું. માટે સૌનું રક્ષણ કરો, સૌનું ભલું કરો, બુરું કરે તેનું પણ ભલું કરો' આમ દિવ્ય સંદેશ પાઠવી પ્ર... ...ગતના જીવોને કલ્યાણનો માર્ગ ચીંધ્યો અને 'મિત્તિ- મે સવ્વ ભૂએસુ' જગતના ... મિત્ર સમાન છે મિત્રનું કોઈ અહિત ... તૈયાર થતું નથી સર્વ જીવો તો ...

ઉજવાય છે એ નુ આ આર્યાવર્તના આસ્તિકોને શોભે ! ખરેખર ભારતવાસીઓને આમા શરમાવા જેવુ છે

પ્રભુ મહાવીરદેવે જગતના જીવોને કલ્યાણનો માર્ગ દર્શાવતા જણાવ્યુ કે, 'જેને આત્માનો ઉદ્ધાર કરવો હોય, સાચુ સુખ અને સાચી શાતિ પ્રાપ્ત કરવી હોય, તો જગતના તમામ જીવોનુ કલ્યાણ કરો, પછી ભલે તે નાનો હોય ક મોટો હોય, સૂક્ષ્મ હોય કે બાદર હોય એકેન્દ્રિય હોય કે પચેન્દ્રિ હોય, આ દેશનો હોય કે પરદેશનો હોય, માનવ હોય કે જનાવર હોય, ગમે તે જાતિ-કુલ કે યોનિમા જન્મ્યો હોય, ગમે ત્યાનો હોય સૌનુ એક સરખી રીતે રક્ષણ કરો ! કારણ સૌને સુખ ઇષ્ટ છે અને દુ ખ અનિષ્ટ છે સૌ જીવવાને ચાહે છે કોઈ પણ જીવ આત્મા મરવા નથી ચાહતો વિષ્ટામા રહેલો કીડો વિષ્ટામા રહીને પણ એ જીવનને ચાહે છે કારણ સૌને જીવન પ્રિય છે, સૌને પ્રાણ વ્હાલા છે સર્વસ્વના ભોગે પણ સૌ પોતાનુ રક્ષણ કરવા માગે છે ચક્રવર્તી ચક્રવર્તીનુ સમગ્ર રાજ્ય આપવા તૈયાર થાય તોય કોઈની તાકાત નથી કે જીવનની આયુષ્યની એક પળ વધારી શકે માટે સૌથી વધુમા વધુ કિમતી જીવન છે હરેકનો આત્મા સરખો છે, ભલે તે કીડી હોય કે કુજર હોય, નાનો હોય કે મોટો હોય આ જીવો પોત પોતાના કર્મ અનુસાર વિવિધગતિમા પરિભ્રમણ કરે છે પણ આત્મા સૌનો સરખો છે જેમ આપણને દુ ખ થાય છે તેમ સૌને દુ ખ થાય છે જેમ આપણા પગમા જરાક કાટો વાગે છે ત્યારે

હાથપોચ કરીએ છીએ ત્યારે બીજા જીવોને ભાલા, બરછી, તીર કે તરવારથી કાપી નાખવા એ શુ ન્યાય છે! શુ એને દુખ નહિ થાય હાથીના શરીરમા, આત્મા હાથી જેટલી જગ્યામા ફેલાઇને રહે છે અને કીડીના શરીરમા સકોચાઇને રહે છે સ્વરૂપે સૌ સરખા છે સ્વરૂપે સૌ સરખા હોવા છતા સૌ પોત પોતાના કર્મ અનુસાર સુખદુ ખનો અનુભવ કરે છે વિવિધ યોનિ અને ગતિમા પરિભ્રમણ કરે છે, અને અનેકવિધ યાતના-પીડાનો ભોગ બને છે માટે જો સુખી થવુ હોય તો, બીજાને સુખી કરવાથી સુખ મળશે 'જીવો અને જીવવા દો' એ ભાવના પણ સકુચિત છે પરમાત્મા તો કહે છે કે 'પોતાના ભોગે પણ બીજાનુ રક્ષણ કરો' કેવી ઉદાર ભાવના, કેવી વિશાળ ભાવના મેઘરથ રાજા એક પારેવા ખાતર પોતાનુ બલિદાન કરવા તૈયાર થયા હતા ભગવાન શાતિનાથ સ્વામીના આત્મા જ પૂર્વે મેઘરથ રાજા હતા મેઘકુમારનો જીવ પૂર્વે હાથી હતો ત્યારે એ હાથીના જીવે એક સસલાની ખાતર પોતાના જાનની પરવા ન કરતા સસલાનુ રક્ષણ કર્યું હતુ માટે સૌનુ રક્ષણ કરો, સૌનુ ભલુ કરો, બુરુ કરે તેનુ પણ ભલુ કરો' આમ દિવ્ય સદેશ પાઠવી પ્રભુ મહાવીરે જગતના જીવોને કલ્યાણનો માર્ગ ચીધ્યો અને એમણે લલકાર્યું કે, 'મિત્તિ-મે સવ્વ ભૂએસુ' જગતના સઘળા ય જીવો આપણા મિત્ર સમાન છે મિત્રનુ કોઈ અહિત કરવા, બુરુ કરવા તૈયાર થતુ નથી સર્વ " " શરીરના અગોપાગ સમા છે.

જેમ આગળી કપાય તો આપણને જ દુ ખ થાય છે અને અ ગુઠો કે હાથ કપાય તો પણ આપણને દુ ખ થાય છે કારણ કે એ આપણુ જ અ ગ છે, એમ દુનિયાના સમસ્ત પ્રાણીગણને જો આપણા અ ગોપાગ તરીકે માનીએ તો કોઈને પણ હેરાન પરેશાન કરવાની વૃત્તિ ન ઉદ્દભવે, કેટલાકો માનવ સેવાના નામે જનાવરોની કત્લેઆમ કરી નાખે છે આ વૃત્તિ એ હિસક વૃત્તિ છે જાનવરમા પણ જીવ છે, તે પણ જીવવા ચાહે છે એને પણ જીવન પ્રિય છે એ બિચારા નિર્બળ, અનાથ, મૂક અને પોતાનુ દુ ખ વ્યકત કરવા અસમર્થ છે બાકી એના ઉપર દુ ખ આવી પડતા એની આંખોમાથી અશ્રુધારા વહેતી આપણે જોઈ શકીએ છીએ

માનવ એક સબળ–બળવાન પ્રાણી છે બળવાનની એ ફરજ છે કે નિર્બળનુ પ્રથમ રક્ષણ કરવુ ઝરણાના પાણી પીનારા ઘાસચારો ચરી નિર્દોષ રીતે પોતાનુ જીવન વ્યતીત કરનારા એવા નિર્દોષ જીવો ઉપર જુલમ ગુજારવો કે છરી ચલાવવી કે એને નિર્દય રીતે પીડવા એ માનવનુ કર્તવ્ય નથી, એ છે દાનવવૃત્તિ, એ છે પાશવીવૃત્તિ

માટે સૌનુ એક સરખુ રક્ષણ કરો એ ઉપદેશ ભગવાન મહાવીરનો હતો અને છે ભગવાન મહાવીરે કથન કરેલ કર્મનુ બારીક તત્વજ્ઞાન એ ખાસ જાણવા જેવુ છે, જેના ઉપર હજારો નહિ બલ્કે લાખો શ્લોક પ્રમાણ વિવરણ છે જીવ કોને કહેવાય ? અજીવ કોને કહેવાય ?

પુણ્ય પાપની વ્યાખ્યા, આત્માનુ સ્વરૂપ, આત્મા કર્મના બંધનોથી કેવી રીતે છૂટે વગેરે ખૂબ સુંદર રીતે યુક્તિ દલીલથી ઝીણવટ પૂર્વક સમજાવ્યુ છે,

ભગવાન મહાવીરે પ્રરૂપેલો સ્યાદ્વાદ સિદ્ધાંત એ ખાસ જાણવા સમજવા જેવો છે જૈનધર્મનો એ પાયો છે સઘળાય ધર્મોને એ પોતનામા સુંદર રીતે સમાવી લે છે માટે જ તેને સાગરની ઉપમા આપવામા આવી છે અન્ય દર્શનો એક એક નયને, વસ્તુના એક અંશને સ્વીકારે છે માટે તે સરિતા સમાન છે બધી નદીઓ છેવટે સાગરમા જઈને ભળે છે સ્યાદ્વાદ એટલે સાપેક્ષવાદ અને એકાન્તવાદ, સ્યાદ્વાદ એટલે વસ્તુનુ યથાર્થ કથન સ્યાદ્વાદને કોઈ સંશયવાદ કહી યથેચ્છ પ્રલાપો કરવા તૈયાર થાય છે એ એમની અનભિજ્ઞતાનો એક નમૂનો છે સ્યાદ્વાદ સિદ્ધાંતને જો યથાર્થ સમજવામા આવે તો સઘળાય વિરોધો સ્હેજે શમી જાય, રગડા-ઝગડા મટી જાય અને સર્વત્ર શાંતિ સ્થપાય

ભગવાન શ્રી મહાવીરદેવે અપરિગ્રહવ્રતની પ્રરૂપણા કરી જગતને સંતોષી જીવન ગાળવાનુ શીખવ્યુ જરૂરીયાતને ઓછી કરી સાદાઈથી જીવન જીવવાની પ્રેરણા કરી લોભવૃત્તિ-પરિગ્રહવૃત્તિ એ માણસને અશાંત અને વ્યાકુળ બનાવી દે છે કોટો હોવા છતા અને આકુળ શાંતિ દૂર-સુદૂર ચાલી જાય છે થોડુ મળવા છતા જીવનમાથી જ જો સંતોષ રાખવામા આવે તો તે ધનિક કરતા એમાં કરતા પણ અધિક સુખનો અનુભવ કરે છે કોડાધિ

૫ મા માએ પાચ મહાનતો અને બાર વ્રતોનુ સ્વરૂપ દર્શાવી સાધુ ધર્મ અને ગૃહસ્થ ધર્મનુ સુદર દર્શન કરાવ્યુ ભગવાન શ્રી મહાવીરદેવે અહિંસા ધર્મનો વિજય વાવટો વિશ્વમા ફરકાવી સકળ વિશ્વ ઉપર અથાગ અને અસીમ ઉપકાર કર્યો છે મોટા મોટા રાજાઓ અને લાખોની સખ્યામા તેમનો અનુય થી વર્ગ હતો તેઓ પાવાપુરીમા ૭૨ વર્ષનુ પૂર્ણ આયુષ્ય ભોગવી નિર્વાણ પામ્યા હતા ત્યારથી દિવાળી પર્વની શરૂઆત થઈ

આપણે એમનુ નામ સ્મરણ કરી, એમના ગુણગાન કરી અને એમના ચીધેલા માર્ગે ચાલી એમના કલ્યાણક પર્વોની સાચી ઉજવણી કરીએ

એમણે કથન કરેલા સિદ્ધાતો અને આદર્શોને વિશ્વમાં વહેતા મૂકી આપણે સમાજ-રાષ્ટ્ર અને વિશ્વને સન્માર્ગે આણવાનો પ્રયાસ કરવા કટિબદ્ધ થવુ જોઈએ, જેથી જગત સુખ, શાતિ અને આબાદીનો અનુભવ કરે

શિવમસ્તુ સર્વ જગત
પરહિત નિરતા ભવન્તુ ભૂતગણા
દોષા પ્રયાન્તુ નાશ
સર્વત્ર સુખી ભવન્તુ લોક ॥

४७

પરમ ગુરુદેવ

વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

विविधग्रन्थकर्तारं कविरत्नं वचस्विनं,
लब्धिसूरिं, गुरुदेवं, गुणज्ञं समदर्शिनं
अनेकवादि जेतारं, ज्ञातारं मतकाननान-
लब्धिसूरीश्वरं वन्दे, स्वाध्यायरसिकं गुरुम्।

બહુશ્રુત વ્યાખ્યાન વાચસ્પતિ પરમ શાસન [illegible] જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી [illegible] નામથી કોણ અજાણ્યુ છે?

ગરવી ગુજરાતના બાલશાસનમાં [illegible] હતા, જેમનુ નામ લાલચંદ હતુ પિતા [illegible] અને માતા મોતીની કૂખ ખરેજ એમણે [illegible]

યુવાનીમા પ્રવેશતા જ જેમણે [illegible] ભોગો એ રોગોનુ ઘર છે, અને [illegible]

મિથ્યા છે, જન્મ મરણની બેડીમા અનાદિ કાળથી આ આત્મા જકડાયેલો છે, કર્મના એ બધનોને તોડવા અને સર્વથા મુક્ત થવા અનતજ્ઞાની શ્રી જીનેશ્વર દેવોએ પ્રરૂપેલો અને સ્વય આચરેલો માર્ગજ સ્વીકારવો રહ્યો

બાલબ્રહ્મચારી નિસ્પૃહ શિરોમણી પ્રાત-પ્રાથ્ય જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજનો લાલ ચદને શુભ સમાગમ થાય છે પરિણામે ૧૯ વર્ષની ભર યુવાવસ્થામા તેમણે સસારનો ત્યાગ કરી આત્મસાધના માટે ચારિત્રને અગિકાર કર્યું અને મુનિશ્રી લબ્ધિવિજ્યજીના નામથી પ્રસિદ્ધ થયા દીક્ષા લીધા પછી સતત્ સ્વાધ્યાય પરાયણતા, શુભનિષ્ઠા, અપૂર્વ તમન્ના, અવિહડ-પુરુષાર્થ, ગુરુશુશ્રુષા, અને સ્વ-પર કલ્યાણની ભાવના આ બધા કારણે તેઓશ્રી બહુશ્રુત અને ખ્યાતનામ બન્યા, પ્રભાવક પ્રવચનશક્તિ, અતુલ વાદ શક્તિ, અનોખી કાવ્યશક્તિ, અપૂર્વ ગ્રન્થગુથનકળા, આ બધા ઉપરાત તેઓશ્રીની ખરી વિશેષતા તેમના જીવનની ઉચ્ચતા, શાતસ્વભાવ, મીઠીવાણી, હૃદયની કોમળતા, ઉદારતા, નિસ્પૃહતા અને સરળતામા હતી તેઓશ્રીના કેટલાક સસ્મરણો અત્રે હુ રજૂ કરુ છુ

વિદ્યાભ્યાસ -

મુનિશ્રી લબ્ધિવિજયજીએ (સ્વ પરમ ગુરુદેવે) પ્રકરણો, કર્મગ્રન્થ, ભાષ્ય, વ્યાકરણ, કાવ્ય, કોષ, જ્યોતિષ, છદ, અલકાર, ષડ્દર્શન, આગમ શાસ્ત્ર, નવ્યન્યાય, પ્રાચી-

અહિંસા ધર્મના ઉપાસક બનતા હતા સેંકડો આત્માઓ જેમની દેશનાને ઝીલી સંસારના રંગ–રાગનો ત્યાગ કરી દીક્ષાના પુનિત પંથે પ્રયાણ કરનારા બન્યા છે આવા એક પ્રભાવક પ્રવચનકારને ઈડરના જૈન સંઘે વિ સં ૧૯૭૧ આસો વ૦ ૧ ના શનીવારે પૂ પા ગુરુદેવ વિજય કમલ સૂરીશ્વરજી મહારાજની છત્ર છાયામાં જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિની ગૌરવભરી પદવીથી અલંકૃત કર્યા હતા ગીર્વાણગિરામાં પણ પ્રવાહબધ્ધ સુંદર છટાથી તેઓશ્રી ભાષણ આપી શકતા હતા

એઓશ્રીની વક્તૃત્વકળા વૈવિધ્યપૂર્ણ હતી, દૃષ્ટાંત –દલીલોથી સભર હતી, યુક્તિ–પ્રયુક્તિથી પ્રદીપ્ત હતી, શાસ્ત્રોના પાઠથી શોભતી હતી, દુહા–છપ્પા અને સંસ્કૃત શ્લોકોની રેલનકથી ઝળકતી હતી, અનુભવની એરણથી ઘડાયેલી હતી સુક્તિઓથી ચમકતી હતી, પ્રાસ–અનુપ્રાસ અને અલંકારોથી અલંકૃત હતી બાલ ભોગ્ય હતી અને વિદ્વદ્દભોગ્ય પણ હતી સરળ, સાદી અને સચોટ હતી

ગુજરાતી, હિન્દી, ઉર્દૂ તથા સંસ્કૃત ભાષા ઉપર તેઓશ્રી સારું પ્રભુત્વ ધરાવતા હતા

આવી અપૂર્વ વક્તૃત્વ શક્તિ નિહાળી પંજાબીઓ તો તેમને 'છોટે આત્મારામ' એવા ગૌરવભર્યા ઉપનામથી સંબોધતા હતા

ધર્મકથીને–યાને આવા પ્રવચનકારને પણ પ્રભાવક કોટિમાં ગણવામાં આવ્યા છે એ વાતની વાચકો નોંધ લે

ચોરોને ઉપદેશ

આજથી લગભગ પચ્ચીસેક વર્ષ પૂર્વે સ્વ પરમ ગુરુદેવ પોતાના શિષ્યવૃંદ સાથે ગુજરાતના મહેસાણા પ્રાંતમા આજુબાજુના ગામડાઓમા વિચરી રહ્યા હતા, ત્યારનો આ પ્રસંગ છે તેઓશ્રીના પટ્ટધર પૂ આચાર્ય શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ જનતાની વિનતી સ્વીકારી રામપુરા પધાર્યા હતા, જ્યા ચોરોના ૧૭૫ ઘર હતા, અને સુણસર પધાર્યા હતા જ્યા ચોરોના ૪૦૦ ઘર હતા બન્ને સ્થળે પધારી ચોરોને ધર્મોપદેશ આપ્યો પરિણામે મહાન લાભ થયો, આ ચોરાએ બાબેહાના ચોરોને જણાવી દીધુ કે, 'હવે અમે ગુરૂ મહારાજના ઉપદેશથી સુધરી ગયા છીએ અને જીવહિંસા કરવાનુ તથા ચોરી કરવાનુ છોડી દીધુ છે માટે તમે પણ જીવહિંસાનો ત્યાગ કરો અને ચોરીને તિલાજલી આપો, નહિ તો તમારો અને અમારો સબધ તૂટી જશે' આ અરસામાં પૂ સ્વ પરમ ગુરુદેવ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ ત્યાની ખાસ વિનતીથી ત્યા પધાયા હતા, જ્યા ૨૫૦ ઘર ચોરોના હતા એ ચોરોને તેઓશ્રીએ ધર્મોપદેશ આપ્યો, તેઓશ્રીની વાણીથી ચોરોનાં હૃદયમા ભારે અસર થઈ પરિણામે આ ચોરો પણ સુધરી ગયા અને એ બધા જતે દહાડે ચોરીનો સદતર ત્યાગ કરી, જીવહિંસા અને શિકારનો ત્યાગ કરી વ્યાપાર વણજ કરી રહ્યા છે ગુરુદેવ પરોપકારના માટે સતત તૈયાર હતા ખરેખર આવા મહાપુરુષોનુ જીવન પરોપકારાર્થે જ ગર્જાયેલુ હોય એ

'પરોપકારાય સતા વિભૂતય'

નિર્દોષ-નિખાલસ

પરમ ગુરુદેવનુ જીવન અતિ નિર્મળ અને ઉચ્ચકોટિનુ હતુ જેને સ્ફટિકરત્નની ઉપમા આપી શકાય સ્ફટિકરત્નની પાસે જેવા રગની વસ્તુ ધરશો તો તેવો તેમા પ્રતિભાસ થાય છે, તેવાજ સ્વ ગુરુદેવ–નિર્દોષ અને નિખાલસ હતા નના બાળક પાસે નાના બાળક જેવા બની જતા હતા નાનામા નાની વ્યક્તિ સાથે પણ તેઓશ્રીને વાત કરતા જરાય નાનપ નહોતી લાગતી, સૌ સાથે હળી મળીને આનદપૂર્વક વાત કરતા હતા એમને મન નાના મોટાનો ભેદ નહોતો. નાનામા નાના, નાનામા નાનીવ્યક્તિના ગુણની મુક્ત કઠે પ્રશસા કરવા લાગી જતા હતા, ખટપટ– લટપટ જેવા તુચ્છ તત્ત્વોથી સદાકાળ તેઓ દૂર રહેતા હતા એટલુ જ નહી પણ આવા નિદ્ય તત્ત્વોથી તેઓ શ્રીમદ્‌ને ભારે સૂગ હતી અદર કઈ ને બહાર કઈ, બતાવવાના જુદા અને ચાવવાના જુદા, બોલવુ કઈ ને કરવુ કઈ આ બધીવસ્તુ પ્રત્યે તેઓશ્રીને ભારે નફરત હતી સાગર જેવા ગભીર અને હૃદયના વિશાળ હતા સ્વભાવે શાત, બીલકુલ નિસ્પૃહ, વિરોધી પ્રત્યે કદી વિરોધ ભાવ નહોતા દાખવતા. ગમેતેવા વિરોધને તેઓ ભૂલી જતા હતા એ તેઓશ્રીનો સહજ ગુણ હતો

સ્વાધ્યાય પ્રેમ

તેઓશ્રીનો સ્વાધ્યાય પ્રેમ કોઈ ગજબનો હતો ૩૦

સ્તવનોની રચના કરીને મહાન ઉપકાર કર્યો છે શાસ્ત્રોમાં આઠ પ્રભાવક ગણાવ્યા છે આઠ પ્રભાવકમા કવિ પણ પ્રભાવક ગણાય છે તાર્કિક શિરોમણિ પૂ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજીએ શ્રી વિક્રમાદિત્યની રાજસભામા જે ગૌરવવતુ સ્થાન પ્રાપ્ત કર્યું હતુ એ પ્રભાવ હતો કવિત્વ શક્તિનો પૂ શ્રી બપ્પભટ્ટસૂરીશ્વરજીએ-શ્રીઆમ રાજાને પ્રભાવિત કર્યો હતો કવિત્વ શક્તિથી

કવિને શાસન પ્રભાવક ગણવાનુ કારણ એ કે તે પોતાની અનોખી કાવ્યશક્તિ દ્વારા હજારો હૈયાને ડોલાવી શકે છે અને શાસનના અનુરાગી બનાવે છે

જે જનતા સીનેમાના અશ્લીલ અને શ્રૃગારિક ગીતો જ્યા ત્યા લલકારતી હતી, એ જનતાને પ્રભુભક્તિમા તન્મય બનાવવા અને આ માર્ગે ચઢાવવા આધુનિક શૈલિએ તેઓશ્રીએ સેકડોની સખ્યામા સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ અને ચૈત્યવદનોની રચના કરી છે તેઓશ્રીની કવિત્વ કળા કોઈ અનોખી હતી સાદી-સરળ અને ભાવવાહી શબ્દોની ગુથણી થવાથી વારવાર ગાવાનુ મન થાય તેવી આકર્ષક હતી આબાલવૃદ્ધ સૌ કોઇ તેના ભાવ સારી રીતે સમજી શકે છે અને તેથી પ્રભુભક્તિમાં તન્મય બને છે બોધક, રોચક, પ્રેરક અને વૈરાગ્યવાહી પદો હોવાથી આ સ્તવનો ગાતા આત્મા ભક્તિરસમા તરબોળ બની જાય છે શાસ્ત્રકારો કહે છે કે, अणनगीय वाइये ।

જ્યારે આત્મા ભાવપૂજા યાને પ્રભુભક્તિમા મીઠા–

મધુરા ગીતો દ્વારા તલ્લીન બની જાય તો તે આત્મા અનંત પુણ્યનું ઉપાર્જન કરે છે અને જુગ જૂના કર્મોના બંધનોને તોડી નાખે છે, અને નિર્મળ બને છે અને એ વાત ક્યાં અજાણી છે કે, રાવણ જેવો ત્રણ ખંડનો ધણી જ્યારે શ્રી અષ્ટાપદ તીર્થ ઉપર પ્રભુભક્તિમા-તન્મય બની જાય છે વીણાનો તાર તૂટે છે પણ ભક્તિનો તાર તૂટતો નથી ત્યારે શ્રી રાવણ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે

ત્યારે પરમગુરુદેવે આધુનિક ઢબે સ્તવનોની રચના કરી ખરેખર મહાન ઉપકાર કર્યો છે હિંદભરમાં શહેરે શહેરે અને ગામડે ગામડે તેઓશ્રીના સ્તવનો ઠેરે-ઠેરે ગવાઈ રહ્યા છે 'આહા કેવું ભાગ્ય જાગ્યું' 'સિદ્ધાચળના વાસી જિનને ક્રોડો પ્રણામ' 'જનારૂ જાય છે જીવન' આત્મ-કમલ-લબ્ધિ આ શબ્દો આપણે ઠેર ઠેર જિનમંદિરોમાં ભાવુક હૈયાના કંઠમાંથી ગવાતા સાંભળવામાં આવે છે, અરે જ્યાં જૂનાનો આગ્રહ રાખનારા હતા ત્યાં તેઓએ જ્યારે આ સ્તવનો-સજ્ઝાયો સાંભળી ત્યારે તેઓ પણ કહેવા લાગ્યા, 'સાહેબજી! પેલી નવી સજ્ઝાય સંભળાવો' અરે એમના રચેલા કાવ્યો કેવી ચોટ અસર કરતા હતા તે તો ખંભાતમાં વિ. સં. ૨૦૦૦ની સાલમાં તેઓની નિશ્રામાં અમારું ચાતુર્માસ હતું ત્યારે જે સજ્ઝાય તેઓશ્રી બનાવતા હતા અને તેજ દિવસે પ્રતિક્રમણમાં જ્યારે હું ગાતો હતો ત્યારે સજ્ઝાય પૂરી થવાની સાથે જ ત્યાંના બે ભાઈઓએ ચોથા વ્રતની પ્રતિજ્ઞા લીધી હતી સ્તવનો વિના પુસ્તકોની એક લાખથી પણ વધુ

નકલો બહાર પડી ચૂકી છે છતા માગણી ચાલુ જ રહે છે એ તેઓશ્રીના કાવ્યોની લોકપ્રિયતાનો સચોટ પૂરાવો છે ત્યારે જ તેઓશ્રીને કવિકુલ કીરિટના માનવતા બિરુદથી સૌ પીછાણે છે અને સાચે જ તેઓશ્રી કવિકુલકીરિટ હતા કારણ કે એમનો વારસો એમના શિષ્યોમા પણ ઉતર્યો છે અને કેટલાક સારા કવિ તરીકેની ખ્યાતિને પણ વર્યા છે કેવળ ગુજરાતી ભાષામા જ કાવ્યોની રચના કરી છે એવું નથી પણ ઉર્દૂ, હિન્દી તથા સસ્કૃત ભાષામા પણ તેમણે ઘણી સુદર રચનાઓ કરી છે, ચૈત્યવદન ચતુર્વિંશતિ વૈરાગ્યરસમજરી, મેરુત્રયેદશી કથા વગેરે અનેક ગ્રન્થોમાં તેઓશ્રીનુ કાવ્ય કૌશલ્ય ઝળકી ઊઠે છે

કવિત્વ શક્તિદ્વારા પણ તેઓશ્રીએ શાસનની અનેરી પ્રભાવના કરી છે

વાદવિવાદ

પૂ સ્વ ગુરુદેવેશને અનેકવાર અન્ય દર્શનીઓ સાથે વાદ-વિવાદ કરવાનો પ્રસગ ઉપસ્થિત થયો છે, તેમાં તેઓશ્રીએ હરેકે હરેક સ્થળે વિજય મેળવી જૈનશાસનની જય પતાકા ફરકાવી છે, તેઓશ્રીની બુદ્ધિ કુશાગ્ર હતી તીક્ષ્ણ તર્ક શકિત હતી, તેઓશ્રી સ્વ-પર શાસ્ત્રોના પરમ અભ્યાસી હતા, દર્શન શાસ્ત્રોમા નિષ્ણાત હતા, બોલવાની છટા પણ સામાને આજી દે તેવી અનોખી હતી સ્વર બુલદ અને પહાડી હતો અને તેઓશ્રીનુ વ્યક્તિત્વ પણ પ્રભાવસંપન્ન હતુ

પૂ મહારજાશ્રી એક્કા હતા, જડબાતોડ જવાબથી મુકુન્દ્રા શ્રમે પોતાની હાર કબૂલી અને વિજય ગુરૂદેવને વર્યો, આથી જૈન ધર્મની અપૂર્વ પ્રભાવના થવા પામી હતી

પજાબમાં પણ વાદ-વિવાદનો પ્રસગ ઊભો થતા ત્યા પણ વાદ-વિવાદમા વિજય મેળવ્યો હતો, ખરેખર તેઓશ્રી વાદી વિજેતા હતા વાદી ને પણ આઠ પ્રભાવકોમાં ગણાવ્યા છે એ વાત વાચકો ન ભૂલે

ગ્રન્થ રચના

સ્વ સૂરીશ્વરજીએ પોતાના ૫૮ વર્ષના દીર્ઘ દીક્ષા પર્યાયમા ૩૮ જેટલા અનુપમ ગ્રન્થોની રચના, સકલના, અને સપાદન કર્યુ છે ગુજરાતી, હિન્દી, ઊર્દૂ અને સસ્કૃત ભાષામાં પણ તેમણે વિવિધ વિષય પર વિવિધ ગ્રન્થો રચ્યા છે પૂર્વાચાર્યના દાર્શનિક ગ્રન્થોનુ મહાન ભગીરથ પ્રયત્નથી સંપાદન કર્યુ છે અને અનેક ગ્રન્થોનુ સકલન કર્યુ છે આટઆટલા વિશાળકાય ગ્રન્થોની સપાદન, સકલન અને નવ્યરચના કરવામાં કેટ-કેટલો પુરૂષાર્થ આદર્યો હશે! સમયનો કેટલો ભોગ આપ્યો હશે! કેટ-કેટલા શાસ્ત્રોનુ અધ્યયન અને નિરીક્ષણ કર્યું હશે! અને ગુરુકૃપા પણ કેવી ઉતરી હશે! સરસ્વતી પણ કેટલી પ્રસન્ન હશે! આળસ એમના અગમા નહોતી, પ્રમાદને તેઓ જાણતા નહોતા, આવી અનુપમ અપ્રમત્તતા હતી, અવિરત-ભગીરથ પુરુષાર્થ હતો, શાસન સેવાની

૪૮

"સરો નત્થિ"

એક ભીલને ત્રણ સ્ત્રીઓ હતી એક વખત ભીલ પોતાની ત્રણે સ્ત્રીઓને સાથે લઈ નગરની બહાર ફરવા નીકળે છે અલક મલકની વાતોની મોજ માણતા રસ્તો ઘણો કપાઈ ગયો બપોરનો સમય પણ વ્યતીત થયો હોવાથી પહેલી સ્ત્રીને કકડીને ભૂખ લાગી જેથી તેણીએ પોતાના પતિ પાસે ખાવા માટે માગણી કરી, ત્યારે બીજીએ કહ્યુ સ્વામીનાથ! મને પણ ખૂબ જ પ્યાસ-તૃષા લાગી છે, માટે મને જળ લાવી આપો, ત્રીજીએ કહ્યુ મારે તો ગીત-સાભળવુ છે માટે ગીત સભળાવો ભીલે ત્રણે સ્ત્રીઓની વાત સાભળી વિચાર કરી માત્ર એક જ વાકયથી બુદ્ધિપૂર્વક ત્રણેને જવાબ આપ્યો કે "સરો નત્થિ" મતલબ કે જેણે ખાવા માગ્યુ તેને જવાબ આપ્યો કે ("સર" એ પ્રાકૃત ભાષાનો શબ્દ છે સસ્કૃતમા "શર" બને છે) મારી પાસે અત્યારે "શર" એટલે બાણ

નથી. બાણુ હોત તો બીજુ કાઈ નહીં છેવટે તને આ વૃક્ષના ફળ પાડીને ખવડાવત, બીજીને કહ્યું તને તરસ લાગી છે પણ આજુબાજુમા કોઈ "સરો નત્થિ" એટલે સરોવર નથી, એટલે તને પાણી ક્યાથી લાવી આપુ? ત્રીજીને ગાયન સાભળવુ હતુ તેને કહ્યું "સરો નત્થિ" એટલે મારા કોમળ સ્વર નથી, સ્વર હોત તો જરૂર તને ગીત સભળાવત ("સર" એ પ્રાકૃત શબ્દ છે સંસ્કૃતમા 'સ્વર' પણ બને છે)

ત્રણે સ્ત્રીઓ પોતાના ધણીનો આવો એક વાક્યી જવાબ સાભળીને ચૂપ થઈ ગઈ, એક ભીલ જેવા અશિક્ષિત ગામડીયા માણસના કથનમા પણ જ્યારે એક શબ્દના ત્રણ ત્રણ અર્થો નીકળે છે ત્યારે જ્ઞાનીઓના વચનમાં, શ્રી ગણધર ભગવતોએ ગુથેલા પવિત્ર સૂત્રના અનંત અર્થ નીકળે તેમા શી નવાઈ? થોડા જ વર્ષો પહેલાના એક વિદ્વાન "ઉપાધ્યાયજીએ" राजानो ददते सौख्य" માત્ર આટલા જ ટૂકા વાકયના આઠ લાખ અર્થો અનેક દ્રષ્ટિએ કર્યા છે હાલમા પણ એ ગ્રંથ ઉપલબ્ધ છે જેનુ નામ 'અષ્ટલક્ષી' છે કેવી એ પાઠકવર્યની અદ્ભુત પ્રતિભા! કેવી અસાધારણ પ્રજ્ઞા!

આવુ છવમાત્રનુ કલ્યાણ કરનારુ ઉચ્ચ, આદર્શ અને અજોડ જૈન શાસન આપણને મળ્યુ છે માટે જીવન સાર્થક કરવા બુદ્ધિમાન મનુષ્યે . . . . ન જોઈએ

. ૪૯

તપનો મહિમા

વાત તાજી જ છે તલેગામ ઢમઢેરાનો બનેલો આ સાચો બનાવ છે ત્યાના એક આધેડ વયના ભાઈને વર્ષોથી મીઠા પરમીયાનો રોગ હતો રોગ નાબૂદ કરવા આ ભાઈએ ડૉકટરના ઓટલા ઘસ્યા, વૈદ્યોની પરેજી પાળી, પૈસાના પાણી કર્યા, અનેક ઔષધનુ સેવન કર્યું, અને થાય તેટલા ઉપચારો કર્યા પણ રોગ ન મટયો તે ન જ મટયો અ તે ભાઈ કટાળ્યા અને ખૂબ જ નિરાશ બની ગયા કર્મનો ઉદય માની શાતિથી બેઠા

એક વખત ગામમા એક તપસ્વી મુનિમહારાજની પધરામણી થઈ આ ભાઈ ત્યાગી મહાપુરુષનુ પ્રવચન શ્રવણ કરવા માટે ઉપાશ્રયે ગયા વ્યાખ્યાનમા તપનુ વર્ણન ચાલતુ હતુ તપનો અજબ પ્રભાવ છે તપથી ઘોર ચીકણા કર્મો પણ નાશ પામે છે ઋદ્ધિસિદ્ધિ અને લીલા લ્હેર થાય છે તપના પ્રભાવને દર્શાવનારા અનેક દાખલાઓ

શાસ્ત્રોમાં આલેખાયેલા પડયા છે વિગેરે વિગેરે દલીલોથી ભરપુર મુનિશ્રીની પ્રભાવપૂર્ણ વાણી શ્રવણ કરી આ ભાઈનું પણ મન ઠીનું થયું જીંદગીના કિનારે બેઠેલો છું હું પણ કંઈક તપ કરું, તેણે તો મન મક્કમ કરી, ગુરુદેવને વંદના કરી અઠ્ઠાઈના પચ્ચક્ખાણ માગ્યા ગુરુદેવે આઠ ઉપવાસના પચ્ચક્ખાણ આપ્યા કઠીન તપસ્યા શરૂ થઈ ને આઠ ઉપવાસ પણ ખુબ જ આનંદથી નિર્વિઘ્ને પાર પડ્યા અઠ્ઠાઈનું પારણું પણ કર્યું કર્મ મળ કપાતા સાથે સાથે વર્ષો જૂનો પરમીયાનો અસાધ્ય રોગ પણ જડમૂળથી નાબૂદ થઈ ગયો આ ભાઈએ ડોકટરોને વાત કરી કે મે તો એક સામટા આઠ ઉપવાસની તપશ્ચર્યા કરી, તેના પ્રભાવથી મારો જૂનો રોગ પણ મટી ગયો

ડોકટર તો નાસ્તિકના બીજા ભાઈ, એ જલ્દી શાના માને ? ડોકટરને વિશ્વાસ ન બેઠો એટલે પૂરી ચકાસણી કરવા માટે ડોકટરે આ ભાઈને ખુબ સાકર ખવડાવી જોઈ, તો ય પેસાબમાં સાકર ન ગઈ ત્યારે ડોકટર સાહેબને તપસ્યા ઉપર દૃઢ વિશ્વાસ થયો કે શરીરને તપદ્વારા તપાવવાથી રોગ દૂર થાય છે એ વાત તદ્દન સાચી છે

આ તો એક સામાન્ય વાત છે તપથી બાહ્યરોગો તો મટે પણ ભવ ભ્રમણાનો મહારોગ પણ રાગ જે આત્માને અનાદિકાળથી લાગુ પડ્યો છે, તે પણ જડમૂળથી વિનાશ પામે અને આત્મા પરમાત્મપદને મેળવી લે તપનો મહિમા અપરંપાર છે તેનો અપૂર્વ પ્રભાવ છે અચિંત્ય છે અને એની શક્તિ અનોખી છે

. ૪૯ .

તપનો મહિમા

વાત તાજી જ છે તલેગામ ઢમઢેરાનો બનેલો આ સાચો બનાવ છે ત્યાના એક આધેડ વયના ભાઈને વર્ષોથી મીઠા પરમીયાનો રોગ હતો રોગ નાબૂદ કરવા આ ભાઈએ ડૉકટરના ઓટલા ઘસ્યા, વૈદ્યોની પરેજી પાળી, પૈસાના પાણી કર્યા, અનેક ઔષધનુ સેવન કર્યું, અને થાય તેટલા ઉપચારો કર્યા પણ રોગ ન મટયો તે ન જ મટયો અતે ભાઈ કંટાળ્યા અને ખૂબ જ નિરાશ બની ગયા કર્મનો ઉદય માની શાતિથી બેઠા

એક વખત ગામમા એક તપસ્વી મુનિમહારાજની પધરામણી થઈ આ ભાઈ ત્યાગી મહાપુરુષનુ પ્રવચન શ્રવણ કરવા માટે ઉપાશ્રયે ગયા વ્યાખ્યાનમા તપનુ વર્ણન ચાલતુ હતુ તપનો અજબ પ્રભાવ છે તપથી ઘોર ચીકણા કર્મો પણ નાશ પામે છે ઋદ્ધિસિદ્ધિ અને લીલાલ્હેર થાય છે તપના પ્રભાવને દર્શાવનારા અનેક દાખલાઓ

શાસ્ત્રોમા આલેખાયલા પડયા છે વિગેરે
ભરપુર મુનિશ્રીની પ્રભાવપૂર્ણ વાણી શ્રવણ
પણ મન ઢીલુ થયુ જીદગીના કિનાર
પણ કઈક તપ કરુ, તેણે તો મન મક્કમ
વદના કરી અઠ્ઠાઈના પચ્ચક્ખાણ માગ્યા
ઉપવાસના પચ્ચક્ખાણ આપ્યા કઠીન તપસ્યા
આઠ ઉપવાસ પણ ખૂબ જ આનદથી નિર્વિઘ્ને
અઠ્ઠાઈનુ પારણુ પણ કર્યું કર્મ
વર્ષો જૂનો પરમીયાનો અસાધ્ય રોગ પણ
નાબૂદ થઈ ગયો આ ભાઈએ ડોકટરોને
તો એક સામટા આઠ ઉપવાસની તપશ્ચર્યા
પ્રભાવથી મારો જૂનો રોગ પણ મગી ગયો

ડૉક્ટર તો નાસ્તિકના બીજા ભાઈ
માને ! ડૉકટરને વિશ્વાસ ન બેઠો એટલે
કરવા માટે ડૉકટરે આ ભાઈને ખૂબ સાકર
તો ય પેસાબમા સાકર ન ગઈ ત્યારે
તપસ્યા ઉપર દ્રઢ વિશ્વાસ થયો કે
વવાથી રોગ દૂર થાય છે એ વાત

આ તો એક સામાન્ય વાત
તો મટે પણ ભવ ભ્રમણાનો મહારોગ
અનાદિકાળથી લાગુ પડ્યો છે, તે
પામે અને આત્મા
મહિમા અપરપાર છે તેનો અપૂર્વ
અને એની શક્તિ અનોખી છે

૫૦

ગીતાર્થ–ગુરુદેવ

પૂર્વકાળની શાસ્ત્રોક્ત આ વાત છે, એક વખત એક નગરમા આચાર્ય મહારાજની પધરામણી થઈ તેમનુ જ્ઞાન અગાધ હતુ સ્વપરશાસ્ત્રના જાણકાર હતા, અને અસાધારણ વિદ્વાન હતા તેમનુ શરીર પણ હૃષ્ટપુષ્ટ હતુ તેઓશ્રી પ્રતિદિન પોતાના શિષ્યોને અપ્રમત્તપણે આગમ વાચના આપતા હતા ટેકા માટે પાછળ પાટિયાનો પણ ઉપયોગ નહોતા કરતા આ જ નગરમા થોડા વખત પછી બીજા એક આચાર્ય મહારાજ પધાર્યા તેઓ ઉત્સર્ગ અને અપવાદના જાણકાર હતા, ભારે વિદ્વાન હતા, અને તેઓશ્રી પણ શિષ્યોને પ્રતિદિન વાચના આપતા હતા પણ શરીરે બહુ જોરદાર ન હોતા જેથી પાછળ ટેકા માટે પાટિયાદિનો ઉપયોગ કરતા હતા

જેઓ શરીરે જોરદાર હતા, ટેકા માટે પાટિયાદિનો ન હોતા કરતા–એ સમર્થ સૂરિપુંગવને એક

શ્રાવકે પૂછ્યું ગુરુદેવ ! આપશ્રી તો પાટિયાદિનો ઉપયોગ નથી કરતા પણ અમુક આચાર્ય તો કરે છે

શ્રાવકના મુખેથી આ શબ્દો સાંભળતા આચાર્ય મહારાજે જણાવ્યું મહાનુભાવ ! એ શરીરે કમજોર છે, પાટિયાદિનો ઉપયોગ કરે એમાં શું વાંધો ! હું શરીરે સશક્ત છું એટલે મને કાંઈ તેની જરૂર નથી

પોતાનો ઉત્કર્ષ બતાવવા ખાતર ઉપર્યુક્ત આચાર્ય દેવ એમ પણ કહી શકતે કે-અરે ! એ આચાર્ય તો શિથિલ છે, આવા છે, તેવા છે, પણ આ રીતે બીજા આચાર્ય મહારાજની નિંદા-ટીકા, અવહેલના ન કરતા એ આચાર્ય શરીરના કારણે જે કરે છે તે પણ બરાબર છે અને હું કરું છું તે પણ બરાબર છે આચાર્યશ્રીના આ કથનનો-આ જવાબનો સામા માણસ ઉપર કેવો અજબ પ્રભાવ પડે અને કેવો અહોભાવ જાગે એ સ્વયં સમજાય તેવી હકીકત છે

માટે જ શાસ્ત્રકારોએ આવા આચાર્યને "[illegible] કહ્યા છે

પણ પોતાના ઉત્કર્ષ ખાતર, અમે જ [illegible] એ બતાવવા ખાતર બીજા-સાધુ મહારાજ [illegible] વર્યને યેન કેન પ્રકારે ઉતારી પાડવાની વૃત્તિ [illegible] વૃત્તિ છે, બસ, જે છે તે અમે જ છીએ, [illegible] નથી. આ આવા છે ને તે તેવા છે એમ [illegible]

• ૫૦

ગીતાર્થ–ગુરુદેવ

પૂર્વકાળની શાસ્ત્રોક્ત આ વાત છે, એક વખત એક નગરમા આચાર્ય મહારાજની પધરામણી થઈ તેમનુ જ્ઞાન અગાધ હતુ સ્વપરશાસ્ત્રના જાણકાર હતા, અને અસાધારણ વિદ્વાન હતા તેમનુ શરીર પણ હૃષ્ટપુષ્ટ હતુ તેઓશ્રી પ્રતિદિન પોતાના શિષ્યોને અપ્રમત્તપણે આગમ વાચના આપતા હતા ટેકા માટે પાટના પાટિયાનો પણ ઉપયોગ નહોતા કરતા આ જ નગરમા થોડા વખત પછી બીજા એક આચાર્ય મહારાજ પધાર્યા તેઓ ઉત્સર્ગ અને અપવાદના જાણકાર હતા, ભારે વિદ્વાન હતા, અને તેઓશ્રી પણ શિષ્યોને પ્રતિદિન વાચના આપતા હતા પણ શરીરે બહુ જોરદાર ન હોતા જેથી પાછળ ટેકા માટે પાટિયાદિનો ઉપયોગ કરતા હતા

જેઓ શરીરે જોરદાર હતા, ટેકા માટે પાટિયાદિનો ન હોતા કરતા–એ સમર્થ સૂરિપુંગવને એક

આપણે આપણા જ અંગનો નાશ કરીએ છીએ શાસન છે શાસનના આ બધા અંગો છે કોઈ પણ અંગને હાનિ ન પહોંચે અને ઉત્તરોત્તર જૈનશાસનની વધુને વધુ પ્રભાવના કેમ થાય, સામો માણસ ધર્મ કેમ પામે એ જ વૃત્તિ અને એવી જ પ્રવૃત્તિ હોય તો એમાં આપણી સાધુતા શોભે છે

પોતાનો ઉત્કર્ષ બતાવી બીજાને ઉતારી પાડનારને શાસ્ત્રો અગીતાર્થ કહે છે અને આવા અગીતાર્થો શાસનને છિન્નભિન્ન કરી નાંખે છે

એકંદર ૪૨ પ્રકરણોમાં વિદ્વાન્ મુનિ
પ્રવરશ્રીએ બોધક પ્રેરક અને જીવનવિકાસના
સોપાનરૂપ ચિંતન પ્રધાન સાહિત્ય સંકલિત
કરીને મૂક્યું છે. જુદા જુદા પ્રસંગોમાં
[illegible] જે કંઈ લખ્યું છે, તેનો સંગ્રહ
[illegible] થયો છે. મુનિશ્રીના [illegible]
[illegible] મનન અને પરિશીલન તથા અનુ
[illegible] પરિપાક ખરેખર [illegible]
[illegible] થયા વિના [illegible] છે.

•

[illegible] મનિત્વની પાસે [illegible] છે
[illegible] મનન અને પરિશીલન
[illegible] છે. ચિંતનને [illegible] આપવામાં
[illegible] છે [illegible] સકેલના છે.
[illegible] જડવાદના [illegible]
[illegible] જીવોને સદ્બોધ પાઠવવાની
[illegible] પ્રચારના સુયોગ્ય પરિણ[illegible]
[illegible] તે વર્તમાન [illegible]
[illegible] માર્ગ [illegible] આપનાર, મન[illegible] અને
[illegible] ઉમદા તત્ત્વોનું પ્રેરક બને છે.
આ માનવ જીવનમાં અનેક રીતે સહાયક
[illegible] તત્ત્વોનું પોષક આવા પ્રકારનું
સાહિત્ય ખરેખર ચિરંજીવ બનવાને યોગ્ય
[illegible]